# ભક્તિ શાસ્ત્ર

પ્રણેતા

સ્વામી શ્રી ભગવદાચાર્ય

34

છે ઇચ્છા ને લવ આપો શું ઇચ્છા જ રહે સ્તુતિ?
સાધકને ન રુચે એ, નાસ્તિકે ન રાખવી!

સ્પૃહા જ જાય ગળી જ્યાં ત્યાં શું ધ્યાન ધ્યાતાભાવ?
શું વા અજ્ઞાન વિજ્ઞાન? મિત્ર શું ને અમિત્ર શું?

સર્વમાત્મા 'ઝુલવતા મુનિના અચ્છેદ મૌને
સોઽહં નાદમસ્તી એવા વિરમ્યા શાંત થૈ જતા.

R
77

2 10
મુંબઈ
10

THE UNIVERSITY LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. B B
132 132
~~Y6~~B4 B4B4
BK-3064

श्रीवा-कमलचरणेभ्यो नमः

UNIVERSITY LIBRARY
THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्
M. S. UNIVERSITY OF BARODA

# ભક્તિશાસ્ત્ર

પ્રણેતા
પરમહંસ પરિવ્રાજક
સ્વામી શ્રીભગવદાચાર્યજી મહારાજ

પ્રકાશક:
ગં. સ્વ. શ્રી સંતોષબહેન ડી૦ જોશી
પો૦ ઑ૦ બૉક્સ નં. ૪૮૧
મોંબાસા (બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા)

Gift
BK-3064
B
132
B4 B4

પ્રથમ સંસ્કરણ

મૂલ્ય ૪-૦-૦

મુખ્ય વિક્રેતા
આદર્શ પુસ્તક ભંડાર
ભદ્ર, અમદાવાદ

મુદ્રક
બચુભાઈ પોપટભાઈ રાવત
કુમાર પ્રિન્ટરી · રાયપુર · અમદાવાદ



પરમહંસ પરિવ્રાજક સ્વામી શ્રી ભગવદાચાર્યજી મહારાજ



બાના

શ્રીચરણે

## બા

# પ્રસ્તાવના

આ ભક્તિશાસ્ત્ર પાઠકોના હાથમાં આપતાં મને આનંદ થાય છે. ભક્તિશાસ્ત્ર કોઈનું અનુકરણ નથી. એ મારા આરાધ્ય બાશ્રીના આશીર્વાદથી સ્વયંસ્ફુરિત વસ્તુ છે. જ્યાં શાસ્ત્રોનો કે પૂર્વાચાર્યોનો આધાર અપેક્ષિત હતો ત્યાં સાદર તેનો ઉલ્લેખ કર્યો છે. એ શાસ્ત્રમાં ભક્તિ નવલ સ્વરૂપમાં પ્રવેશ કરે છે. એમાં કેટલાક સિદ્ધાંતો વિવાદાસ્પદ હોઈ શકે છે પણ તે કટુતા ઉપજાવવાનું કારણ તો ન જ હોઈ શકે. જો અમારા સાક્ષર કૃપાળુ પાઠકો ઉદાર બનશે તો તેઓ એટલું જરૂર સ્વીકારશે કે આપણા પૂર્વજો ભક્તિ-સંબંધમાં જે કંઈ કહી ગયા છે તે અંતિમ કથન છે એવું નથી. બુદ્ધિ, વિવેક, અનુભવ માટે વિશાળ ક્ષેત્ર આજે પણ પડ્યું છે અને ભવિષ્યના તત્ત્વચિંતકો માટે પણ તેમ જ તે ક્ષેત્ર રહેવાનું. 'पुराणमित्येव न साधु सर्वम्' 'પ્રાચીન જેટલું છે તે બધું સારું જ છે' એ ભાવના ભુંસાઈ જવી જોઈએ. એ ભાવનાએ જ આપણી પ્રગતિને રુંધી દીધી છે. અમુક ઋષિ જેમ કહી ગયા છે તેનાથી વિરુદ્ધ કેમ બોલાય, કેમ લખાય, આ ભીતિનો અંત આવવો જ જોઈએ. તેના અંતથી આર્ય સંસ્કૃતિ જરા પણ વિકૃત થવાની નથી. આર્ય સંસ્કૃતિની એ જ વિશેષતા છે કે તે ભાંગ-ફોડની પદ્ધતિને માનપૂર્વક સ્વીકારે છે. પંચશિખાચાર્યે સાંખ્ય-સિદ્ધાંતનો પાયો નાખ્યો હતો, કપિલાવતાર જેનો ઉપદેષ્ટા હતો, વ્યાસે તેમાં પ્રહાર કર્યો. શ્રી શંકરાચાર્યે જે માયાવાદની સ્થાપના ઔપનિષદ પદ્ધતિએ કરી તે પૂર્વમીમાંસાની ભાંગફોડનું જ પરિણામ હતું. 'अश्वालम्भं गवालम्भं संन्यासं पलपैत्रिकम्। देवराच्च सुत्पत्तिं कलौ पञ्च विवर्जयेत्॥' પરાશરનું આ વચન પણ પૂર્વપ્રવૃત્ત શ્રૌત

માર્ગનું ભાંગફોડ જ હતું. મહાભારતના ઉદ્દાલક ઋષિએ ભાંગફોડ કરીને વિવાહમર્યાદાની સ્થાપના કરી હતી. સૌ કરતાં મહાન્ તત્ત્વવેત્તા, આ યુગના મહાપુરુષ જગદ્વન્દનીય મહાત્મા ગાંધીજીના લગભગ બધા ય સિદ્ધાંતો ભાંગફોડથી જ ઓતપ્રોત છે. માટે મને પૂર્ણ વિશ્વાસ છે કે ગુર્જર-વિદ્વાનો આ મારા શ્રમનો તાત્ત્વિક વિચાર કરશે. એથી વધારે મારે આ વિષયમાં કશું કહેવું નથી. સંપૂર્ણ ભક્તિશાસ્ત્રમાં અને તેના ઉપસંહારમાં મારે જે કહેવું હતું તે મેં કહી દીધું છે. હા, એટલું હું ઉમેરું છું કે ભક્તિશાસ્ત્રમાં ક્યાં ય પુનરુક્તિ અથવા વિરોધાભાસ પ્રતીત થાય ત્યાં વિદ્વાનો મારા ભાવને સાચવી લેવા જેટલા જરૂર કૃપાળુ બનશે.

એક બીજી વાત, ગુજરાતી ભાષા એ મારી માતૃભાષા નથી. જેટલી સુગમ ભાષા આ મનાતી હશે તેટલી તો નથી જ. સૌ કરતાં વધારે દુર્ગમતા પેદા કરનારી જે વસ્તુ છે તે તો ભાષાના ભાષણ અને લેખનની વિષમતા છે. બોલાય છે બીજી રીતે અને લખાય છે બીજી રીતે. એક ઉદાહરણ આપું: બોલાય છે કે 'કુતરૂં આવ્યૂં' 'ક' માં રહેલો ઉકાર હ્રસ્વ જ બોલાય છે. "ર"માં રહેલો ઊકાર દીર્ઘ જ બોલાય છે. 'આવ્યું'માં જે અંતે હ્રસ્વ 'ઉ' છે તે પણ દીર્ઘ જ બોલાય છે. પણ જ્યારે લખવાનો અવસર આવે છે ત્યારે 'કૂતરું આવ્યું' એમ 'ક'માં દીર્ઘ ઊ લખાય છે અને 'આવ્યું' માં હ્રસ્વ 'ઉ' લખાય છે. એક બીજું ઉદાહરણ આપું. અકારાંત શબ્દો-લગભગ બધા ય ઉચ્ચારણમાં વ્યંજનાંત બની જાય છે. 'ભગવાન' બોલવું હશે તો છેવટમાં 'ન'માં રહેલો અકાર (ન્+અ) કદી સ્પષ્ટ બોલાશે નહીં. 'ભગવાન્' એમ વ્યંજનાંત જ બોલાય છે. મહાન્ 'ધનવાન્ વિદ્વાન્ આ બધા શબ્દો પણ વ્યંજનાંત જ ઉચ્ચરિત થાય છે. પણ જ્યારે લખવાનો સમય આવશે ત્યારે 'ભગવાન' 'મહાન' ધનવાન' 'વિદ્વાન' એમ અકારાંત લખાશે. એ હું સમજી શકતો જ નથી કે જ્યારે 'ભગવાન'માં રહેલો છેલ્લો 'અ' બોલાતો નથી ત્યારે તેમાં 'અ'



ઉમેરીને સંસ્કૃત શુદ્ધ 'ભગવાન્' શબ્દને વિકૃત બનાવવાની શી જરૂર હતી. શ્રીમાન્ અધ્યા૰ કેશવરામ કા. શાસ્ત્રીજીએ 'ગુજરાતીભાષાલેખન'માં આ સંબંધમાં થોડો પ્રકાશ નાખ્યો છે. તેઓ શબ્દના અંતે આવેલા 'અ'ને લઘુપ્રયત્ન અ માનીને પલ્લીપતન પ્રાયશ્ચિત્ત કરી લે છે. તેમનો નિયમ છે કે **'વિભક્તિનો પ્રત્યય કે અનુગ, તેમ કાળના પ્રત્યય લાગ્યા હોય કે ન લાગ્યા હોય તેવા કોઈ પણ શબ્દાંગને અંતે આવેલો અકાર લઘુપ્રયત્ન છે.'** તેઓ ઉદાહરણ આપે છે: **કામ, કામમાં, કામથી, ગામ, ગામને, કરશે, ભરશો** ઇત્યાદિ. મને લાગે છે કે આ નિયમ સાર્વત્રિક કદાચ ન બની શકે. જોઈએ:

"સમીપનાં વૃક્ષ પ્રતીપવેગે
સરી જતા દૃષ્ટિ સમક્ષથી, રે" (ઉમાશંકર)

અહીં "સમીપ" નો **અ**કાર લઘુપ્રયત્ન નથી. શાસ્ત્રીજીની ભાષામાં **પૂર્ણપ્રયત્ન** છે. શાસ્ત્રીજીનો નિયમ "સમીપ" ને સ્પર્શ કરતો નથી. બીજું ઉદાહરણ:

અનંત વિશ્વે લઘુ બિંદુ પૃથ્વી-
પરે હું ચૈતન્ય તણો જ બિન્દુ.
ચૈતન્યશાળી થઇ ચેતનાનો,
પ્રવાહ સીંચું જડમાં ઘણું તો. (સુંદરમ્)

અહીં "અનંત" "ચૈતન્ય" "પ્રવાહ" આ ત્રણે શબ્દોના અંતે **અ**કાર લઘુ પ્રયત્ન નથી જ.

આ બધી અવ્યવસ્થાને લીધે આ ગ્રંથમાં કેટલીક વાર સંસ્કૃત-પદ્ધતિ પ્રમાણે શબ્દો વ્યંજનાંત જ લખાયા છે અને કેટલીક વાર ગુજરાતીની પદ્ધતિ પ્રમાણે સ્વરાંત લખાયા છે. હ્રસ્વ, દીર્ઘ પણ એવી રીતે જ અવ્યવસ્થિત અહીં બન્યા છે. યથાશક્તિ મેં ગુજરાતની પદ્ધતિને

નભાવવાનો પ્રયાસ તો કર્યો છે છતાં મને નિષ્ફળતા મળી છે. આ વિષયમાં પણ વિદ્વાનો મારી વિવશતાનું ધ્યાન રાખશે.

અંતમાં અ. સૌ. વિદુષી શ્રીમતી તરલિકાદેવી નાગર "સંસ્કૃત વિશારદા"ની **બાળપ્રાર્થના** પોથીમાંથી થોડાં પ્રાર્થનાનાં પદ્યો ઉતારી સમાપ્ત કરું છું.

"બાળ છું હે નાથ તારો, આશરો તારો મને,
નિર્દ્વન્દ્વ તું છે સર્વદા, નિર્દ્વન્દ્વ કરજે તું મને. ॥૧॥
તુજ દયાનો પાર કોઈ, નાથ જાણી નહિ શક્યો,
શક્તિનો તુજ પાર કોઈ, નાથ જાણી નહિ શક્યો. ॥૨॥
હું સદા ભૂલો કરૂં છું, થાક નહિ લાગે કદી,
તું ક્ષમા કરજે મને, હું બાળ તારો છું યદિ. ॥૩॥
અજ્ઞતાથી, દૂર જાઉં જો તને કદિયે તજી,
હે દયામય કોઈ કાળે, તું નહીં દેજે તજી. ॥૪॥ "

**અમદાવાદ, ૨૬-૧-૧૯૫૦** **સ્વામી ભગવદાચાર્ય**



# બા

# આભારની વાત

આ ગ્રંથની પ્રકાશિકા ગં. સ્વ. શ્રી સંતોષબહેન જોષીના સંબંધમાં મારે બે શબ્દ લખવા જોઈએ એમ મને લાગ્યું. તેથી હું તેમનો થોડોક પરિચય અહીં આપી કર્તવ્યપાલન કરું છું.

તેઓ સૌરાષ્ટ્રનાં વતની છે. ૨૪-૨૫ વર્ષ પૂર્વે વિદ્યાપ્રસંગથી તેઓ મારા સંબંધમાં આવ્યાં હતાં. પછી મોંબાસા (પૂર્વ આફ્રિકા) રહેવા ગયાં. ત્યાં તેઓ ગવર્નમેન્ટ કન્યાશાળામાં શિક્ષિકા છે. તેમનાં માતુશ્રી, ભાઈશ્રી, ભાભી આદિ બધાં નિકટનાં સંબંધીઓ પણ ત્યાં જ રહે છે. ગત વર્ષે ફેબ્રુઆરી માસમાં તેઓ નેપાલ, મિથિલા, ગયા, જગન્નાથ, કલકત્તા, પ્રયાગ, ચિત્રકૂટ, કાશી, અયોધ્યા, મથુરા, વૃન્દાવન આદિ તીર્થસ્થાનોની યાત્રા કરવા ૨૨ વર્ષો પછી અહીં ભારતમાં આવ્યાં હતાં. ઉપર ગણાવેલી યાત્રાઓ કરી પાછાં આફ્રિકા જવા માટે સ્ટીમરની રાહ જોવા તેઓ થોડા દિવસ મારી સાથે અમદાવાદમાં રહ્યાં. હું તો નિર્ધન સંન્યાસી. મારે ત્યાં બહુ સગવડ હોય નહીં. તેમણે મારી ભિક્ષા તૈયાર કરવાનું પણ માથે લીધું. બીજાં કામો પણ તેઓ જ કરે. જે કંઈ મારી પાસે હોય તેનાથી જ તેઓ સંતોષ પામતાં. અગવડો અને કષ્ટોને ગણકાર્યા સિવાય તેઓ ઉદારમને મારી પાસે રહ્યાં. સુખી જીવન ગાળનારને આવી રીતે મારી પાસે સાદું અને શ્રમસાધ્ય જીવન વ્યતીત કરતાં જોઈ મને હર્ષ અને દુઃખ બન્ને થતાં. પણ મારી પાસે જે હતું તે તેમના માટે ન હતું, એવું હતું જ નહીં. તેથી મને આશ્વાસન મળતું. પણ તેઓ હેરાન થતાં હતાં, એમ તો મેં જોયું જ. તેનું સ્મરણ મારા માટે આજે પણ દુઃખદ છે. તેઓ તો ખૂબ પ્રસન્ન રહ્યાં. જવાના સમયે મેં તેમની

આંખોમાં જે અશ્રુધારા જોઈ તે કદી ન ભૂલાય તેવી વસ્તુ હતી.

અ. સૌ. શ્રીમતી તરલિકાદેવી નાગર 'સંસ્કૃત વિશારદા' એક વિદુષી મહિલા છે. તેઓ મેટ્રિક સુધી અંગ્રેજી ભણ્યાં છે. અદ્વૈતવેદાંતમાં પણ નિષ્ણાત છે. વેદાંતવિષયક લેખો પણ તેઓ લખે છે. સંસ્કૃત ભાષામાં પણ લેખ લખે છે. ગુજરાતી ભાષામાં સારી કવિતા કરે છે—પણ તે પોતાના મનોરંજન માટે જ. કવિભૂમિકામાં આવવા તેમને લોભ થતો જ નથી. કાવ્યો ઘણાભાગે નિર્દોષ અને સંસ્કારી હોય છે. તેમને હમણાં જ ગોવર્ધનપીઠાધીશ્વર શ્રી યોગેશ્વરાનન્દજી મહારાજ શંકરાચાર્યના સહીસિક્કા સાથે એક પ્રતિષ્ઠાપત્ર અને 'સંસ્કૃત–વિશારદા'ની ઉપાધિ મળ્યાં છે. તેઓ સારા આચારવિચારવાંળાં એક પવિત્ર બા છે. એક દિવસે તેમણે મને 'વેદાંતના અભ્યાસ'માં મેં કરેલી પ્રતિજ્ઞાનું સ્મરણ કરાવીને ભક્તિવિષય પર એક સુંદર ગ્રંથ લખવા માટે પ્રેમપૂર્ણ આગ્રહ કર્યો. તે સમયે ગં. સ્વ. શ્રી સંતોષબહેન જોષી મારી પાસે જ બેઠાં હતાં. તેઓએ કહ્યું કે 'જો આ ગ્રંથ તમે લખો તો તેને છપાવવાનો પ્રબંધ હું પોતે કરીશ.' મેં હા પાડી. શ્રી સંતોષબહેન મોંબાસા ગયાં અને મેં આ ગ્રંથનો આરંભ કર્યો.

શ્રીમતી તરલિકાદેવીજીના આગ્રહથી જ આ ગ્રંથ શીઘ્ર તૈયાર થઈ શક્યો છે તેથી તેમનો આભાર માનવામાં મારી દૃષ્ટિએ ઔચિત્ય રહેલું છે. મેં આ ગ્રંથના પ્રથમ પાને જ છેલ્લા શ્લોકમાં તેમનો આભાર આદર સાથે માન્યો છે. શ્રીસંતોષબહેનનું હૃદય બહુ કોમળ છે. મારા પ્રત્યે તેઓ ગુરુભાવ રાખે છે. જો હું તેમનો આભાર માનું તો તેમનાં કોમળ હૃદયને આઘાત થયા વગર રહેશે નહીં. અંતઃકરણમાં તો તે ઉદાર બહેન માટે આભારની ભાવના હોય જ. તેઓ ભલાં અને ભોલાં બહેન છે. ભક્તિમાર્ગમાં જ તેમની અખૂટ શ્રદ્ધા છે. ગીતા, વિષ્ણુસહસ્રનામ,



રામસ્તવરાજ, રામરક્ષા, શિવમહિમ્નઃસ્તોત્ર, આદિ ગ્રંથો તેમને કંઠસ્થ છે. રોજ આરાધના સમયે તેઓ આ ગ્રંથોના પાઠ માટે સમય બચાવી લે છે. તેઓ જૂના વિચારનાં ધાર્મિક અને પવિત્ર બહેન છે. અહીં આવ્યાં હતાં ત્યારે સેંકડો રૂપિયાનું કાપડ, જેમને જોઈતું હતું તે ભાઈ બહેનોને આપી ગયાં. એક બ્રાહ્મણ કુટુંબને નભાવવા માટે તેમણે ત્યાંથી પોતાના પરિચિત શ્રદ્ધાળુ ભાઈબહેનો પાસેથી પૈસા મેળવીને સ્થાયી પ્રબંધ કર્યો છે. બીજી રીતે પણ તેઓ ધર્મમાર્ગમાં પૈસા વાપરે છે. આ મોંઘવારીના સમયમાં મહાન વ્યય કરી તેમણે આ ગ્રંથ પ્રકાશિત કર્યો છે. જો આ ગ્રંથથી પાઠક ભાઈ–બહેનોને થોડો પણ માર્ગપ્રદર્શનનો લાભ મળશે તો અવશ્ય તેમનાં દ્રવ્યનો સદ્‌વ્યય થયેલો ગણાશે.

તેમની ઇચ્છા હતી કે આ ગ્રંથ મૂલ્ય વગર જ અધિકારીઓને અપાય તો સારું. પણ કેટલાક અનુભવી લોકોનો પરામર્શ સ્વીકારી તેમણે માત્ર લાગતને જ ધ્યાનમાં રાખી મૂલ્ય રાખવા માટે હા પાડી છે. તે સારું જ થયું છે. એથી ગ્રંથનો સારી રીતે લાભ શ્રદ્ધાળુઓ લઈ શકશે. આ ગ્રંથમાંથી ઉપજતા પૈસા ધર્મપ્રચારમાં જ જવાના, તેની નોંધ લેતાં મને આનંદ થાય છે.

આ ગ્રંથ માટે જે જે સામગ્રીઓ કે માહિતીઓની આવશ્યકતા પડતી તે બધી ચિ. શ્રી ત્ર્યંબકલાલભાઈ પૂરી પાડતા. આની પ્રેસકૉપી કરવા માટે પણ તેમણે પોતાનો કીમતી સમય આપ્યો છે. આ ગ્રંથ માટે કેટલીક ઉપયોગી સૂચનાઓ પણ તેમણે મને આપી છે. આના મુદ્રણકાળમાં બીજા શ્રમ પણ તેમણે સ્વેચ્છાએ સ્વીકાર્યા છે. તેમણે ખૂબ કાળજી રાખી છે. તેઓ ૧૬ વર્ષની ઉંમરથી જ મારા સંપર્કમાં રહ્યા છે. તેથી તેમણે મારી આજ્ઞાના પાલનને ધર્મ માન્યો છે. હું તેમના શ્રમ અને સદ્‌ભાવને માટે આશીર્વાદ આપું છું.

આ ગ્રંથ પ્રેસમાં ગયો ત્યારથી જ ભાઈશ્રી નવનીતલાલ મદ્રાસીએ કેટલીક બાબતોમાં મને પૂરેપૂરો સહયોગ આપ્યો છે. આ ગ્રંથના પ્રચારનો ભાર પણ તેમણે સ્વીકાર્યો છે તેથી મારું કાર્ય હળવું બન્યું છે. એની પણ હું નમ્રતાથી નોંધ લઉં છું.

છેવટે કુમાર પ્રેસ તથા શ્રી બચુભાઇ રાવતને ખૂબ માન સાથે હું ધન્યવાદ આપું છું જેમણે કાળજી સાથે નિયત સમયમાં આ ગ્રંથને છાપી નાખી વચનપાલનનો આદર્શ અખંડિત રાખ્યો છે.

**અમદાવાદ, ૨૬-૧-૫૦** **સ્વામી ભગવદાચાર્ય**





ભક્તિશાસ્ત્રનાં પ્રકાશિકાનાં માતુશ્રી

# ભક્તિશાસ્ત્રની વિષયાનુક્રમણિકા

પરિચ્છેદ
૧ **ઈશ્વરની શોધ.** (પૃષ્ઠ ૧–૬) ષડ્ ભગ
૨ **ઈશ્વરનું આગમન,** (૭–૧૧) ઈશ્વરનો ઇતિહાસ.
૩ **ભગવાન.** (૧૨–૧૫) ભગવત્–શબ્દાર્થ.
૪ **ભગવાનનું સુસ્વરૂપ,** (૧૬–૨૫) રામના સુરૂપનું વર્ણન (૧૬–૨૧), કૃષ્ણના સુરૂપનું વર્ણન (૨૨–૨૩).
૫ **પ્રેમ.** (૨૬–૨૯)
૬ **પ્રેમ અને ભક્તિમાં રહેલું અંતર.** (૩૦–૪૬) પ્રેમની દસ દશાઓ (૩૭–૪૩), ત્રિવિધ પ્રેમ (૪૫)
૭ **તુલસી, સૂર, મીરાંની ભક્તિ.** (૪૭–૬૦) તુલસી (૪૭–૪૮), સૂર (૪૮–૫૧), મીરાં (૫૨–૬૦)
૮ **મહાત્મા ગાંધી** (૬૧–૬૮)
૯ **ભક્તિનું સ્વરૂપ અને તેના અવતારક્રમ.** (૬૯–૮૨) ભક્તિનું લક્ષણ (૭૩) ભક્તિનો ક્રમ (૭૪–૭૭) ભક્તિની સાથે ૬ ગુણોનો આવિર્ભાવ (૭૭) ભક્તિ આકર્ષણ શક્તિનો ફલિતાર્થ છે (૭૮–૮૨)
૧૦ **ભક્તિનું મૂલ સ્રોત.** (૮૩–૮૬)
૧૧ **ભક્તિનાં સાધનો.** (૮૭–૧૧૭) અહિંસા (૮૭), મહાત્મા ગાંધીજીની અહિંસા (૮૮–૯૨), સત્ય (૯૨–૯૩), મહાત્મા ગાંધીજીનું સત્ય (૯૩–૯૪), અસ્તેય (૯૪–૯૫), મહાત્મા ગાંધીજીનું અસ્તેય (૯૫–૯૬), બ્રહ્મચર્ય (૯૬–૯૮), મહાત્મા ગાંધીજીનું બ્રહ્મચર્ય (૯૮–૧૦૦), આ સંબંધમાં બુદ્ધનો ઉપદેશ (૧૦૦–૧૦૨), શુક્રધરા કળા (૧૦૪), અપરિગ્રહ (૧૦૫–૧૦૮), શૌચ (૧૦૮–૧૧૨), સંતોષ, તપ (૧૧૨–૧૧૩), સ્વાધ્યાય, ઈશ્વરપ્રણિધાન (૧૧૩–૧૧૪), આસન, પ્રાણાયામ (૧૧૪),

પ્રત્યાહાર, ધારણા (૧૧૫–૧૧૬), ધ્યાન, સમાધિ (૧૧૬) યાજ્ઞવલ્કય અને બીજાના મત પ્રમાણે યમ (૧૧૭).

૧૨ **ભક્તિ પણ એક રસ છે.** (૧૧૮–૧૩૨) વિભાવ, અનુભાવ (૧૧૮), વ્યભિચારી (૧૧૯), ભાવ અને સ્થાયી ભાવ (૧૨૧–૧૨૨), રસ (૧૨૩–૧૨૫), રસના બન્ને વિભાવ (૧૨૫–૧૨૬), રસનો અનુભાવ અને વ્યભિચારી (૧૨૬–૧૨૭), ભક્તિની રસરૂપતામાં પંડિતરાજનો મત (૧૨૮–૧૨૯), ભક્તિ રસ છે, એ મતની સ્થાપના (૧૨૯–૧૩૨).

૧૩ **નવધા ભક્તિ.** (૧૩૩–૧૩૯)

૧૪ **ગૃહસ્થોની ભક્તિ.** (૧૪૦–૧૫૦) ગૃહસ્થોને માટે ૧૮ પાઠ (૧૪૧–૧૪૨), ભગવદપરાધ (૧૪૩–૧૪૪), પ્રપત્તિ (૧૪૫–૧૪૬), ધર્મ એટલે શું? (૧૪૬) અષ્ટધા ભક્તિ (૧૪૬–૧૪૭).

૧૫ **સામ્પ્રદાયિકોની ભક્તિ.** (૧૫૧–૧૭૦) બૌદ્ધોની ભક્તિ (૧૫૧–૧૫૭), જૈનોની ભક્તિ (૧૫૭–૧૫૯), ખ્રિસ્તી ધર્મની ભક્તિ (૧૫૯–૧૬૫), મુસલમાનોની ભક્તિ (૧૬૫–૧૭૦).

૧૬ **કામધેનુની ભક્તિ.** (૧૭૧–૧૭૮)

૧૭ **ભક્તિ શા માટે?** (૧૭૯-૨૦૯) જીવવિચાર (૧૭૯–૧૮૭), ભક્તિનું પ્રયોજન (૧૮૭–૧૯૧) શુભ, અશુભ, મિશ્રકર્મ (૧૯૨–૧૯૪), મરણ પછી જીવની સ્થિતિ ઉપર એનીબેસેંટ (૧૯૪–૧૯૫) પુનઃ ભક્તિનું પ્રયોજન (૧૯૭–૨૦૦), ત્રિવિધ યોનિ (૨૦૦–૨૦૧), પંચક્લેશ (૨૦૧–૨૦૫), "सति मूले" આ પતંજલિના સૂત્રની વ્યાખ્યા (૨૦૫–૨૦૭), પતંજલિથી વિરુદ્ધમત (૨૦૭–૨૦૯).

૧૮ **ભક્તિનો ઇતિહાસ.** (૨૧૦–૨૧૬)

૧૯ **વ્યક્તિપૂજા.** (૨૧૭–૨૩૩)

૨૦ **પૂજાવિધિ.** (૨૩૪–૨૬૩)

૨૧ **ઉપસંહાર** (૨૬૪–૨૭૬)



# ભક્તિશાસ્ત્રનું શુદ્ધાશુદ્ધનિદર્શન પત્ર

માનનીય પાઠકભાઈઓ અને બહેનો,

શક્ય કાળજી તો મેં રાખી હતી છતાં આ ગ્રંથમાં પણ ભૂલો રહી ગઈ છે. દીર્ઘ, હ્રસ્વ ઇ કે ઉ ની ભૂલો જ્યાં મળે ત્યાં આપ પોતે સુધારી લેશો. એવી રીતે "તેની પેઠે" કે "તેના પેઠે" માં જે ભૂલ હોય તેનો ત્યાગ કરી શુદ્ધ ને સ્વીકારી લેશો. તેમ જ "ગઈ" કે "ગયી "લખાઈ" કે "લખાયી" આ બે પદ્ધતિમાંથી જે આપને શુદ્ધ જણાય તે સ્વીકારશો. એ ભૂલ જાણી જોઈને મેં કરી છે. અનુસ્વારની પણ ભૂલો હશે તે પણ સુધારવાની કૃપા કરી લેજો. બીજી ભૂલો સુધારવા માટે નીચે પ્રયત્ન કરું છું, છતાં જો એ પ્રયત્ન અધૂરો જ જણાય તો ક્ષમા કરશો.

પંક્તિની ગણત્રી કરવા માટે ગ્રંથનું નામ અને પૃષ્ઠવાળી એક પંક્તિ મૂકીને બાકી બધું ગણવાનું છે.

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪ | ૮ | ઔષધિ | ઓષધિ |
| ૫ | ૧ | ...બલૈશ્વય... | ...બલૈશ્વર્ય... |
| ૮ | ૨૧ | શિવલિંગ પૂજા | શિવલિંગપૂજા |
| ૯ | ૪ | અધનારીશ્વર | અર્ધનારીશ્વર |
| ૧૫ | ૨ | અતમ | અતમા |
| ૧૭ | ૧૨ | અગ અગ | અંગ અંગ |
| ૧૯ | ૭ | જેવી | જેવા |
| ૨૦ | ૯ | ચદ્રકિરણ | ચંદ્રકિરણ |
| ૨૫ | ૧ | શ્રાપ | શાપ |
| ,, | ૧૭ | અનન્દનિધિ | આનન્દનિધિ |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૬ | ૩ | જાણે અજાણે | જાણ્યે અજાણ્યે |
| ૨૭ | ૭ | સ્વામીભકિત | સ્વામિભક્તિ |
| ૩૦ | ૧૪ | મસૂર | મંસૂર |
| ૩૧ | ૧૩ | तेङ्घ्रिभयं | तेङ्घ्रिमभयं |
| ,, | ૨૩ | क्रमितुमर्हति | क्रमितुमर्हति |
| ૩૨ | ૨૨ | પ્રોવિત પતિકા | પ્રોષિતપતિકા |
| ૩૪ | ૧૨ | તમાર | તમારા |
| ૩૬ | ૯ | નિરખતી | નીરખતી |
| ૩૮ | ૧૪ | खुदा | ख़ुदा |
| ૪૦ | ૭ | અહિંયા | અહીંયા |
| ૪૨ | ૧૬ | પ્રમનદી | પ્રેમનદી |
| ૪૪ | ૧૬ | સ્મશાન | શ્મશાન |
| ૪૬ | ૯ | સતત્ | સતત |
| ૪૭ | ૪ | પથરાએલું | પથરાયેલું |
| ૫૧ | ૧૧ | કરૂં છું. | કરું છું. |
| ,, | ૨૦ | તમારૂં | તમારું |
| ૫૫ | ૮ | નિવડે | નીવડે |
| ૫૯ | ૮–૯ની વચ્ચે આમ વાચો | | એટલે ૧૧મી ભૂમિકા સુધી જઈ જઈને ફરી એ ત્રણમાં જ વિહરે છે. |
| ૬૨ | ૯ | મરૂં | મરું |
| ,, | ૧૦ | કુતરૂં | કૂતરું |
| ૬૭ | ૫ | નિકળતો | નીકળતો |
| ૭૦ | ૧૨ | ચરણ સ્પર્શ | ચરણસ્પર્શ |
| ,, | ૧૩ | સદૃશ | સદશ |



| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૭૧ | ૨ | ...बलैश्वर्यवीय... | ...बलैश्वर्यवीर्य... |
| ૭૨ | ૮ | ...ક્ષિક જ હો... | ...ક્ષિક જ હોય, |
| ૭૫ | ૧ | ...त्यक्तषणो... | ...त्यक्तैषणो... |
| ૭૬ | ૧૩ | રહે છે. તે અને | રહે છે તે. અને |
| ૭૮ | ૬, ૭ | આકર્ષણ શક્તિ | આકર્ષણશક્તિ |
| ,, | ૨૦ | ફાલિતાર્થ | ફલિતાર્થ |
| ૭૯ | ૧ | રામની | રામના |
| ૮૧ | ૨ | तुष्वति | तुष्यति |
| ,, | ૭ | प्रकषति | प्रकर्षति |
| ૮૩ | ૧૯ | પરિણિત | પરિણત |
| ૮૪ | ૫ | અંતદષ્ટિ | અંતર્દષ્ટિ |
| ,, | ૨૦ | નીરોગી | નીરોગ |
| ૮૯ | ૮ | નુકશાન | નુકસાન |
| ૯૨ | ૮ | મુકવાનો | મૂકવાનો |
| ૯૩ | ૮ | અહિં | અહીં |
| ,, | ૨૩ | पूणतया | पूर्णतया |
| ૯૫ | ૧૨ | चौयम.. | चौर्यम.. |
| ,, | ૧૩ | ..श्चोर्य | ..श्चौर्य |
| ૯૬ | ૧૯ | कामशक्ति | कामासक्ति |
| ,, | ૨૦ | कामसक्ति | ,, |
| ૯૭ | ૧૭ | प्रेक्षण | प्रेक्षणं |
| ૯૯ | ૨૦ | आकण्य | आकर्ण्य |
| ૧૦૩ | ૨૩ | મન | મને |
| ૧૦૭ | ૧ | ...रक्षण क्षय गहि... | ...रक्षणक्षयसंगहिं.. |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૦૮ | ૧૨ | ।હસા | હિંસા |
| ૧૦૯ | ૧૫ | સસ્તા જ | સરતાજ |
| ૧૧૨ | ૩ | શૌચ, | શૌચ. |
| ૧૧૩ | ૧૭ | આધન | આધાન |
| ૧૧૪ | ૧૦ | ..त्कम | त्कर्म.. |
| ૧૧૫ | ૧ | આહ્વાન | આવાહન |
| ૧૨૩ | ૧૭ | આદિ જનક | આદિ જે જનક |
| ૧૨૬ | ૧૯ | નિઃશ્વાસ | નિશ્વાસ |
| ૧૨૭ | ૧૯ | ગવ | ગર્વ |
| ૧૩૦ | ૧૫ | મનિનો | મુનિનો |
| ૧૩૩ | ૧૪ | અનુસંધાન | અનુસંધાન |
| ૧૩૮ | ૫ | એઠ | એક |
| ૧૩૯ | ૧૩ | એક ધા | એકધા |
| ૧૪૦ | ૨૩ | गछेत् | गच्छेत् |
| ૧૪૪ | ૯ | નિવદેન | નિવેદન |
| ૧૪૫ | ૧૪ | મારૂં | મારું |
| ૧૪૬ | ૬ | ધમ | ધર્મ |
| ૧૪૭ | ૧૫ | સારૂં | સારું |
| ૧૪૮ | ૧૭ | ,, | ,, |
| ,, | ૨૦ | માત-પિતા | માતા-પિતા |
| ૧૫૦ | ૪ | કરાએલા | કરાયેલા |
| ૧૫૦ | ૭ | સારૂં | સારું |
| ૧૫૧ | ૧૯ | પુનરૂક્તિ | પુનરુક્તિ |
| ૧૫૨ | ૧૨ | प्रवतते | प्रवर्तते |



| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૫૯ | ૧૬ | સાંષ્ટાંગ | સાષ્ટાંગ |
| ૧૬૦ | ૧૫ | થએલો | થયેલો |
| ૧૬૧ | ૬ | નિવડે. | નીવડે. |
| ,, | ૧૬ | મહિનો | મહીનો |
| ,, | ૨૫ | ભેગ | ભેગા |
| ૧૬૫ | ૧ | જેથ | જેથી |
| ૧૬૮ | ૨૨ | ઈચ્છા | ઈચ્છા |
| ૧૭૬ | ૧૬ | ...रीद्रू... | ...रीदृङ्... |
| ૧૮૨ | ૧૪ | મારૂં | મારું |
| ૧૮૩ | ૧૧ | સારૂં | સારું |
| ૧૮૬ | ૯ | જરા રહિત | જરારહિત |
| ૧૮૯ | ૫ | ભતૃહરિ | ભર્તૃહરિ |
| ,, | ૬ | भक्ता | भुक्ता |
| ૧૯૧ | ૧ | ...कदम... | ...कर्दम... |
| ,, | ૪ | સારૂં | સારું |
| ,, | ૨૩ | अमिष | आमिष |
| ૧૯૨ | ૯ | વ્યાખ્યાને | વ્યાખ્યાના |
| ,, | ૧૭ | सुतोत्पत्ति : | सुतोत्पत्ति |
| ૨૦૪ | ૧૧ | –ચોથો | પાંચમો |
| ૨૦૬ | ૨૦ | ભાગ | ભોગ |
| ૨૦૭ | ૮ | त्वपि | त्वयि |
| ,, | ૨૩ | આયુપ્રાપ્તિ | આયુ:પ્રાપ્તિ |
| ૨૨૫ | ૧૭ | દોપકર | દોષાકર |
| ૨૨૯ | ,, | નબળુ | નબળું |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૩૧ | ૧૬ | ખુંણે ખુંણે | ખૂણે ખૂણે |
| ,, | ૨૪ | ધ્રુમિશ | ધ્રુમિશ |
| ૨૩૬ | ૪ | ઋણ | ત્રાણ |
| ,, | ૧૧ | મદિર | મન્દિર |
| ,, | ૧૮ | નિવડો | નીવડો |
| ,, | ૨૩ | આ પરિચ્છેદમાં જ્યાં જ્યાં **આહ્વાન** છપાયેલ છે ત્યાં **આવાહન** વાંચવું. | |
| ૨૩૯ | ૧૩. | ઔષધિરૂપ | ઓષધિરૂપ |
| ,, | ૨૪ | પૂજા ક્રમ | પૂજાક્રમ |
| ૨૪૦ | ૨૨ | विरागो | विराजो |
| ,, | ૨૩ | जाता | जातो |
| ૨૪૧ | ૬ | तस्माद्यजुस | तस्माद्यजुस् |
| ૨૪૨ | ૧ | शीर्ष्णा | शीर्ष्णो |
| ,, | ૨ | श्रोतात् | श्रोत्रात् |
| ૨૪૫ | ૧૯ | निश्चेतन | निश्चेतन |
| ૨૪૭ | ૧૫ | ચરણોની | ચરણોનાં |
| ૨૪૮ | ૭ | સ્થૂળ | સૂક્ષ્મ |
| ૨૫૧ | ૧૭ | કઠોરપણ | કઠોર પણ |
| ૨૫૪ | ૧૨ | ચરણોના | ચરણોનાં |
| ૨૫૬ | ૧૩ | મારા | મારી |
| ,, | ૨૦ | ચરણ ભગવાન | ચરણભગવાન |
| ,, | ૨૪ | निबल | निर्बल |
| ૨૫૭ | ૧૪ | ।चता | चिन्ता |
| ૨૬૦ | ૧૯ | पार | पारं |
| ,, | ૨૩ | शक्तिना | शक्तिनो |



**પરમહંસ પરિવ્રાજક સ્વામી ભગવદાચાર્યજી મહારાજ કૃત**

# ભક્તિશાસ્ત્ર

कस्यापि मृगशावाक्षी भक्तलोचनचन्द्रिका ।
आस्तां सा कापि कल्याणी मन्मनोमन्दिरे सदा ॥ १ ॥
या मे हृन्निलये स्थित्वा प्रेरयत्यनिशं स्वयम् ।
भक्तिधारामविच्छिन्नां वन्दे कामपि तामहम् ॥ २ ॥
यस्याश्चरणमाश्रित्य कृतकृत्योस्मि सर्वथा ।
सा पुत्रवत्सला कापि कुर्यान्मामकुतोभयम् ॥ ३ ॥
अतारे दुःखकान्तारे पारावारे भवाभिधे ।
विषीदन्तं निमज्जन्तं यापान्मां सा सदा जयेत् ॥ ४ ॥
उत्तिष्ठन्तं च तिष्ठन्तं स्वपन्तं जाग्रतं च सा ।
रक्षतात्करुणामूर्तिः परितो मामुपस्थिता ॥ ५ ॥
ययाहं दयया पुण्ये कर्मण्यस्मिन्नियोजितः ।
तस्यै तरलिकादेव्यै धारयामि सदा बहु ॥ ६ ॥

## પહેલો પરિચ્છેદ

### ઈશ્વરની શોધ

અનાદિકાળથી–એક મહાન્ અજ્ઞાત અતીતકાળથી આખું વિશ્વ વિપદ્-ગર્તામાં પડયું છે, ત્રાહિ ત્રાહિ પુકારી રહ્યું છે; પણ હજી સુધી એના દુઃખનો અંત આવ્યો નથી. યજુર્વેદના એક ઋષિએ હાથ જોડી-જોડીને કહ્યું :—

**विश्वानि देव सवितर्दुरितानि परा सुव ।**

**यद् भद्रं तन्न आ सुव ॥**

"જગતની ઉત્પત્તિ કરનાર જે કોઈ હોય તેને હું વિનવું છું કે અમારા દુઃખોને તું દૂર કર અને કલ્યાણનો તેજસ્વી ભાસ્કર મારા માટે પ્રગટાવ."

શતપથના ઋષિએ પ્રાર્થના કરી કે:—

**असतो मा सद् गमय । तमसो मा ज्योतिर्गमय ।**

**मृत्योर्मामृतं गमय ।**

"જે સર્વશક્તિમાન્ છે તેને હું વિનવું છું કે અમને અસત્ માર્ગમાંથી સન્માર્ગે લઈ જા. અજ્ઞાનરૂપ આ નિબિડ અંધકારમાંથી અમને બહાર કાઢી પ્રકાશપુંજનું દર્શન કરાવ, અને સૌ કરતાં ભયંકર જે મૃત્યુ છે, તેના મુખમાંથી ઉગારીને અમને અમૃત પાસે પહોંચાડ."

અથર્વવેદે કગરી કગરીને વારંવાર કોઈને કહ્યું કે:—

**योस्मान् द्वेष्टि यं च वयं द्विष्मस्तं वो जम्भे दध्मः ।**

"જે અમારી સાથે દ્વેષ કરે છે, અથવા અમે જેની સાથે દ્વેષ કરીએ છીએ તેને તારા જડબામાં નાંખીએ છીએ."

અથર્વાઋષિએ કહ્યું :—

**मा नो विददभि भा मो अशस्तिर्मा नो विदद्वृजिना द्वेष्या या ।**

"પરાભવ મને પામી શકે નહિ, અકીર્તિ મને જોઈ શકે નહિ, અને જે અણગમતાં પાપો છે—અનિષ્ટ કર્મો છે તે મને સ્પર્શે નહિ."

ફરી તેમણે જ કહ્યું :—

"**इतश्च यदमुतश्च यद्वधं वरुण यावय**"

"ગમે તે બાજુથી આવનાર દુઃખોને હે વરુણ, તું દૂર કર અને **वि महच्छर्म यच्छ** મહાન્ સુખ મને આપ."

"**वि न इन्द्र मृधो जहि**"



"હે ઇન્દ્ર અમારા શત્રુઓનો નાશ કર."

"**अधमं गमया तमो यो अस्माँ अभि दासति.**"

"અમારો નાશ કરનાર અંધકારને તું ઘોર અંધકારમાં લઈ જા."

આ બધી કકળતા હૃદયોમાંથી નીકળતી કરુણ ભાવાઓ, ચિચિયારીઓ, પ્રાર્થનાઓ કોઈના કાને પડી હોય, એમ જણાયું નહિ. બધી દિશાઓ અનાદિકાળથી આવા જ આર્તનાદથી ભરેલી છે. બધાં ય અશાંત છે. બધાં ય કોઈ સાચા માર્ગની શોધમાં પડ્યાં છે. બધાં ય ભવ-તાપ-સંતપ્ત થઈને કોઈ મહાબોધિવૃક્ષની શોધમાં ફાંફાં મારી રહ્યાં છે.

આવશ્યકતા પદાર્થની—વસ્તુની જનની હોય છે. એ આવશ્યકતાએ માનવસમાજની પીડા ઓછી કરનારી એક મહૌષધિની શોધ કરી છે ખરી, પણ તે બધાંને માટે સર્વથા અનુકૂળ છે કે નહિ, એ માટે કોઈ ઇતિહાસ કંઇ નક્કર જવાબ આપતો નથી.

એક માણસને જ્યારે પ્લેગ થાય છે કે કોલેરા થાય છે કે ન્યુમોનિયા થાય છે ત્યારે તે અસહ્ય પીડાને લીધે બૂમો પાડે છે, ચીસાચીસ કરી મૂકે છે. એ બૂમો અને ચીસો કેવળ તેની પીડાની અસહ્યતાને જ નથી સૂચવતી પણ સાથોસાથ તેના અસહાય હૃદયની એક વાત પણ કહી જાય છે, અને તે એ કે: તે આર્ત માનવી કોઈની સહાયતા ઇચ્છે છે. સગાં—સંબંધીઓ, મિત્રો, યોગ્યતા પ્રમાણે તેને સહાય કરવામાં લાગી જાય છે. તે માણસ થોડી શાંતિ અનુભવે છે, પીડાને ભૂલે છે, ઉપકારના ભારથી દબાય છે. મારા માટે આભ અને ધરતી સિવાય કોઈ બીજી વસ્તુ આશ્રય માટે છે ખરી, એ ભાવનાથી તે થોડોક સ્વસ્થ બને છે, અને કૃતજ્ઞતા તેને થોડાંક અશ્રુબિંદુ પાડવા પ્રેરે છે. તેના હૃદયમાં કંઈ કંઈ થાય છે, પણ તે બધું આંસુ બનીને ચૂપચાપ બહાર નીકળી જાય છે. તે બાપડો કંઈ કહી શકતો નથી. અશ્રુરૂપે બહાર—છાતી અને કપોલ ઉપર વિખરાયેલા તેના હૃદયના ભાવોને ઓળખનાર કોઈ રહ્યું નથી. આંસુઓ સૂકાય છે, અને તેની ભાવનાઓ ધૂળમાં

રોળાય છે, લોકોના પગ તળે કચરાય છે. છેવટે અગમ્ય અને અગોચર બને છે.

એક માણસ પીડાય છે, સો માણસ સ્વસ્થ હોય છે. માટે તે પીડિત માનવીની સહાયમાં કેટલાક દોડી આવ્યા. પણ જ્યારે તે જ રોગથી સોએ સો માનવીઓ પીડાતા હોય ત્યારે કોણ કોને સહાય કરે? બધા ય અપંગ, બધા ય અસમર્થ અને બધા ય લાચાર. પહેલાં તો એક જ બૂમ હતી, એક જ ચીસ હતી અને હવે તો સો સો બૂમો અને સો સો ચીસો છે. વેદનાના વનમાં માનવ ભમી રહ્યું છે. માર્ગ નથી. માર્ગદર્શક નથી. તરસ છે, પણ પાણી નથી, પાણી પાનાર કોઈ નથી. પીડા છે, ઔષધિ નથી, પીડા–શમનકરનાર કોઈ નથી. આંસુનો અનવરત પ્રવાહ છે, પણ આંસુ લૂંછનાર કોઈ નથી. માનવહૃદય વ્યગ્ર છે. એવા સમયે માણસ સાચો નહિ તો જૂઠો પણ આશ્રય શોધી શકે છે. પોતાના હૃદયની લાગણીઓનું માન સાચવવા તે કોઈ અદૃશ્ય શક્તિની કલ્પના કરે છે. ફાટફાટ થતા હૃદય માટે તે કોઈ અવલંબન શોધે છે. જગતમાંથી કોઈ અવલંબન ન જડયું ત્યારે તે બહાર શોધવા લાગ્યો. મનુષ્ય જેમ પોતાની દૃષ્ટિની ચરમ સીમાને નીલ આકાશ કહે છે, તેમ જ તે જગતની બહાર, જ્યાં તેની કે કોઈ પણ માનવની પહોંચ નથી, ગતિ નથી, ત્યાં તે એક અગમ અગોચર મહાશક્તિની કલ્પના કરે છે. આખું જગત્ નામ અને રૂપથી ભરાયેલું છે. જગત્–બહારની વસ્તુ પણ નામ–રૂપવાળી હોવી જોઈએ, એ વિચારથી તે, તે શક્તિને એક નામ આપે છે, અને એક રૂપ આપે છે. જ્યાં નામ હોય છે ત્યાં રૂપ હોય છે જ. ત્યાં કોઈ ને કોઈ ક્રિયા પણ અવશ્ય જ હોય છે. તેથી તે શક્તિમાં ક્રિયાની પણ કલ્પના થઈ. નામ–રૂપવાળામાં બીજા પણ કેટલાક ધર્મો હોય છે. તે શક્તિમાં પણ ધર્મોની કલ્પના થઈ એટલે તે અદૃશ્ય શક્તિ ભગવાન, ઈશ્વર, પરમેશ્વર, અલ્લા, ખુદા એવાં એવાં અનેક નામોથી; કાળા કે ગોરા રૂપોથી, દયાળુતા, ઉદારતા, ભક્તવત્સલતા, સર્વશક્તિત્વ, આદિ ગુણો કે ધર્મોથી વિભૂષિત થઈ. તે સિવાય બીજા પણ છ ભગ–ઐશ્વર્ય–મહાગુણો કલ્પાયા. અને તે આ :—



"ज्ञानशक्तिबलैश्वयवीर्यतेजांस्यशेषतः ।
भगवच्छब्दवाच्यानि विना हैयैर्गुणादिभिः ॥"

(૧) જ્ઞાન (૨) શક્તિ (૩) બળ (૪) ઐશ્વર્ય (૫) વીર્ય (૬) તેજ.

૧ **જ્ઞાન** એટલે ત્રિકાળાબાધિત જ્ઞાન, સર્વવિષયક જ્ઞાન, સ્વરૂપજ્ઞાન, પરરૂપજ્ઞાન, જીવજ્ઞાન, જીવકૃતકર્મજ્ઞાન ઇત્યાદિ.
૨ **શક્તિ** એટલે સ્વકાર્યમાં અન્યની સહાયતાની અનપેક્ષા.
૩ **બળ** એટલે પરાભવની અયોગ્યતા.
૪ **ઐશ્વર્ય** એટલે આત્મવિશ્વાસ, આત્મગૌરવ, આશ્રિતોની સર્વ ઇચ્છાઓને પૂર્ણ કરવાની ખાત્રી; ઈશ્વરપણું.
૫ **વીર્ય** એટલે ધૈર્ય, વિઘ્નો હોવા છતાં પોતાના નિશ્ચયથી ન ડગવું તે, પ્રભાવ.
૬ **તેજ** એટલે અપ્રધૃષ્યતા. અથવા—

**अधिक्षेपापमानादेः प्रयुक्तस्य परेण यत् ।**
**प्राणात्ययेप्यसहनं तत्तेजः समुदाहृतम् ॥**

"શત્રુ તરફથી નિન્દા કે અપમાન થતાં હોય તો શરીર ને પ્રાણ જાય પણ તે નિન્દા, અપમાન, કલંક ન સહન કરવાની જે ભાવના તે **તેજ** કહેવાય છે.

માનવજાતિની દરેક રીતે રક્ષા કરવામાટે સમર્થ આવા ગુણોથી સજ્જ બનાવીને તે શક્તિને પૃથ્વી ઉપર ઉતારવામાં આવી. તે શક્તિ અનાથોનો નાથ, નિરાશ્રયોનો આશ્રય, માતૃહીનની માતા, પિતૃહીનનો પિતા, બન્ધુ-હીનનો બન્ધુ, સર્વદુઃખાપહરણ, સર્વદાસહાય, એવાં એવાં વિશેષણોથી સંપન્ન બની. મનુષ્યને આશ્વાસન મળ્યું—આશ્રય જડયો, દુઃખનો સાથી મળ્યો. રડવા, આંસુ સારવા ને હૈયું ઠારવા એક સહૃદય મળ્યો. છતાં આંસુ લૂછનાર તો ન મળ્યો. આંસુ લૂછનાર ભલે કોઈ ન મળ્યું, સુખ-દુઃખ પૂછનાર પણ ભલે કોઈ ન મળ્યું; પણ હૃદયની વેદના જાણનાર, અને હાર્દિક દુઃખને મૂક રહીને સાંભળનાર તો કોઈ મળ્યું ને? પછી ભલે તે કોઈ કલ્પિત

જ હોય. સ્વપ્નના સાક્ષિભાસ્ય પદાર્થો લગભગ બધા કલ્પિત જ હોય છે, છતાં તેમનામાંથી કેટલાકથી આનંદ અનુભવાય છે, શાંતિ અનુભવાય છે. જો કે ત્યાં કલ્પિત-અસત્ય અને સત્યનું મિશ્રણ હોય છે: એક માણસ સ્વપ્નમાં તેનાં બાનું દર્શન કરે છે. આ દર્શનથી તે પ્રસન્ન થાય છે, પુલકિત થાય છે, કૃતકૃત્યતા અનુભવે છે. ખરી રીતે તો અહીં સત્ય અને કલ્પિતનું મિશ્રણ જ હોય છે. બા એ સત્ય વસ્તુ છે, ભલે તે વ્યાવહારિક સત્ય હોય. બાનું એક અસ્તિત્વ છે. પણ સ્વપ્નમાં જે બા જોવામાં આવ્યાં હતાં તે સાક્ષાત વ્યાવહારિક સત્ય બા ન હતાં, પણ કલ્પિત બા હતાં. પણ તે બા નિરાશ્રય હતાં કે તે તદ્દન કલ્પિત જ હતાં એમ પણ નથી. જાગ્રત અવસ્થામાં જોવાયેલાં, અનુભવાયેલાં અને થોડાંક સમય પહેલાં મળેલાં બાની જ કલ્પના છે. માટે તે બાનાં સ્વરૂપનો સ્વપ્નમાં અનુભવ મિથ્યા છે. કારણ કે વાસ્તવિક રીતે ત્યાં બા હતાં જ નહિ, પણ જે સ્વરૂપ જોવામાં આવ્યું તેટલા અંશમાં સત્યતા રહેલી છે. ઈશ્વરની કલ્પના વિષે એવું કંઈ કહી શકાય નહિ. ઈશ્વરને કોઈએ કદી જોયો નથી, અનુભવ્યો નથી; છતાં તેનું એક કાલ્પનિક રૂપ રચાયું છે. ભક્તોએ રચ્યું છે અને તે અસ્તિત્વમાં છે એમ મનાય છે.

વૈદિક કાળમાં ભલે ઈશ્વરનામની કોઈ શક્તિ ન જણાતી હોય પણ ઇંદ્ર, વરુણ, અગ્નિ, સૂર્ય, આદિના નામે કલ્યાણ કરનારી કોઈ વસ્તુ અવશ્ય મનાતી હતી. ઋગ્વેદના બધા મંત્રો સાક્ષીરૂપે મૂકી શકાય છે. જો કે ઋગ્વેદ-રચનાકાળમાં બ્રહ્મ જેવી વસ્તુ પણ શોધાઈ ગયેલી હતી, પણ એનું સ્વરૂપ નિશ્ચિત ન હતું; અને યજ્ઞોનો પ્રભાવ અને પ્રચાર એટલો બધો હતો કે બ્રહ્મ-મીમાંસા માટે કે બ્રહ્મજ્ઞાન માટે કોઈ ને તીવ્ર અભિલાપ પેદા થયેલો જણાતો નથી. એકાદ જ અપવાદ છે. તેથી જ ઉપનિષદોને યજ્ઞાદિ કર્મોના વિરોધમાં બોલાવાની, ઉપદેશવાની ભારે આવશ્યકતા જણાઈ આવી હતી. અસ્તુ, હવે આપણે પ્રકરણમાં આવીએ અને એટલું સ્વીકારીએ કે દુઃખમાં એક આશ્રય શોધાયો.

## બીજો પરિચ્છેદ

### ઈશ્વરનું આગમન

વેદના પુરુષસૂક્તનું મનન બતાવે છે કે ઉપાસના માટે નિરાકાર બ્રહ્મનો ઉપયોગ અતીત કાળમાં થતો હતો. પણ જે સમયે પુરુષસૂક્ત રચાયું હશે, તે પહેલાં સાકાર અને સગુણ બ્રહ્મ પણ પ્રચારમાં હશે જ. કેમકે ત્યાં પ્રશ્ન કરવામાં આવ્યો છે કે તે બ્રહ્મનું મુખ શું હતું? બાહુ શું હતા? ઊરુ શું હતા અને પગ શું હતા? એ પ્રશ્નો બતાવે છે કે હાથ-પગવાળો બ્રહ્મ પણ કલ્પાઈ ચૂક્યો હતો. ઈશ્વર એટલે રાજા. રાજા એટલે મનુષ્યનો રાજા-અને રાજાનો પણ રાજા. મનુષ્ય ઈશ્વરની કલ્પના કરવામાં પોતાની સ્થિતિથી બહુ આગળ જઈ શક્યો નહિ. મનુષ્ય ઈશ્વરના વધારે શક્તિશાળી-પણાનો સ્વીકાર કરી શકે છે પણ આકાર તો પોતાના આકારની જેમ જ કલ્પે છે. તેથી જ ઈશ્વર પણ હાથ, પગ, મુખ, માથું, મન વગેરે અવયવ-વાળો જ કલ્પાયેલો. મને લાગે છે કે જો ગધેડાઓ પણ ઈશ્વરને માનતા હશે તો તેમનો ઈશ્વર ગધેડા જેવો જ આકાર ધરાવતો હશે. 'यादृशी शीतला देवी तादृशो वाहनः खरः'. માખીઓ અને મચ્છરોનો ઈશ્વર માખી અને મચ્છર જેવો જ હશે. મનુષ્યોએ મનુષ્યની જેમ જ ઈશ્વર રચી કાઢયો. જે ઈશ્વર નિર્ગુણ ને નિરાકાર કલ્પાયેલો હતો તેનાં સ્વરૂપમાં વિકાસ થયો અને ક્રમે ક્રમે તે સગુણ ને સાકાર બન્યો. સગુણ ને સાકાર ઈશ્વરની પૂજા વૈદિકકાળના ક્યા વિભાગમાં થતી હશે તે હું આજે નિશ્ચિતરૂપે કહી શકતો નથી. યજ્ઞોમાં જે ઇન્દ્ર, વરુણ આદિ દેવોની પૂજા થતી હતી તે પણ કદાચ તેમને ઈશ્વર માનીને જ થતી હશે. જો એમ હોય તો યજ્ઞકાળથી જ ઈશ્વરની રચનાનો આરંભ થયેલો કહેવાય. પણ મહાભારત ને તે પછીના કાળમાં સગુણ-સાકાર ઈશ્વરની જ પૂજા પ્રચલિત થઈ અને નિર્ગુણ-નિરાકાર બ્રહ્મ પદભ્રષ્ટ થયો એમ કહી શકાય. તેનું

શાસ્ત્રોમાં સ્મરણમાત્ર અવશિષ્ટ રહ્યું.

પૌરાણિક કાળ એને માટે વધારે ઉત્તરદાયી છે. તે સમયમાં જ સાકાર-બ્રહ્મોપાસના યુવાવસ્થામાં આવી. બ્રહ્મસૂત્રની રચનાં જ્યારે વ્યાસજીએ કરી તે સમયે પણ સાકાર-સગુણ બ્રહ્મનું દર્શન થતું નથી. જગદુત્પત્તિ આદિને લીધે તેને સગુણ માનવામાં આવે તો પણ હાથ પગવાળો ઈશ્વર કે બ્રહ્મ કોઈ જણાતો નથી. તેથી જ વિદ્વાનો એમ પણ માને છે કે બધાં પુરાણો વ્યાસકૃત નથી. પણ જે પુરાણોને વ્યાસકૃત માની લેવામાં આવ્યાં છે તેમાં પણ સાકાર બ્રહ્મ તો છે જ. તો પછી એક જ વ્યાસ બ્રહ્મસૂત્રમાં સાકાર બ્રહ્મનું સ્મરણમાત્ર પણ ન કરે, રામ, કૃષ્ણ, શિવ આદિનું નામ પણ ન લે અને પુરાણો બધાને બ્રહ્મની પદવી આપે એ બહુ જ આશ્ચર્યજનક ઘટના છે. બીજું સમાધાન કંઈ ન જડયું ત્યારે વિદ્વાનોએ બાદરાયણ વ્યાસ અને દ્વૈપાયન વ્યાસ એ રીતે ભેદ પાડયો અને બન્નેનો કાળ અલગ અલગ શોધાયો.

પ્રથમ નિરાકાર બ્રહ્મની સાકાર ઉપાસનાનો જ્યારે પ્રારંભ થયો અને તેનું પ્રતીક બનવા લાગ્યું ત્યારે સૌથી પ્રથમ જે પ્રતીકો અસ્તિત્વમાં આવ્યાં તે બે જ હતાં: શિવલિંગ અને શાલગ્રામ. સિંધમાં આવેલા મોહનજોદેરોના ખોદકામમાંથી એક શિવલિંગ નીકળ્યું છે. આ મેં નજરે જોયું છે. ત્યાંથી જે વસ્તુઓ મળી આવી છે તેના પરથી કાળવિશેષજ્ઞોનો મત છે કે તે વસ્તુઓ મહાભારતકાળથી પણ પૂર્વની છે. જો એમ જ હોય તો એ વાત નિશ્ચિત થાય છે કે મહાભારત પૂર્વે અથવા વધારે નહિ તો મહાભારતના સમયમાં શિવલિંગ પૂજા અસ્તિત્વમાં હતી. પણ તે લિંગપૂજા જ; દેહપૂજા નહિ જ. વૈષ્ણવ-ધર્મે શાલગ્રામની પૂજાનો પ્રારંભ કર્યો, તે પણ નિરાકાર બ્રહ્મનું જ પ્રતીક. હવે સમજાશે કે નિરાકાર બ્રહ્મવાદીઓએ જ્યારે પ્રતીકોપાસનાનો આરંભ કર્યો ત્યારે હસ્ત-પાદાદિઅવયવ-રહિત ગોળમટોળ શંકર



અને શાલગ્રામ એ બે જ ઉપાસ્યદેવરૂપે આવ્યા. અને આ બેનું આગમન શૈવધર્મ અને વૈષ્ણવધર્મને આભારી છે. પછી તો ક્રાન્તિકાળ આવ્યો. શંકર અને વિષ્ણુ બન્નેના દેહાવયવમાં ક્રાન્તિ થઈ. શંકર એકમુખ બન્યા, પંચમુખ બન્યા, અર્ધનારીશ્વર બન્યા. વિષ્ણુ ચતુર્ભુજ બન્યા. બન્ને અસ્ત્ર-શસ્ત્રધારી બન્યા. પૂર્વે કહેવામાં આવ્યું છે કે ઈશ્વર એટલે રાજા. રાજા એટલે પ્રજારક્ષક. અસ્ત્ર-શસ્ત્રહીન રાજા પ્રજારક્ષણ કરી શકે નહિ. તેથી બન્ને ઈશ્વરો અસ્ત્ર-શસ્ત્રથી સજ્જ થયા. શંકર અને વિષ્ણુ બન્નેના પગમાં ક્રાન્તિ ન થઈ. બન્ને બે-પગા જ રહ્યા. એ ક્રાન્તિ આગળ વધી. શંકરનું રૂપ સર્વપ્રિય ન બની શક્યું તેથી તેઓ પૂર્વરૂપમાં જ રહ્યા—લિંગ જ રહ્યા. વિષ્ણુનું રૂપ સર્વપ્રિય અને આકર્ષક બન્યું. પણ માનવોને પાછળથી ચાર હાથવાળો ઈશ્વર ગમ્યો નહિ. વિજાતીયતા જણાઈ. તેથી પ્રથમ તો ઉપાસના કાળે અને પછી સદાને માટે વિષ્ણુ બે હાથવાળા જ રહ્યા, પણ તેના નામો બદલાયાં—રામ અને કૃષ્ણ. પણ એક વાર પૃથિવીપટલ ઉપર આવી ગયેલી વસ્તુ સ્વરૂપતઃ ભલે ભુંસાઈ જાય પણ ઇતિહાસના પાને તે અમર જ રહે છે. એવું ઈશ્વરો માટે પણ બન્યું. શંકરના ત્રણે નેત્રો રહ્યાં. માથે ગંગાજી વધ્યાં. લિંગ પણ રહ્યું. વિષ્ણુના ચારે હાથ રહ્યા અને ઘણા ય સ્થળે તે ચતુર્ભુજરૂપે પૂજાવા લાગ્યા. પછી મનુષ્યોને એમ લાગ્યું કે ઈશ્વરને એકએક ઈશ્વરી પણ હોવી જોઈએ, કેમકે નરને નારી હોય છે. માટે બધા દેવોને પરણાવવામાં આવ્યા. શંકર પાર્વતી સાથે પરણ્યા. વિષ્ણુએ નારાયણ નામ ધારણ કરી લક્ષ્મીને પત્ની બનાવ્યાં. રામ અને કૃષ્ણ એ તો પાછળના દેવો. એમને તો વિધિસર માનવની જેમ જ પરણાવવામાં આવ્યા. પછી મનુષ્યોએ વિચાર કર્યો કે પુત્રહીન માનવદેહી અભાગીઓ ગણાય છે, તેની મુક્તિગતિ હોતી નથી. માટે બધા ય ઈશ્વરોને બે બે પુત્ર આપ્યા. એક નપૂતી રહી લક્ષ્મીદેવી. નારાયણનો વંશ આગળ વધ્યો નહિ.

ઈશ્વર એટલે રાજા. રાજાઓના ગુણગાન થયાં કરે છે. ત્યારે ઈશ્વરના પણ ગુણગાન થવાં જોઈએ. કયા ગુણોનું ગાન? ઉપાસકો અહીં મુંઝાયા. પણ જેમ તેમ ગાડું ચલાવ્યું. એટલામાં જ રાજા દશરથને ત્યાં રામનો જન્મ થયો. રામ હતા રાજકુમાર. એમનામાં નખથી શિખાસુધી મનુષ્યોએ પોતાના ગુણો, પોતાના ધર્મો ભર્યા. રામ જ્યારે ઇશ્વર બન્યા ત્યારે રાજકુમાર રામની બધી બાળલીલાઓ, યૌવનની લીલાઓ તેમની સાથે જોડાઈ ગઈ. ગુણગાન માટે સુંદર સાધન મળ્યું. આ ઈશ્વર માનવજાતિને અનુકૂળ પડ્યો. બાળકો સાથે રમત, શિકાર, ક્ષત્રિયોચિત વીરત્વ, લગ્ન, વૈવાહિક જીવન, રાજગાદીની તૈયારી અને તેનો ત્યાગ. સપત્નીક અને સબંધુક વનવાસ, શત્રુઓ સાથે યુદ્ધ, હારવું, જીતવું, મૂર્છા, ચેતના, હર્ષ, શોક, રોદન, પશ્ચાત્તાપ એ બધા માનવોચિત ધર્મોનો રામભગવાનમાં સાક્ષાત્કાર થયો. માટે રામ એ સૌ કરતાં ઉત્તમ ઈશ્વર મનાયા. વિષ્ણુનું નામ લગભગ ભુંસાઈ ગયું. વિષ્ણુ વિષ્ણુ બોલીને નામસ્મરણ ગયું (કેવળ દૈનિક સંકલ્પમાં જ રહ્યું) અને તેના સ્થાને રામરામ, એમ જપવાની પ્રથા આવી. રામ સર્વપ્રિય ઈશ્વર અને તે જ ભગવાન્. પણ ભગવાન્ એ નામ પાછળથી આવ્યું. તેનો ઇતિહાસ આગલા પ્રકરણમાં વાંચજો. દ્વાપરમાં કૃષ્ણ આવ્યા. વ્યાસજીએ તેમને પણ ઈશ્વર-પદ આપ્યું. એ ઈશ્વરને રામ કરતાં વધુ તેજસ્વી બનાવવાનો પ્રયત્ન થયો અને કદાચ તે યત્ન સફળ પણ થયો. રામને લોકોએ રડાવ્યા, હસાવ્યા, વનવાસી બનાવ્યા, તેમની પત્નીનું હરણ પણ કરાવ્યું, રાવણને મારવાથી લાગેલાં બ્રહ્મહત્યાનાં પાપમાંથી છૂટવા પ્રાયશ્ચિત પણ કરાવ્યું; રામને રાજા બનાવ્યા અને શ્રી સીતાભગવતીનો ત્યાગ કરાવીને તેમને આખું જીવન રડાવ્યા. કૃષ્ણ માટે એવું કશું બન્યું નહિ. કૃષ્ણના ઇતિહાસમાં રડવા જેવી કાંઈ વસ્તુ નથી. એમને પત્નીઓ તો પારવગરની; પણ એમનું કોઈ હરણ કરે, એવું સાહસ કોઈમાં હતું નહિ. કૃષ્ણનું વ્યક્તિત્વ ખૂબ જ



પ્રભાવશાળી અને પ્રતિભાપૂર્ણ હતું. કૃષ્ણને રાજા થવાની ભૂખ ન હતી. તે બીજાને રાજ્ય અપાવી સુખી રહેનારા હતા. તેમનું જીવન પરોપકાર-પરાયણ હતું. કૃષ્ણનું જીવન રામ કરતાં વધુ યશસ્વી દેખાય છે. ભગવદ્-ગીતાએ કૃષ્ણને અમર બનાવી દીધા. કૃષ્ણનું તત્ત્વજ્ઞાન અલૌકિક હતું. અસ્તુ, અહીં ઈશ્વરની સર્વાંગપરિપૂર્ણ રચના સમાપ્ત થાય છે. બ્રહ્મ ગયો, વિષ્ણુ ગયા, શંકર લિંગરૂપે રહ્યા અને રામ તથા કૃષ્ણને ઈશ્વરની ગાદી મળી જે આજ સુધી તેમના બળવાન હાથે સચવાય છે.

# ત્રીજો પરિચ્છેદ

## ભગવાન્

પ્રથમ પરિચ્છેદમાં કહેવામાં આવ્યું છે કે ઐશ્વર્ય એટલે ઇશ્વરપણું પામ્યા પછી ઇશ્વર ભગવાન્ બન્યો. ભગવાન્ બનાવવાના અમુક કારણો હતાં. ઇશ્વરની રચના કરવાનું કારણ તો પાછળ તમે વાંચી આવ્યા છો તેમ માનવની આર્તવેદના સાંભળનાર કોઈ ન હતું તેથી તેના દુઃખ સાંભળવા માટે અને કોઈ રીતે આશ્વાસન મેળવવા માટે તે રચાયો હતો. તે સમયે તેનું પ્રયોજન એટલું જ હતું. પણ જેમ જેમ સમય વીતતો ગયો, તેમ તેમ લોકો વિચાર કરતા થયા. એ ઇશ્વરમાં કયા ગુણોની સ્થાપના કરીએ એવો વિચાર તે સમયના ઇશ્વરવાદીઓના મનમાં આવ્યો. એ વિચારનો ઉત્તર એટલો જ હતો કે તેમાં કોઈ પણ હેય=ત્યાજ્ય ગુણ ન હોવો જોઇએ. નિકૃષ્ટ ગુણો સિવાય બધા ગુણો તેનામાં હોવા જ જોઈએ. તેથી તે હેય-પ્રત્યનીક-ગુણાકર બન્યો. પણ ઇશ્વરમાં કયા કયા ગુણો છે? એ મંદ લોકોના પ્રશ્નનો લોકો પાસે સરળ, સીધો અને ટૂંકોટચ ઉત્તર ન હતો, તે શોધાયો.

ज्ञानशक्तिबलैश्वर्यवीर्यतेजांस्यशेषतः ।
भगवच्छब्दवाच्यानि विना हेयैर्गुणादिभिः ॥

આ શ્લોકની વિસ્તૃત વ્યાખ્યા પ્રથમ પરિચ્છેદમાં કરવામાં આવી છે તેથી અહીં પિષ્ટપેષણ કરવાની આવશ્યકતા નથી. આ છ ગુણોને ભગ કહેવામાં આવે છે. ભગવાન્‌ને એ છ ભગ છે તેથી જ તે ભગવાન્ (ભગ+વત્)બન્યો. એ છ ગુણોનો સંગ્રહ આવશ્યક હતો. જ્ઞાન વગરનો અજ્ઞાની ઇશ્વર તો નકામો જ હોય, માટે તેનામાં જ્ઞાન તો જોઈએ જ. જ્ઞાન હોય અને શક્તિ ન હોય તો પણ તે નકામો, માટે શક્તિ પણ જોઈએ. શક્તિ એટલે કોઈની સ્વકાર્યમાં અપેક્ષા ન રાખવી તે. શક્તિ હોય પણ તેનામાં



બળ, તેજ ન હોય તો પણ ભગવાન્ નકામો જ. માટે આ ત્રણ ગુણો પણ ભાગ્યશાળી નીવડ્યા અને ઇશ્વરને વળગ્યા. પણ આ ગુણો તો કોઈ માણસમાં પણ હોઈ શકે છે, અને હોય છે, ત્યારે ભગવાન્-પણું તો નહિ સચવાય. તેથી ઐશ્વર્યનો સંગ્રહ થયો. ઐશ્વર્ય એટલે ઇશ્વરપણું ઇશ્વરપણું એટલે સર્વોપાસ્યતા. ઐશ્વર્ય સ્વીકારવાથી માણસમાં આવતી અતિવ્યાપ્તિ શાંત થઇ. પહેલા પાંચ ગુણો માણસમાં હોય તો પણ તે ઇશ્વર નહિ કહેવાય, કેમકે તેનામાં ઐશ્વર્ય નથી. ઐશ્વર્ય સહિત છ ગુણો માનવાથી ઇશ્વરમાં જ એ છ ગુણો સંભવે-જીવમાં નહિ. કારણ કે જીવમાં ઐશ્વર્ય નથી હોતું. ઇશ્વરના ગુણો ગણાવવા માટે સીધી વાણી અને ભાષા તો મળી પણ ઇશ્વર એ નામ ગયું, કેવળ ઇશ્વરપણું રહ્યું. આ અનન્વય જેવું તો લાગશે, પણ સર્વ વિચિત્રતાઓનો આશ્રય જ ઇશ્વર હોય છે. તેથી ઐશ્વર્યનો આશ્રય જ ભગવાન્ કહેવાયો. બીજા માટે આ ભગવાન્ શબ્દ ન વપરાય એ માટે ભક્તો સાવધ બન્યા અને ઘોષણા કરી કે-

एवमेष महाशब्दो मैत्रेय भगवानिति ।
परमब्रह्मभूतस्य वासुदेवस्य नान्यगः ॥

"ભગવાન્ એ મહાન્ શબ્દ છે કેવળ પરબ્રહ્મભૂત વાસુદેવના માટે છે, અન્ય માટે નહિ જ. વાસુદેવશબ્દ ઉપલક્ષણ છે. તેથી બધા વિષ્ણુના અવતાર માટે જ એ શબ્દ વાપરવો એવી ઘોષણા કરવામાં આવી. પણ પછી કોલાહલ થવા લાગ્યો. પોકાર ઊઠ્યો કે ભગવાન્ શંકર ભગવાન્ ભાસ્કર એમ બોલાય છે, રાજા માટે પણ એ શબ્દ વપરાય છે, ત્યારે કેવળ વાસુદેવ માટે કેમ વાપરવો? ઉત્તર મળ્યો કેઃ-

तत्र पूज्यपदार्थोक्तिः परिभाषासमन्वितः ।
शब्दोयं नोपचारेण ह्यन्यत्र ह्युपचारतः ॥

આ ભગવાન્‌શબ્દ પારિભાષિક શબ્દ છે, માટે મુખ્યતયા એનો ઉપયોગ રામ અને કૃષ્ણ માટે જ થવો જોઈએ અને થાય છે. રાજા આદિ માટે એનો જે પ્રયોગ થાય છે તે તો ઉપચારથી જ–ગૌણ–રૂપે જ; મુખ્યરૂપે નહિ જ. પણ આ પરિભાષાથી ભગવાન્‌નું માન સચવાયું નહિ, તેથી એક બીજી પરિભાષા તૈયાર કરવામાં આવી તે આ :

उत्पत्तिं प्रलयं चैव भूतानामागतिं गतिम् ।
वेत्ति विद्यामविद्यां च स वाच्यो भगवानिति ॥

"સમસ્ત ભૂત–ભૌતિક પદાર્થોની ઉત્પત્તિને, પ્રલયને, ભૂતોના જન્મ–મરણને, વિદ્યા=જ્ઞાનને, અને અવિદ્યા=અજ્ઞાનને એ છ વસ્તુઓને જે જાણે તે જ ભગવાન્." આ પરિભાષા પ્રથમની પરિભાષા કરતાં વધારે સ્પષ્ટ અને વધારે વ્યાપક છે. છતાં તેના માટે પણ પૂર્વની જેમ જ કહેવામાં આવ્યું કે :–

भगवानितिशब्दोयं तथा पुरुष इत्यपि ।
निरुपाधी च वर्तेते वासुदेवे सनातने ॥

"ભગવાન્ અને પુરુષ આ બન્ને શબ્દો સ્વતંત્રરીતે કેવળ સનાતન વાસુદેવ માટે જ છે, અન્ય માટે નહિ." એટલે ભગવાન્ કહેવાથી વાસુદેવનો જ બોધ થાય, બીજાનો નહિ. તાત્પર્ય એ કે એકલો ભગવાન્‌શબ્દ વપરાય તો તેનાથી વિષ્ણુનો બોધ થાય, પણ જો ભગવાન્‌ની આગળ કે પાછળ બીજો કોઈ શબ્દ વિશેષ્યરૂપે આવ્યો હોય તો ત્યાં ભગવાન્ શબ્દ અન્યને માટે પણ વાપરી શકાય છે. જેમકે ભગવાન્ શંકર, ભગવાન્ ભાસ્કર–શંકર ભગવાન્, ભાસ્કર ભગવાન્ ઈત્યાદિ.

હવે એમ સમજવાનું કે વેદોમાં, ઉપનિષદોમાં, પુરાણોમાં અજર, અમર, અવિનાશી, નિષ્ક્રિય, નિષ્કળ, સત, ચિત્, આનન્દ, આત્મા, પરમાત્મા બ્રહ્મ, ઈશ્વર, પરમેશ્વર, ભગવાન્, રામ, કૃષ્ણ, વિષ્ણુ, શંકર, અજન્મા,



અમૃત્યુ, અપિપાસુ, અજિઘત્સુ, અસ્થૂલ, અનણુ, અહ્રસ્વ, અદીર્ઘ, અલોહિત, અસ્નેહ, અચ્છાય, અતમ, અવાયુ, અનાકાશ, અસંગ, અરસ, અગન્ધ, અચક્ષુષ્ક, અશ્રોત્ર, અવાક્, અમન, અતેજસ્ક, અપ્રાણ, અમુખ, અમાત્ર, અનન્તરબાહ્ય, અક્ષર, અગૃહ્ય, અશીર્ય, અસિત, અકામ, આપ્તકામ, ઈત્યાદિ શબ્દો વડે જે વસ્તુનો બોધ થાય છે તે જ ઈશ્વર. તે જ ભગવાન્. તે ઈશ્વર માટે-તે ભગવાન્ માટે ઉપર ગણાવેલા બધા શબ્દો ઉપયુક્ત થાય છે, અને થઈ શકે છે.

# ચોથો પરિચ્છેદ

## ભગવાન્‌નું સુરૂપ

હવે સર્વ-ગુણ-સંપન્ન ભગવાન્ માનવની વચમાં વિરાજ્યા. માનવ-હૃદય રૂપ અને ગુણને પૂજે છે. એ તેના માટે સ્વાભાવિક છે. મનુષ્ય સ્વયમ્ થોડા રૂપ અને થોડા ગુણોનો સ્વામી હોય છે. તેને એક વસ્તુની બીજી વસ્તુ સાથે સરખામણી કરવાની ટેવ પડી હોય છે. તે પોતાના રૂપ-ગુણની બીજાનાં રૂપ-ગુણ સાથે સરખામણી કરી લે છે. અન્ય એની સરખામણી કરવી એ તો એનો સનાતન ધર્મ છે. મનુષ્યે જોયું કે ભગવાન્‌નું રૂપ પોતાના કરતાં સુંદર છે—"कोटि मनोज लजावनहारे." એવું સુંદર રૂપ કોને ન ગમે? ગુણોની તુલનામાં તો માનવની કાંઈ ગણત્રી જ ન હોઈ શકે. જગત્‌માં એવો એક પણ સદ્‌ગુણ ન હોઈ શકે, જે ભગવાન્‌માં ન હોય. અને તેનામાં એક પણ દુર્ગુણ હોવો એ સર્વથા અસંભવ. આપણે ભગવાન્‌ના રૂપ અને ગુણોના રમ્ય ઉદ્યાનમાં થોડો વિહાર કરી લઈએ. હિન્દી-કવિસમ્રાટ્ ગોસ્વામી તુલસીદાસજી કહે છે—

> कामकोटि छवि श्यामशरीरा । नीलकंज वारिद गंभीरा ॥
> अरुण चरण पंकज नखज्योती । कमल दलन बैठे जनु मोती ॥
> कंबुकंठ अति चिबुक सुहाई। आनन अमित मदन छवि छाई॥
> सुन्दर श्रवण सुचारु कपोला । अति प्रिय मधुर तोतरे बोला॥
> रूप सकहिं नहिं कहि श्रुति शेषा । सो जानै सपनेहु जिन देखा॥

ભગવાન્ રામનું શરીર શ્યામ, છતાં કરોડો કામને જીતે એવું રૂપ નીલકમળ જ જોઈ લો. મેઘ જેવો ગંભીર અવાજ. રાતા કમળ જેવા ચરણ. નખ તો એવી રીતે શોભતા જેમ કમળદળ ઉપર મોતી ન રાખ્યા હોય! શંખની જેમ કંઠ અને સુંદર હડપચી, અનંત કામદેવને ભેગા કરીએ, તેમના મુખ પર જે છટા જોવામાં આવે તેવી તો મુખની



છટા. સુંદર કાન, સુંદર કપોલ, અને મીઠી તેમ જ તોતળી બોલી. શ્રુતિઓ અને સહસ્ર ફેણવાળો શેષ પણ તેમનું રૂપ વર્ણવી શકે નહિ. તેને તો તે જ માણસ કંઈક સમજી શકે જેણે સ્વપ્નમાં પણ કદી તેને જોયો હોય.

જનકપુરમાં જ્યારે રામ-લક્ષ્મણ ધનુષ-યજ્ઞસમયે ગયા ત્યારે ત્યાંની યુવતી સ્ત્રીઓનાં વચનો—

> युवती भवन झरोखनि लागी। निरखहिं रामरूप अनुरागी ॥
> कहहिं परस्पर वचन सप्रीती। सखि इन कोटिकाम छवि जीती ॥
> सुर, नर, असुर, नाग, मुनि माहीं। शोभा असि कहुं सुनियत नाहीं॥
> विष्णु चारि भुज विधि मुख चारी। विकट वेष मुख पंच पुरारी ॥
> अपर देव अस कोइ न आही। यह छवि सखि पटतरिये जाही ॥
>
> वय किशोर, सुषमासदन, श्यामगौर सुखधाम ।
> अंग अंगपर वारिये, कोटि कोटि शतकाम ॥

ઘરોના ઝરૂખાઓમાંથી જુવાન સ્ત્રીઓ પ્રેમ સાથે રામનું રૂપ જોવા લાગી. માંહોમાંહીં કહેવા લાગી કે સખી, એમણે તો કરોડો કામની શોભાને જીતી લીધી છે. સુર, અસુર, નર, નાગ એમનામાંથી કોઈ એવો નથી જેની સાથે એ રૂપની તુલના કરી શકાય. વિષ્ણુને, ભય પમાડે તેવા ચાર હાથો છે. બ્રહ્માને ભલભલા બી જાય તેવાં ચાર મુખ છે. શંકરનાં સાપ અને મુંડમાળાથી ભરેલાં પાંચ મુખો. બધા ય વિકટ. બીજો કોઈ દેવ રહ્યો નહિ કે જેની સાથે રામની આ છવિ સરખાવી શકાય. કિશોર અવસ્થા, સૌન્દર્યનું કેન્દ્ર, શ્યામ શરીર, સુખનું ધામ. એમના એકેક અંગ ઉપર અસંખ્ય કામને ન્યોછાવર કરી શકાય.

ભગવાન્ રામ જનકપુરમાં જ્યારે વાટિકા-વિહાર કરવા ગયા અને સખીઓએ તેમને જોયા તે સમયના તેમના રૂપનું વર્ણન—

शोभासींव सुभग दोउ वीरा। नील-पीत-जलजात शरीरा ॥
मोरपंख शिर सोहत नीके। गुच्छा बिच बिच कुसुमकलीके ॥
भालतिलक श्रमबिन्दु सुहाये। श्रवणसुभग भूषण छबि छाये ॥
विकट भृकुटि कच घूंघर वारे। नवसरोज लोचन रतनारे ॥
चारु चिबुक नासिका कपोला। हास-विलास लेत मनमोला ॥
मुख छवि कहि न जाइ मोहि पाहीं। जो विलोकि बहु काम लजाहीं॥

શોભાનો સીમા-દંડ, રમણીય. નીલકમળ જેવું શરીર. માથા ઉપર ફૂલની કળીઓથી ભરેલ મોરપંખ. મસ્તકમાં તિલક, તેમ જ થાકથી આવી ગયેલા સ્વેદ-બિન્દુઓ. સુંદરતા અને તે કુંડળોની છવિથી ભરપૂર. લાંબી ભ્રમર વાંકડિયા વાળ, નવીન કમળ જેવી આંખો, સુંદર હડપચી, સુંદર નાક અને સુંદર ગાલ. અને તેમનું હસવું તો, જાણે આપણને વેચાતી લઈ લેતું હોય તેમ. અને જે મુખને જોઈને અતિરૂપવાન્ કામ પણ લજ્જિત થાય છે તેની છબિ તો મારાથી કેમે કરી વર્ણવી શકાય નહિ.

જ્યારે ભગવાન્ રામ સ્વયંવરમંડપમાં આવ્યા ત્યારનું રૂપ જોઈ લો—

सहज मनोहर मूरति दोऊ। कोटिकाम उपमा लघु सोऊ ॥
शरदचन्द्र निन्दक मुख नीके। नीरज नयन भावते जीके ॥
चितवन चारु मार मन हरणी। भावति हृदय जाय नहिं वरणी ॥
कलकपोल श्रुति कुंडल लोला। चिबुक अधर सुंदर मृदु बोला ॥
कुमुद बन्धुकर निन्दक हासा। भ्रुकुटी विकट मनोहर नासा ॥
भाल विशाल तिलक झलकाहीं। कच विलोकि अलि अवलि लजाहीं॥
पीत चौतनी शिरन सुहाई । कुसुम कली बिचबीच बनाई ॥
रेखें रुचिर कंबुकल ग्रीवा। जनु त्रिभुवन सुषमाकी सीवा ॥

સ્વાભાવિક મનોહરતા. કરોડો કામની ઉપમા આપીએ તો પણ



થોડું જ કહેવાય. મુખ તો એટલું સુંદર કે તેની આગળ શરદ્‌નો ચંદ્ર ઝાંખો પડે. મનને હરી લે એવી કમળ જેવી આંખો. એમનું જોવું, એ તો કામના પણ મનને હરે. સુંદર ગાલો ઉપર કર્ણકુંડલ હાલતાં શોભે છે. હડપચી, અધર, બધાં સુંદર. મૃદુ ભાષા. હાસ જોઈને ચંદ્ર પણ લાજે. લાંબી ભ્રમર અને મનોહર નાક. વિશાળ મસ્તક ઉપર તિલકની અપૂર્વ શોભા. અને કેશો જોઈને તો ભમરાઓની કાળી ટોળી પણ શરમાય. માથા ઉપર પીળા રંગનું શિરોવેષ્ટન. શંખ જેવી સુંદર કંઠ ઉપર રેખાઓ એમ જણાય છે જાણે ત્રિભુવનની સુંદરતાની સીમા જ ન હોય!

ભુશુંડીએ ગરુડ પાસે રામ-રૂપવર્ણન કર્યું છે તે પણ જુઓ—

मरकत मृदुल कलेवर श्यामा। अंगअंग प्रति छवि बहुकामा ॥
नव-राजीव अरुण मृदु चरणा। पदज रुचिरनख शशिद्युतिहरणा॥
ललित अंक कुलिशादिक चारी। नूपुर चारु मधुर रव-कारी ॥
चारु पुरट मणि रचित बनाई। कट किंकिणि कलमुखर सुहाई ॥
रेखात्रय सुन्दर उदर, नाभि रुचिर गंभीर।
उर आयत भ्राजत विविध, बाल विभूषण चीर ॥
अरुण पाणि नख करज मनोहर। बाहु विशाल विभूषण सुन्दर ॥
कंध बाल केहरि दर ग्रीवा। चारु चिबुक आनन छवि सीवा ॥
कलबल वचन अधर अरुणारे। दुइ दुइ दशन विशद वर वारे ॥
ललित कपोल मनोहर नासा। सकल सुखद शशिकर सम हासा ॥
नीलकंज लोचन भवमोचन। भ्राजत भाल तिलक गोरोचन ॥
विकट भृकुटि सम श्रवण सुहाये। कुंचित कच मेचक छवि छाये ॥
पीत झीनि झंगुली तनु सोही। किलकनि चितवनि भावति मोहीं ॥

મરકતમણિની પેઠે શ્યામ શરીર, દરેક અંગમાં કરોડો કામની સુંદરતા,

નવીન રક્ત કમળ જેવા હોઠ અને ચરણ. અંગૂઠાના નખ ચંદ્રની શોભાને પણ હરે. ચરણોમાં વજ્ર આદિ શુભચિહ્નો, મનોહર અવાજ કરનાર પગમાં નૂપુર. અવાજ કરનાર ઘૂંઘરા સાથે મણિ-જડિત કેડમાં કંદોરો. પેટમાં ત્રિવલિ, ગંભીર નાભિ, પહોળી છાતી, બાલોચિત બીજાં ઘરેણાં અને વસ્ત્રોથી શોભિત. લાલ લાલ હાથ અને તેમાં મનોહર નખ. વિભૂષણયુક્ત વિશાળ બાહુ, સિંહના બચ્ચાની પેઠે ખભા, સુંદર નાની ગર્દન. ચારુચિબુક–હડપચી, અને મુખ તો શોભાનું ઘર. કાલાંઓબડાં વચન, રાતા હોઠ. બે બે દાંત, સુંદર ગાલ ને સુંદર નાક. બધાંને સુખ આપે એવો ચદ્રકિરણ જેવો હાસ. સંસારને છોડાવી દે એવાં તો નીલ-કમળ જેવાં નેત્ર. માથા ઉપર ગોરુચંદનનું તિલક. લાંબી ભ્રમર. અને સરખાં કાન, કાળા કાળા વાંકડિયા વાળ, પીળા ને ઝીણા કાપડનો ઝભ્ભો, અને આનંદભર્યો તે કલબલાટ. તેમનું જોવું. બધું મને ભાવતું હતું, ગમતું હતું.

હવે કવિતાવલીમાંથી રૂપના થોડાક નમૂના જોઇએઃ—

'तुलसी' मनरंजन रंजित-अंजन नैन सु-खंजन-जातक से ।
सजनी ससि में समसील उभै नवनील सरोरुह से बिकसे ॥(अ.१)
तन की दुति स्याम सरोरुह, लोचन कंज की मंजुलताई हरैं ।
अति सुन्दर सोहत धूरि भरे, छबि भूरि अनंग की दूरि धरैं ॥
दमके दंतियां दुति-दामिनि ज्यों, किलकैं कल बाल-बिनोद करैं ।

अवधेस के बालक चारि सदा, 'तुलसी'-मन-मंदिर में बिहरैं ॥(अ.३)
बर दंत की पंगति कुन्दकली अधराधर-पल्लव खोलन की ।
चपला चमकै घनबीच जगै छबि, मोतिन माल अमोलन की ॥
घुँघुरारि लटैं लटकैं मुख ऊपर, कुंडल लोल कपोलन की ॥
निवछावरि प्रान करैं 'तुलसी', बलि जाऊँ लला इन बोलन की ॥(अ.५)



"હે સખી ખંજનપક્ષીના બચ્ચાંની જેમ સુંદર મનને આનંદિત કરનારી મેશવાળી આંખો રામના મુખ પર એવી રીતે શોભે છે જાણે ચંદ્રમામાં બરાબર માપવાળાં અને ગુણવાળાં બે નવાન નીલકમળ ન ખીલ્યાં હોય!" "શરીર નીલકમળ જેવું. આંખો કમળની સુંદરતાને દૂર કરનારી. ધૂળથી ભરેલ બાળદેહ. અને તે કામદેવની શોભાને પણ તિરસ્કારનાર. નાના દાંતોની હાર વીજળીની જેમ ચમકારા મારે છે. બાળલીલા કરતાં કરતાં કિકિયારીઓ કરે છે." "કુન્દપુષ્પની કળી જેવા દાંતોની તે પંક્તિ, હસીના કાળમાં બન્ને અધરોનું તે ઉઘાડવું, કાળી છાતી ઉપર મોતીઓનો હાર જાણે મેઘમાં વીજળીની ચમક ન હોય. મુખ ઉપર લટકતા તે વાંકા કેશ, ગાલો સુધી લટકતાં તે કર્ણ-ભૂષણ (કુંડળ) આ બધાં એટલાં સુંદર છે કે તેના ઉપર પ્રાણ ન્યોછાવર કરી દઇએ."

વનવિહારી રામનું રૂપઃ—

मुख पंकज, कंज बिलोचन मंजु, मनोज-सरासन सी बनी भौंहैं ।
कमनीय कलेवर कोमल, स्यामल गौर किसोर, जटा सिर सोहैं ॥
'तुलसी' कटि तून, धरे धनु बान, अचानक दीठि परी तिरछोहैं ।
केहि भाँति कहौं, सजनी ! तोहि सों मृदु मूरति द्वै निवसीं मन मोहैं ॥

શ્રીરામ વનવાસી થયા છે. જતાં માર્ગમાં કોઈ ગામની એક સ્ત્રીએ રામને જોયા, તે પોતાની સખીને કહે છે સખી, મેં એક વનવાસીને જોયો, તેનાં રૂપનું હું શું વર્ણન કરું? મુખ તો સાક્ષાત્ કમળ જ હતું. આંખો પણ કમળ જેવી જ મોટી ને સુંદર. દેહ શ્યામ. માથે જટા. હાથમાં ધનુષ્ ને બાણ. કેડમાં ભાથો. અચાનક જ મારી દૃષ્ટિ તેની ઉપર પડી અને ત્યારથી તે મૂર્તિ મારા મનમાં વસી ગઈ છે.

હવે સૂરના શ્યામની રૂપ-છટા જોઈએ—

मेरे माई स्याम मनोहर जीवन ।।
निरखि नैन भूले जु बदन छबि मधुर हंसनि पय-पीयन ।
कुंतल कुटिल, मकर कुंडल, भ्रुव नैन-बिलोकनि बंक ।
सुधासिंधु तैं निकसि नयो ससि, राजत मनु मृग-अंक ।।
सोभित सुमन मयूर-चन्द्रिका, नीलनलिन तनु स्याम ।
मनहुं नछत्र-समेत इन्द्र-धनु, सुभग मेघ अभिराम ।।
परम कुसल कोविद लीलानट, मुसुकनि मन हरि लेत ।
कृपा कटाक्ष कमलकर फेरत, सूर जननि सुख देत ।।

"હરીફ (પ્રતિસ્પર્ધી) જેવાં મુખ અને નેત્ર. મધુર હાસ્ય, તે દૂધનું પીવું, વાંકા કેશ, મકરાકૃતિ કુંડળ, તે ભૌં, અને કટાક્ષથી જોવું, જાણે હમણાં જ સુધાસિંધુમાંથી નવો ચંદ્રમા બહાર નીકળ્યો ન હોય, ફૂલો અને મોરપંખનું બનેલું શિરોમોર, નીલકમળ જેવું શ્યામ શરીર, એ બધું ભેગું થઈને એમ લાગે છે જાણે મેઘમાં નક્ષત્રો સાથે ઇન્દ્રધનુષ ન ઉગ્યું હોય! કુશળ લીલાનટનું મંદ હાસ્ય તો પ્રાણ જ હરી લે છે."

छोटी छोटी गोडियां, अंगुरियां छबीली छोटी,
नखज्योती मोती मानौ कमलदलनि पर ।
ललित आंगन खेलै ठुमुकि ठुमुकि डोलैं,
झुनुक झुनुक बोलै पैजनी मृदु मुखर ।।
किंकिनी-कलित कटि, हाटक रतन जटि,
मृदुकर कमलनि पहुंची रुचिर बर ।
पियरी पिछौरी झीनी, और उपमा न भीनी,
बालक दामिनि मानौ ओढे बारो बारिधर ।।



उर बघनहां कंठ कठुला, झंडूले बार,
बेनी लटकन मसि बुंदा मुनि मन हर ।
अंजन रंजित नैन चितवन चित चौरै,
सुख सोभा पर वारौं अमित असम सर ।
चुटुकी बजावति नचावति जसोदा रानी,
बालकेलि गावति मल्हावति सुप्रेम भर ।
किलकि किलकि हँसैं द्वै द्वै दंतुरियां लसैं,
सूरदास मन बसैं तोतरे बचन बर ।।

"નાના નાના પગ, નાની સુંદર આંગળીઓ, તેમાં નખોની શોભા તો એવી કે જાણે કમળદળ ઉપર મોતી જડચાં હોય. આંગણમાં રમવું અને ઠૂમક ઠૂમક ડોલવું, ને ત્યારે પગમાં ઝાઝરના ઝુનક ઝુનક અવાજ—, સુવર્ણ અને રત્નોથી જડેલ કેડમાં કંદોરો, હાથમાં "પહોંચી", પીળી ઓઢણી એવી લાગતી જાણે મેઘ વીજળીને ઓઢીને રહ્યો ન હોય. છાતી ઉપર લટકતો વાઘનખ, કંઠમાં "કઠુલા" ઘુંઘરાળા વાળની લટકતી વેણી, મસ્તકમાં કાળી વેંદી. ને મુખની શોભા પર તો અનંત કામદેવને ન્યૌછાવર કરું. હસે છે ત્યારે ઉપર નીચે બે બે દાંતોની શોભા અપાર થાય છે. અને તેની તોતળી બોલી, તે તો મનમાંથી ખસે જ નહિ.

હવે સ્પર્ધાનો વારો આવ્યો. ભગવાન માટે મારામારી શરૂ થઈ. કોઈ કહે રામ જ ભગવાન, કોઈ કહે કૃષ્ણ જ ભગવાન, કોઈ કહે શંકર જ ભગવાન. મારા જેવા માતૃશક્તિના ઉપાસક કહે, બા એ જ ભગવાન. સ્પર્ધાનો માર્ગ લંબાયો. ઉમાપતિ ભગવાન કે રમાપતિ ભગવાન? વિવેચનો થવા લાગ્યાં. પૌરાણિક વ્યાસ એ કલહમાં વધારે રસિયા જણાયા. તેમણે અલગ અલગ બધા દેવોને ઈશ્વર બનાવ્યા-ભગવાન બનાવ્યા. અલગ અલગ શક્તિઓ આપી, લીલા પણ જુદીજુદી અને રહેવાનાં ધામો

પણ જુદાંજુદાં બનાવ્યાં. બધાને પૃથક્ પૃથક્ પત્નીઓ આપી, છોકરાં આપ્યાં. સૌ કરતાં વધારે ભૂલ તો વ્યાસે ત્યારે કરી કે જ્યારે વિષ્ણુ પુરાણમાં વિષ્ણુને મોટા બનાવ્યા ને શંકરને નાના બનાવ્યા. તેમ જ શિવપુરાણમાં શિવને મોટા બનાવ્યા અને વિષ્ણુને નાના. ઉર્ધ્વપુંડ્ર અને ત્રિપુંડ્ર, તુલસીમાલા અને રુદ્રાક્ષમાળાની લડાઈ પણ વ્યાસે જ શરુ કરી. પદ્મ પુરાણમાં લખાયું કે:-

ऊर्ध्वपुण्ड्रमूर्ध्वरेखं ललाटे यस्य दृश्यते।
चण्डालोपि स शुद्धात्मा पूज्य एव न संशयः॥
यस्योर्ध्वपुण्ड्रं दृश्येत ललाटे न नरस्य हि।
तद्दर्शनं न कर्तव्यं दृष्ट्वा सूर्यं निरीक्षयेत्॥

'જો ચંડાળના કપાળમાં ઊર્ધ્વપુંડ્ર= ઊભું તિલક જોવામાં આવે તો અવશ્ય જ તેનું શરીર પવિત્ર છે અને તે પૂજ્ય છે. પણ જેના કપાળમાં ઉર્ધ્વપુંડ્ર ન હોય તેનું મોઢું જોવું નહિ, અને કદાચ જોઈ લીધું હોય તો પ્રાયશ્ચિત્ત માટે સૂર્યદર્શન કરવું. વસિષ્ઠે કહ્યું–

ब्राह्मणानां मृदा धार्यं न भस्म न च चन्दनम्।
यदि बुद्धया च बिभृयात् प्रायश्चित्ती भवेद्धि सः॥
रुद्रार्चनं त्रिपुण्ड्रं च यत्पुराणेषु गीयते।
क्षत्रविट्छूद्रजातीनां नेतरेषां तदुच्यते॥

"બ્રાહ્મણે માટીથી તિલક કરવું. ભસ્મ કે ચંદનનું તિલક કરવું નહિ. જો આ બે નિષિદ્ધ વસ્તુઓ કોઈ ધારણ કરે તો તે પ્રાયશ્ચિત્તને પાત્ર ગણાય. પુરાણોમાં જે રુદ્રપૂજા અને ત્રિપુંડ્ર=ભસ્મની આડી ત્રણ રેખાઓ કરવાની આજ્ઞા અપાઈ છે તે તો ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રો માટે જ છે."

આ રીતે દેવોમાં અને તેમના ઉપાસકોમાં અંદર અંદર રાગદ્વેષની વૃદ્ધિ થઈ. ઈશ્વરોની ન સાંભળી શકાય એવી નિન્દ્ય કથાઓ લખાયી.



વિષ્ણુએ વૃન્દા સાથે છળ કરીને પશુકર્મ કર્યું. વૃન્દાએ વિષ્ણુને શ્રાપ આપ્યો. જલંધર શિવનું રૂપ ધારણ કરી પાર્વતીના સતીત્વનો ભંગ કરવા ગયો. શંકર અને જલંધર માંહે માંહે લડ્યા. આ બધી દરિદ્રકથાઓથી ભગવાનો પણ દરિદ્ર બન્યા છતાં શિવ અને વિષ્ણુ ભજનીય બન્યા. શિવ અને વિષ્ણુ એ જ ભગવાનનાં સ્વરૂપો છે, વિષ્ણુશબ્દથી રામ અને કૃષ્ણનું પણ ગ્રહણ કરવું છે.

સર્વ–દુઃખ–મહાસાગરોને તરી જવા માટે જ આ ઈશ્વર છે. તેથી સર્વ દુઃખાત્યન્તાભાવ તેનામાં પણ હોવો જ જોઈએ, અને સાથોસાથ આનન્દસ્વરૂપતા પણ. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માત્સર્ય એ છ મહારોગોથી જ આખું વિશ્વ પીડાઈ રહ્યું છે. એ રોગને દૂર કરવા માટે જ ઈશ્વરરૂપ મહાવૈદ્યની શોધ થઈ છે. માટે આ ષડ્વર્ગથી અલિપ્ત રહેલો જ ઈશ્વર હોવો જોઈએ. રાગ-દ્વેષાદિ-દ્વન્દ્વોથી માનવ-માનસ ચુંથાઈ ગયું છે. તે દ્વન્દ્વોને દૂર કરવા માટે અને પુનઃ શાંતિસામ્રાજ્ય સ્થાપવા માટે ઈશ્વરની આવશ્યકતા નિર્બળ માનવ-પ્રજાને જણાઈ હતી. માટે ઈશ્વર એવો હોવો જોઇએ જેનામાં રાગ ન હોય, દ્વેષ ન હોય, અસત્ય ન હોય, ક્રૂરતા ન હોય અને શત્રુ-મિત્રાદિની ભાવનાઓ પણ ન હોય. એટલે નિત્ય શુદ્ધ, નિત્ય ચૈતન્ય, અનન્દનિધિ, પ્રસાદનિધિ, કરુણાવરુણાલય, અજર, અમર, નિત્યમુક્ત, આપ્તકામ, પૂર્ણ, અખંડ, એ જ ભગવાનનું સ્વરૂપ છે. એ જ સ્વરૂપે ભગવાન ભજનીય છે. ચિન્તનમાં, ધ્યાનમાં, સમાધિમાં ભગવાનના આ સ્વરૂપને જ તમે અપનાવજો. "सा परानुरक्तिरीश्वरे" "सा त्वस्मिन् परमप्रेमरूपा" "भक्तिः परेशानुभवः" ઇત્યાદિ સૂત્રો અને શ્લોકોથી પણ ભગવાનનું એ જ રૂપપ્રતિપિત્સિત છે.

# પાંચમો પરિચ્છેદ

## પ્રેમ

ભગવાન આપણામાં ઓતપ્રોત છે. અને જાણે અજાણે આપણે પણ તેની સાથે ઓતપ્રોત છીએ. પ્રાણીઓનું નૈકટ્ય એક બીજાને પોતાની તરફ ખેંચે છે. માનવોનો સંસર્ગ પણ એમ જ કરે છે. માનવો વિશિષ્ટ જ્ઞાન ધરાવે છે, વિશિષ્ટ સંસ્કાર ધરાવે છે, અને વિશિષ્ટ પ્રણાલિકાઓ ધરાવે છે. તેથી જ્ઞાન, સંસ્કાર અને પ્રણાલિકાને અનુસરીને સમતા ધરાવતી વ્યક્તિ ઉપર પ્રથમ પસંદગી ઊતરે છે. ત્યાર પછી માણસના ગુણો તરફ માણસની વૃત્તિ દોરાય છે. સૌ સૌની રુચિ ભિન્ન ભિન્ન હોય છે. જેને જે ગુણો રુચે તે તે ગુણવાળા તરફ આકૃષ્ટ થાય છે. અને આ રીતે પ્રેમના ઝરણાની પ્રારંભિક અવસ્થા અવતરે છે. સતકુળપ્રસૂતની રુચિ, પણ દુષ્ટગુણવાળી વ્યક્તિ તરફ હોય છે. અસતકુળપ્રસૂતની અભિરુચિ પણ સદ્ગુણવાળી વ્યક્તિ તરફ હોય છે. એક સદાચારી દુરાચારી સાથે અને એક દુરાચારી સદાચારી સાથે પણ પ્રેમનાં બંધનમાં બંધાય છે. મહાપુરુષોને બાદ કરીએ તો સામાન્ય રીતે જણાઈ આવે છે કે માનવજાતિમાં વિજાતીય તરફ પ્રેમપ્રવાહ વધારે વેગથી વહી રહ્યો છે. માણુસ કૂતરાને, બિલાડાને, ગાયને, બળદને, હાથીને, ઘોડાને અને આ બધાનાં બચ્ચાંને ખૂબ ચાહે છે. પ્રેમથી તેને આલિંગન કરે છે, ચુંબન કરે છે અને પંપાળે છે. પણ માનવજાતિના બચ્ચાંઓ માટે તેનામાં પ્રેમ હોતો નથી. તે તેને ધુતકારે છે, તિરસ્કારે છે, તેનાથી તેને ગ્લાનિ થાય છે. તેવી જ રીતે ભગવાન પ્રત્યે બને છે. ભગવાન મનુષ્ય જેવો હોવા છતાં માનવજાતિની ત્રુટિઓથી પર છે, માનવધર્મથી પર છે, સમસ્ત ગુણોનો ભંડાર છે, સમસ્ત શક્તિઓનો આકર છે. તે પરમ દયાળુ છે, પરમ ઉદાર છે, એટલે માનવજાતિની સીમાનું વ્યતિ-



ક્રમણ કરી રહ્યો છે તેથી શરીરસામ્ય હોવા છતાં ગુણોમાં અત્યંત વિષમતા હોવાથી માનવહૃદયમાં તેના માટે પ્રેમ જાગ્રત થાય છે. પણ આથી એમ માનવાનું નથી કે માનવ માનવ વચ્ચે પ્રેમ હોતો જ નથી. પ્રેમ તો હોય છે પણ જે પ્રેમ ભક્તિના રૂપમાં પરિણમે છે તે ભાગ્યે જ હોય છે. એવા પ્રેમને માટે એટલે ભક્ત્યુન્મુખ પ્રેમને માટે પ્રેમી અને પ્રેમાસ્પદ બન્ને સુદુર્લભ હોય છે. માટે જ એ પ્રેમ માતૃભક્તિ, પિતૃભક્તિ, ગુરુભક્તિ, સ્વામીભક્તિ સુધી જ પહોંચીને રહી જાય છે. જે પ્રેમ ભક્તિનું રૂપ ધારણ કરીને બંધનોની એક એક કડીને ભાંગી નાંખે છે, હૃદયના જરા જરા દોષને પણ નિર્બીજ દગ્ધ કરે છે, સર્વત્ર ભગવદ્દર્શન કરાવે છે તે પ્રેમ માનવહૃદયમાં જવલ્લે જ પ્રગટે છે. અધ્યાસને લીધે તેવા પ્રેમની માત્રા ભગવદ્ભક્તિમાં જ વધારે ખીલેલી સાંભળવામાં આવે છે અને કદાચ તેવા પ્રેમની શક્યતા પણ ત્યાં જ હોય.

પણ આપણે આગળ જોઈશું કે પ્રેમ અને ભક્તિ એ બે વસ્તુઓ વસ્તુતઃ પૃથક્ નથી. કેવળ માત્રાનું જ અંતર છે. અમુક માત્રા સુધી પહોંચેલો પ્રેમ જ ભક્તિ કહેવાય છે. એટલે પ્રેમ સ્વયં પણ એક પવિત્ર વસ્તુ છે. જેના હૃદયમાં પ્રેમ નથી એ પશુ છે, નરાધમ છે, માનવજાતિને દીપાવવા તદ્દન અસમર્થ છે. જેના હૃદયમાં પ્રેમનો અંકુર નથી તે પોતાના માનવજન્મને સાર્થક બનાવી શકતો નથી. પ્રેમીઓ પ્રેમ–પંથને પાવકની જ્વાલા કહી સંબોધે છે. પ્રેમમાં પણ કામ, ક્રોધાદિ ષડ્વિકારોને, રાગ–દ્વેષ અહંતા–મમતા આદિ દ્વન્દ્વોને બાળીને ભસ્મ કરી નાખવાની અપૂર્વ શક્તિ છે. ભક્તિની પેઠે પ્રેમ પણ માણસને નમ્ર બનાવે છે, પવિત્ર બનાવે છે. અહંકારને ઓગાળી નાખવાની એક ચામત્કારિક શક્તિ પ્રેમમાં પણ રહેલી છે. Love and Life are words with a similar meaning. પ્રેમ જીવન છે અને પ્રેમ શીતળ સરોવર છે,

અથવા તો જીવન સરિતાને કાંઠે એક ઘટાવાળું વટવૃક્ષ છે. અને ભક્તિ?

ભક્તિ માનવજીવનની ચાવી છે. એમ પણ કહી શકાય કે ભક્તિ એ જ જીવન છે. ભક્તિરસનું પાન કરનાર જીવ અમૃત બને છે. ભક્તિ-રસનો આસ્વાદ લેનાર જીવ જીવનની નીરસતાને બદલે એક સુંદર અને સરસ જીવનપ્રવાહ મેળવે છે, તેથી એમ પણ કહેવાય કે ભકિત મંગળ-મયી છે–મંગળરૂપ છે. ભકિત જ સાધન છે અને ભકિત જ સાધ્ય છે. ભકિત મોક્ષદાયિની છે અને પોતે પણ મોક્ષરૂપ છે. ભગવતિ ભકિત દેવિ! તારા રૂપની જે અદ્‌ભુત છટા છે તેનું ચિત્ર કોણ દોરી શકે? એવી કઈ કલમ છે જે તારા સૌંદર્યની અવિકળ પ્રતિલિપિ અંકિત કરી શકે?

लिखन बैठि जाकी छवी, गहि गहि गरब गरूर ।
भये न केते जगत के, चतुर चितेरे चूर ॥

ભલભલા અભિમાની ચિત્રકારો તારું ચિત્ર આલેખવા બેઠા ખરા, પણ બધાયનાં ચાતુર્યનો ચૂરો થઇ ગયો.

ભકતની દૃષ્ટિમાં ભકિતનો માર્ગ ખૂબ જ ઉદાર છે–વિસ્તૃત છે. ભકિતનું કેન્દ્ર અમુક જ છે, એવી મર્યાદાને તે સમજતો નથી, જાણતો પણ નથી. તેની દિવ્ય દૃષ્ટિમાં ભાવનાની જ પ્રધાનતા છે. જ્યાં જ્યાં તે ભજનીયની ભાવના કરશે ત્યાં ત્યાં તેને પરમાનન્દનો અનુભવ થશે.

यत्र यत्र मनो याति तत्र तत्र समाधयः।

તેની ભજનીય ભાવનાનો વિષય જડથી માંડીને ચેતન સુધીના વિસ્તૃત સ્તરમાં પડેલો હોય છે. તેની આંખ જ્યાં ઠરી ગયી, તેના હૃદય-પટલ પર જેની છાપ પડી ગયી, તે જ તેનો પરમેશ્વર. પોતાની ભાવનાને અનુસરીને તે ત્યાં જ પ્રભુદર્શન કરે છે. તેમાં જ તે ઓતપ્રોત થઈ જાય છે.

कोमल पद अङ्कित धरनि, देखत जिहि जिहि ठौर ।
प्रियतम पद-रज जानिके, लुठत रसिक शिरमौर ॥



ભકત જ્યાં ક્યાં ય પૃથ્વી ઉપર કોમળ ચરણોનું ચિહ્‌ન જુએ છે ત્યાં પોતાના પ્રિયતમના ચરણની ધૂળ છે, એમ સમજીને ત્યાં આળોટવા માંડે છે.

અન્ય વિદ્વાનોએ પણ ભકિતને એ જ રૂપે વર્ણવેલી છે. જેમ કે

"इष्टा महापुरुषसंस्था भक्तिः"

"महनीयविषये प्रीतिर्भक्तिः"

"મહાપુરુષમાં–જેના માટે આપણા હૃદયમાં મહત્ત્વબુદ્ધિ હોય તેમાં--ચિત્તની સ્થિતિ ભકિત કહેવાય છે." "આપણી દૃષ્ટિમાં જે મહાન હોય, તેની ઉપર જે પ્રેમ, તે જ ભકિત." આનો નિષ્કર્ષ એ છે કે ભકત પુરુષ જેને પૂજ્ય, આરાધ્ય, ઉપાસ્ય માની લે તેના જ વિષે ઉત્પન્ન થયેલી અરાગાત્મિકા પ્રીતિ, તે ભકિત કહેવાય છે. ભક્તિ માટે અમુક જ વ્યક્તિ અપેક્ષિત છે, એવો આગ્રહ હોઈ શકે નહિ. પ્રભુરૂપે, સદ્‌ભાવે, અનન્યભાવે, જ્યાં ભકિત થશે ત્યાંથી જ આનન્દ--પ્રવાહ ફાટી નીકળશે –મુક્તિ મળશે–સર્વ દુઃખોનો વિનાશ સર્જાશે.

# છઠ્ઠો પરિચ્છેદ

## પ્રેમ અને ભક્તિમાં રહેલું અંતર

(૧) યદ્યપિ પ્રેમ જ ભક્તિનું રૂપ ધારણ કરે છે. છતાં પ્રેમ અને ભક્તિની અવસ્થાઓમાં રહેલું અંતર તપાસી જવું ભક્તને માટે ઉપયોગી થઈ પડશે. પ્રેમ સ્વતઃ ઘણી સારી વસ્તુ છે, એમ ઉપર કહેવાયું છે. પણ તેનો માર્ગ ઘણો જ ભયંકર છે. તેનું પરિણામ ઘણું દુરૂહ છે. પ્રેમમાં લજ્જા છે, સંકોચ છે, ભય છે, શોક છે, વિષાદ છે. તેથી એમ કહી શકાય કે પ્રેમની એક દિશામાં એક મોટો ખાડો છે. જો તે તે તરફ વળે તો સદાને માટે તેનું પુનરુત્થાન અસંભવ થઈ જાય. બીજી દિશામાં કાંટાવાળી વાડ છે. જો તે તરફ તે વળે તો તેનું જીવન કંટકાકીર્ણ અને અસુરક્ષિત બની જાય. પ્રેમી પીછેહઠ તો કરી શકે જ નહિ; કેમકે તેમ કરવાનો પ્રેમશાસ્ત્રનો આદેશ નથી-વિધિ નથી. શીરીનનો પ્રેમી ફરહાદ 'શીરીન શીરીન' કરતો ફના થઈ ગયો. 'અનલહક' 'અનલહક' કરતો મંસૂર સૂળીએ ચઢી ગયો હતો. તેથી પ્રેમી આગળ જ વધવા પ્રયત્ન કરશે પણ લક્ષ્ય દૂર રહેશે.

(૨) જ્યારે ભક્ત માટે નથી લજ્જા, નથી સંકોચ. નથી ભય કે નથી શોક. નથી મોહ કે નથી વિષાદ. શ્રીમદ્ ભાગવતના વચન પ્રમાણે—

"निशम्य कर्माणि गुणानतुल्यान्,
वीर्याणि लीलातनुभिः कृतानि।
यदातिहर्षोत्पुलकातिगद्गदं,
प्रोत्कण्ठ उद्गायति रौति नृत्यति ॥"
"यदा ग्रहग्रस्त इव क्वचिद्धस-
त्याक्रन्दते ध्यायति वन्दते जनम्।



मुहुः श्वसन्वक्ति हरे जगत्पते,
नारायणेत्यात्मगतिर्गतत्रपः ।।"

"ભક્ત પોતાના સ્વામી કે સ્વામિનીના અતુલ ગુણો, અલૌકિક કર્મો અને પરાક્રમોને સાંભળીને હર્ષનિર્ભર થઈને, પુલકિત ગાત્રે, ગદ્‌ગદ્ કંઠે ગાય છે, અવાજ કરે છે, નાચે છે;-ગ્રહગ્રસ્તના પેઠે કદી હસે છે, કદી રડે છે, કદી ધ્યાન કરે છે અને કદી જેને જુએ તેને જ પ્રભુરૂપ સમજી વંદન કરે છે, વારંવાર નિસાસા નાખે છે, અને લજ્જાહીન બનીને પોતાના પ્રભુનું નામ સ્મરણ કરે છે."

તેમ જ

तावद्भयं द्रविणदेहसुहृन्निमित्तं,
शोकः स्पृहा परिभवो विपुलश्च लोभः।
तावन्ममेत्यसदवग्रह आर्तिमूलं,
यावन्न तेऽङ्घ्रिभयं प्रवृणीत लोकः ॥

"જ્યાં સુધી માણસ પોતાના ઇષ્ટ સ્વામીના ચરણોની શરણાગતિ સ્વીકારતો નથી ત્યાં સુધી જ તેને ભય, શોક, સ્પૃહા, પરાભવ, લોભ, દુઃખ-મૂલ, મમતા આદિ હોય છે.

શરણાગતિ સ્વીકાર્યા પછી ભક્ત સર્વથા નિર્ભય, નિર્દ્વન્દ્વ, નિઃશોક અને નિર્લોભ બને છે."

ભક્તને વિશ્વાસ હોય છે કે—

पापीयसोपि शरणागतिशब्दभाजो,
नोपेक्षणं मम तवोचितमीश्वरस्य।
त्वज्ज्ञानशक्तिकरुणासु सतीषु नेह,
पापं पराक्रमितुमर्हति मामकीनम् ॥

"ભલે હું પાપી રહ્યો, પણ પ્રભો હું તારા શરણે છું, એ મારા આર્ત અને કરુણ શબ્દો સાંભળીને મારા નાથ, મારી ઉપેક્ષા કરવા જેવું અનુચિત આચરણ નહિ કરશે. તેને વિશ્વાસ હોય છે કે તેમાં જ્ઞાન, તેની શક્તિ અને તેની કરુણા આગળ મારા પાપની કંઈ વિસાત નથી."

ભકતની દૃષ્ટિમાં નિખિલ વિશ્વ તેના પ્રભુનું જ રૂપ છે, પ્રભુનું જ લીલા-ક્ષેત્ર છે. તેની દૃષ્ટિ જગતમાં ભેદ નથી જોતી. તેની દૃષ્ટિ એવી તો ભક્તિપૂત થયેલી હોય છે કે તેને ક્યાં ય 'પરબુદ્ધિ' થાય જ નહિ. પછી ભય અને લજ્જાને તો અવકાશ જ ક્યાંથી હોય ? **परस्माद्वै भयं भवति** તેની દૃષ્ટિમાં કોઈ પર નથી, તો પછી તેને ભય અને લજ્જા ક્યાંથી ? **को मोहः कः शोक एकत्वमनुपश्यतः**, જ્યાં તેને જગત્ જ ભાસતું ન હોય, પોતાના આરાધ્ય દેવ સિવાય પોતાનું પણ ભાન ન હોય, જ્યાં આરાધ્ય-આરાધક-ભાવ પણ વિલીન થયો હોય, ત્યાં શોક, મોહ કે એવા બીજા કોઈ પણ માનવવિકારને અવકાશ જ ન હોય.

(૩) પ્રેમી પ્રેમીના મુખચંદ્રને જોવામાં જ કૃતાર્થતા અનુભવે છે. તેના શબ્દ શ્રવણમાં જ તે અલૌકિક સુખ મેળવે છે. પ્રેમી વગર પ્રેમીનું જીવન ભારે થઈ જાય છે, પ્રતિભાશૂન્ય બને છે અને એવો તો અન્તર્દાહ થાય છે કે તેના માટે હિમાલય પણ નિરર્થક બને છે. મહાકવિ વિહારી કહે છે—

**वरसत मेह अछेह अति, अवनि रही भरपूर।**
**पथिक तऊ तव गेहते, उठत भभूरिन धूर॥**

તેણે જોયું કે એક પ્રોષિત-પરદેશવાસીના ઘરમાં એવી આગ લાગી છે કે મુશળધાર વરસાદ વરસી રહ્યો છે છતાં તે ઘરમાં ધૂળ ઊડી રહી છે. એ ધૂળ આવી ક્યાંથી ? પ્રોષિત પતિકા નાયિકાના હૃદયદાહ-હૃદય-જ્વાલાથી સૂકી બનેલી ગૃહભૂમિમાંથી.



**नयना मेरे लालची, मानत नाहीं सीख।**
**जहं जहं देखत रूपरस, तहं तहं मांगत भीख॥**

પ્રેમને કેટલું યે સમજાવો પણ તે તો જ્યાં જ્યાં રૂપ જોશે ત્યાં ત્યાં ભીખ માગવાનો જ. અને તેનાં લાલચુ નેત્ર તેને તે કાર્યમાં મદદ કરવાનાં.

(૪) આ પ્રેમનો સ્વભાવ છે. પણ ભક્તિ માટે મુખચંદ્ર કોઈ વસ્તુ નથી. તે તો ચરણકિંકર હોય છે. ચરણોનો જ પ્રેમી હોય છે, ચરણદર્શનની જ ઇચ્છા રાખે છે. તેના માટે જગત્માં ઇષ્ટદેવના ચરણથી વધારે સુંદર કોઈ વસ્તુ વિધાતાના હાથે બની જ નથી. તેના માટે તો ઉપાસ્યના ચરણ જ પ્રિય, પ્રિયતર અને પ્રિયતમ વસ્તુ બની જાય છે. તે તો અહર્નિશ એ જ રટે છે કે—

**दिवि वा भुवि वा ममास्तु वासो,**
**नरके वा नरकान्तक प्रकामम्।**
**अवधीरितशारदारविन्दौ,**
**चरणौ ते मरणेपि चिन्तयामि॥**

"હું દ્યુલોકવાસી બનું કે ભૂવાસી બનું, કે હું નરક નિવાસ સેવું. ગમે ત્યાં રહું, સર્વત્ર તેમ જ મરણકાળમાં પણ શરદ ઋતુના કમળ કરતાં પણ સુંદર મારા આરાધ્યના ચરણોનું જ ચિંતન કરતો રહું."

મારા જેવા ભક્ત તો પોતાના ઇષ્ટદેવને પ્રાર્થના કરે છે કે—

**समय जब मृत्युका आवे हमारे पास तुम रहना।**
**तुमारे चारु चरणोंको हमें धोकर पिला देना॥**

"એક ભકતનો મનોરૂપ હાથી મદોન્મત બને છે, દુર્દાન્ત બને છે, અપથવિહારી બને છે ત્યારે તે પોતાના પ્રભુને વિનવે છે કે હે જગતના નિયંતા, તમારા ચરણકમળમાં જ તે બળવાન મનોરૂપ હાથીને બાંધો.

મારા પ્રપન્નકલ્પદ્રુમનો મૂલશ્લોક આ રહ્યો—

मनोद्य मे मत्तमतङ्गजोपमं भ्रमत्यजस्रं बहुधा शठे पथि ।
जगन्नियन्तस्तव पादपङ्कजे बधान वार्य्यां सहसा तरस्वि तत् ॥

એક ભકત તો ચરણ માટે જ બાની સાથે લડતો–ઝઘડતો જોવામાં આવે છેઃ

किं नाहमस्मि तव सूनुरथासि किं त्वं,
नाम्बा ममेति न भवेदिह ते नकारः ।
कस्माद्बलादपि भवेन्मम नाधिकारः,
पादद्वये जननि ते ह्युपवेष्टुमद्य ॥
(लोकोत्तराम्बाचरणाश्रयणम्–ममैव)

તે કહે છે, "શું હું તમારો પુત્ર નથી? કે તમે મારાં બા નથી? તમે ના તો પાડી જ ન શકો. ત્યારે તમાર ચરણોમાં બળાત્કારથી પણ બેસવાનો મારો અધિકાર શા માટે ન હોય?"

પણ સ્વામી રામતીર્થ नयना मेरे लालची કહેનાર લાલચુ પ્રેમીઓમાંના ન હતા. તેઓ તો કહેતા કેઃ

तुझे देखूं तो फिर औरोंको किन आंखोंसे मैं देखूं ?
यह आंखें फूट जाएं गर्चे इन आंखोंसे मैं देखूं ॥

પ્રિયતમનું દર્શન કર્યા પછી બીજાને જોવા માટે રામતીર્થ પાસે બીજી આંખ જ ન હતી, અને જો ભૂલેચૂકે તે આંખ બીજા ઉપર પડી જાય તો તેને ફોડી નાંખવાની હમેશાં ધમકી આપ્યા કરતા.

(૫) પ્રેમીના હૃદયમાં અનવધાનતાથી પણ પ્રતિકૂળ વ્યવહાર થઈ જતાં પ્રેમભંગનો ભય સદા રહ્યા કરે છે. તે પળપળમાં પોતાના પ્રેમી–પંખીના ઊડી જવાની શંકા સેવ્યા કરે છે.



कैसे यक़ीं हो (इन) इनायतोंका हमेशा ही तुम वादा करोगे ।
यह मेहर्बानी बता रही है कि एक न एक दिन दग़ा करोगे ॥

(૬) જ્યારે ભકત આ રોગથી મુકત હોય છે. તેને તો પોતાના પ્રભુના શબ્દોમાં અવિચળ વિશ્વાસ હોય છે. તેણે તો જ્યારે પોતાના પ્રભુના મુખથી આ શબ્દો સાંભળ્યા—

यदि वातादिदोषेण मद्भक्तो मां च विस्मरेत् ।
तर्हि स्मराम्यहं भक्तं स याति परमां गतिम् ॥

"યદિ મારો ભકત વાતરોગથી કે કોઈ શિરોરોગથી મને કદી ભૂલી જાય, મારું સ્મરણ ન કરે તો તેને હું જ સ્મરું છું અને અંતે પરમગતિ આપું છું."—તરત જ તે નિર્ભય બની ગયો.

(૭) પ્રેમ જ્યારથી આવે છે ત્યારથી જ શૂળીનો ભય દેખાડે છે. મૃત્યુની ભીષણ મૂર્તિને તે પ્રેમી સમક્ષ ઉપસ્થિત કરે છે—

प्रेम स्वर्ग ते ऊतर्यो, भूपर कीन्हों गौन ।
गली गली ढूंढत फिरै, बिनु शिरको घर कौन ॥

પ્રેમ સ્વર્ગીય વસ્તુ છે, એમાં તો સંદેહ નથી જ. જે દિવસે તે પૃથ્વી પર ઊતર્યો તે જ દિવસથી તે ગલીગલીમાં એવા માણસને શોધ્યા કરે છે કે જે માથા વગરનો હોય. માથા સાટે જ પ્રેમ નભી શકે છે. પણ ગંદા, નિન્દિત, કલંકિત, સ્વાર્થપૂર્ણ પ્રેમ માટે આ સાટું ન થઈ શકે.

(૮) જ્યારે ભકત માટે મૃત્યુ કોઈ ભયપ્રદ વસ્તુ જ નથી. મૃત્યુથી વધારે સુખ અને શાંતિ આપનારી એકે વસ્તુને તે જાણતો નથી. તે તો કહે છે—

जा मरने से जग डरे, सो मेरे आनन्द ।
कब मरिहौं कब भेंटिहौं, पूरण परमानन्द ॥

જે મરણથી આખું જગત્ બીએ છે તે મારે માટે તો આનંદની

વસ્તુ છે. ક્યારે મરીશ અને ક્યારે પૂર્ણ પરમાનન્દને હું પ્રાપ્ત કરીશ?"

(૯) પ્રેમમાં કદી કદી પશ્ચાત્તાપ હોય છે. નિન્દાથી ગભરાઈને એક ગોકુળની ગોપી બોલી ઊઠી—

का वा न वारिहरणे यमुनामुपैति,
का वा न पश्यति मुकुन्दमुखारविन्दम्।
का वा न याति ललना दधिविक्रयार्थं,
हा धिग् विधे मयि कथं कुलटापवादः॥

"પાણી ભરવા કઈ ગોપી યમુનાતટે નથી જતી? જતાં-આવતાં કૃષ્ણના મુખકમળને પણ કઈ ગોપી નિરખતી નથી? તેમ જ દહીં વેચવા ગામમાં કઈ ગોપી નથી જતી? બધાં જાય છે. બધાંને કોઈ કશું કહેતું નથી, ત્યારે લોકો મારા પર જ કુલટા–વ્યભિચારિણી થવાનું કલંક કેમ લગાડે છે?"

એક પ્રેમી અફસોસની આહ ભરતો બોલે છે—

आग थे इब्तिदाए इश्क़में हम।
अब जो हैं ख़ाक, इन्तिहा है यह॥

"પ્રેમના પ્રારંભમાં હું આગ હતો-જ્વાલા હતો, સળગતો હતો, પ્રકાશ આપતો હતો. આજે હું ભસ્મનો ઢગલો છું. કોઇને ગમતો નથી. આ મારા પ્રેમની અંતિમ દશા છે.'

લૈલાની જવાનીનું પૂર જ્યારે ઓસરી ગયું ત્યારે તેના મોંમાંથી આ શબ્દો નિકળી પડયા હતા—

तब मरनेवाले लाखों थे, अब रोनेवाला कोई नहीं।'

પ્રેમમાં હમેશાં વિયોગની બીક હોય છે—

प्रेमैव मास्तु, यदि तत्, पथिकेन नैव,
तेनापि चेद्, गुणवता न समं कदापि।



तेनापि चेद्, भवतु नैव कदापि भङ्गो,
भङ्गोपि चेद्, भवतु वश्यमवश्यमायुः॥

એક પ્રેમી વ્યાકુળ થઇને કહે છે, "કોઈની સાથે પ્રેમ જ ન હોય તો કેવું સારું? યદિ કદાચ કોઈની સાથે પ્રેમ થાય તો પથિકની સાથે તો નહીં જ, કારણ કે તે અત્યંત ક્ષણિક હોઈ શકે છે. અને જો દૈવાત્ પથિક સાથે–મુસાફર સાથે પ્રેમ થઈ જ જાય તો તે ગુણવાન તો ન જ હોવો જોઈએ. કેમ કે ગુણી પુરુષનો વિરહ મૃત્યુ જેટલો જ દુઃખદ હોય છે. પણ જો પ્રારબ્ધના ભોગે ગુણી પથિક સાથે પ્રેમગ્રંથિ બંધાય તો તેનો ભંગ કોઈ કાળે ન થાય એમ ઈશ્વરને હું વિનવું છું. પણ મારી આ પ્રાર્થના જો એળે જ જાય તો મારું આયુષ્ય મારા વશમાં રહે એટલું તો મને મળવું જ જોઇએ. વિરહાનળ જ્યારે અસહ્ય બને ત્યારે દેહ-ત્યાગ કરવાની શક્તિ મારામાં હોવી જોઈએ."

એક બીજો પ્રેમી પોતાની અવસ્થા–દશા વર્ણવે છેઃ

प्रेमाम्बुधौ सुजनसंगममौक्तिकानां,
प्रत्याशया बत मया निरमज्जि धात्तः।
को वेद यत्प्रथममज्जन एव मे स्या–
देवं वियोगवडवानलमध्यपातः॥

'હું તો પ્રેમસાગરમાં એ આશાએ ડુબ્યો કે સજ્જનોના સંગરૂપ મોતી મને મળશે. એ કોણ જાણતું હતું કે પ્રથમ ડુબકીએ વિયોગરૂપ વડવાનલમાં પડીને મારે ભસ્મ થવું પડશે?"

અલંકારશાસ્ત્રીઓએ, અભિલાષ, , ચિંતા, સ્મૃતિ, ગુણ–કથન, ઉદ્વેગ, પ્રલાપ, ઉન્માદ, વ્યાધિ, જડતા, અને મરણ એ દસ કામદશાઓ વર્ણવી છે. એમાંની એકે એવી દશા નથી જે શુદ્ધપ્રેમીને લાગુ ન પડતી હોય. જુઓ અભિલાષનું ઉદાહરણ—

कब काहूसे मान करैंगी अरी कब काहूके मान मनावहिगी ?
कब बैठिके वंशीवटाके तरे हठि रीझकी तानहिं गावहिगी ?
कहि "तोष" कबै गुरुलोगनिमें निज नैननि सैन बतावहिगी ?
कब धौं वनकुञ्जनके घरमें मुरलीधरको उर लावहिगी ?

આ વિરહ–અવસ્થામાં કામદશા–અભિલાપનું ઉદાહરણ છે. એક સખી પોતાની પ્રોષિતપતિકા સખીને કહે છે, "સખિ ક્યારે તું કોઈ સાથે માનિની બનીશ? અને ક્યારે કોઈને મનાવી મનાવી તેના માનને શાંત કરીશ? હવે ક્યારે તું વંશીવટ નીચે બેસી પ્રસન્નતાથી ગાવા માટે આલાપ લઈશ? વડીલોની વચ્ચે બેઠેલી તું ક્યારે તારા પ્રિયતમને આંખના ઇશારાથી (સંકેતથી) હૃદયની વાતો કહીશ? અને વનકુંજોમાં મુરલીધરને હવે તું ક્યારે છાતીએ ચાંપીશ?"

આ અભિલાષ તો કામિજનનો છે. પણ શુદ્ધ પ્રેમી પણ આવું આવું કંઈક કહે છે. અને એથી ય વધારે તો તે એમ કહે છે કે—

वह दिन करे खुदा, कि खुदा भी जहां न हो ।
मैं हूं, सनम हो, कोई दूसरा न हो ॥

"ભગવાન કોઈ એવો દિવસ ઉગાડે કે જ્યારે એકાંત સ્થળમાં હું રહું અને મારો અભિન્ન પ્રિયતમ રહે, તે સિવાય ભગવાનનું પણ અસ્તિત્વ ત્યાં જણાય નહિ."

બીજું ઉદાહરણ—

क़हर हो, या बला हो, या जो कुछ हो ।
काश, कि तुम मेरेलिये होते ॥

"તમે વિનાશની મૂર્તિ હો કે આફત હો, અથવા બીજું ગમે તે હો, પણ ભગવાને જો તમને મારા માટે બનાવ્યા હોત તો કેવું સારું થાત?"

ચિંતાનું ઉદાહરણ—



बाग़में लगता नहीं, सहरामें घबडाता है दिल ।
अब कहां ले जाके बैठें, ऐसे दीवानेको हम ॥

"દિલ બગીચામાં લાગતું નથી, જંગલમાં તે ગભરાય છે. ત્યારે આવા ગાંડા દિલને હું ક્યાં લઈ જઈને બેસું?"

સ્મરણનું ઉદાહરણ—

"तद्वनं तन्नदीतीरे त्वया विश्रम्भभाषणम् ।
स्मरामि मनसा दूनस्त्वद्वियोगाग्निना ज्वलन् ॥" (मम)
"तस्याः सा मधुरा भाषा हृदयं तच्च तन्मुखम् ।
सा गतिस्तत्परं प्रेम न हि कुत्रापि लभ्यते ॥" (मम)

"તે વનને અને તે નદીના કાંઠે તારી સાથેના વિશ્રંભાલાપને હું વિયોગાગ્નિમાં સળગતો, દુભાતે મને સ્મરણ કરું છું."

તેની તે મીઠી ભાષા, તે ચોખ્ખું હૃદય, તે મનોમોહક મુખ, તેની તે ચાલ અને અને તેનો અદ્વિતીય પ્રેમ ક્યાંય જોવામાં આવતો નથી."

ઉદ્વેગનું ઉદાહરણ—

याही छन वाही सों न मोहन मिलैगो जो पै,
लगनि लगाई एती अगिन अबाती सी ।
रावरी दुहाई तो बुझाई न बुझेगी फेरि,
नेह भरी नागरीकी देह दिया-बाती सी ॥

હું તમારા સમ ખાઈને કહું છું કે જો મોહન હમણાં જ, આ ક્ષણે જ તેને મળશે નહિ તો ત્યાં સળગતા વિરહાનલમાં તે બિચારીનો દેહ બળીને ખાક થઈ જશે, અને કેમે ય કર્યે તે બુઝાશે નહીં."

પ્રલાપનું ઉદાહરણ—

ना यह नन्दको मन्दिर है, वृषभानुको भौन जहां जकती हो ?
हां ही यहां तुम हीं, कवि देवजु, कौनको घूंघट के तकती हो ?

भेंटत मोहिं भटू केहि कारण, कौन की धौं छबि सौं छकती हो ?
ऐसी भई हो कहो केहि कारन, कान्ह कहां हैं, कहा बकती हो ?

"રાધા કૃષ્ણના વિરહમાં બેભાન થઈને પોતાના ઘરને શ્વશુરગૃહ—નંદનું ઘર સમજીને લાજ કાઢે છે, ત્યારે તેની એક સખી તેને કહે છે,

"રાધે, આતો તારા પિતાનું ઘર (પિયર) છે. અહીં તો તું અને હું બે જ છીએ, ત્રીજું કોઇ નથી. મને તું શું ધારે છે? સખિ તું આવી કેમ બની ગઇ છે? અહિંયા કનૈયો કયાં છે કે જેથી તું આમ લવરી કરે છે?"

ઉન્માદનું ઉદાહરણ—

भ्रातर्द्विरेफ भवता भ्रमता समन्तात्,
प्राणाधिका प्रियतमा मम वीक्षिता किम् ?
ब्रूषे किमोमिति सखे कथयाशु तन्मे,
किं किं व्यवस्यति कुतोऽस्ति च कीदृशीयम् ?

ઉર્વશીના અદૃશ્ય થવાથી ઉન્મત્ત બનેલો વિક્રમ આમ તેમ ભટકે છે, અને ગમે તેને તેના સબંધમાં પૂછે છે, "ભાઈ ભમર, આમ તેમ ફરતાં તેં કયાંય મારા પ્રાણ કરતાં ય વધુ પ્રિય પ્રિયતમાને જોઈ છે? જો જોઇ હોય તો મને કહે કે તે કેમ છે? કયાં છે? અને શું કરે છે?"

બીજું ઉદાહરણ—

हे गोदावरि पुण्यवारिपुलिने सीता न दृष्टा त्वया,
साहर्तुं कमलानि चागतवती याता विनोदाय वा।
इत्येवं प्रतिपादपं प्रतिनगं प्रत्यापगं प्रत्यगं,
प्रत्येणं प्रतिबर्हिणं तत इतस्तां मैथिलीं याचते॥

ભગવતી સીતાનું હરણ થયું છે. પત્તો લાગતો નથી. ભગવાન રામ ઉન્મત્ત બન્યા છે. અને ગોદાવરી નદીને, વૃક્ષોને, પર્વતોને, નદીઓને,



મૃગલાઓને, જોઇ, દરેકની પાસે જઈ સીતાની જ માંગણી કરે છે અને પૂછે છે કે—તે કમળપુષ્પો લેવા અહીં આવી હશે અથવા મનોવિનોદ માટે આવી હશે, તમે તેને જોઇ છે?

વ્યાધિનું ઉદાહરણ—

विरह संतापन तें तपनि हेरानो चेत,
ऊबि ऊबि सांसैं लेत नैन नीर भरि भरि।
करपूर धूरनि तैं, चन्दनके चूरन तैं,
तामरस मूरनि उपाय थाकी करि करि॥
घेरि रहीं घरकी, नगरकी, डगरि आईं,
देखि देखि भाखैं सबै त्राहि त्राहि हरि हरि।
अंग अंग सूके, बैन मूके से, वधू के उर,
भभकि भभूके, मैन जूके उठैं बरि बरि॥

"એ વિરહિણીને એવી તો હૃદયપીડા જાગી છે કે તે બેહોશ થઇ ગઇ છે. તે મહામુસીબતે શ્વાસ લે છે. આંખોમાં આંસુ છલોછલ ભરેલાં છે; કપૂર, ચંદન, કમળ બધા ઉપાયો કર્યાં છતાં પીડા શાંત થતી નથી. ઘરનાં, ગામનાં, વટેમાર્ગુઓનાં ટોળાં ત્યાં ભેગાં થયાં છે, બધાં ય ત્રાહિ ત્રાહિ પુકારે છે. રોગીનું અંગે અંગ સૂકાય છે. વાણીનો બ્યાપાર બંધ છે. કામાગ્નિ ભડકે સળગી રહયો છે."

જડતાનું ઉદાહરણ—

हलैं दुहूं न चलैं दुहूं, दुहुंन बिसरिगै गेह।
इकटक दुहुंनि दुहूं लखै, अटकि अटपटे नेह॥

બે પ્રેમીઓ મળ્યા. હવે બન્ને નથી હાલતા કે નથી ચાલતા. બન્ને ઘરે જવાનું પણ ભૂલી ગયા છે. એકીટસે પરસ્પર જોઇ રહ્યા છે. પ્રેમના અટપટા માર્ગમાં અટવાઇ જવાનું આ પરિણામ!"

આ રીતે જોતાં પ્રેમ ઘણી ભયંકર વસ્તુ બને છે. એક ઉર્દૂના કવિએ સાચું જ કહ્યું છે કે— "भोली भाली शक्लवाले होते हैं जल्लाद भी" પ્રેમના ખૂની ઇતિહાસથી ઇતિહાસની પોથીઓ ભરેલી પડી છે. આજે પણ એનો એવો જ ક્રૂર અને રોમાંચક ઇતિહાસ જગતની પોથીમાં નોંધાય છે. ઉપર વર્ણવેલી દશ દશાઓને સારી રીતે તપાસવાથી સ્પષ્ટ જણાઇ આવે છે કે પ્રેમ અવાજના બદલામાં અવાજ ચાહે છે, આંસૂના બદલામાં આંસુ જોવા ઇચ્છે છે.

"उन्हें भी जोशे उल्फ़त हो तो लुत्फ़ उठ्ठे मुहब्बत का।
हमीं दिन रात गर तडपे तो फिर इसमें मज़ा क्या है ?"

"જેમ હું પ્રેમમાં દુઃખી છું, પીડાઉં છું, નિસાસા નાખું છું તેમ જ હું મારા પ્રેમી માટે પણ ઇચ્છું છું. એકલો હું જ અહર્નિશ તડપતો રહ્યો તો તેમાં શી મઝા?"

એક અનુભવી બૂમ પાડી પાડીને કહે છે કે—

बहत लाज बूडत सुमन, भ्रमत नैन तेहि ठांव।
नेह-नदीकी धारमें, तुम न दीजियो पांव॥

"પ્રેમનદીના પ્રવાહમાં તમે પગ મૂકશો નહીં કેમકે તેમાં પગ મૂકતાંની સાથે જ લાજ વહી જશે, શાંત મન અશાંત બનશે અને નેત્ર કેવળ સ્નેહીના માર્ગમાં જ ફર્યાં કરશે."

પ્રેમરસોન્મત્ત એક ગોપીની દશા જુઓ—

कौन भांति आये निरखि, तुम तहं नन्दकिशोर।
भरभराति भामिनि परी, घरघराति घनघोर॥

"કૃષ્ણની આંખ સાથે આંખ લડતાં તે પછાડ ખાઇને જમીન પર પડી અને તેના કંઠમાંથી મેઘ ગાજે તેમ ઘરઘર શબ્દ થવા લાગ્યો."

એક સંગીતશાસ્ત્રિણી બહેનની વાત સાંભળો—



सुधि सुर ताल व तानकी, रह्यो न सुर ठहराय।
ए री राग बिगारिगो, बैरी बोल सुनाय॥

"લહેરથી બેસીને સ્વર, તાલ સાથે ગાતાં હતાં, ત્યાં પેલો મનહર આવ્યો, જરાક બોલ્યો, બસ, કામોદ્દીપન થયું. રાગ બગડી ગયો."

એક ભગતજીની દશા જુઓ—

तनिक न रहै विरक्तता, लगे दृगनकी छाप।
कहुं पूजा माला कहूं, कहुं बटुवा कहुं आप॥

"જરાક આંખથી આંખ મળી અને વૈરાગ્યનો ઝબ્બો ઉતરી ગયો. પૂજા કયાંય ગઇ, માળા ય કયાંય ગઈ, ગોમુખી પણ કયાંય ગઈ અને પોતે કઇ દુનિયામાં વિહરવા લાગ્યા તેનો પત્તો જ ન લાગ્યો."

કવિઓ કામની કે પ્રેમની અંતિમ દશા મૃત્યુ ને કવિતામાં વર્ણવતા નથી. તેમનો સંપ્રદાય એવો જ છે. આપણે એક એવા જ મુમૂર્ષુની સ્થિતિ તપાસીએ:

पहले से न सोचा था अंजाम मुहब्बत का।
अब होशमें आये हो जब जान पै बन आयी॥

એક પ્રેમી મહાશય નવેનવ દશાઓમાંથી ડૂબાડૂબ કરતાં છેલ્લી દશામાં આવ્યા. વિષપાન કરવાનો, અગ્નિ-સ્નાન કરવાનો, કુવામાં પડી આત્મઘાત કરવાનો કે ભૃગુપાત કરવાનો (પર્વતના શિખરથી પડવાનો) સમય આવ્યો, ત્યારે કોઇ ડાહ્યા માણસે ટકોર કરી કે, "પહેલાંથી જ પ્રેમનાં પરિણામનો વિચાર કેમ ન કર્યો? વિચાર્યા વગર જ અણઘડ પ્રેમીના હાથમાં આત્મસમર્પણ કર્યું, જેને પ્રેમની કિંમત ન હતી, પ્રેમની પ્રતિષ્ઠા ન હતી, જેની પાસે હૃદય જેવી કોઈ વસ્તુ ન હતી, તેવાના ખોળામાં માથું મૂકયું. તે ભૂલની ખબર તને આજે પડી કે જયારે પ્રાણ પંખેરૂં નીડ બદલવાની તૈયારીમાં છે"

એક શ્રીમતીજી છે. તેમને એક શ્રીમાન સાથે પ્રેમ થયો. રંગરાગમાં થોડોક સમય વીત્યો. પેલા શ્રીમાન એક દિવસ ઉઠીને ચાલ્યા ગયા. શ્રીમતીજીના પ્રાણો હવે તેમને છોડી ચાલવાની તૈયારી કરવા લાગ્યા. ત્યારે શ્રીમતીજી બોલ્યાં—

ऊबत हौं डूबत हौं डगत हौं डोलत हौं,
बोलत न काहे प्रीति-रीति न रितै चलै।
कहै पद्माकर त्यों उससि उसासिन सों,
आंसूवै अपार आइ आंखिन इतै चलै॥
अवधि ही की आगम लौं रहत बनै तो रहो,
बीच ही क्यों बैरी बन्ध बेदनि बितै चलै।
ए रे मेरे प्राण कान्ह प्यारे के चलाचलमें,
तब तो चल्यो न अब चाहत कितै चलै॥

"અરે પ્રાણ જયારે પ્રિયતમ ચાલવાની તૈયારીમાં હતા ત્યારે તો તું ચાલ્યો નહિ અને હવે તું કયાં જવા ઇચ્છે છે? વધારે નહિ તો, આવવાની જે અવધિ તે આપી ગયા છે ત્યાં સુધી તારાથી રહેવાય તો રહે ને."

આ રીતે સ્મશાનમાં પહોંચાડનાર પ્રેમની ક્રૂરતાને ધ્યાનમાં રાખીને જ માણસ ભક્તિ તરફ જઈ શકે છે. રાજા ભર્તૃહરિની કથા સર્વવિદિત છે. તેને પોતાની રાણી અત્યંત પ્રિય હતી. તેથી રાજા પાસે જે કંઈ સારી વસ્તુ હોય કે બહારથી આવે તે મેળવવાનો સર્વપ્રથમ અધિકાર રાણીનો જ હતો. એક દિવસે કોઈએ રાજાને અતિસુંદર ફળ (કે એવી કોઇ સુંદર વસ્તુ) ભેટ આપી. રાજાએ તે રાણીને આપ્યું. રાણીને રાજમંત્રી સાથે ગુપ્ત પ્રેમ હતો. તેથી રાણીએ તે ફળ પોતાના જાર મંત્રીને આપ્યું. વળી મંત્રીને એક બીજી પ્રેયસી હતી. મંત્રીએ તે ફળ તેને આપ્યું. તેણીએ તે ફળ પોતાના પતિને આપ્યું. પતિએ, સારું ફળ છે, રાજાને



આપવા યોગ્ય છે, એમ વિચારી તે ફળ રાજા આગળ મૂકયું. રાજાએ તે ફળ તે માણસ પાસે કયાંથી આવ્યું, એ શોધી કાઢયું, ત્યારે તેને રાણી પ્રત્યે, રાજ્ય પ્રત્યે, જગત્ પ્રત્યે, જગતના વ્યવહાર પ્રત્યે ખૂબ જ ઘૃણા થઈ. અને તરત જ રાજ્યનો ત્યાગ કરી તપશ્ચર્યા માટે અરણ્યમાં ચાલ્યો ગયો.

પણ એનો અર્થ એવો ન થવો જોઇએ કે પ્રેમ ત્યાજ્ય વસ્તુ છે. મેં કહયું છે તેમ તે સ્વર્ગીય વસ્તુ છે, અને ભક્તિનું અવ્યવહિત પૂર્વ સોપાન છે. એ પ્રેમના ત્રણ પ્રકાર છે. એક તો શુદ્ધ પ્રેમ બીજો અશુદ્ધ પ્રેમ અને ત્રીજો મિશ્રપ્રેમ. કોઇની સાત્ત્વિકતા અને સદ્‌ગુણો જોઇ તેના પ્રત્યે જે પ્રેમની લાગણી થાય તે **શુદ્ધ પ્રેમ**. કેવળ રૂપ અને સૌન્દર્ય ને લીધે જે પ્રેમ થાય તે **અશુદ્ધ પ્રેમ**. અને શુધ્ધ પ્રેમ તથા અશુધ્ધ પ્રેમનું મિશ્રણ તે **મિશ્ર પ્રેમ**. શુધ્ધ પ્રેમ ભક્તિનું પૂર્વ રૂપ છે. અશુધ્ધ પ્રેમ પતનનો હેતુ છે. મિશ્ર પ્રેમ અચિર સ્થાયી હોય છે. આવો પ્રેમ કરનાર કોઇ પણ ઉચ્ચ હેતુ સિધ્ધ કરી શકતો નથી. વળી આ દસ દશાઓ જે ઉપર કહેવામાં આવી છે તે અશુધ્ધ પ્રેમ અને મિશ્ર પ્રેમને જ લાગુ પડે છે. શુધ્ધ પ્રેમમાં કોઈ દશા હોય જ નહિ. તેનો સીધો સંબંધ ભક્તિ સાથે હોય છે. ભક્તિના સ્વરૂપમાં તમે જોશો કે ત્યાં ઉપાસ્ય દેવની સાથે અભિન્નતા હોય છે. દૂધમાં સાકરની જેમ અથવા પાણીમાં નમકની જેમ ઉપાસક, ભક્ત પોતાના ઇષ્ટ–ઉપાસ્યમાં ભળી ગયો હોય છે, અને તાદાત્મ્ય અનુભવે છે. ત્યાં વિરહ જ નથી. વિરહજન્ય દસ કામ દશાઓને શુધ્ધ પ્રેમમાં અવકાશ જ નથી. તેથી શુધ્ધ પ્રેમ જ અમૃત છે, દિવ્ય છે અને સ્વર્ગીય વસ્તુ છે. તે જ ઉપાસ્ય છે, આરાધ્ય છે, પ્રાપ્ય છે. તે ઉપાસકને ઉચ્ચ સ્થિતિએ પહોંચાડે છે. મલિન પ્રેમ અધોગતિ આપે છે. મિશ્ર પ્રેમ જીવન અને મૃત્યુ વચ્ચેની એક અનિર્વચનીય સ્થિતિ છે. તેનામાં કદી શુધ્ધ પ્રેમનું આધિક્ય અને અશુધ્ધ–

મલિન પ્રેમની ન્યૂનતા હોય છે; અને કદી મલિન પ્રેમનું આધિક્ય અને શુધ્ધ પ્રેમની ન્યૂનતા હોય છે. તેની સ્થિતિ સમાન–સરખી હોતી નથી. તેથી ભાવ–ભાવનામાં પણ સરખાપણું હોતું નથી અને તેથી જીવન ઉપર કોઇ સ્થાયી પરિણામ તેમાંથી ઉપજતું નથી.

પ્રેમમાં જે વિહ્વલતા, વિક્ષિપ્તચિત્તતા અને અશાંતિ જોવામાં આવે છે, તેમાંનું કશું ભક્તિમાં આવતું નથી. ત્યાં ઉપદ્રવ નથી, વિરહ નથી, વિરહજ્વાલા નથી, આંસુ નથી, આંસુઓની ધારા નથી, હૃદયદાહ નથી, નેત્રભ્રમ નથી, મોહ નથી, કશું નથી. ત્યાં તો શાન્તિ છે, ઉપાસ્યનું ભેદરહિત સતત્ દર્શન છે એટલે આત્મદર્શન છે, હરિમિલન છે, પ્રસાદ છે, આનન્દ છે, પરાનપેક્ષિતા છે, ઐક્ય છે, અભેદ છે અને કૈવલ્ય છે.

અમદાવાદના નવલ સન્નારી કવિ અ. સૌ. શ્રીમતી તરલિકાદેવીએ સાચું જ ગાયું છે કે—

“પાપોનું પુંજ ભસ્મ કરવાનો મહાનળ,
શમ દમ શ્રદ્ધા આદિ બધાંની જ દાની છે.
કેન્દ્ર છે ઉદારતાનું, દયાનો ભંડાર મોટો,
ભક્તિ ભવાની તું તો મોક્ષ-મહારાની છે.”

## સાતમો પરિચ્છેદ

### તુલસી, સૂર, મીરાંની ભક્તિ

ઉપર કહેવામાં આવ્યું છે કે ભક્તિમાં વિરહ નથી, વિરહવેદના નથી, વ્યાકુળતા નથી. ત્યાં તો શાંતિનું સામ્રાજ્ય પથરાએલું હોય છે. ત્યારે અહીં એક મોટો પ્રશ્ન ઉભો થાય છેઃ તુલસી, સૂર, મીરાંબાઈ વગેરે પ્રસિદ્ધ ભક્તો હતાં. તેમનામાં વિરહની વેદના પુષ્કળ પ્રમાણમાં જોવામાં આવે છે, તેનું શું? તેમની ભક્તિ ભક્તિ હતી કે નહિ? તેમનો પ્રેમ શુદ્ધપ્રેમ હતો કે નહિ? શું જાણે અજાણે તેઓ મલિનપ્રેમ અથવા મિશ્રપ્રેમના ઉપાસકો હતાં?

આ પ્રશ્નો મહત્ત્વના છે. મારું જ્ઞાન મને છેતરતું ન હોય તો હું નિઃશંકભાવે કહેવાની સ્થિતિમાં છું કે તુલસીદાસની ભક્તિમાં વિરહ—વિયોગ, વિરહની દશાઓ, કોઇ આકર્ષક દશામાં જોવામાં આવતાં નથી. તેઓ ઉપદેશક, કવિ અને શુદ્ધપ્રેમ—પરિપૂર્ણ હતા, પણ ભક્તિની ચરમ દશામાં તેઓ પહોંચ્યા ન હતા. તેમના હૃદયમાં રામ પ્રત્યે પૂર્ણપ્રેમ હતો, એની ના પાડી શકાય નહિ; પણ હું જેમ કહી ગયો તેમ તેઓ શુદ્ધપ્રેમી હતા અને હિન્દીના કવિકુળતિલક હતા. તેમનો જ્ઞાનભંડાર તેમની પોતાની સંપત્તિ ન હતી, પણ ગ્રન્થોમાંથી માધુકરી વૃત્તિનું પરિણામ હતું. તેમણે પોતાના રામને સર્વશ્રેષ્ઠ બનાવવાનો પૂર્ણ પ્રયાસ કર્યો છે, પણ વિચારશક્તિની ઉણપને લીધે તેઓ ક્યાંક ક્યાંક સ્ખલિત થએલા જણાય છે. ભક્તમાં જે અનન્યતા હોવી જોઇએ, જે એકનિષ્ઠા હોવી જોઇએ, સર્વત્ર સ્વેષ્ટદર્શન સિવાય અન્યદર્શન ન હોવું જોઇએ, તે તુલસીદાસજીમાં જણાતાં નથી. તેમણે રામમાં સર્વશ્રેષ્ઠતા આણવાના જે પ્રયાસો કર્યા છે, તેમાં તો મુખ્ય પ્રયાસ લંકામાં અને રાજગાદીના સમયે શંકરને અયોધ્યા બોલા-

વીને રામની સ્તુતિ કરાવી છે, તે છે. વિષ્ણુનો પ્રતિયોગી કેવળ શંકર છે—બ્રહ્મા કે ઇંદ્ર આદિ દેવો નહિ. તેથી દેવો, દેવેન્દ્ર, બ્રહ્મા આદિ આવીને તેમની સ્તુતિ કરી જાય તેમાં નવાઇ નથી. પણ શંકરનું આગમન અને તેમના મુખથી રામનું સ્તવન, એ સ્વેષ્ટસિદ્ધિ માટે તેમના પૂર્ણ પ્રયત્નરૂપ છે. પણ જ્યાં તેઓ સ્ખલિત થયા છે તે તો સમુદ્રપાર જતાં શિવલિંગ પૂજાનું સ્થાન છે. પોતાના ઇષ્ટદેવના હાથે તેમના જ પ્રતિદ્વન્દ્વીના લિંગની પૂજા કરાવવી એ વસ્તુતઃ આશ્ચર્યજનક કૃત્ય છે.

तब मज्जन करि रघुकुलनाथा। पूजि पारथिव नायउ माथा ॥

એ પ્રસંગ પણ એવો જ છે. અસ્તુ, તુલસીદાસ વિરહી—વિયોગી સંત ન હતા. તેઓ રામના પ્રશંસક અને સાધુ કવિ હતા. તેમના કાવ્યો શુદ્ધપ્રેમના નિર્દોષમાર્ગે પ્રયાણ કરે છે તેથી તુલસીદાસજી આપણા વિચારના પ્રતિબંધક નથી. હવે સૂરદાસજીનો વિચાર કરીએ.

अब मैं कहा करौं री सजनी सुरति होति तब मदन दहत ।

(સૂરસાગર પદ ૧૨૮૯)

नागरि मन गई अरुझाइ ।<br>
अति बिरह तनु भई ब्याकुल, घर न नैंकु सुहाइ ।।

(સૂરસાગર પદ ૧૨૯૬)

अंग पुलकित भये, मदन तिन तन गये, सूर प्रभु श्याम श्यामा विहारी ।।

(સૂરસાગર પદ ૧૩૦૨)

આ પદોમાં મદન દાહ છે, અતિવિરહ છે, વ્યાકુળતા છે, ઔદાસ્ય આદિ પણ છે. પણ તે બધા વિકારો સૂરમાં નથી, પણ ગોપીઓમાં છે. સૂરદાસ ગોપીઓના પ્રતિનિધિ છે. તેમની દશા પ્રગટાવવા માટે સુંદર સાધન તેઓ છે. પણ તેમનું વ્યક્તિત્વ મહત્ છે. તેમના વિચારો ઉદાત્ત છે. તેમનામાં મૌલિકતા જોવામાં આવે છે. અને રામતીર્થ-



માં હતું તે ફક્કડપણું પણ છે. તેમનામાં ભક્તિભાગીરથીમાં સ્નાન કરવાની ભારે આતુરતા જોવામાં આવે છે.

जो लौं मन-कामना न छूटै ।<br>
तौ कहा जोग-जज्ञ-व्रत कीन्हैं, बिनु कन तुस को कूटै ।<br>
कहा सनान किये तीरथ के, अंग भस्म, जट-जूटै ?<br>
कहा पुरान जु पढ़े अठारह, ऊर्ध्व धूम के घूटै ।<br>
जग सोभा की सकल बड़ाई, इन तैं कछू न खूटै ।<br>
करनी और, कहै कछु औरै, मन दसहूँ दिसि टूटै ।<br>
काम, क्रोध, मद, लोभ सत्रु हैं, जो इतननि सैं छूटै ।<br>
सूरदास तबहीं तम नासै, ज्ञान–अगिनि–झर फूटै ।।३६२

આ પદમાં સૂરદાસે ગૂજરાતના પ્રેમીકવિ નરસિંહ મહેતાના જેવા જ ચાબખા લગાવ્યા છે. મહેતાનું પણ એક ગૂજરાતી ભજન એવું જ છે. જુઓ—

“જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્યા નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી,<br>
માનુષ દેહ તારો, એમ એળે ગયો, માવઠાંની જેમ વૃષ્ટિ વૂઠી.<br>
શું થયું સ્નાન સેવા ને ભજન થકી, શું થયું ઘેર રહિ દાન દીધે;<br>
શું થયું ધરિ જટા ભસ્મલેપન કરે, શું થયું વાળલોચન કીધે;<br>
શું થયું તપ અને તીર્થ કીધાથકી, શું થયું માળ ગ્રહી નામ લીધે;<br>
શું થયું તિલક ને તુલસી ધાર્યાં થકી, શુ થયું ગંગજળ પાન કીધે.<br>
શું થયું વેદ વ્યાકરણ વાણી વદે, શું થયું રાગને રંગ જાણે;<br>
શું થયું ખટદર્શન સેવા થકી, શું થયું વરણના ભેદ આણે.<br>
એ છે પરપંચ સહુ, પેટ ભરવા તણા, આત્મારામ પરિબ્રહ્મ ન જોયો;<br>
ભણે નરસૈંયો કે, તત્ત્વદર્શન વિના, રત્ન ચિંતામણી જન્મ ખોયો.”

સૂરદાસ ભકિતના અંગો ઉપર ભાર મૂકતાં કહે છે—

भक्ति-पंथ को जो अनुसरे। सो अष्टांग जोग कौं करे।
यम, नियमासन, प्रानायाम। करि अभ्यास होइ निष्काम।
प्रत्याहार - धारना - ध्यान। करै जु छांड़ि वासना आन।
क्रम-क्रम सौं पुनि करै समाधि। सूर स्याम भजि मिटै उपाधि॥३६४

આ અષ્ટાંગોની સિદ્ધિથી તે વિરહ સેવતા નથી, વિરહવેદના અનુભતા નથી પણ બધી ઉપાધિઓના નાશની રાહ જુવે છે.

સૂરદાસ લોકોને કહે છે કે—

भक्ति-पंथ कौं जो अनुसरै। सुत-कलत्र सौं हित परिहरै।
असन-बसन की चिंत न करै। बिस्वंभर सब जग कौं भरै।
असन-काज प्रभु बन-फल करे। तृषा-हेत जल-झरना भरे।
पात्र स्थान हाथ हरि दीन्हें। बसंन-काज वल्कल प्रभु कीन्हें।
सज्जा पृथ्वी करी बिस्तार। गृह गिरि-कंदर करे अपार।
तातैं सब चिंता करि त्याग। सूर करौ हरिपद अनुराग।३६३

સૂરદાસ પોતાનું હિત ઇચ્છનારાઓને સંભળાવીને કહે છે—

विषया जात हरष्यौ गात।
ऐसे अंध, जानि निधि लूटत, परतिय संग लपटात।
बरजि रहे सब, कह्यौ न मानत, करि-करि जतन उड़ात।
परै अचानक त्यौं रस-लंपट, तनु तजि जमपुर जात।
यह तौ सुनी व्यास के मुख तैं, परदारा दुखदात।
रुधिर-मेद, मल-मूत्र, कठिन कुच, उदर गंध-गंधात।
तन-धन-जोबन ता हित खोवत, नरक की पाछैं बात।
जो नर भलौ चहत तौ सो तजि, सूर स्याम गुनगात। ३६७



આ બધાં પદોથી જણાઇ આવે છે કે સૂરદાસ બધી વેદનાઓથી પર હતા. તેમને સમજાઇ ગયું હતું વેદનાનું પ્રતિબિંબ જગત્–ત્યાગીની બુદ્ધિમાં કઇ રીતે અને કયારે પડે છે. તેથી જ તેઓ ૩૬૭મા પદમાં સ્વહિત ચાહનારાઓને સ્પષ્ટ રીતે સાચેસાચું સંભળાવે છે. અને "अब मैं कहा करौं री सजनी" એ તો કેવળ ગોપીઓના પ્રતિનિધિત્વને આભારી છે. ગોપીઓને ભકત કહેવામાં આવી છે. તેમના માટે ભકત શબ્દનો પ્રયોગ ભાકત છે–મુખ્ય નથી. તેઓ ભકત ન હતી, હતી કૃષ્ણની પ્રેમિકાઓ. સાહિત્યની ભાષામાં તેમને પરકીયા નાયિકા એવું નામ આપી શકાય. અને તેથી જ તેઓ પ્રેમોન્મત્ત થઇ થઇને વિરહદશા અનુભવતી હતી. હું ભાગવતના ગોપીગીતમાંથી કેટલોક ભાગ મારા આ વિચારને સમર્થન આપવા ઉદ્ધૃત કરૂં છું.

"फणिफणार्पितं ते पदाम्बुजं कृणु कुचेषु नः कृन्धि हृच्छयम्"

"કાલિયનાગની ફેણ ઉપર તમોએ તમારા જે ચરણકમળને મૂકયો હતો તેને અમારા સ્તન ઉપર મૂકો અને અમારી કામપીડાને શાંત કરો."

"चरणपङ्कजं शंतमं च ते रमण नः स्तनेष्वर्पयाधिहन्"

"હે રમણ, કલ્યાણરૂપ તમારા ચરણકમળ અમારા સ્તનો ઉપર મુકો."

सुरतवर्धनं शोकनाशनं स्वरितवेणुना सुष्ठु चुम्बितम्।
इतररागविस्मारणं नृणां वितर वीर नस्तेऽधरामृतम्॥

"કામોત્તેજક, શોકસંહારી તમારૂં અધરામૃત અમને આપો."

यत्ते सुजातचरणाम्बुरुहं स्तनेषु
भीताः शनैः प्रिय दधीमहि कर्कशेषु।

અહીં પણ કઠોર સ્તનો ઉપર ચરણકમળને પધરાવવાની વાત છે."

ભાગવતમાં જ વેણુગીતમાં પણ એવા જ ઉદ્દગારો છે—

तद्व्रजस्त्रिय आश्रुत्य वेणुगीतं स्मरोदयम् ।
तद्वर्णयितुमारब्धाः स्मरन्त्यः कृष्णचेष्टितम् ॥
नाशकन्स्मरवेगेन विक्षिप्तमनसो नृप ॥ ઇત્યાદિ.

હવે મીરાંની વાત. મીરાં માટે કશું સ્પષ્ટ કહેવું જોખમથી ખાલી નથી. પણ સત્યને ખાતર મારે એ જોખમ ખેડવું જોઇએ. મીરાંબાઇ જુવાન રાજકન્યા અને રાજપત્ની હતી. પણ તે બિચારીના ભાગ્યમાં પતિસુખ ઘણું જ થોડું હતું. મહારાણા સાંગાના જયેષ્ઠ પુત્ર કુંવર ભોજરાજ સાથે ઇ. સ. ૧૫૧૬માં મીરાં પરણે છે. અને ઈ.સ. ૧૫૨૩ સુધીમાં તો તે ભલી બાઇ વૈધવ્યનું અસહ્ય દુઃખ સહન કરવા સર્જાયેલી હોય છે. લજ્જા, સંકોચ, પ્રેમ, રતિ આદિ માટે કુલ સાત વર્ષ અવશ્ય જ ઓછાં કહેવાય. એ વસ્તુનો સ્પષ્ટ વિચાર ત્યારે જ આવી શકે કે જ્યારે વિચારક પોતે જ એક યુવતી રાજકન્યા નો અધ્યાસ સેવે. જેમ નાટકાદિમાં દ્રષ્ટા પોતાને દ્રૌપદી કે અર્જુન માની ને પોતામાં જ દ્રૌપદીત્વ અને અર્જુનત્વનો આરોપ કરીને તેમના તે તે દુઃખોનો અનુભવ કરે છે અને રડે છે, તેવી જ રીતે વિચારકે એકાદ ક્ષણ માટે યુવતી રાજકન્યા બની જવું જોઇએ. ત્યારે તે અવશ્ય જ મારા ઉપર્યુક્ત કથનને ટેકો આપશે. પતિસુખની તરસી મીરાં ગિરિધરલાલને પરણે છે. જુઓ નીચે નાં પદ—

"नहिं मैं पीहर सासरे, नहिं पियाजी री साथ ।
मीरांने गोविन्द मिल्याजी, गुरु मिलिया रइदास ॥"
"भाव भगत भूषण सजे, सील सँतों सिंगार ।
ओढी चूनर प्रेम की, गिरिधर जी भरतार ॥"
"काजल टीकी हम सब त्यागा, त्यागो छै बांधन जूड़ो ।
मीरांके प्रभु गिरिधर नागर, बर पायो छै पूरो ॥"



"मीरांको गिरिधर मिल्या जी, पूर्व जनम के भाग ।
सुपनेमें म्हाँने परण गयाजी, हो गया अचळ सुहाग ॥"

મીરાંને પતિપ્રેમ માટે કે પતિભક્તિ માટે પર્યાપ્ત અવસર મળ્યો ન હતો. મીરાં—પવિત્ર મીરાં ગિરિધરને પતિ બનાવી લે છે. અને ક્ષણમાં પતિ-વિરહ અનુભવી પોતે પ્રોષિતપતિકા બને છે. ક્ષણમાં સંભોગ-રતિ અનુભવે છે, આલિંગન કરે છે. ક્ષણમાં હસે છે, રમે છે, આનંદ કરે છે. જુઓ—

भवनपत्ति तुम घरि आव्यो हो ।
रोवत रोवत डोलँात, सब रैण बिहावै हो ।
भूख गई निदरा गई, पापी जीव न जावै हो ।
दुखिया कूँ सुखिया करो, मोहिं दरसण दीजै हो ।
मीराँ ब्याकुल बिरहणी, अब बिलम न कीजै हो ॥ ९६
"दरद दिवानी भई बावरी, डोली सबही देस ॥" ९७
"तुम देख्याँ बिना कल न पड़त है, गृह अँगणो न सुहाई रे ।
मीराँ के प्रभु हरि अविनासी, दरसण द्यौ मोकूँ आई रे ॥" ९८
"प्यारे दरसण दीज्यो आय, तुम बिन रह्यो न जाय ।
जल बिन कँवल चंद्र बिन रजनी, ऐसे तुम देख्याँ बिन सजनी ।
याकुल ब्याकुल फिरूँ रैण दिन, बिरह कलेजो खाय ।
दिवस न भूख नींद नहिं रैणा, मुखसूँ कथत न आवै बैणा ।
कहा कहूँ कुछ कहत न आवै, मिल कर तपत बुझाय ।
क्यूँ तरसावो अंतरजामी, परी तुम्हारे पाय ॥" १०१
"घड़ी एक नहिं आवड़े, तुम दरसण बिन मोय ।
तुम हो मेरे प्राण जी, कासूँ जीवण होय ।

धान न भावै नींद न आवै, बिरह सतावै मोहि।
घायल सी घूमत फिरूँ रे, मेरो दरद न जाणै कोय।
दिवस तो खाय गमाइयो रे, रैण गमाई सोइ।
प्राण गमायो झूरताँ रे, नैण गमाया रोइ।
जो मैं ऐसी जाणती रे, प्रीत कियाँ दुख होइ।
नगर ढँढोरा फेरती रे, प्रीत करो मत कोइ।
पंथ निहारो डगर बुहारूँ, ऊभी मारग जोइ।
मीराँ के प्रभु कब रे मिलोगे, तुम मिलियाँ सुख होइ॥ १०२

આ મીરાંનાં જ પદો છે, આપણે એમાં મીરાંની હૃદય-વ્યથા અનુભવીશું, અકથ્ય કથા સાંભળીશું અને તેનાં આંસુ લૂંછવા અધીરા થઈ જઈશું. જે વખતે મીરાં કહે છે–

"म्हाँरो जनम मरन को साथी, थाँने नहि बिसरूँ दिन राती।
तुम देख्याँ बिन कल न पड़त है, जानत मेरी छाती॥"

ત્યારે તો તેની શી શી દશા થતી હશે, તે તો કેવળ જેને ભગવાને છાતી આપી હોય અને સાચો પ્રેમ કરવાની કળા આપી હોય, અને દુર્મતિ વિધાતાએ કદી પણ પ્રિયજનનો વિરહ આપ્યો હોય, એવા વિરહિજન વડે જ સંવેદ્ય રહેશે.

મીરાંનાં આ બધાં પદો આપણા કાનમાં કહી જાય છે કે મીરાંમાં ભકિત તો ન હતી, પણ પ્રેમ હતો. તે પ્રેમ પત્યનુકૂળ હતો. મીરાંમાં અથવા તો મીરાંના પ્રેમમાં પતિભકિત હતી, શૃંગારરસ હતો, એકનિષ્ઠા હતી. પણ તે શૃંગારરસમાં દુર્વાસના ન હતી. મીરાં લૌકિકજનના પ્રેમની તરસી ન હતી. તેનામાં રહેલી લૌકિકતા ધીમે ધીમે અદૃશ્ય થતી જતી હતી. તે કૃષ્ણમાં તન્મય હતી. તેની તે તન્મયતાને લીધે **भयो गौर तन श्याम**ની સ્થિતિએ તે પહોંચતી જતી હતી. પણ



મારા માટે એમ કહેવું અતિકઠિન છે કે મીરાંનો પ્રેમ મીરાંને પેલે પાર લઈ જવા માટે શક્તિમાન હતો કે નહિ. ભક્તિ માટે મારો જે સ્વાનુભવ છે, તે પ્રમાણે મીરાં મોક્ષની અધિકારિણી ન હતી. પણ મધુસૂદન સરસ્વતીના મત પ્રમાણે ભકિતમાં ભેદો છે, ભક્તિના પ્રકારો છે. મીરાંનો પ્રેમ પણ ભક્તિની કક્ષામાં તેમના મતાનુસાર આવી શકે છે, અને મીરાં મુકિતધામમાં વિરાજતી હશે એમ કહી શકાય. પણ મધુસૂદન સરસ્વતીનો મત સ્વાનુભૂત મત નથી. તેઓ તો ભાગવતાનુસારી છે. બીજાનો અનુભવ બીજા માટે લાભદાયક નિવડે અને ન પણ નિવડે. ભાગવતમાં કહ્યું છે કે—

"प्रीतिर्न यावन्मयि वासुदेवे न मुच्यते देहयोगेन तावत्।"

અને જો તે પ્રીતિ એવી ઇષ્ટ હોય, જેમાં સંભોગ શૃંગાર અને વિપ્રલંભ શૃંગારો પણ હોય તો મીરાંની ભકિતને કોણ હઠાવી શકે? અને તેના માટે મોક્ષદ્વાર બંધ રાખવા–રખાવવા કોણ સમર્થ હોઈ શકે? પણ હું ફરી દૃઢતાપૂર્વક કહું છું કે મીરાં ભકત ન હતી. તે તો પ્રેમિકા હતી. તે મેધાવિની ન હતી. તે લોક પરંપરાને અનુસરનારી હતી. લોકો–ભાગવતાનુયાયીઓ આ જાતના પ્રેમને મહત્ત્વ આપે છે, ભક્તિપદ આપે છે, તેથી મીરાં આ માર્ગે ચઢી ગઈ. પણ જે પ્રેમમાં જગતની બધી વાસનાઓ એક પછી એક સ્મૃત થયા કરે, તે પ્રેમને ભગવદ્વિષયક પ્રેમ કહીને મોક્ષદ માનવો, એ કેવળ સાંપ્રદાયિકતાના વાડાઓનું રક્ષણ–માત્ર છે, બીજું કશું નથી.

दोर्भ्यां संयमितः पयोधरभरेणापीडितः पाणिजै–
राविद्धो दशनैः क्षताधरपुटः श्रोणीतटेनाहतः।
हस्तेनानमितः कचेधरसुधापानेन संमोहितः,
कृष्णः कामपि तृप्तिमाप तदहो कामस्य वामा गतिः॥

આ શ્લોક પ્રમાણે એક ગોપી કૃષ્ણને બન્ને હાથ વચ્ચે જકડી

લે છે. પોતાના જાડા જાડા સ્તનોથી તેમને દબાવે છે. તેમના અમુક અમુક સ્થાનોમાં તે નખક્ષત કરે છે. પોતાના દાંત વડે કૃષ્ણના હોઠમાં ઘા કરે છે. હાથથી તેમના વાળ પકડી મોઢું ઊંચું કરે છે. પછી તેમના અધરમાં રહેલી સુધાનું પાન કરે છે. અને તેથી કૃષ્ણ અપૂર્વ તૃપ્તિ પામે છે. જો એવી જ લૌકિક ભગવાનની ભકિત લૌકિક પદ્ધતિએ જ ઇષ્ટ હોય તો ભકિત કેવળ વિલાસની વસ્તુ બને છે. અને તેના જ પરિણામે* ઇ. સ. ૧૮૭૦ અથવા ૧૮૭૧માં વલ્લભસંપ્રદાયના એક ધર્માચાર્ય ઉપર શિષ્યાગમનનો અભિયોગ કોર્ટમાં ચાલ્યો અને તે ગોસાંઇજીને શિક્ષા કરવામાં આવી. જો એવી ભકિતને વસ્તુતઃ ભકિત માનતા થઈ જઇએ તો **नीवीमोक्षो हि मोक्षः** આ કથન પ્રમાણે નીવીમોક્ષનું નામ પણ વસ્તુતઃ મોક્ષ માનવો પડશે. આ સંસ્કૃત વાક્ય ખંડનો અર્થ જાણી-જોઇને મેં મૂકી દીધો છે, લખ્યો નથી. ભક્તિનું પણ જો કોઈ વિજ્ઞાન હોય, તેનું દર્શનશાસ્ત્ર હોય, તેનું તત્ત્વજ્ઞાન હોય અને ભક્તિને જો મોક્ષનું સાધન માનવું જ હોય તો મીરાંની ભક્તિ ભક્તિ ન હતી, એમ કહ્યા વગર છૂટકો જ નથી. ગોપિકાઓનો પ્રેમ અને પછીથી મીરાંબાઈના પ્રેમને જોઈ લોકોએ પ્રેમલક્ષણા ભક્તિનો આવિષ્કાર કર્યો, પણ ત્યારે રાવણ અને શિશુપાલની મુક્તિ જોઇને શત્રુતા-લક્ષણા ભક્તિ પણ હોવી જોઈએ. અને એવી જ કોઈ બીજી-ત્રીજી ભક્તિ પણ શોધાવી જોઈએ. પછી ભક્તિની કોઈ મર્યાદા જ ન હોઈ શકે. આથી તે બજારુ વસ્તુ બનશે, અને ગમે તે વ્યવહારને ભક્તિનું નામ આપતાં લોકો અચકાશે નહિ.

મીરાંને હું તો કૃષ્ણની ગોપીઓ કરતાં વધારે શ્રેષ્ઠ, વધારે ઉત્કૃષ્ટ અને વધારે સંસ્કારી માનું છું. એક રાણી કુલલજ્જાનો ત્યાગ કરી લોકમર્યાદાની અવગણના કરી, પોતે જેને પ્રિયપતિ માને છે, તેના માટે ભેખ લે છે, અનેક રોમાંચક કષ્ટો વેઠે છે, જાતજાતના અપમાન

*History of the sect of the maharaja's.



ગળી જાય છે એ કંઈ નાનીસૂની વાત નથી. શાણ ઉપર તો હીરો જ ચઢે, કસોટી ઉપર તો સો ટચનું સોનું જ ચઢે, શૂળી ઉપર મંસૂર જ ચઢે, અને હસતા મુખે વિષપાન તો સોક્રેટીસ જ કરી શકે. મારું પોતાનું એક ભક્તિશાસ્ત્ર છે. તેનો આધાર મારો અનુભવ છે. મારું જીવન મેં એ અનુભવમાં સમાપ્ત કર્યું છે, એમ કહું તો અતિશયોક્તિ નહિ થાય. મીરાંની દશામાંથી હું પણ પસાર થયો છું. મીરાંની વેદનાને હું સમજું છું. ભક્તિના સ્વરૂપને પણ હું સમજું છું. એ મારી વાણીનો કે કલમનો જ વિષય નથી, એ તો મારા હૃદયને સ્પર્શનારો વિષય છે. તેથી હું નિર્ભય થઈને કહું છું કે દહીં ઘૃત નથી, દહીં છે. એનો હું અસ્વીકાર નથી કરતો કે એ જ દહીં વલોવાશે, છાશ બનશે, અને તેમાંથી માખણ નીકળશે અને અગ્નિ પર તપીને તે જ ઘૃત બનશે. દહીંમાં હું ઘૃત જોઈ શકું છું, પણ દહીં જ ઘૃત છે એમ મારાથી કહેવાતું નથી. કહેવાની ટેવ નથી. અનુભવવિરુદ્ધ બોલવાનું મારામાં સાહસ નથી. તેથી હું કહું છું કે મીરાંની ભાષા પ્રેમની ભાષા છે. મીરાંની હૃદયવેદના પ્રેમજન્યવેદના છે. મીરાં કૃષ્ણને પતિરૂપે જુએ છે. તે પતિ તો તેનાથી દૂર છે, તેથી તે વિરહ-દશા અનુભવે છે. મને કહેવા દો કે તે ભક્તિની દશાને નથી અનુભવતી.

મારું પ્રેમદર્શન મને કહે છે કે જો કોઇનો પ્રેમ ભક્તિના સ્વરૂપમાં પરિણત થયો ન હોય તો તે ચિંતાનો વિષય નથી. પ્રેમ સાચો હોવો જોઇએ, નિર્વિકાર અને નિશ્ચળ હોવો જોઇએ. મારું પ્રેમદર્શન એને પણ મોક્ષનું સાધન ગણે છે, ભગવતી સીતા પતિના વિરહથી વ્યાકુળ બને છે. તે વ્યાકુળતામાં જગતની કોઈ વસ્તુ કારણ નથી, વિષયવાસના પણ કારણ નથી, રાજમહેલની સ્મૃતિ પણ કારણ નથી, મહારાણી-પદ પણ કારણ નથી. કારણ છે કેવળ પતિનો અસહ્ય વિરહ. રામ અયોધ્યાની ગાદી ઉપર વિરાજે છે, છતાં તે દુઃખી છે; તેનું હૃદય રડે છે, લોહી બળે છે, હૃદયદાહ થાય છે. તેમાં સીતા સાથે રતિ-સંભોગની

સ્મૃતિ કારણ નથી, રતિની ઇચ્છા કારણ નથી, પણ સીતાનો અસહ્ય વિરહ કારણ છે. એ વિરહમાં સીતા રામને ક્ષણભર માટે પણ ભૂલતી નથી. રામના હૃદયપટલ ઉપરથી સીતાનું ચિત્ર પલભર માટે ય ખસતું નથી. અને તેથી જ સીતા–રામની વચ્ચે અને રામ–સીતાની વચ્ચે જાગતિક કોઈ વિષયની ભીંત ઊભી નથી.

બન્નેના હૃદયમાં સ્વ-ઇષ્ટ-ચિત્ર આલિખિત છે. અને તેથી જાગતિક દુ:ખનું સ્મરણ પણ નથી. જાગતિક વિષયનો સંબંધ પણ નથી. તદાકાર માનસિક વૃત્તિ બની છે. એ એકાંત મનને, હલાવનાર કોઈ શકિત નથી. ત્યારે એ નિશ્ચળ, નિર્વિકાર મન જો મોક્ષ ન મેળવી શકે તો જગતમાં પ્રેમનું મૂલ્યાંકન બહુ જ ઓછું થઈ જાય. પણ મારા ભાઇઓ અને બેનો, હું તમને વિનંતિ કરું છું કે આ મારા સિધ્ધાંતને તમે નાયક–નાયિકાના પ્રેમને કે ઉપનાયક-ઉપનાયિકાના પ્રેમને લાગુ પાડી મને અન્યાય કરશો નહિ. જ્યાં પ્રેમીના સ્મરણથી રજ:સ્રાવ કે વીર્યસ્રાવ થાય તે મલિન પ્રેમ છે, અને તે અનેક જન્મોનાં બંધનનું કારણ છે.

મીરાંનો પ્રેમ નિર્વિકાર છે. એના સામે જેનું માથું ન નમે તે તો કેવળ પશુ જ હોય. મીરાં જ્યારે મધરાતે બેસીને ગાતી હશે—

मैं बिरहणि बैठी जागूँ, जगत सब सोवै री आली।
बिरहणि बैठी रंगमहल में मोतियन की लड़ पोवै।
इक बिरहणि हम ऐसी देखी, अँसुवन की माला पोवै।
तारा गिण गिण रैण बिहानी, सुख की घड़ी कब आवै।
मीरां के प्रभु गिरधर नागर, मिल के बिछुड़ न जावै॥

તે સમયે તેની હૃદયવેદનાનું માપ કયા સાધનથી લઈ શકાય? એ રીતે તારા ગણી ગણીને રાત વિતાડનાર કોઈ વિરહી ભાઇ કે બેન



એ હૃદયશૂળનો અનુભવમાત્ર કરી શકે છે. માપ તો તેઓ પણ ન જ કાઢી શકે. જે વેદનામાં જીવનની સૌથી વહાલી વસ્તુ પ્રાણનો પણ ત્યાગ કરતાં માણસ અચકાય નહિ તેનું મૂલ્ય કઈ વસ્તુથી આંકી શકાય? અને તેનું માપ કયા યંત્રથી લઈ શકાય? આ ધન્ય મીરાં માટે મને સંપૂર્ણ માન છે, એની વેદનામાં મારી સંપૂર્ણ સહાનુભૂતિ છે. પણ હું એટલું જ કહેવા ઇચ્છું છું કે બાઈ મીરાં, ભગવતી મીરાં, કરુણામૂર્તિ મીરાં, આદરને સંપૂર્ણ પાત્ર મીરાં ભકિતની છેલ્લી ભૂમિકામાં વિહાર નથી કરતી; તે તો ચોથી, પાંચમી અને છઠ્ઠી એ ત્રણ ભૂમિકાઓને જ પોતાની રંગભૂમિ બનાવે છે. મને ભય છે કે ભકતમંડળ મારી આ વાત સાંભળી મારા તરફ લાલ આંખ કરશે, મને અજ્ઞાની કહેશે અને મારા આ સત્ય, પણ કદાચ કઠોર લેખની હાંસી ઉડાવશે. પણ હું તો એ જ કહેતો રહીશ કે મીરાં ભકિતની છેલ્લી ભૂમિકામાં નથી આવી શકી. ભકિતની પરિપૂર્ણ દશા તે જ ભકિતની છેલ્લી ભૂમિકા. છેલ્લી ભૂમિકા એટલે આત્મવિસ્મૃતિ. ભગવચ્ચરણાનુરાગી જન ભગવચ્ચરણ સિવાય બીજી કોઇ પણ વસ્તુ જોઇ શકતો નથી. પણ પોતાનું ભાન ખોવે છે. આત્મવિસ્મૃતિનું પરિણામ છે—નિરંતર ભગવદ્રતિ. જ્યાં નિરંતર ભગવદ્રતિ હોય ત્યાં વિરહ કેવો? વિરહ-વેદના કેવી? મીરાં તો કહે છે—

"दरस बिन दूखण लागे नैण॥
जब के तुम बिछुरे प्रभु मोरे, कबहुँ न पायो चैन।
सबद सुणत मेरी छतिया काँपै, मीठे मीठे बैन।
बिरह कथा कासूँ कहूँ सजनी, बह गई करवत ऐन।
कल न परत पल हरि-मग जोवत, भई छमासी रैण।
मीराँ के प्रभु कब रे मिलोगे, दुख मेटण सुख दैण।"

હજી તેને દર્શન થયાં નથી, વિરહની તેની આગ શમી નથી,

પ્રભુના મિલનની કોઇ ઘડી હજુ સુધી નક્કી થઇ નથી, માટે તે હજી શબ્દજાળમાંથી નીકળી શકી નથી. "मीरां के प्रभु गिरधर नागर, मिल बिछुडन मत कीजै हो" કહેનારી મીરાંને તેના પ્રિયતમના મેળાપ પછી ફરીથી થનાર વિયોગની ભારે ચિંતા થઇ રહી છે. આપણે તેના કલ્યાણ માટે આશીર્વાદ આપીએ કે—

મહાકષ્ટો સાથે રુદન પણ આપે પ્રભુ તને,
અને હૈયું તારું રુદન વતીએ સાફ કરજે.

## આઠમો પરિચ્છેદ

### મહાત્મા ગાંધી

મહાત્મા મોહનદાસ ગાંધી, જેમને તમે પણ બે વર્ષ પહેલાં જોયા હશે, એક મહાન સંત હતા, મહાન ભકત હતા અને સમસ્ત પૃથ્વીમાં અભૂતપૂર્વ મહાપુરુષ હતા. તેમના થોડાંક વચનો અહીં ઉતારું છું. પાઠકને તેમાં અવશ્ય રસ પડશે, અને તેઓ નક્કી કરી શકશે કે મહાત્મા ગાંધી સંતોની કઇ કોટિમાં હતા.

૧-૪-'૪૭

"આજે બધા મારો ત્યાગ કરી શકે છે, પણ ઇશ્વર મને નહિ છોડે. તે તો પોતાના ભકતની પરીક્ષા કરી લે છે."

૭ ૫-'૪૭

"ઇશ્વરને તો હૃદયની પ્રાર્થનાઓ જોઇએ. કેવળ મોઢાની વાત તે માની લે, તેટલો તે ભોળો નથી. જીભથી બોલાય તે જ પ્રાર્થના, એવો પ્રાર્થનાનો અર્થ નથી.

ઇશ્વર સિવાય બીજો કોઇ મને લાચાર કરી શકે તેમ નથી."

૨૫-૫-'૪૭

"જે કોઇ કામને પૂરું ન થવા દે તે અહિંસા કોઇ વસ્તુ જ નથી. અહિંસાના નામે હિંસાની રમત ચાલુ રહે અને હું તેને જોતો રહું એ મારાથી કદી થઇ શકશે નહિ.

તમે બધાં મળીને મને મારી નાખો, હું હસતા મોઢે રામરામ કરતો મરીશ."

૨૭ ૫-'૪૭

"બિહારમાં હિન્દુઓ મુસલમાનોને મારી નાખશે તો તે મને મારી નાખવા બરાબર થશે. હું તો કહું છું કે બિહારના મુસલમાનો મારા સગા

ભાઇ જેવા છે. તેઓ મને જોઇને ખુશ થાય છે, તેમને વિશ્વાસ બેસે છે કે આ માણસ (ગાંધી) તો આપણો જ છે. તેમને જે કોઇ મારે છે તે મને જ મારે છે. જે કોઇ તેમની બહેન-બેટીનું અપમાન કરે છે તો તે મારું અપમાન કરે છે."

૨૮-૫-'૪૭

તમે જો મને મારશો તો પણ હું રામ રામ કરતો રહીશ. જો હું તમારાથી મારો બચાવ કરવા માટે પોલિસ રાખું, તલવાર કે બંદૂક ચલાવું તો પણ છેવટે તો મારે મરવાનું જ છે, તો પછી રામ રામ કરતો જ મરું તો શું ખોટું છે?"

"જો અમારા હૃદયમાં રામ છે તો કુતરૂં પણ અમારા આગળ હડકાયું બની શકતું નથી."

"અંગ્રેજોને તો જવું જ છે અને આપણી અહિંસાની લડતને લીધે જવું છે. અહીં કરોડો માણસોએ અહિંસાનું શૌર્ય બતાવ્યું. તમે અંગ્રેજી ઝંડા આગળ માથું નમાવ્યું નથી, ભલે તમે જેલ ગયા અને પોતાની ઘરવખરીનો નાશ થવા દીધો. ત્યારે આજે અમે આઝાદ થઇ રહ્યા છીએ. આજે અમે એવું કામ કરવાનો આરંભ કર્યો છે કે બધા હિંદુસ્તાન પર થૂંકે અને તેની હાંસી કરે."

"તમે મરી જજો પણ કોઇને મારશો નહિ તો જ સાચી સ્વતંત્રતા મેળવી શકશો."

૨૯-૫-'૪૭

"હું શરૂઆતથીજ સમજી ગયો છું કે ભગવાને મને એવો બનાવ્યો છે કે મારે પૈસા તરફ જવું નહિ, પણ ઇશ્વરની જ સેવા કરવી. ઇશ્વરે મને કહ્યું કે જો તું બીજું કામ કરીશ તો તેમાં સફળ થઇશ નહિ. સેવાની પધ્ધતિ મને ગીતાએ બતાવી કે-મારે એમ સમજવું કે મારી પાસે જે કંઈ છે તે મારું નથી, પણ ઇશ્વરનું છે. ફરી પ્રશ્ન થયો કે તે કયાં છે?



ઉત્તર મળ્યો કે સંસારની પ્રત્યેક વ્યકિતમાં. એટલે માનવજાતિની સેવા તે જ ઇશ્વરની સેવા.

મને કોઇ મારવા આવશે તો હું એમ કહેતો કહેતો મરીશ કે ભગવાન તારું ભલું કરે.

માણસે વિવેક સિવાય બીજી કોઇ વસ્તુ આગળ ઝુકવું નહિ."

૩૦-૫-'૪૭

"બધા ધર્મોના મૂળમાં એક જ ઇશ્વરનું નામ છે. બધાનાં ધર્મશાસ્ત્રો સરખો જ ઉપદેશ આપે છે."

૨-૬-'૪૭

"જવાહરલાલને મેં બેતાજનો બાદશાહ કહ્યો છે. આજે જ્યારે અંગ્રેજો પોતાનો અધિકાર અહીંથી ખેંચી રહ્યા છે ત્યારે જવાહરલાલનું સ્થાન બીજો કોઇ લઇ શકે નહિ.

ચક્રૈયા (સેવાગ્રામનો એક મદ્રાસી અંતેવાસી હરિજન) જો જીવતો હોત તો હું તેનું નામ તમારા આગળ મૂકત. અથવા જો કોઇ ભંગીની બહાદુર, નિઃસ્વાર્થ અને શુધ્ધ છોકરી હોત તો હું હૃદયથી તેને આવકાર આપત અને ઇચ્છત કે એવી કન્યા આપણો પ્રેસિડેન્ટ બને."

૪-૬ '૪૭

"એ સાચું છે કે અંગ્રેજોએ ૧૫૦ વર્ષો સુધી અમને સતાવ્યા છે અને એ પણ મને યાદ છે કે ૩૨ વર્ષથી આપણે તેમની સાથે લડી રહ્યા છીએ. આ બધું જાણું છું છતાં હું કદી પણ શત્રુને શત્રુ માનતો નથી. હું ત્યારે પણ ઇશ્વરને કહીશ કે હે ઇશ્વર, તું તેમનું ભલું કર."

૧૨-૬ '૪૭

"એવી રીતે પારસીઓની અગિયારી, યહૂદીઓનું સીનેગાગ અને બીજાં બધાં પૂજાસ્થાનોની હિંદુ મંદિરોની પેઠે જ અમારે રક્ષા કરવી જોઇએ. અમે પણ કહીએ કે અમારે ત્યાં અછૂતભાઇઓનો પણ એટલો જ આદર થશે, જે-

ટલો કે ઉચ્ચજ્ઞાતિના સવર્ણ લોકોનો. તે જ સાચો હિંદુધર્મ કહેવાય જેમાં બધા ધર્મોનો સમાવેશ હોય.''

૧૫-૯-'૪૭

''હું કોઇને કહેતો નથી કે કોઇ મારું અનુગમન કરે. દરેકે પોતાના અંતરાત્માનો અવાજ સાંભળવો જોઇએ. જો અંતરાત્માનો અવાજ ન સાંભળી શકાય તો જેમ ઠીક લાગે તેમ વર્તવું જોઇએ, પણ કોઇપણ દશામાં કોઇનું અનુકરણ ન કરવું જોઇએ.''

૧૬-૯-'૪૭

''કોઈ મારી પાસે આવે અને કહે કે, બોલ, રામનામ લે છે કે નહિ? નહિ લે તો જો આ તલવાર. ત્યારે હું કહીશ કે જોકે હું તો દરેક પળે રામનામ લઉં છું; પણ તલવારની બીકે હું કદી પણ રામનામ લઇશ નહિ. ચાહે કોઈ મને મારી કેમ ન નાખે.''

''બહાદુરોની અહિંસા અમે ત્યારે જ પાળીશું જ્યારે દારૂ, ચોરી, જારી છોડી દઇશું. જો અમે વ્યસન, વ્યભિચારમાં જ પડયા રહીશું તો હિંદ આઝાદ થશે છતાં તે આઝાદી વ્યર્થ જશે.''

૧૭-૯-'૪૭

''અપવાસનું પણ શાસ્ત્ર હોય છે. પધ્ધતિ વગર અપવાસ કરવાથી ધર્મ થતો નથી.''

૧૮-૯-'૪૭

''આપણા ધર્માનુસાર મનુષ્યનો અન્તરાત્મા ત્યારે જ જાગરિત થાય છે, જ્યારે યમ, નિયમ આદિનું પાલન થાય છે અને સાથેસાથ બીજા પ્રયત્ન પણ ચાલુ રહે.''

''દરેક સારો ધાર્મિક માણસ બીજા ધર્મવાળા વચ્ચે પૂર્ણ માન મેળવવાનો અધિકારી છે.''



ઈશ્વરની પ્રાર્થનાનું ફળ માગી શકાય નહિ, તેમજ તેનો ત્યાગ પણ કરી શકાય નહિ. ખાવા-પીવામાં ભલે ઉપવાસ કરીએ-જ્યારે ત્યારે કરવા પણ જોઈએ-પણ પ્રાર્થનાનો ઉપવાસ કરવો ન જોઇએ.

છેલ્લા શ્વાસ સુધી રામનામનો જપ કરવો જોઇએ. શરીરનો ખોરાક જેમ અન્ન છે તેમ જ શરીરમાં રહેલા આત્માનો ખોરાક રામનામ છે. ગાયત્રી-પાઠ, સંધ્યાવન્દન, નમાઝ આદિનો તો સમય હોય છે પણ રામનામ માટે કોઈ સમયની મર્યાદા નથી. જેના શ્વાસની સાથે રામનામનો જપ ચાલે છે તેનું મંગળ. એમ કરનાર માણસ ૧૨૫ વર્ષ સુધ જીવી શકે છે. જો હું ૧૨૫ વર્ષ પહેલાં મરી જાઉં તો તમે એમ કહી શકશો કે જેનો મેં નિર્દેશ કર્યો છે તે સ્થિતિ સુધી હું પહોંચ્યો નથી. હું ઇચ્છું છું અને પ્રયાસ કરું છું કે અહર્નિશ શ્વાસની સાથે રામનામ જપતો રહું.

આપણે ફળ જોવું જોઈએ નહિ. પૃથ્વી ઉપર એવું એકે કામ નથી કે જેનું ફળ હોય નહિ. પ્રાર્થના તો સૌ કરતાં ઉત્તમ કાર્ય છે. માટે જો અમે મંદિરે જતા હોઈએ, માળા ફેરવતા હોઈએ-જો કે થોડોક ઢોંગ પણ હોય છે જ-તો પછી પણ અંતમાં સારાં વાનાં થવાનાં, તેનું સ્મરણ રાખજો.

શ્રમ કરાવ્યા વગર કોઈને ભોજન આપવાનો હું વિરોધી છું. અમે જે ખાઈએ તેનો બદલો તો વાળવો જ જોઇએ. ઈશ્વરનો કઠોર નિયમ છે કે જે કામ કરે તે ખાય. કામ કર્યા વગર કોઈ ખાય નહિ.''

૨૩-૯-'૪૭

''હિંદુસ્તાનમાં કોઇ અછૂત નહિ હોય. બધા હિંદુ સમાન જ હોય. કોઈ ઊંચ નહિ, કોઈ નીચ નહિ. જે ગરીબો તરફ અમે આજ સુધી નિરપેક્ષભાવે રહ્યા તે અછૂતો અથવા આદિવાસીઓનું અમારે ધ્યાન રાખવું જોઈએ. તેમને ભણાવવા જોઈએ, અને તેમના આચાર-વિચારનું નિરીક્ષણ કરવું જોઈએ.

હું તો એમ જ કહીશ કે જો મુસલમાનોએ ઇસ્લામને બચાવવો હોય, હિંદુઓએ હિંદુ ધર્મ બચાવવો હોય અને શીખોએ ગુરુદ્વારા બચાવવા હોય તો બધા મળીને એ નિશ્ચય કરે કે તેઓ પરસ્પર લડશે નહિ.''

૨૫-૬-'૪૭

"હું ક્યાં જાઉં? શું કરું? એ મને સમજાતું નથી. એક ઇશ્વરભક્ત માટે એ સારું પણ છે કે તે કેવળ આજની જ ચિંતા કરે, આવતીકાલની નહિ. કાલે શું થશે તે તો કેવળ ઇશ્વર જ જાણી શકે.''

૨૬-૬-'૪૭

"અહિંસામાંથી કોઈ કાળે દુર્ગંધ આવી શકશે નહિ, કેમકે તે સુગંધથી જ પરિપૂર્ણ છે.''

૨૭-૬-'૪૭

"ધનબળ, શરીરબળ, પશુબળ એ બધાં જડવાદના દ્યોતક છે. પરંતુ ઇશ્વર આ સૌ કરતાં મહાન છે. જ્યાં બધાં બળ હારી જાય છે ત્યાં એક ઇશ્વરના નામનું જ બળ આપણી પાસે રહી જાય છે.

હું અધ્યાત્મવાદી છું. મારી દૃષ્ટિમાં નૈતિક બળ આગળ પશુબળનું કોઈ મૂલ્ય નથી.''

૨૬-૯-'૪૭

"યાદ રાખો કે सत्यमेव जयते સત્યનો જ જય થાય છે. नानृतम् અસત્યનો વિજય કદી થતો નથી. આ મહાન વાક્ય છે. એમાં આપણો ધર્મનો સાર આવી ગયો છે. એને તમે કંઠસ્થ કરી લો. હૃદયમાં જડી દો. ત્યારે હું કહીશ અને જોરથી કહીશ કે જો સમસ્ત જગત અમારી સામે થશે તો પણ અમે ટકી શકીશું. અમને મારનાર કોઈ હશે નહિ. હિંદુધર્મનો કોઈ નાશ કરી શકશે નહિ.''

૨-૧૦-'૪૭

"આજે તો મારી જન્મતિથિ છે. હું તો આ રીતે મારી કોઈ



જન્મતિથિ ઉજવતો નથી. હું તો કહું છું કે ઉપવાસ કરો, રેંટિયો ચલાવો, ઇશ્વરનું ભજન કરો. જન્મતિથિ ઉજવવાનો એ જ સાચો પ્રકાર છે. મારા માટે તો આજ શોક દિન છે. આજ સુધી હું જીવિત રહ્યો છું એનું મને આશ્ચર્ય થાય છે, અને લજ્જા પણ આવે છે. હું તે જ માણસ છું, કે જેની જીભથી એક શબ્દ બહાર નિકળતો કે આમ કરો, તો કરોડો માણસો તે માનતા. પણ આજે મારું કોઈ સાંભળતું નથી. હું કહું છું કે આમ કરો તો જવાબ મળે છે કે ના, અમે એમ નહિ કરીએ.

એવી દશામાં હિંદુસ્તાનમાં મારા માટે જગ્યા જ ક્યાં છે? અને હું તેમાં જીવિત રહીને શું કરીશ? આજે ૧૨૫ વર્ષ જીવવાની વાત મેં છોડી દીધી છે. ૧૦૦ વર્ષની વાત પણ છોડી દીધી છે, ૯૦ વર્ષની પણ મૂકી દીધી છે. આજે ૭૯ વર્ષમાં પહોંચું છું તો ખરો, પણ તે મને ખૂંચે છે.''

૨૦-૧૦-'૪૭

"રક્ષાનું પ્રથમ સાધન તો આપણા હૃદયમાં પડ્યું છે. તે છે ઇશ્વરમાં અટળ શ્રદ્ધા. બીજું છે પાડોસીઓ માટે સદ્ભાવના.''

૨૬-૧૦-'૪૭

"અત્યાચાર વડે કોઈ ધર્મ સુરક્ષિત રહી શકે નહિ. ધર્મ તો કેવળ ધર્મદ્વારા જ રક્ષિત રહી શકે છે. બીજો કોઈ ઉપાય જ નથી''

૨૯-૧-'૪૮

"...પણ કોઇના કહેવાથી મારાથી કેમ ભાગી જવાય? કોઈના કહેવાથી હું સેવક નથી બન્યો. અને કોઈના કહેવાથી હું સેવક મટી નથી શકતો. ઇશ્વરની ઇચ્છાથી હું જેવો છું તેવો બન્યો છું. તેને જે કરવું હશે તે કરશે. તેને ગમે તો તે મારી શકે. મારી સમજ પ્રમાણે હું ઇશ્વરની વાત માનીને ચાલું છું.''

૩૦-૧-'૪૮

આજે એ મહાન આત્માએ-રાષ્ટ્રપિતાએ સાંજે ૫-૧૦ કલાકે દિલ્હીમાં બિરલા હાઉસમાં પ્રાર્થનાભૂમિમાં આવતાં તેમના શરીરમાં ત્રણ ગોળીઓ લાગી અને 'હે રામ' કહીને શરીર ત્યાગ કર્યો.

## નવમો પરિચ્છેદ

### ભક્તિનું સ્વરૂપ અને તેના અવતાર-ક્રમ

પાછળ કહેવામાં આવ્યું છે કે ગુરુજનો માટે-વડીલો માટે ઉત્પન્ન થયેલો પ્રેમ આગળ જઈને ભક્તિના નામે ઓળખાય છે. પણ એટલું જ બસ નથી. એટલાથી જ ભક્તિનું પરિપૂર્ણ જ્ઞાન થઈ શકતું નથી. અને આ એટલો આવશ્યક વિષય છે કે આનું પૂરેપૂરું જ્ઞાન આવશ્યક છે. તેથી આની આંટીઘૂંટી પણ સમજાઈ જવી જોઈએ.

ભક્તિની મર્યાદા કેવળ ભગવાન પૂરતી છે, એમ માનવું સારું નથી. ગુરુ, માતા, પિતા, જ્યેષ્ઠબંધુ એ બધાની પણ ભક્તિ કરી શકાય છે. પત્ની પતિની અને પતિ પત્નીની પણ ભક્તિ કરી શકે છે. એ સિવાય જે જેને વડીલ માનતો હોય તેની ભક્તિ પણ તે કરી શકે. આજે ભક્તિના નામે ગુરુ, માતા, પિતા, જ્યેષ્ઠ બંધુ, પતિ, પત્ની અને લાખો સદ્‌ગુણ-સંપન્ન મહાપુરુષો ત્યજાય છે, તેમની અવહેલના કરાય છે. આ દુર્દશામાંથી ઉગરી જવું જોઈએ. એ સમજાઈ જવું જોઈએ કે ભક્તિ કોઈનો ત્યાગ નથી કરાવતી. તે તો કેવળ હૃદયની પવિત્રતા, સરળતા, સુંદરતા ઉત્પન્ન કરે છે અને તેનું રક્ષણ કરે છે. જેની ભક્તિ કરાય છે, તેની તન્મયતા અવશ્ય સેવવા માટે ભક્તિ ઉપદેશ કરે છે. પણ માતા-પિતા આદિની ઉપેક્ષાનો ઉપદેશ કે આદેશ ભક્તિશાસ્ત્રમાં નથી. તન્મયતાનો એટલો જ અર્થ કે, ઉપાસ્ય દેવના સંગ્રાહ્ય સર્વગુણોનો ઉપાસક પોતાના મનઃકોષમાં સંગ્રહ કરે. જ્યાં તેની દૃષ્ટિ પડે ત્યાં ઉપાસ્ય દેવનાં જ સ્વરૂપને તે જુએ. એમ કરવાથી રાગદ્વેષાદિની અત્યંત નિવૃત્તિ થશે. તમે આગળ શીખી આવ્યા છો કે પરબુદ્ધિ જ રાગદ્વેષને જન્મ આપે છે; અને રાગદ્વેષ આપણા સૌંદર્યને હણી નાંખે છે. તેથી જ તેનું નિવારણ

આવશ્યક છે. પરમેશ્વર તો અપ્રત્યક્ષ તત્ત્વ છે. બીજાના મુખે સાંભળીને જ તેના ગુણોનો આસ્વાદ લેવો છે. સંભળાવનારાઓને પણ તેના ગુણોનો પ્રત્યક્ષ અનુભવ નથી. अन्धेनैव नीयमाना यथान्धाः વાળી વાત છે. તેથી ઉપાસકોએ માતાની ભક્તિથી ભક્તિનો આરંભ કરવો જોઈએ. તે નિકટતમ અને પ્રિયતમ તત્ત્વ છે. માતાના હૃદયમાં પુત્ર માટે વાત્સલ્યનું સરોવર છલોછલ ભરેલું હોય છે. "कुपुत्रो जायेत क्वचिदपि-कुमाता न भवति" પુત્ર દુષ્ટ બની શકે છે પણ માતાનું હૃદય પુત્ર માટે કદી પણ દુષ્ટ બનતું નથી. તેની ભક્તિ પુત્રને શીઘ્ર આગળ વધારનારી નીવડશે. માતાની આજ્ઞાનું તરત જ વગર સંકોચે, વગર વિચારે પાલન કરવું, માતાની કદી અવજ્ઞા ન કરવી, તેને કદી કટુ વચન ન કહેવાં, તેના પ્રત્યે ક્રોધ કે ઈર્ષ્યા આદિ વિકારો ન થવા દેવા, તેનામાં અખંડ શ્રદ્ધા, પ્રત્યહ તેનો ચરણ સ્પર્શ, પ્રત્યહ તેના આશીર્વાદનું સંપાદન અને તેને સર્વથા નિર્વિકાર કે સદ્‌ગુણસંપન્ન માની પોતે તેના સદૃશ બનવું એ માતૃભક્તિ કહેવાય. 'તારી માતાના ચરણમાં જ સાચું સ્વર્ગ આવેલું છે,' એમ મુહમદ સાહેબે પણ કહ્યું છે. પિતૃભક્તિ, ભ્રાતૃભક્તિ આદિ પણ એવી રીતે કરાય. જેમ અદૃશ્ય ભગવાનની ભક્તિ કરવા લોકો ટેવાયલા હોય છે, તેમ જ આ દૃશ્ય ભગવાનોની ભક્તિ માટે આ ટેવ પાડવી જોઈએ. વધારે નહિ તો આ વડીલો પણ ભગવાન જેવા છે, એમ તો અવશ્ય માનીને તેમની પૂજા કરવી જ જોઈએ.

यद्यपि न तत्समश्चाभ्यधिकोपि कश्चित् આ ઉપનિષદવચનથી પરમેશ્વરની સમતામાં કોઈ આવી શકે નહિ. પરમેશ્વરની સમતામાં કોઈને ગણવું એને શાસ્ત્રકારો ભગવદપરાધ માને છે. ત્યારે હું કહું છું કે શા માટે કોઈને આપણે પરમેશ્વર સમાન માનીએ? સાક્ષાત પરમેશ્વર જ તેને કેમ ન માનીએ? જગતમાં એવા બે માણસો તો અસંખ્ય નીકળશે કે જેમાંનો એક ભગવાન મનાતો હશે અને બીજો ભગવદ્‌ભક્ત. ભગવાન એટલે



પવિત્ર અને પ્રિય વસ્તુ.

ज्ञानशक्तिबलैश्वर्यवीयतेजांस्यशेषतः ।
भगवच्छब्दवाच्यानि विना हेयैर्गुणादिभिः ॥

આ શ્લોકની વ્યાખ્યા પાછળ આવી ગઈ છે. આ ષડ્ ગુણોથી પૂર્ણ તે ભગવાન. જોકે એમાં એમ પણ કહ્યું છે કે આ ગુણોની પરિપૂર્ણતા ભગવત્ત્વની પરિચાયિકા છે. પણ જ્યારે આપણે વિચાર કરીશું કે ગુણોની પરિપૂર્ણતા એટલે શું? ત્યારે આ अशेषत: શબ્દની નિરર્થકતા જણાઈ આવશે. રામ ભગવાન મનાય છે, કૃષ્ણ ભગવાન મનાય છે. અને શંકર ભગવાન મનાય છે. ભગવાન એટલે પરમેશ્વર જ. આ છ ગુણોમાંથી કોઈ ગુણની પરિપૂર્ણતા આ ત્રણે પરમેશ્વરોમાં કદી જણાતી નથી. રામ જાણી શકયા જ ન હતા કે પંચવટીમાંથી સીતા કયાં ગયાં? હરણ કરનાર રાવણ કયાં રહેતો હતો? તેનામાં કેટલી શક્તિ હતી, તે કોણ હતો, એ બધું રામને માટે અજ્ઞાત જ હતું. તેથી તેમનામાં જ્ઞાનની પરિપૂર્ણતા તો ન જ આવી. અવશિષ્ટ જે પાંચ ગુણો છે, તે તો રાવણની સાથેના યુદ્ધમાં જણાઈ આવ્યા. રાવણના બાણોએ રામને પણ ઘાયલ કર્યા, પૃથ્વી ઉપર પાડયા, મૂર્છા વશ કર્યા. અહીં કઈ પરિપૂર્ણતા છે? તે લીલા—નરલીલા કરતા હતા—એમ કહેવું એ નર્યું ગાંડપણ છે. માર ખાઈખાઈને પ્રતિષ્ઠા ગુમાવવી અને પછી તેનું નામ નરલીલા પાડવું એ આશ્ચર્યજનક છે. કોઈ સામાન્ય નર પણ શત્રુનો માર ખાવો પસંદ ન કરે, પછી મહાનરની તો વાત જ શી કરવી? કૃષ્ણની પણ એ જ દશા છે. વ્યાધના બાણથી વીંધાયા અને પરલોક સિધાવ્યા. શંકરને જો વિષ્ણુએ સમય સમય પર સહાયતા ન કરી હોત તો તેઓ જ્ઞાતિબાહ્ય બન્યા હોત—ઈશ્વરપણાથી કયારના ય હાથ ધોઈ નાખ્યા હોત. માટે આપણે જેને જેને ઈશ્વરરૂપે પૂજાતા જોઈએ છીએ, તેમાંના કોઈમાં પણ ષડ્‌ગુણોની પરિપૂર્ણતા જોવામાં આવતી નથી. જે મર્યાદામાં એ ગુણો ત્યાં જોઈ શકાય છે તે પરિમિત જ છે—તેમાં

આનન્ત્ય જેવું—અશેષ જેવું કશું નથી. ત્યારે બીજા લોકોમાં પણ એ રીતે મર્યાદિત આ ગુણો મેળવી શકાય છે અને ભગવાન જેટલી જ પવિત્રતા પણ અન્યત્ર કલ્પી શકાય છે. કોઈના કરતાં કોઈમાં વધારે ગુણો હોય, એ અત્યન્ત સ્વાભાવિક છે. માટે એ માન્યતા ભૂંસાઈ જાય તો સારું કે પરમેશ્વરના ગુણોમાં અશેષતા હોય છે. જ્યાં માનો ત્યાં જ અશેષતા અને ત્યાં જ પરમેશ્વરપણું. હું જે કોઈને ભગવાન માનતો હોઉં તેનામાં મારી દૃષ્ટિએ બધા ગુણોની પૂર્ણતા જ હોય. એ છ ગુણો કરતાં ય વધારે ગુણો હોય. બધી સંપૂર્ણતાઓ આપેક્ષિક જ હો , નિરપેક્ષ નહિ જ. 'ભગવાન' એ શબ્દ કેવળ વાસુદેવ પરમાત્મા માટે જ છે, બીજા માટે નહિ, એમ જે લખાયું છે તે તો આવેશવશ થઈને જ. જ્ઞાનેન્દ્રિયો પર ડૂચા મારવા માટે અને માનવબુદ્ધિને ગૂંગળાવી મારવા માટે જ તે બધું કહેવાયું છે. સાચી વાત તો એ છે કેઃ—

यद्यद्विभूतिमत्सत्त्वं यद्यदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंशसंभवम् ॥

ભગવાન કૃષ્ણના આ ઉપદેશ પ્રમાણે જગતમાં જે કાંઈ વસ્તુ કે જે કોઈ માનવ વિભૂતિમાન્ હોય શ્રીમાન્ હોય અને ઊર્જિત હોય—આત્મબલ-સંપન્ન હોય તે બધાંને ભગવત્સ્વરૂપ જ માનવાનાં. આ શ્લોકમાં 'मम तेजोंशसंभवम्' કહેવામાં આવ્યું છે. એનો શબ્દાર્થ તો એ છે કે–'તે બધાંને મારા તેજના અંશથી ઉત્પન્ન થયેલાં જાણ.' અહીં **'મારા તેજના અંશથી'** એ શબ્દો વિચારણીય છે. ભગવત્સ્વરૂપ અને તેનું તેજ એ બે વસ્તુઓ પૃથક્ પૃથક્ નથી. એટલું જ નહીં, પણ તે બે વસ્તુ જ નથી. જે ભગવત્સ્વરૂપ તે જ 'તેજ' છે. માટે તો વેદોમાં કહ્યું છે કે 'तेजोसि तेजो मयि धेहि'–'હે ભગવન્, તું તેજસ્વરૂપ છે, માટે મારામાં પણ તે તેજને પ્રગટાવ.' 'મહાનળ એક જ દે ચિનગારી.' જ્યારે તેજ ભગવાનથી ભિન્ન કોઈ વસ્તુ જ નથી



તો તેનો અંશ પણ ન જ હોઈ શકે. નિરંશનો વળી અંશ કેવો ? માટે मम तेजोंशसंभवम्નો મેં જે અર્થ વાપર્યો છે તે જ વધારે અનુકૂળ, અને ઉચિત છે. ગીતાના આ બોધ પ્રમાણે કોઈ પણ માણસને બ્રહ્મસ્વરૂપ, પરમેશ્વર-સ્વરૂપ માનીને પૂજવામાં કોઈ પણ પ્રકારનો બાધ નથી. પરંપરાથી જે ભગવાન બનતા આવ્યા છે તેનું પણ આવી રીતે જ સર્જન થયું છે. જેને ૫૦–૧૦૦ માણસો ભગવાન માનવા લાગ્યા તે આગળ જતાં ભગવાન બની ગયા. માટે—

तुमारे आशिक़ तुम्हींसे उल्फ़त ।
तुम्हींको जानें तुम्हींको समझें ॥
सिवा तुम्हारे नहीं है मतलब ।
जहानो अहले जहांसे हमको ॥

આ શબ્દો જેના માટે ભાવથી નીકળી પડે તે જ ભગવાન. ભગવાન સર્વ-વ્યાપક છે. તે બધામાં છે, અને જે કંઈ બધું છે તે તે જ છે. એ મંત્ર કદી ભૂલવાનો નથી.

હવે ભક્તિનું મુખ્ય સ્વરૂપ વિચારીએ—

एषैव मामकाः प्राणा एषैव च परा गतिः ।
एषैव प्रियतमान्यां नैव जाने कदाचन ॥
देहश्चास्यै मनश्चास्यै बुद्धिश्चास्यै दयाभृते ।
आत्माप्यस्यै मया दत्तो भक्तिरीदृङ् मतिर्ध्रुवा ॥ (मम*)

"એ જ વ્યક્તિ મારા પ્રાણ છે, એ જ મારી પરમ ગતિ છે,–એટલે આશ્રય અને વિશ્રામસ્થાન છે, સૌ કરતાં વધારે પ્રિય પણ એ જ છે. હું બીજી કોઈ પણ વ્યક્તિને જાણતો જ નથી. મારાં દેહ, મન, બુદ્ધિ અને આત્મા આ વ્યક્તિને જ અર્પ્યાં છે, આ પ્રકારનું જે જ્ઞાનવિશેષ તે જ ભક્તિ કહેવાય છે."

આ જ્ઞાન મૌખિક હોવું ન જોઈએ. હૃદયમાંથી જ જ્યારે આ ભાવ ઉભરાતો હોય, વસ્તુતઃ દેહ, મન, બુદ્ધિ અને આત્મા તે વ્યક્તિને તમે આપી દીધાં હોઈ, અને તેની ઇચ્છા કે આજ્ઞાથી વિરુદ્ધ તમે તેનો ઉપયોગ ન કરતા હો, મનમાં કદી પણ 'મારી બુદ્ધિ', 'મારું મન', 'મારો દેહ' કે 'મારો આત્મા' એવો મમભાવ ન આવતો હોય, અહંતા અને મમતા બન્ને અદૃશ્ય થઈ ગઈ હોય, દૃઢતાપૂર્વક તે વ્યક્તિના—ઉપાસ્યદેવના ચરણોમાં પોતાની કહેવાતી સર્વ વસ્તુઓનું સમર્પણ થયું હોય તો જ તેનું નામ ભક્તિ કહેવાય.

એવી ભક્તિના ઉદયનો એક નિર્ધારિત ક્રમ હોય છે. તે જ ક્રમથી તે માનવહૃદયમાં અવતરે છે. તે ક્રમ આ પ્રમાણે છે—

गुणानां यस्य कस्यापि दर्शनाद्वा श्रुतेरपि ।
हृदयं सद्गुणग्राहि द्रवतामेति सर्वथा ॥ १ ॥

द्रुते च हृदये तस्मिन् प्रतिबिम्बन्ति ते गुणाः ।
पुनः पुनः स्मृतेस्तेषां दृढीभूता भवन्ति च ॥ २ ॥

तदा तस्मिन् गुणिजने जायते लौकिकी रतिः ।
अभ्यासाच्च चिरेणैवालौकिकी सैव जायते ॥ ३ ॥

ततस्तस्या महेलायास्तस्य दिव्यनरस्य च ।
संजायते समुत्कण्ठा दर्शनार्थं बलीयसी ॥ ४ ॥

तैलधारावदच्छिन्ना स्मृतिस्तद्विषया भवेत् ।
तदानीं तस्य हृदयमत्यधिकं द्रुतं भवेत् ॥ ५ ॥

अधिकृत्य ततस्तां च तं च नारीं नरं जनः ।
अत्यन्तदर्शनौत्सुक्याद् विरहानलदीपितः ॥ ६ ॥



सर्वं समर्पितं तुभ्यं परित्यक्तैषणोऽभवम् ।
जीवितं त्वदधीनं मे सर्वदेति वदत्यसौ ॥ ७ ॥ (ममैव*)

'કોઈ પણ વ્યક્તિના ગુણોનો કોઈને અનુભવ થાય છે અથવા કોઈ સાધન વડે તેવા ગુણો તે સાંભળે છે, ત્યારે તે માણસનું હૃદય જો સારા ગુણ ગ્રહણ કરવાનું અભ્યાસી હોય છે તો તે (હૃદય) પીગળી જાય છે. એટલે તેમાં આર્દ્રતા આવે છે. તેમાંથી રસનિર્ઝરિણી નીકળવા લાગે છે. આપણા શરીરમાં બાહ્ય ચાર અવયવો એવા છે, કે જેમાં જળનો નિધિ ભરાયેલો છે. પણ તે અદૃશ્ય રહે છે. જ્યારે તેને પરિતાપક—ઓગાળનારનો સંબંધ થાય છે, ત્યારે તેમાંથી રસધારા પ્રવાહિત થાય છે. એવા ચાર અવયવો આ રહ્યા : આંખ, જીભ અને સ્ત્રી-પુરુષની જનનેન્દ્રિયો. આંખને ઓગાળનાર પ્રિયજનવિરહ, શારીરિક વેદના, હર્ષ, શોક આદિ ગણી શકાય. ધુમાડો કે આંખમાં કંઈ પડવું એ સામાન્ય ઓગાળનાર તત્ત્વો છે. ગળી, તીખી, ખારી અથવા જેને જે ભાવે તે વસ્તુનું સ્મરણ કે સુગંધ, કામચિન્તન આદિ જીભને ઓગાળનાર તત્ત્વો છે. સુંદર સ્ત્રી-પુરુષના દર્શન, વિષયચિન્તન, વિષય-સ્મરણ, સ્ત્રી-સ્મરણ, પુરુષ-સ્મરણ ઇત્યાદિ સ્ત્રી-પુરુષની જનનેન્દ્રિયોને ઓગાળનાર તત્ત્વો કહેવાય છે. જેમ આ ચાર અવયવો ઓગળે છે, તેમ જ અંદર રહેલું ચિત્ત પણ ઓગળનાર તત્ત્વ છે. ઓગળીને તે પાણીની માફક, આંસુની માફક કે રજ, વીર્યની પેઠે વહેતું નથી, પણ તેમાં દ્રવ થાય છે—તે પોચું બને છે. બહારનો પ્રભાવ ચિત્તપટલ પર પડ્યા જ કરે છે. જ્યારે અણગમતી વસ્તુઓનો સંસર્ગ થાય છે, ત્યારે તેમાં ક્રોધ કે દ્વેષની લાગણી ઉત્પન્ન થાય છે. તે લાગણી ચિત્તને દ્રુત નથી કરતી, ઓગાળતી નથી, પણ

*સંસ્કૃતમાં ભક્તિમીમાંસાનામનું મારો જ એક સૂત્રબદ્ધ ગ્રંથ છે. તેનું મેં જ ભાષ્ય સંસ્કૃતમાં જ રચ્યું છે. અને ત્યાં જ લખાયેલા આ બધા (આવા * ચિહ્નવાળા) શ્લોકો મારા જ છે.

તેને વધારે કટુ અને કઠોર બનાવે છે. તેથી જ ક્રોધી કે દ્વેષી માણસને આંસુ નથી આવતાં, પણ આંખો રાતી બની જાય છે. ક્રોધ એક જ્વાલા છે. તેનાથી ચિત્ત તપે છે. તે તાપની અસર દરેક ઇન્દ્રિયો ઉપર પડે છે. તે વખતે દરેકમાં કંઈ ને કંઈ વિકાર ઉત્પન્ન થાય છે. આંખો લાલચોળ થાય છે. ચિત્ત ચંચળ બને છે. બુદ્ધિ મંદ થાય છે. વિચારશક્તિ જતી રહે છે. ભૂખ અને તરસ પણ અદૃશ્ય થાય છે. જીભ સુકાય છે. જનનેન્દ્રિય સૂકી અને નિસ્તેજ બને છે. ચિત્ત પણ તે સમયે સૂકું જ રહે છે. બધી જ્ઞાનેન્દ્રિયો સંકુચિત જ રહે છે. આ રીતે અણગમતી વસ્તુઓ ચિત્તને શુષ્ક બનાવે છે, અને ગમતી વસ્તુઓ તેને દ્રુત બનાવે છે. એ દ્રુત થયેલા ચિત્તમાં તમારા પ્રિયતમના ગુણો પ્રતિબિંબિત થાય છે. ભાવપૂર્વક તેનું ફરી ફરીથી સ્મરણ કરવાથી તે પ્રતિબિંબ દૃઢ થાય છે. અને પછી તે ગુણિજનમાં લૌકિક પ્રેમ પ્રગટે છે. લૌકિક પ્રેમ એટલે ગુણિજનો ઉપર પ્રથમદર્શને સ્વાભાવિક રીતે જ પ્રેમ ઉત્પન્ન થાય છે, અને સ્વાભાવિક રીતે એટલો ને એટલો જ રહે છે. તે અને તે જ લૌકિક-પ્રેમ શનૈઃ શનૈઃ અભ્યાસ કરતાં અલૌકિક બને છે. તે દિવ્ય ગુણો માટે પોતાના હૃદયમાં ગૌરવ, માન, પ્રેમ વધારતાં તે અલૌકિક બને છે–દૈવી બને છે–અસાધારણ બને છે. પછી તે પવિત્ર મહિલાના કે તે પવિત્ર પુરુષના દર્શન માટે તીવ્ર ઉત્કંઠા ઉત્પન્ન થાય છે, અને તે વ્યક્તિની તૈલધારા-સમાન અનવરત, અવિચ્છિન્ન સ્મૃતિ રહ્યા કરે છે. અને તે સમયે તે ઉપાસકનું હૃદય વધારે દ્રુત થવા લાગે છે. તે પછી વિરહની પ્રતીતિ થાય છે, અને વિરહાગ્નિથી તપ્ત થઈ તે માણસ તે ઉપાસ્ય વ્યક્તિને ઉદ્દેશીને બોલવા લાગે છે કે 'મેં બધી એષણાઓનો ત્યાગ કર્યો છે, મારું જે કંઈ હતું તે સર્વ મેં તમારા જ ચરણે મૂકી દીધું છે–અર્પણ કર્યું છે, અને સદાને માટે મેં મારું જીવન પણ તમારા હાથમાં મૂકી દીધું છે.' આ જ છેલ્લો ભક્તિનો અવતાર. હવે સ્પષ્ટ રીતે સમજવાનું કે ભક્તિ કયા ક્રમથી માનવહૃદયમાં અવતરે છે–

(૧) ગુણાનુભવ કિંવા ગુણશ્રુતિ



(૨) ચિત્તદ્રુતિ

(૩) દ્રુત ચિત્તમાં તે ગુણોનું પ્રતિબિંબ

(૪) તે ગુણોના સ્મરણથી તે ગુણપ્રતિબિંબનું દૃઢીકરણ

(૫) લૌકિક રતિની ઉત્પત્તિ

(૬) અભ્યાસાનન્તર તેનું જ અલૌકિક રૂપમાં પરિવર્તન

(૭) દર્શનાર્થે ઉત્કંઠા

(૮) તૈલધારાવત્ અવિચ્છિન્ન સ્મૃતિ

(૯) અત્યધિક હૃદયદ્રાવ

(૧૦) વિરહાનુભવ

(૧૧) તે વ્યક્તિ વિષે સર્વસ્વભાવના

(૧૨) દેહ, મન, બુદ્ધિ અને આત્માનું ઇષ્ટને સમર્પણ. એ જ ભક્તિ.

આ ક્રમથી ભક્તિ સ્વાભાવિક રીતે માણસના હૃદયમાં ઉત્પન્ન થાય તો જ તેનું સુંદર પરિણામ આવે. પણ કોઈનું અનુકરણ કરવાથી, કે કોઈ બીજી રીતે આકર્ષાઈને, અથવા કોઈ અલ્પજ્ઞ ભગતના સંગથી ભક્તિનું (મિથ્યાભક્તિનું) બીજ ચિત્તમાં અંકુરિત થતું હોય તો તેનાથી ધારેલું પરિણામ આવી શકતું નથી. તે તો અમુક સંજોગોમાં તરત જ તૂટીને નીચે પડે છે.

જ્યારે આ ભક્તિ માનવહૃદયમાં પધારે છે ત્યારે (૧) વિષયવિરક્તિ (૨) નમ્રતા (૩) સમતા (૪) ક્ષમા (૫) દયા (૬) ઉદારતા એ છ ગુણો સહસા તે જ હૃદયમાં આવિર્ભૂત થાય છે. આ ગુણોનો આવિર્ભાવ જ ભક્તિના આગમનનો સૂચક છે. જો આ છયે ગુણ પૂર્ણરૂપમાં વિકસિત થયા ન હોય તો ભક્તિમાં ઉણપ સમજવી. એ છ ગુણોની માત્રા જેટલી ઓછી તેટલી જ ઓછી ભક્તિ, અને માત્રા જેટલી વધારે ભક્તિમાં તેટલો જ વધારે વિકાસ. પોતાના ઉપાસ્યદેવમાં જેટલી લીનતા તેટલો જ આ ગુણોનો વિકાસ સિદ્ધ થાય છે. અહીં એટલું સ્પષ્ટ જાણી લેવું જોઈએ કે ભક્તિને પ્રગટ થતાં અગિયાર સોપાન વટાવવા પડે છે. એ અગિયાર સોપાનને **સાધન**

**ભક્તિ** એ નામ આપવું જરા પણ યોગ્ય નથી. એને **ભક્તિ સાધન** કહેવું જ વધારે સારું છે. અને ભક્તિ છેલ્લું અગિયારમું સોપાન પછી જ્યારે સ્વરૂપે અવસ્થિત થાય છે ત્યારે વિષયવિરક્તિ આદિ ષડ્ગુણ સ્વયં પ્રાકટચ પામે છે.

આખું જગત આકર્ષક તત્ત્વથી ભરેલું છે. આકર્ષણ શક્તિના આધારે જ આ પૃથ્વી, ચંદ્ર, સૂર્ય, આદિ પાર્થિવ અને તૈજસ પદાર્થો સ્થિર રહી શકયા છે. સૂર્યમાં રહેલી આકર્ષણ શક્તિથી પૃથિવી ટકી રહી છે અને પૃથિવીની આકર્ષણ શક્તિથી સૂર્ય ટકી રહ્યો છે. જ્યારે આપણે ચાલીએ છીએ ત્યારે આપણો એક પગ જમીનથી અધ્ધર હોય છે અને એક પગ ભૂતલની સાથે સાથે સંશ્લિષ્ટ હોય છે. જ્યારે પગ અધ્ધર હોય છે ત્યારે આપણું શરીર બીજા પગ ઉપર જ સ્થિર રહે છે, પડી જતું નથી. કારણ કે અધ્ધર રહેલા પગને પૃથિવી પોતાની આકર્ષણ શક્તિથી પોતાની તરફ ખેંચે છે, અને તેના પરિણામે આપણું શરીર સમતોલપણે સ્થિર રહે છે. ગુરુત્વાકર્ષણના નિયમના આધારે ફળ આદિ વસ્તુઓ ખેંચાઈને પૃથિવી ઉપર જ આવે છે. એ વસ્તુ સુગમતાથી સમજાઈ જવી જોઇએ કે આખું જગત આકર્ષક તત્ત્વોથી ભરેલું છે, અને તેને લીધે જ જગત એટલે જગતના પદાર્થો સ્થિર છે.

ભક્તિ એ પણ આકર્ષણ શક્તિનો જ ફલિતાર્થ છે. તે લોકોત્તર છે અથવા લૌકિક હોવા છતાં, પરમ પવિત્ર વસ્તુ છે. દિવ્ય વિભૂતિ છે. બદ્ધ જીવોના ઉદ્ધારનું અત્યંત નમ્ર અને અત્યંત નિયત સાધન છે. હવે આપણે જોઈએ કે ભક્તિ કઈ રીતે આકર્ષણ શક્તિનો ફાલિતાર્થ છે.

જેમ જ્ઞાનની ઉત્પત્તિ તથા પરિપકવાવસ્થા માટે શ્રવણ, મનન અને નિદિધ્યાસનની પરમ આવશ્યકતા છે. તેમ ભક્તિની ઉત્પત્તિ માટે અને તેની પરિપકવાવસ્થા માટે પણ શ્રવણ, મનન અને નિદિધ્યાસનની ખૂબ આવશ્યક્તા છે. એક જિજ્ઞાસુ ગુરુના ચરણે બેસીને કંઈક શ્રવણ કરે છે. શ્રી ગુરુદેવના મુખથી તે જિજ્ઞાસુ એક દિવસ સાંભળે છે કે રાવણથી અપમાનિત



થયેલો વિભીષણ રામની સેનાશિબિરમાં આવ્યો અને બોલ્યોઃ "રાક્ષસોનો રાજા રાવણ અતિદુર્વૃત્ત છે. હું તેનો જ નાનો ભાઈ છું. વિભીષણ મારું નામ છે. તેણે જનસ્થાનમાંથી જટાયુનો વધ કરી સીતાનું હરણ કર્યું છે અને તેણે સીતાને પરાધીન બનાવી રાક્ષસીઓની વચ્ચે રાખી છે. સીતાને રામ પાસે પાછી પહોંચાડવા માટે તેને હું સમજાવી સમજાવીને થાકયો પણ તેણે મારી વાત પર ધ્યાન આપ્યું નહિ અને જેમ દાસનું અપમાન કરવામાં આવે છે તેમ તેણે મારું અપમાન કર્યું છે, તેથી હું મારા પુત્ર-કલત્રને ત્યજીને શ્રી રાઘવના શરણે આવ્યો છું. સર્વને શરણ આપનાર મહાપુરુષ શ્રીરામને જાણ કરાવો કે વિભીષણ આવીને બહાર ઊભો છે."

શ્રીરામને તેના આગમનના સમાચાર આપવામાં આવ્યા. બધા મંત્રીઓએ વિભીષણથી સાવધ રહેવાની રામને સલાહ આપી. શ્રીરામ તેને દર્શન દે એવી કોઈની ઇચ્છા ન હતી. કેવળ હનુમાનની સંમતિ તેમનાથી જુદી હતી. બધાના વચન સાંભળી શ્રીરામ બોલ્યા :–

एवं दोषो महानत्र प्रपन्नानामरक्षणे ।
अस्वर्ग्यं चायशस्यं च बलवीर्यविनाशनम् ॥
सकृदेव प्रपन्नाय तवास्मीति च याचते ।
अभयं सर्वभूतेभ्यो ददाम्येतद्व्रतं मम ॥
आनयैनं हरिश्रेष्ठ दत्तमस्याभयं मया ।
विभीषणो वा सुग्रीव यदि वा रावणः स्वयम् ॥

"શરણાગતની રક્ષા ન કરવામાં ભારે દોષ રહેલો છે. સ્વર્ગનો અધિકાર જતો રહે છે, અપકીર્તિ થાય છે અને બળ તથા વીર્યનો નાશ થાય છે. "હું તારો છું" એમ જો કોઈ મારી આગળ એક વાર પણ બોલી જાય તો હું તેને સર્વથા નિર્ભય બનાવું છું, પછી તે નર હોય કે સુર અથવા અસુર; પશુ હોય કે પક્ષી. માટે હે સુગ્રીવ, હું વિભીષણને અભયદાન આપું છું. તેને

લઈ આવો. જો સ્વયં રાવણ પણ મારા શરણે આવે તો હું તેને પણ ક્ષમા આપું."

આ સાંભળ્યા પછી તે જિજ્ઞાસુએ મનન આરંભ્યું. તેને લાગ્યું કે રાવણ જેવા મહાન અપરાધીને પણ જે ક્ષમા આપી શકે છે, શરણાગતનું રક્ષણ કરી શકે છે, તેને અવશ્ય મેળવવો. રામની ગુણશ્રુતિ એ તે જિજ્ઞાસુના મનમાં રામદર્શનની આતુરતાની લહરીઓ ઉત્પન્ન કરી. રામના ગુણમાં એક આકર્ષણ શક્તિ છે. જે જગતના અસંખ્ય જીવોને પોતાના તરફ ખેંચી રહી છે.

જે સમયે લંકાસમરમાં લક્ષ્મણની મૂર્છા જોઈ રામ વિહ્વળ બન્યા ત્યારે તેમના મુખમાંથી આ શબ્દો સરી પડ્યા–

विजयोपि हि मे शूर न प्रियायोपकल्पते ।
अचक्षुर्विषयश्चन्द्रः कां प्रीतिं जनयिष्यति ॥
किं मे युद्धेन किं प्राणैर्युद्धकार्यं न विद्यते ।
यत्रायं निहतः शेते रणमूर्धनि लक्ष्मणः ॥
देशे देशे कलत्राणि देशे देशे च बान्धवाः ।
तं तु देशं न पश्यामि यत्र भ्राता सहोदरः ॥

"મહાવીર લક્ષ્મણ, હવે જો વિજય પ્રાપ્ત થાય તો પણ મને કશો આનંદ થવાનો નથી. આંધળાને ચંદ્રનો શો આનંદ! અહીં જ્યારે મારો ભાઈ રણના મોખરે મરાયેલો સુતો છે ત્યારે મારે યુદ્ધનું શું પ્રયોજન ? હું જીવીને પણ શું કરીશ ? જ્યાં જઇએ ત્યાં સ્ત્રી તો મળી શકશે, બીજા કુટું-બીઓ પણ મળી શકશે પણ "मिले न जगत सहोदर भ्राता" સગો ભાઈ મળે એવો કોઈ દેશને હું જાણતો નથી" ત્યારે આખું બ્રહ્માંડ ધ્રૂજી ઊઠયું. ભાઈ માટે આટલું વાત્સલ્ય બતાવનાર રામ પાછળ સંસાર ગાંડો બની ગયો.

હનુમાન શ્રી સીતાના દર્શન કરી લંકાથી પાછા ફર્યા. રામને સીતાના



સમાચાર આપ્યા. તેમનું હૃદય હનુમાને કરેલ ઉપકારના સ્મરણથી ભરાઈ આવ્યું. "कदाचिदुपकारेण कृतेनैकेन तुष्यति।" ઉપકાર કરનાર સાથે અધમ વ્યવહાર કરે તેવા કૃતઘ્ન અધમ માનવો જેવા રામ ન હતા. એક સામાન્ય ઉપકાર પણ રામને ઋણી બનાવા માટે પૂરતો હતો. રામનો એવો સ્વભાવ હતો. જે કોઈથી ન થઈ શકયું તે હનુમાને કર્યું હતું. હનુમાનનું તે કાર્ય તો રામને પ્રાણદાન-સમાન હતું. રામ બોલી ઊઠયા—

इदं तु मम दीनस्य मनो भूयः प्रकर्षति ।
यदि हास्य प्रियाख्यातुर्न कुर्मि सदृशं प्रियम् ॥

"હું આજે દીન છું. દરિદ્ર છું. હનુમાનને પારિતોષિક રૂપે આપવાની એકે વસ્તુ મારી પાસે આજે નથી, છતાં મારું મન અકળાય છે. પ્રિયસ-માચાર લાવનાર આ હનુમાનનો સત્કાર મારે કોઈ પણ રીતે કરવો જ જોઈએ. કઈ રીતે તે પોતાના મનોરથને પૂર્ણ કરે તે તેમને સમજાતું ન હતું. છેવટે વિચાર આવ્યો કે ભલે મારી પાસે વૈભવ નથી, પણ તેથી શું ? મારા આ દુઃખના દિવસોમાં, દરિદ્રતાના દિવસોમાં પણ મારી પાસે જે વસ્તુ રહેલી છે,તે પ્રેમાલિંગન છે. શા માટે હું હનુમાનને તે ભેટ ન ધરું ?

"इत्युक्त्वा प्रीतिहृष्टाङ्गो रामस्तं परिषस्वजे ।"

રામે વાનરોની વચ્ચે ઊભા થઈ હનુમાનને છાતીએ ચાંપ્યા. આખું ભક્ત-જગત ઉન્મત્ત બની ગયું. રામ બધાંના હૃદયમાં ને જીભ પર આવી વસ્યા.

કોઈના ગુણશ્રવણથી પવિત્રાત્મા તેના તરફ આકર્ષાય છે. તે સમયે જિજ્ઞાસુના હૃદયમાં તેના માટે પ્રેમની એક રશ્મિ પ્રગટે છે. ગુણ બધાંના હૃદયને દ્રુત બનાવી દે છે. ગુણનો એ સ્વભાવ છે.

"न ते गुणा गुणाः सन्ति यैर्द्रुतिर्नोपजायते ।" (मम)

"જે ગુણો બીજાના ચિત્તને આર્દ્ર બનાવી દેતા નથી, તે વસ્તુતઃ ગુણ જ હોતા નથી." ગુણોને પરખવા માટે પવિત્ર મન અને પવિત્ર દૃષ્ટિની

સૌ કરતાં વધારે આવશ્યકતા છે. હીરાની કણીઓ અને કાચના ટુકડાઓ ધૂળમાં રહી શકે છે. ઝવેરી જ હીરાની કણીને ઓળખી તેનું મૂલ્યાંકન કરી શકે છે. જે સમયે ઝવેરી હીરાની કણીનું મૂલ્યાંકન કરતો હોય તે જ સમયે હીરાને ન ઓળખનાર અજ્ઞાની તે ઝવેરીની હાંસી પણ કરી શકે છે. ગુણોની ઓળખ અઘરી વસ્તુ છે. એ કાર્યમાં સફળ થવાનું સૌભાગ્ય દરેકને પ્રાપ્ત થતું નથી. ગંગાને કાંઠે જ બેઠેલો આંધળો તરસે મરી જાય છે. પગ નીચે જ મોતી હોવા છતાં પણ અજ્ઞ તેનો અલંકાર બનાવી શકતો નથી. કૃષ્ણ અને અર્જુન ઘણો વખત સાથે રહેતા, સાથે જ જમતા. બીજા કાર્યો પણ સાથે જ કરતા. અર્જુન અહર્નિશ કૃષ્ણના દર્શન કરતો, છતાં તેનામાં કૃષ્ણની અલૌકિકતાનું ભાન થયું ન હતું. તે જગતમાં રહેવા છતાં જગતની બહાર છે એ તે તેમના માટે જાણતો ન હતો; કારણ કે અર્જુન અને કૃષ્ણના આચારવિચાર ને વ્યવહારમાં કોઈ પ્રકારનું અંતર જણાતું ન હતું. ખાવું, પીવું, હસવું, બોલવું, રમવું બધું તો સામાન્ય મનુષ્યની જેમ જ થતું હતું. એવું કોઈ સાધન ઉપલબ્ધ ન હતું, જેનાથી કૃષ્ણને સામાન્ય માણસથી જુદા પાડી શકાય. કૃષ્ણના જ્ઞાન ચાતુર્ય આદિનો પ્રભાવ અર્જુન ઉપર ખૂબ હતો, પણ એ તો બીજી વસ્તુ છે.

## દશમો પરિચ્છેદ

### ભક્તિનું મૂલ સ્રોત

ભક્તિ પોતે મહાપવિત્ર વસ્તુ છે. તેનું સ્રોત પણ એટલું જ પવિત્ર હોવું જોઈએ. તેનું સ્રોત છે પ્રેમ. સામાન્ય પ્રેમ પણ, સાધારણ પ્રેમ પણ, જો સ્થિર રહી શકે તો તે જ અસાધારણ રૂપમાં પ્રગટ થાય. ભક્તિ પ્રેમનું જ અસાધારણ રૂપ છે. ગુણદર્શન ગુણગ્રાહીના ચિત્તમાં જે કંઈ પ્રથમ ભાવ ઉત્પન્ન કરે છે કે કરાવી શકે છે તે પ્રેમ જ છે. જે ગુણોનું દર્શન પ્રેમને પ્રગટાવે છે તેમાંના થોડા આ રહ્યા :

કરુણા, વાત્સલ્ય ગાંભીર્ય, મનમાં સત્ય, વચનમાં સત્ય, ક્રિયામાં સત્ય, અગાધ જ્ઞાન, મહતી ક્ષમા, શૌર્ય, લોકોત્તર શાંતિ, નિર્ભયતા, ઔદાર્ય, સરળતા, સદા પ્રસન્નતા, નિરભિમાન સ્થિતિ, સમદૃષ્ટિ, સહિષ્ણુતા, સંતોષ, સાર્વભૌમ પ્રેમ, પરદુઃખથી ચિત્તની આર્દ્રતા, પરસુખ સંપાદનમાં અથક અને અકથ પ્રયાસ, નિઃસ્વાર્થ સેવા, કૃતજ્ઞતા, દાર્ઢ્ય, ધૈર્ય, અચપળતા આદર્શબ્રહ્મચર્ય ઇત્યાદિ.

પ્રેમના આધાર બે હોય છે: સમવયસ્ક અને ગુરુજન. સમવયસ્ક સાથેનો પ્રેમ સદા પ્રેમ જ રહે છે, પણ ગુરુજન ઉપરનો પ્રેમ ભક્તિના નામે ઓળખાય છે. જેમ મેઘબિંદુ પૃથ્વી ઉપર કે કોઈ પાત્રમાં પડીને જળ જ રહે છે, પણ તે જ સમુદ્રની શુક્તિમાં પડીને અમૂલ્ય કે બહુમૂલ્ય મુક્તાના રૂપમાં પરિણિત થાય છે, તેમ સમવયસ્કનો પ્રેમ પ્રેમસ્વરૂપે જ અવસ્થિત રહે છે અને ગુરુજન માટે ઉદ્ભવેલો પ્રેમ દિન પ્રતિદિન નિયતક્રમથી વધતો જાય છે, અને છેવટે ભક્તિના નામે પ્રસિદ્ધ થાય છે. એક વિષ્ણુભક્ત આચાર્ય કહે છે–

> या प्रीतिरस्ति विषयेष्वविवेकभाजां,
> सैवाच्युते भवति भक्तिपदाभिधेया ।

સામાન્ય માણસ ઇન્દ્રિયોના વિષયોમાં પ્રેમ રાખે છે. વિષયોના જ ચરણે તે પોતાને અર્પણ કરી દે છે. જ્યાં સુધી તેને વિવેક પ્રાપ્ત થયો નથી, તેનામાં વિચારશક્તિ જાગરિત થઈ નથી, ત્યાં સુધી તે, તે જ વૈષયિક પ્રેમમાં તલ્લીન રહે છે. જ્યારે કોઈ સદ્ગુરુના ઉપદેશથી અથવા પૂર્વજન્મના સારા સંસ્કારોથી તેની અંતર્દષ્ટિ ઊઘડે છે, જ્ઞાનદીપ સળગે છે, ત્યારે તેને ગઈકાલના પ્રીતિપાત્ર વિષયો વિષવત્ પ્રતીત થવા લાગે છે, અને ત્યારે તે ભગવત્-સંમુખ થાય છે. પ્રેમ કરતાં તો તેને આવડતો જ હતો, પણ પ્રવાહની દિશા બદલાય છે. વિષયોન્મુખ પ્રેમપ્રવાહ હવે ભગવદુન્મુખ થયો. એનું જ નામ ભક્તિપ્રવણતા.

તુલસીદાસની પત્ની પોતાના પિયર ગઈ. પત્નીના પ્રેમબંધને બંધાયેલા તુલસીદાસ તેનો વિરહ સહન ન કરી શકવાથી તેની પાછળ તેના પિયર ગયા. ઘરનું બારણું બંધ હોવાથી પ્રેમોન્મત્ત દશામાં બહાર લટકતા સર્પને દોરડું સમજી, તેને પકડી, છાપરા પર ચઢી ઘરમાં ઊતર્યા. તેમની પ્રિયતમા સ્ત્રીને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેણે પોતાના પતિને ભાવપૂર્ણ ભાષામાં કહ્યું—

"अस्थि-चर्म-मय देह आ, तामों जैसी प्रीति ।
होती जो ते राम महं, होति न तो भवभीति ॥

આ મારું શરીર હાડકાં અને ચામડાનું બનેલું છે. આજે છે તે કાલે કદાચ ન પણ રહે. આજે તમને એ પ્રિય લાગે છે, કારણ કે એ જુવાન છે, નીરોગી છે, સ્વચ્છ છે, નિર્ગંધ છે અને અલંકૃત છે. પણ આવતીકાલે જ્યારે એ ઘરડું થઈ જશે, એમાં કોઈ ચિરસ્થાયી રોગ આવશે, મલિન બનશે, દારિદ્ર્યને લીધે અલંકૃત થવાનું એના ભાગ્યમાંથી ભૂંસાઈ જશે, ત્યારે એને જોઈ તમને ગ્લાનિ થશે. તે સમયે તમે મને પ્રેમ નહિ કરો. મારા પાસે ઊભા રહેવું પણ તમને ગમશે નહિ, અને જ્યારે હું તમારી હાજરી



ઇચ્છીશ ત્યારે તમે મારી પાસે ય નહિ આવો, આજે તમને ભર્તૃહરિની આ ઉક્તિમાં આસ્થા જણાય છે કે—

आवासः क्रियतां गाङ्गे पापहारिणि वारिणि ।
स्तनद्वये तरुण्या वा मनोहारिणि हारिणि ॥

આજે તમને મારી છાતીની આ બે માંસગ્રન્થિઓ મનોહર લાગે છે, પણ કાલે જ્યારે એ શુષ્ક બનશે ત્યારે તમને એ જરૂર સ્મરણ થશે કે—

आलिङ्गनं लम्बपयोधराणां स्त्रीणां च दुःखं त्रयमेव भूमौ"

અને તે સમયે તમને મારું આલિંગન દુઃખરૂપ જણાશે. આજે મારું પ્રસન્ન મુખ તમને દ્રષ્ટવ્ય લાગે છે, મારા મુખનો વાયુ ઘ્રાતવ્ય લાગે છે, મારી વાણી તમને શ્રોતવ્ય લાગે છે, મારા ઓષ્ઠ-પલ્લવનો રસ તમને આજે આસ્વાદ્ય લાગે છે, મારો આ યુવા દેહ તમને સ્પૃશ્ય લાગે છે, મારું નવયૌવન જ તમને ધ્યાતવ્ય લાગે છે, પણ કાલે તમે જ કહેવાના કે—

मधु तिष्ठति वाचि योषितां
हृदि हालाहलमेव केवलम् ॥

સ્ત્રીઓની વાણીમાં જ અમૃત હોય છે. પણ તેમનું હૃદય તો હલાહલ વિષથી ભરેલું હોય છે.

કાલે તમે જ—

इयं बाला मां प्रत्यनवरतमिन्दीवरदल-
प्रभाचोरं चक्षुः क्षिपति किमभिप्रेतमनया ।
गतो मोहोऽस्माकं स्मरशबरबाणव्यतिकर-
ज्वरज्वाला शान्ता तदपि न वराकी विरमति ॥

એમ બોલી બોલીને મને ગાળો કાઢશો. માટે જો એ પ્રેમ તમે રામમાં કર્યો હોત તો આ જન્મ-મરણની બીકમાંથી છૂટી ગયા હોત." કહેવાય છે કે તુલસીદાસજી તરત જ ત્યાંથી પાછા ફર્યા. સ્ત્રીનો ત્યાગ કર્યો. વિષય-

વિમુખ બન્યા, અને મસ્ત થઈને ગાવા લાગ્યા—

"जो पै रहनि रामसों नाहीं।
तो नर खर कूकर सूकर सम बादि जियत जग माहीं॥"

આ રીતે પ્રેમનો પ્રવાહ ભક્તિનું રૂપ ધારણ કરે છે. તુલસીદાસની પત્ની જેવી બધી પત્નીઓ તો ન જ હોઈ શકે. તે તો પત્નીના રૂપમાં સાચા ગુરુ હતાં. તેણે પોતાના પતિનું કલ્યાણ સાધ્યું. તે જ સ્ત્રી ખરી પતિવ્રતા જે વિષયોન્મુખ અને સ્વકર્તવ્યવિમુખ પતિને વિષયોથી દૂર કરી કર્તવ્યનું ભાન કરાવે. તુલસીદાસની જ ભાષામાં કહું તો—

"बनिता विनीत...
जाने, बिनु जाने, कै रिसाने, केलि कबहुंक,
सिवहिं चढाये ह्वै हैं बेलके पतौवा द्वै।"

"જેણે જાણ્યેઅજાણ્યે, રીસમાં કે રમતમાં શંકર ઉપર કદી બીલીનાં બે પાંદડાં ચઢાવ્યાં હશે, તેને જ આવી વિનીત પત્ની મળી શકે."

આ રીતે સમજાશે કે સામાન્ય પ્રેમ જ વિશિષ્ટ દશામાં પહોંચીને ભક્તિ બની જાય છે. પણ એ સામાન્ય પ્રેમ કામવાસના-વિનિર્મુક્ત હોવો જોઈએ. એમાં કોઈ પ્રકારનો સ્વાર્થ ન હોવો જોઈએ. આનન્દ એ પરમાત્માનું સ્વરૂપ છે. પ્રેમ આનન્દનો હેતુ છે. પ્રેમજન્ય આનન્દ આપણને સ્વરૂપાનન્દ પાસે લઈ જાય છે. સ્વરૂપાનન્દ પાસે પહોંચતાં વચમાં ભક્તિ મળે છે. પ્રેમરૂપ સરિતા આ ભક્તિ-ભાગીરથીમાં સમાઈ જાય છે. અને ભક્તિ આપણને અખંડાનન્દમાં સમાવી દઈ પોતે પણ ત્યાં જ વિલીન થઈ જાય છે.

# અગિયારમો પરિચ્છેદ

## ભક્તિનાં સાધનો

સામાન્યરીતે બધા પદાર્થોના બે ભાગ પાડી શકાય છે: (૧) આન્તર અને (૨) બાહ્ય. જેનો સંબંધ અંતઃકરણ કે તેની વૃત્તિઓ સાથે હોય છે, તે આન્તર પદાર્થ કહેવાય છે. પદાર્થ એટલે વસ્તુ–તત્ત્વ. જેનો સંબંધ અંતઃકરણની સાથોસાથ બાહ્ય કરણો સાથે વધારે હોય, તે બાહ્ય પદાર્થ કે બાહ્ય વસ્તુ કે બાહ્ય તત્ત્વ કહેવાય છે. ભક્તિ બાહ્ય તત્ત્વ નથી, પણ આન્તર–આભ્યન્તરિક તત્ત્વ છે. તેથી તેના સાધનો પણ આન્તરિક જ હોય. કેટલાંક સાધનો બાહ્ય પણ હોઈ શકે છે, પરન્તુ તે ગૌણ સાધન જ હશે. તમે પાછળ શીખી આવ્યા છો કે ભક્તિ એટલે સર્વસ્વાર્પણપૂર્વક આત્મનિવેદન. પોતાની ગણાતી વસ્તુ—જેમાં મન અને બુદ્ધિનો પણ સમાવેશ થઈ જાય છે—અને પોતાનો આત્મા ઇષ્ટ દેવના ચરણે મૂકી દેવા એનું નામ ભક્તિ. આ અત્યંત અઘરું છે. કેવળ વાણીથી કહેતાં લોકોને આવડે છે કે મારી બધી વસ્તુઓ ભગવાનની છે. કોઈને તેના પુત્ર તરફ આંગળી ચીંધીને પુછાય કે 'આ છોકરો તમારો છે?' તો ઉત્તર મળશે કે 'ભગવાનનો છે.' એક સારા બંગલા માટે પૂછીએ કે 'આ બંગલો તમારો છે?' તો તે જવાબ મળશે કે 'ભગવાનનો છે.' આ રીતે વાચિક અર્પણ તો લગભગ બધાં ય રોજ કર્યા જ કરે છે. પણ એ અર્પણ તદ્દન નિરર્થક છે. એમાં આત્મવંચના રહેલી છે. પ્રભુ તો છેતરાતો નથી, નહિ તો તેની વંચના કરવા માટે પણ એ વાગ્જાળ કહેવાય. અસ્તુ, સર્વસ્વનું અર્પણ જેમ કઠિન કાર્ય છે, તેવી જ રીતે પોતાનું અર્પણ પણ કઠિનતમ કાર્ય છે. સર્વસ્વ–અર્પણનું તાત્પર્ય એ છે કે પોતાની સંપત્તિ, શક્તિ, મહત્ત્વ એ બધાંનો ઉપયોગ પોતાના સ્વાર્થ માટે તદ્દન ઓછો પણ પરોપકાર માટે સર્વથા, ઉપયોગ કરવો. એક માણસ પાસે અઢળક ધન છે. તે મોટર, ગાડી, નાટક-

સિનેમા, વિશિષ્ટ ભોજન, ભભકાદાર પોષાક, અને અન્ય સુખ-સગવડ આ સંપત્તિથી પ્રાપ્ત કરે છે, અને તેનો ઉપયોગ કેવળ પોતાના માટે, પોતાના કુટુંબ માટે અને કદીક પોતાના કોઈક મિત્ર માટે કરે છે. એ યોગ્ય ઉપયોગ નથી. એમાં ચોરી રહેલી છે. ભગવાન કૃષ્ણે ગીતામાં કહ્યું છે કે:—

"भुञ्जते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात्"

જે કેવળ પોતાના ઉપયોગ માટે જ પોતાની સંપત્તિ વાપરે છે તે તો કેવળ પાપ જ આદરે છે. તેની આ ક્રિયા તેને નરક તરફ લઈ જનારી છે. જ્યાં સુધી સર્વસ્વ-અર્પણની પૂર્ણ ભાવના અને યોગ્યતા માણસમાં આવે નહિ, જ્યાંસુધી આત્મનિવેદનની સાચી પદ્ધતિ માણસ જાણે નહિ, ત્યાંસુધી ભક્તિમાર્ગમાં પગ પણ મૂકવાની સ્થિતિમાં નહિ હશે. જો એ પવિત્ર વસ્તુના દર્શનની લાલસા હૃદયમાં જાગેલી જ હોય, જો એ પરમપવિત્ર મા જેવી ભક્તિના ખોળામાં માથું મૂકવાનો અભિલાષ ઉત્પન્ન થએલો જ હોય, જો એ ભક્તિના સૌંદર્યનો ઉપભોગ કરવાની તૃષ્ણા અંકુરિત થએલી જ હોય તો મનુષ્યે તેનાં સાધનો તરફ જવું જ જોઈએ. સાધન વિના સાધ્યની પ્રાપ્તિ તદ્દન અશક્ય જ રહે. "હું તારો જ છું" એ અયોગ-વ્યવચ્છેદથી પોતાના ઇષ્ટને સમર્પણ કરવા માટે જે સાધનો ભક્તને સશક્ત બનાવે છે તે અષ્ટાંગ યોગ છે.

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ એ યોગના આઠ અંગો છે. પણ ભક્તિયોગના એ આઠ સાધનો છે. એ આઠે સાધનો સમજાવવા માટે હું અહીં પતંજલિના યોગદર્શનનો ઉપયોગ કરીશ.

(૧) **યમ**—અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ યમ કહેવાય છે. એ પાંચેનું વિવરણ આ રીતે છે.

**અહિંસા**—પશુ, પક્ષી, કીટ, પતંગ આદિ સાથે કે કોઈ મનુષ્ય સાથે કોઈ રીતે કદી પણ દ્રોહ ન કરવો તે **અહિંસા** કહેવાય છે. જાણ્યે



અજાણ્યે કોઇનું બૂરું કરવું, કોઈની નિન્દા કરવી, કોઇને હલકા પાડવાનો પ્રયાસ કરવો, કોઈએ કરેલા નાના કે મોટા ઉપકારો અને સેવાઓ ભૂલી જવી, કે ભુલાવી દેવી, કોઈ માટે મસરકા બોલવા એ બધી હિંસા છે. એનો સદંતર ત્યાગ, તે પણ **અહિંસા** કહેવાય છે. કોઈ પાસે પરાણે કોઈ કામ કરાવવું, કોઈને બજારભાવ કરતાં ઓછી મજૂરી આપી કામ કરાવવું, કોઇનું અપમાન કરવું, કોઈની પ્રતિષ્ઠા ન સાચવવી, અને કોઈને અગવડમાં મૂકી દેવો આ બધી ક્રિયાઓ પણ હિંસા છે. એનો ત્યાગ તે અહિંસા. કોઈ કોઈને પોતે જાતે નુકશાન ન કરે પણ તેમ કરવા બીજાને પ્રેરણા કરે —તે પ્રેરણા વાણીથી હોય, કે સંકેતથી હોય કે ધનદાનથી હોય કે બીજી રીતે હોય—એ પણ હિંસા જ છે આવી હિંસામાં તે પ્રેરક અને પ્રેર્ય બન્ને જ પાપભાજન બને છે. માટે એનો પણ ત્યાગ તે અહિંસા.

પરબ્રહ્મીભૂત મહાત્મા ગાંધીજી કહે છે :—

कुविचारस्त्वरा मिथ्याभाषणं द्वेषणं तथा ।
परेष्टसंजिहीर्षा च हिंसैव परिकीर्तिता ॥

નિકૃષ્ટ વિચારો સેવવા એ પણ હિંસા જ છે. નિકૃષ્ટ વિચાર કોને કહેવાય તે આપણે જોઈએ. "નવરો માણસ નખોદ વાળે" જે માણસ કામનાં ઢગલાની વચમાં દટાયેલો રહેતો નથી તેનું મન ચંચલ હોય છે, ફર્યા કરે છે. તેનાં મસ્તકમાં જાત જાતના વિચારો ભમ્યા કરે છે. તે નવરી વ્યક્તિ જો સ્ત્રી હશે તો પર-પુરુષનો વિચાર કર્યા કરશે, અને જો તે પુરુષ હશે તો પારકી સ્ત્રીના વિચાર-વમળમાં અટવાયા કરશે; અદેખાઈની લીલી વાડી તૈયાર કરશે. તેને કોઇનો વૈભવ ગમશે નહિ, બીજાની ઉન્નતિ તેને માટે હલાહલ વિષ જ હોય, જેને તે પોતાનો શત્રુ માનતો હશે, તે ભલે ડાહ્યો, સમજુ અને સાચો હશે છતાં તેને કઈ રીતે પજવવું તે વિચાર્યા કરશે, અને જેને તે મિત્ર માનતો હશે, તે પછી ભલે અયોગ્ય અને મૂર્ખ હશે તો પણ તેને કઈ રીતે રીઝવવો અને તેની પ્રતિષ્ઠા વધારવી, તેની એવી દાંભિક વૃત્તિઓનો

ઘટમાળા ચાલ્યા જ કરશે. આવા વિચારો નિકૃષ્ટ વિચારો કહેવાય છે. તે પણ હિંસા જ છે. આ હિંસારૂપ તલવારની બે ધારો છે. એકથી તે પોતનાં મૂળનું નિકૃંતન કરે છે; અને બીજી ધાર વડે તે બીજાંનું મૂળ કાપવાનો વિચાર સેવે છે. વિચાર સેવતાં જ તે પોતાનું જ અનિષ્ટ સંપાદન કરે છે. કારણ કે તેનો તે વિચાર કાર્યરૂપમાં પરિણત થશે કે કેમ અને થશે તો ક્યારે, તે અનિશ્ચિત જ હોય છે. ત્યારે તે હજુ સુધી તે પોતાના વિચારોનું કંઈ પણ પરિણામ શત્રુ પર પેદા કરી શક્યો નથી પણ ઉલ્ટાનું તેટલા સમયમાં તેની માનસિક વૃત્તિઓને એટલી તો મેલી બનાવી મૂકે છે કે તેના પાસે બેસવાની યે ઇચ્છા થતી નથી.

મહાત્મા ગાંધીજી કહે છે કે ત્વરા કરવી એટલે કોઈ કાર્યમાં ઉતાવળ કરવી એ પણ હિંસા જ છે. કોઈ પણ કાર્ય કરતાં પહેલાં માણસે પૂર્વાપરનો ખૂબ વિચાર કરવો જોઈએ. હાનિ અને લાભનો ચોક્કસ નિર્ણય કરવો જોઈએ. પાપ અને પુણ્યનું પણ બરાબર માપ કાઢવું જોઈએ. એમ કર્યા વગર જે સહસા કાર્ય કરી નાંખે છે તે પાછળથી પશ્ચાત્તાપ કરે છે. ચક્રવર્તી મહારાજ અશોકના ઇતિહાસાં ત્વરાની એક કાળી કથા આલેખાયેલી છે. કુણાલ અશોકનો પુત્ર હતો. કંચના કુણાલની પત્ની હતી. આ બન્ને અશોકને પ્રાણ કરતાં પણ વધારે પ્રિય હતાં. કુણાલને એક સાવકી મા હતી. તિષ્યરક્ષિતા તેનું નામ હતું. કોઈક કારણસર તે કુણાલ પર ક્રોધે ભરાયેલી અને કોઈ પણ હિસાબે તેની આંખો ફોડાવી નંખાવવા પ્રપંચમાં પડેલી. કુણાલ વીર અને બુદ્ધિશાળી હતો. તક્ષશિલાની પ્રજા એક વાર રાજવિદ્રોહમાં પડી. અશોકે વિદ્રોહ-દબાવવા કુણાલને તક્ષશિલા જવા આજ્ઞા કરી. પિતૃભક્ત કુણાલ ત્યાં ગયો. કંચના પણ ત્યાં ગઈ; તેણે ત્યાં વિદ્રોહ દાબી દીધો. તથા ત્યાં જ રહી પંજાબનું શાસન ચલાવવા લાગ્યો.

કુણાલની અનુપસ્થિતિમાં અશોક માંદો પડ્યો. તેના પેટમાં જીવડાં પડ્યાં. પેટ તથા માથું અસહ્ય પીડાનાં ઘર બન્યાં, બધા વૈદ્યો ઉપાય



કરી થાક્યા, પણ કોઈની કારી સફળ ન થઇ. તિષ્યરક્ષિતા અશોકને વ્યાધિમુક્ત કરવાની ચિંતામાં પડી. તેણે તેવા જ રોગથી પીડાતા બીજા દરદીની શોધ કરવા માંડી. તેવો એક દરદી તેને મળી ગયો. તે દરદીનું પેટ ફડાવી નંખાયું. આંતરડામાંથી રોગનાં જીવડાં બહાર કાઢ્યાં. આ જીવડાં મારવાં રાણીએ અનેક ઔષધોનો પ્રયોગ કરી જોયો. પણ એક્કે ઔષધ સફળ નિવડ્યું નહિ. છેલ્લે તે જીવડાં ઉપર લસણના આસવનો તેણે પ્રયોગ કર્યો. આસવમાં પડતાં બધાં જીવડાં મરી ગયાં. તેનો આ પ્રયોગ સફળ થયો. તે જીવડાં મારવાનું ઔષધ તેના હાથમાં આવી ગયું અને બોલી કે જો હું તમને રોગ મુક્ત કરૂં તો તમે મને શું આપશો ? અશોકે પ્રેમપૂર્ણ અને વિશ્વાસપૂર્ણ હૃદયે બોલ્યો કે "હું તો તારો જ છું. આ સામ્રાજ્ય પણ તારું જ છે. પછી તારે બીજું શું જોઇએ છે?" તિષ્યરક્ષિતાએ જવાબ આપ્યો, "તમારી રાજમહોર મને એક દિવસ માટે આપો." અશોકે તરત હા પાડી. લસણના પ્રયોગથી અશોક સાજો થઇ ગયો. તિષ્યરક્ષિતાએ તક્ષશિલાના કર્મચારી ઉપર એક આજ્ઞાપત્ર લખ્યો: "આજ્ઞાપત્ર મલતાંની સાથે જ કુણાલને આંધળો બનાવી તેને અને તેની પત્નીને રાજ્યની હદ બહાર કાઢી મૂકવો." અને તેના ઉપર રાજમહોર મારી. આવો આજ્ઞાપત્ર જોઇ કર્મચારીને તેમા કંઈક સંદેહ થયો. પોતાની સંદેહ-નિવૃત્તિ માટે તેણે મહારાજા અશોકને એક પત્ર લખ્યો. શાસકે આજ્ઞાપત્ર કુણાલને પણ વંચાવ્યો અને પોતે લખેલા પત્રની પણ વાત કહી. પિતૃભક્ત કુણાલે રાજમહોર ઓળખી શાસકને કહ્યું કે રાજાજ્ઞાનું પાલન થવું જ જોઈએ. શાસકે કહ્યું કે આ કાર્ય મારાથી થઈ શકે તેમ નથી. કુણાલે કહ્યું, "જો તમે રાજાજ્ઞાનું પાલન નહિ કરો તો તે રાજચિહ્નનું અપમાન થશે. અને તે અપમાન હું સહન કરી લઈશ નહિ. હું મારા પિતાની આગળ અને રાજાની આજ્ઞા આગળ માથું નમાવું છું" અનિચ્છાએ પણ શાસકે રાજાજ્ઞા પ્રમાણે કુણાલની આંખો ફોડાવી નાંખી. પછી તે અને તેની પત્ની રાજ્યની હદ બહાર ચાલ્યા ગયાં. આ બહુ કરુણ

ઘટના છે. છતાં ઉતાવળમાં થતાં અનિષ્ટનું સુંદર દૃષ્ટાંત છે. જો અશોકે પૂર્વાપરનો વિચાર કરી તિષ્યરક્ષિતાને રાજ્યમહોર આપી ન હોત ને કુણાલે પિતૃભક્તિને વશ થઈ ત્વરાથી પિતાની આજ્ઞા સમક્ષ માથું ઝુકાવ્યું ન હોત તો કુણાલ પ્રજા માટે વધારે ઉપયોગી નિવડત.

મહાત્મા ગાંધીજી મિથ્યા ભાષણને, પરદ્વેષને, અને પારકાના હિતને હાનિ પહોંચાડવાને હિંસા જ ગણે છે. આ બધાનો ત્યાગ એ અહિંસા. અહિંસાનો વિચાર સૂક્ષ્મ છે. આ માર્ગમાં ખૂબ સાવધ રહીને જ પગ મુકવાનો છે.

**સત્યઃ**—વ્યાસજી કહે છે કે, "सत्यं यथार्थे वाङ्मनसे" મન યથાર્થ રીતે વિચારે અને વાણી યથાર્થ રીતે બોલે એનું નામ સત્ય. જેમ જોયું હોય જેમ સાંભળ્યું હોય, તેમ જ મનથી વિચારવું અને તે જ પ્રમાણે બોલવું તે સત્ય કહેવાય છે. પાતંજલ દર્શનના ભાષ્યકાર શ્રી વ્યાસજી સત્યની વ્યાખ્યા કરતાં લખે છે કે—

'परत्र स्वबोधसंक्रान्तये वागुक्ता सा यदि न वञ्चिता भ्रान्ता वा प्रतिपत्तिबन्ध्या वा भवेदिति (तदा) एषा सर्वभूतोपकारार्थं प्रवृत्ता न भूतोपघाताय। यदि चैवमप्यभिधीयमाना भूतोपघातपरैव स्यात न सत्यं भवेत्। पापमेव भवेत्। तेन पुण्याभासेन पुण्यप्रतिरूपकेण कष्टतमं प्राप्नुयात्। तस्मात्परीक्ष्य सर्वभूतहितं सत्यं ब्रूयात्॥'

"આપણા વિચારો બીજાં સુધી પહોંચાડવા માટે બોલાયેલી વાણી જો વંચિતા ન હોય, એટલે વિપરીત અર્થ દર્શાવવાની ઇચ્છાથી (अश्वत्थामा हतो नरो वा कुञ्जरो वा ની પેઠે) બોલાયેલી ન હોય તેમ ભ્રમથી બોલાયેલી પણ ન હોય અથવા એવા અપ્રસિદ્ધ શબ્દો તેમાં વપરાયેલા ન હોવા જોઇએ કે જેથી શ્રોતાને કશો શાબ્દબોધ જ ન હોય, તો તે વાણીથી લોકોપકાર જ થાય છે. અને જો તે વંચિતા પણ ન હોય, ભ્રાંતા પણ ન હોય, પ્રતિપત્તિ-



બન્ધ્યા પણ ન હોય, છતાં તેનાથી જો કોઈ પણ પ્રાણીનો ઉપઘાત થતો હોય, ક્ષતિ થતી હોય, તો તે સત્ય કહેવાય જ નહિ. તે સત્યથી તો પાપ જ થાય. તે દેખીતી રીતે ભલે સત્ય હોય, પણ તે સત્યથી ભારે કષ્ટ ભોગવવું પડે. માટે ખૂબ વિચારીને સત્ય બોલવું જોઈએ."

મનુએ પણ કહ્યું છે કે—

"सत्यं ब्रूयात् प्रियं ब्रूयात् न ब्रूयात्सत्यमप्रियम्।"

"પ્રિય સત્ય બોલો અને અપ્રિય સત્ય ન બોલો." પ્રિય સત્યનો અર્થ એટલો જ કે તે અનર્થોત્પાદક ન હોવું જોઇએ. તે માટે અહિં એક દૃષ્ટાંત વિચારીએ—

એક કસાઈના હાથમાંથી છૂટીને એક ગાય નાસે છે. ગાયને કોઇ દયાળુ માણસ પોતાના ઘરમાં આશ્રય આપે છે. તે ગાયને શોધતો શોધતો તે કસાઈ ત્યાં આવે છે. ગાયના આશ્રયદાતાને તેણે પૂછ્યું "તમે અમુક રંગની ગાયને આ તરફ આવેલી જોઇ છે?" આ પ્રશ્નનો શો ઉત્તર હોવો જોઇએ? ઉપર જણાવેલા વ્યાસના મત પ્રમાણે ઉત્તર હોવો જોઇએ "ના". જો કે આ 'ના' અસત્ય છે અને 'હા' સત્ય છે; પણ આ "હા" અધર્મોત્પાદક છે, અને 'ના' ધર્મોત્પાદક છે. સત્ય એ ધર્મ છે. ધર્મથી કોઇને હાનિ ન થવી જોઇએ. એને એમ કહેવું વધુ અનુકૂળ પડશે કે જેનાથી કોઇનો ઉપઘાત ન થાય તે વચન જ સત્ય કહેવાય છે. અહીં 'હા' કહેવાથી ગાયનો ઉપઘાત થાય છે. માટે 'હા' એ સત્ય નથી, ધર્મ નથી, યોગ્ય ઉત્તર નથી.

પણ મહાત્મા ગાંધીજીના વિચાર પ્રમાણે ત્યાં 'ના' નહિ પણ 'હા' એ જ ઉત્તર હોઈ શકે. તેઓ વ્રતવિચારમાં લખે છે કે—

आचारे च विचारे च वाचि सत्यं यदा भवेत्।
ज्ञेयं पूणतया नूनं सत्यस्याराधनं तदा॥

'આચારમાં, વિચારમાં અને વાણીમાં જ્યારે સરખી રીતે સત્ય

રહેતું હોય ત્યારે જ જાણવું કે સત્યનારાયણની પૂર્ણ રીતે પૂજા થઈ રહી છે.' આ મત પ્રમાણે 'હા' કહ્યા પછી ગાયના રક્ષણનો એક જ ઉપાય રહે છે, અને તે એ કે કસાઈને સ્પષ્ટ કહી દેવું જોઇએ, કે ગાય મારે ત્યાં છે, પણ જ્યાં સુધી મારા શરીરમાં લોહીનું છેલ્લું ટીપું હશે ત્યાં સુધી મારું સર્વસ્વ ગુમાવીને પણ હું આ શરણાગત ગાયની રક્ષા કરીશ અને તે તને અર્પીશ નહિ. ગાંધીજીએ આ માટે એક સરસ દાખલો બેસાડયો છે. સરદાર પૃથ્વીસિંહને બ્રિટિશ સરકાર વર્ષોથી શોધતી હતી. તેઓ હિંદુસ્તાનમાં હતા. શિક્ષકનો ધંધો કરતા છતાં સરકારના હાથમાં તેઓ ન આવ્યા. ઈ. સ. ૧૯૩૮માં તેઓ મુંબઈમાં જુહુ ખાતે મહાત્માજીના નિવાસસ્થાને ગયા અને તેમની સાથે રહેવાનો તેમણે અભિલાષ વ્યક્ત કર્યો. મહાત્મા ગાંધીજીએ કહ્યું કે મારી પાસે રહેવું હોય તો તમારે જાહેર થવું જોઈએ અને સરકારને ખબર આપવી જોઇએ કે તમે અહીં છો. અને જો તે તમને પકડશે તો હું તમને છોડાવવા માટે મારાથી બનતો પ્રયત્ન કરીશ.' તેઓ કબૂલ થયા. મહાત્માજીએ મહાદેવભાઈ પાસે મુંબઈના કલેકટર પર પત્ર લખાવ્યો. પોલીસ આવી સરદારને લઈ ગઈ અને પાછળથી તેમને લાહોર જેલમાં મોકલી દીધેલા. ત્યાં થોડા મહીના રહ્યા અને પછી મહાત્માજીએ તેમને મુક્તિ અપાવી.

આ રીતે સત્ય વિષે એ મહર્ષિઓના એ મતો છે. જેને જે ઇષ્ટ પ્રતીત થાય તેને તે અનુસરે, એટલું જ મારે કહેવું જોઇએ.

**અસ્તેય**—મર્યાદાનો ત્યાગ કરી દ્રવ્યનો અત્યધિક સંગ્રહ કરવો, વસ્તુની મૂળ કિંમત કરતાં અનેકગણું મૂલ્ય વધારે લઈ વસ્તુ વેચવી, પારકી વસ્તુને તેના માલિકને પૂછ્યા વગર અડકવી, વાપરવી, પોતાની બનાવી દેવી, આ બધું સ્તેય=ચોરી કહેવાય છે. એનાથી ઉલટું તે અસ્તેય. કોઈના ભયથી કોઈ વાત સ્પષ્ટરૂપે પૂરેપૂરી ન કહેવી એ પણ ચોરી જ છે. અર્ધી વાત મનમાં રાખવાની અને અર્ધી વાત જીભ પર રાખવાની ઘણાને ટેવ હોય છે; એ પણ સ્તેય જ છે. ગ્રન્થ ચોરીની વાત તો સર્વવિદિત છે. જેમને કશું



આવડતું નથી છતાં પંડિતોની શ્રેણીમાં પોતાની ગણત્રી કરાવવી છે, ઘોડાચંડ થવું છે, તેવા આવી ચોરી વધારે કરે છે. મારા 'ત્રિરત્ની' ગ્રન્થની એવી ચોરી એક સાધુએ કરી છે. મારા 'ભક્તિ ભાગીરથી' નામના પુસ્તકમાંના અમુક ભાગની ચોરી એક લેખકે વર્ષો પહેલાં કરી છે. ભાવચોર અને શબ્દચોર બન્ને ચોરો મને મળતા જ રહ્યા છે. આવી રીતે ચોરી કરનાર બીજા ઘણાય હોય છે. એ બધા ચોર. એ બધી ચોરી-સ્તેય. તેનો સર્વથા ત્યાગ એ અસ્તેય.

આ સંબંધમાં મહાત્મા ગાંધીજીના વિચાર જુઓ—

अस्तेयं चौर्यसंत्यागः स च सत्याद्विजायते ।
चौर्यं कुर्वन्नरः सत्यं प्रेमधर्मं जहाति च ॥
ग्रहणं परवस्तूनां वस्तुस्वाम्याज्ञया विना ।
प्रसिद्धं चौयमस्त्येतत्सर्वेषां विदितं किल ॥
स्वस्यापि वस्तुनश्चौर्यं जनाः कुर्वन्ति सर्वदा ।
यथात्ति किञ्चिद् मा ज्ञायि मत्पुत्रै''रिति जन्मदः ॥
बालश्चेदन्यबालस्याऽऽदत्ते कस्यापि लेखनीम् ।
विज्ञेयं निश्चितं सर्वैश्चौर्यमेव करोत्यसौ ।
पश्यत्यपि च वस्तूनां स्वामिनि ग्रहणं यदि ।
क्रियते क्वापि वस्तूनां स्तेयं तदपि निश्चितम् ॥
वस्तुनोस्य न कोप्यस्ति स्वामीत्येतद्विचिन्त्य चेत् ।
यत्किञ्चिद्गृह्यते वस्तु स्तेयमेव तदप्यथ ॥ (*व्रतविचार)

* વ્રતવિચાર નામનું મહાત્મા શ્રીગાંધીજીનું એક નાનુંસરખું પુસ્તક છે. ઘણાં વર્ષો થયાં, મેં એનો સંસ્કૃતશ્લોકબદ્ધ અનુવાદ કર્યો છે. તેના જ આ બધા શ્લોકો છે. (ભગવદાચાર્ય)

'અસ્તેય એટલે ચોરી ન કરવી. તે અસ્તેયનું પાલન સત્ય-પાલનથી જ થઈ શકે છે. ચોરી કરતો માણસ સત્યનો અવશ્ય જ ત્યાગ કરે છે. પારકી વસ્તુ તેના સ્વામીની રજા વગર લેવી એ ચોરી જ છે. એક મા કે બાપ કોઈ વસ્તુ પોતાના બાળકો ન જાણે તેમ ખાય છે, અને તે બાળકો તેમને તે વસ્તુ ખાતાં ન જુએ એમ મનમાં ઇચ્છે છે, તે પણ ચોરી જ છે, તે પારકાની નહિ પોતાની જ ચોરી છે. એક બાળક બીજાની કલમ તેને પૂછ્યા વગર લે છે તે પણ નક્કી ચોરી જ છે. વસ્તુનો સ્વામી જોતો હોય પણ તેની સંમતિ વિના તેની કોઈ વસ્તુ લેવી એ પણ ચોરી જ. માર્ગમાં એક વસ્તુ પડી છે. તેનો કોઈ માલિક નથી એમ માનીને લેવી તે પણ ચોરી જ છે કેમકે માર્ગમાંથી જડેલી વસ્તુના માલિક આપણે નથી, પણ તે પ્રદેશનો રાજા કે તે પ્રદેશનું તંત્ર જ તે અસ્વામિક વસ્તુનો સ્વામી હોઈ શકે છે.

**બ્રહ્મચર્ય**- બ્રહ્મચર્યનો, સ્ત્રી-પુરુષનો સંગવિરહ, એ મુખ્ય અર્થ છે. ઇન્દ્રિયોના જેટલા વિષયો છે તેમાં આ ઉપસ્થદ્વય-સંયોગરૂપ વિષય સૌ કરતાં અતિ દારુણ છે. બીજા વિષયો બાહ્ય છે. ઇન્દ્રિયોના સંનિકર્ષથી તેનું ભાન અને અનુભવ થાય છે. આ વિષય કામજન્ય છે. કામનું બીજું નામ મનોજ કે મનોભવ છે. મન કામને પેદા કરે છે. અને કામ સ્ત્રી-પુરુષની શોધ કરે છે. સ્ત્રી-પુરુષનો વિકારી સંગ આત્માના પતનનું કારણ હોય છે. અ-બ્રહ્મચર્ય એટલે કામશક્તિ માનવના સર્વ સદ્વિચારોનો સમૂળગો નાશ કરે છે. કામસક્તિમાં મૂર્ખ અને દુષ્ટ મનુષ્યનો સંગ પણ હેતુ હોય છે. આજ-કાલ સામાન્ય ચલચિત્રશાળાઓ—સિનેમાગૃહો તેના મુખ્ય હેતુ બની ગયા છે. નિર્લજ્જ ચિત્રોનું દર્શન માણસને નિર્લજ્જ બનાવે છે. ગંદા ફિલ્મી ગીતો એક એક યુવાનની જીભનો સ્વાદ બની ગયો છે. એવા અદ્રષ્ટવ્ય ચિત્રો પુરુષો પોતાની યુવાન સ્ત્રીઓ યુવાન પુત્રીઓ અને તરુણ બાળકો સાથે જ્યારે જોવા જાય છે ત્યારે સંસ્કારિતા ચીસ પાડી રડી ઊઠે છે. આર્યાવર્તની પ્રાચીન



સંસ્કૃતિ ત્રપાથી (શરમથી) માથું નીચું નમાવી દે છે. આર્યોની સભ્યતા આત્મઘાત કરવા ઉદ્યત બને છે.

પુરુષોને મન સ્ત્રી અને સ્ત્રીને મન પુરુષ એક દૈવી વસ્તુ બની જાય છે. કદાચ તેમાં તથ્ય પણ હોય, પરંતુ તથ્યતા પણ મર્યાદામાં જ શોભે છે. ભોગ-વિલાસ માટે દંપતિની સૃષ્ટિ થાય છે, એ તથ્ય છે; પણ ગમે ત્યારે, અને ગમે ત્યાં પશુકર્મમાં તેઓ પ્રવૃત્ત થાય તો તે અનૌચિત્યની પણ માઝા મૂકે છે. આજે એવું અનૌચિત્ય સામાન્ય થવા લાગ્યું છે, માટે આ પ્રકરણ થોડા વિસ્તારની અપેક્ષા રાખે છે.

પ્રાચીનકાળમાં ૨૪, ૩૬, ૪૮ વર્ષો સુધી અવિવાહિત રહી સાંગોપાંગ વેદાધ્યયન કરવા માટે આર્ય બાળકો ગુરુકુળમાં નિવાસ કરતા. તે સ્થિતિનું નામ બ્રહ્મચર્ય. પછીથી 'આશ્રમ' શબ્દ તેની સાથે જોડાયો. એટલે બ્રહ્મચર્યાશ્રમ થયો. બ્રહ્મચર્યનો અર્થ ઉપર કહેવાયો છે તે પ્રમાણે ઉપસ્થેન્દ્રિયનો સંયમ. કામ ઉપર વિજય મેળવવો તે બ્રહ્મચર્ય. કામ એટલે સ્ત્રી-પુરુષની વિકારવર્તિતા. બ્રહ્મચર્યનું ખંડન કેવળ મૈથુનક્રિયાથી જ થાય છે, એવું નથી. બીજાં પણ કારણો છે, જેનાથી બ્રહ્મચર્યનું વર્ચસ્વ હણાય છે. તે કારણો આ રહ્યાં—

स्मरणं कीर्तनं केलिः प्रेक्षण गुह्यभाषणम् ।
संकल्पोध्यवसायश्च क्रियानिर्वृतिरेव च ॥
एतन्मैथुनमष्टाङ्गं प्रवदन्ति मनीषिणः ।
विपरीतं ब्रह्मचर्यमेतदेवाष्टलक्षणम् ॥

(૧) સ્ત્રી કામવિકારવશ થઈ પુરુષનું સ્મરણ કરે અને પુરુષ કામી બની સ્ત્રીનું સ્મરણ કરે, (૨) સ્ત્રી પુરુષનાં અને પુરુષ સ્ત્રીનાં અંગોનું વર્ણન કરે, (૩) સ્ત્રી-પુરુષ પરસ્પર રમે, હસે, બોલે કે એવી જ બીજી કોઈ ક્રિયા કરે, (૪) સ્ત્રી પુરુષ એકબીજાને ટગર ટગર એકીટસે જોયાં કરે, (૫) કામ-

વિષયક ગુપ્ત વાતો કરે, (૬) મૈથુનનો સંકલ્પ કરે, (૭) તે સંકલ્પની પૂર્તિ માટે પ્રયાસ કરે, (૮) અને તે પ્રયાસમાં સફળતા પ્રાપ્ત કરે એટલે મૈથુનમાં પ્રવૃત્ત થાય, એ આઠ ક્રિયા મૈથુનમાં જ ગણાય છે. સ્ત્રી-ભોગ કરવાથી જેટલી હાનિ શરીર અને મનને થાય છે, તેટલી જ હાનિ બીજી સાત ક્રિયાઓથી પણ થાય છે. આનાથી વિપરીત વ્યવહાર બ્રહ્મચર્ય કહેવાય છે. અર્થાત્ (૧) વિકારવશ થઈ સ્ત્રી-પુરુષનું પરસ્પર સ્મરણ ન કરવું. (૨) સ્ત્રી-પુરુષનાં અવયવ-રૂપાદિનું વર્ણન ન કરવું, (૩) સ્ત્રીપુરુષ પરસ્પર કેલિ ન કરે, (૪) સ્ત્રીપુરુષે પરસ્પર ટગર ટગર જોવું નહિ, (૫) કામવિષયક વાતો કરવી નહિ, (૬) મૈથુનનો વિચાર કરવો નહિ, (૭) તે વિચાર કે સંકલ્પની પૂર્તિ માટે વ્યવસાય–ઉદ્યોગ કરવો નહિ, (૮) અને મૈથુનનો સદંતર ત્યાગ, એ બ્રહ્મચર્ય કહેવાય છે. ઉપર કહ્યા પ્રમાણે આઠ રીતે બ્રહ્મચર્યનો ભંગ થાય છે, અને તેનાથી વિપરીત આઠ રીતે વર્તવાથી તેનું રક્ષણ થાય છે. અહીં બે વસ્તુ ધ્યાનમાં રાખવા જેવી છેઃ–(૧) આઠ જ પ્રકારથી બ્રહ્મચર્યનો ભંગ થાય છે, અને તેનાથી વિપરીત આઠ રીતે જ તેનું રક્ષણ થાય છે એમ સમજવું નહિ. એનાથી વધારે પ્રકારો પણ હોઈ શકે છે. (૨) આ આઠ પ્રકારનો બ્રહ્મચર્યભંગ કેવળ નૈષ્ઠિક બ્રહ્મચારી, ગુરુકુળવાસી બ્રહ્મચારી અને સંન્યાસી માટે જ વિશેષરૂપે છે. ગૃહસ્થ પોતાની પત્નીને ન જુએ, તેની સાથે ન રમે, અને તેની સાથે વિલાસ ન કરે, તો વિધાતાની સૃષ્ટિમાં આજે જ તાળું લાગી જાય. ગાંધીજી કહે છે કે—

यन्मैथुनाद्विरजनं नियतं तदेव,
सद्ब्रह्मचर्यमिति धीरनतिप्रशस्या ।
रूपादिसर्वविषयोन्मुखतानिरोध,
इत्येव तस्य विवृतिं परिभावयन्तु ॥

કેવળ મૈથુનત્યાગ સારું બ્રહ્મચર્ય છે, એ વિચારમાં દોષ રહેલો છે.



વીર્યનિગ્રહ સાથે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધાદિ જેટલા ઇન્દ્રિયોના વિષયો છે, એ બધાથી પરાઙ્મુખ થવું એ જ બ્રહ્મચર્યનું શુભ્ર વિવરણ હોઈ શકે.''

तस्माज्जनीन्द्रियनिरोधपरायणेन,
जेयं हृषीकनिकुरम्बमतिश्रमेण ।
हस्तं प्रवेश्य दहनेऽदहनेच्छुकाना-
माशेव मैतु विलयं तव सर्वयत्नः ॥ (व्रतविचार)

"તેથી ઉપસ્થ ઉપર સંયમ રાખનારાએ સર્વ ઇન્દ્રિયો ઉપર પણ અધિકાર મેળવવો જોઈએ, અને તેને સંયમમાં રાખવી જોઈએ. અન્યથા જેમ અગ્નિમાં હાથ નાંખનારાઓની, હાથ ન બળે એવી આશા વ્યર્થ જાય છે, તેમ સર્વેન્દ્રિયસંયમ ન રાખનારાઓની ઉપસ્થસંયમની આશા વ્યર્થ જ જશે.''

તેઓ આગળ કહે છે કે—

"एतद् दृढं मम मतं परिलभ्य एष,
सर्वेन्द्रियेषु विजयाधिगमः सहैव ।
स्याच्चेत्तदैव सफलो ननु यत्नराशि-
स्तद्ब्रह्मचर्यपरिपावनकर्मणि स्यात् ॥

"મારો એવો દૃઢ અભિપ્રાય છે કે બ્રહ્મચર્યપાલનની સાથોસાથ સર્વેન્દ્રિયો ઉપર વિજય મેળવવાથી જ બ્રહ્મચર્યપાલનમાં સફળતા મળી શકે છે.''

आकर्ण्य वैषयिकवस्तु निरीक्ष्य किंचि-
दास्वाद्य, दोषपरिवर्धकवस्तुजातम् ।
स्पृष्ट्वा तथैव, जननेन्द्रियसंनिरोधे,
साफल्यमेतु किमु यत्नपरायणोऽपि ॥

"વિષય સંબંધી વસ્તુઓનું વર્ણન સાંભળીને, એવી જ વસ્તુઓનું દર્શન

કરીને, દોષ વધારનાર પદાર્થોનું સેવન કરીને-સ્વાદ લઈને, તેમ જ દોષવર્ધક પદાર્થોનો સ્પર્શ કરીને માણસ કઈ રીતે બ્રહ્મચર્યરક્ષણનો યત્ન કરવા છતાં પણ, તેમાં સફળતા મેળવી શકે?"

ભર્તૃહરિએ પણ કહ્યું છે કે "પવન, પાણી અને પાંદડાં એ ત્રણે પદપા ઉપર જીવન વ્યતીત કરનારા વિશ્વામિત્ર, પરાશર પ્રભૃતિ જ્ઞાનીઓ અને તપસ્વીઓ પણ સ્ત્રીનું રમણીય મુખકમળ જોતાંવેંત મોહી ગયા તો, જેઓ દૂધ, દહીં, ઘી જેવા પદાર્થો પેટ ભરીને આરોગતા હોય તેમની ઇન્દ્રિયો જો અંકુશમાં રહે તો તો વિંધ્યાચળ સાગરને તરી ગયેલો કહેવાય."

ભગવાન બુદ્ધે વિજયસુત્તમાં કહ્યું છે કે—

"अट्ठी नहारु सञ्ञुत्तो तचमंसावलेपनो ।
छविया कायो पटिच्छन्नो यथाभूतं न दिस्सति" ॥१॥
"अन्तपूरो उदरपूरो यकलेपस्स वत्थिनो ।
हदयस्स पप्फासस्स वक्कस्स पिहकस्स च" ॥२॥
"सिंघाणिकाय खेलस्स सेदस्स च मेदस्स च ।
लोहितस्स लसिकाय पित्तस्स च वसाय च" ॥३॥

"હાડકાં અને નસોથી સંયુક્ત, ચામડી અને માંસથી લેપાયેલું અને ચામડાંથી જ ઢંકાયેલું આ શરીર જેમ છે તેમ દેખાતું નથી. અર્થાત્ એનું વાસ્તવિક રૂપ બહારનાં આવરણોથી ઢંકાયેલું છે." (૧)

"આ શરીરની અંદર આંતરડાં, ઉદર, યકૃત, વસ્તિ, હૃદય, પુપ્ફુસ, વક્ક, તિલ્લી, વસા, લાળ, પરસેવો, મેદ, લોહી, લસિકા, પિત્ત અને ચરબી આવેલાં છે."॥ (૨) (૩)

अथस्स नवहि सोतेहि असुची सवति सब्बदा ।
अक्खिम्हा अक्खिगूथको कण्णम्हा कण्णगूथको ॥४॥



सिंघाणिका च नासातो मुखेन वमते कदा ।
पित्तं सेम्हं च वमति कायम्हा सेदजल्लिका ॥ (५)

"આ શરીરને નવ દ્વાર છે. તેમાંથી હમેશાં ગંદકી જ નીકળ્યા કરે છે. આંખોમાંથી આંખની ગંદકી, કાનોમાંથી કાનની ગંદકી. (૪)

"નાકમાંથી નાકની ગંદકી, મુખમાંથી પિત્ત અને કફ, શરીરમાંથી પરસેવો અને મળ નીકળ્યા કરે છે." (૫)

બ્રહ્મચર્યરક્ષણ જેટલું આવશ્યક છે, તેટલું જ તે કઠણ છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માત્સર્ય એ ષટ્રિપુઓમાં કામ પહેલો છે, ને પ્રબળ છે. એને જીતતાં બાકીના પાંચે પોતાની મેળે જ જિતાઇ જાય છે. માટે કામને જ જીતો. કામનું મૂળ સંકલ્પ છે. એક સ્ત્રી એક પુરુષને જોતાં અને એક પુરુષ એક સ્ત્રીને જોતાં બન્ને કામાંધ બને છે. બન્નેએ જોયું શું? એક બીજાની આંખોને, એક બીજાના મોંઢાને, એક બીજાના ગાલોને, એક બીજાનાં હોઠોને, એક બીજાના વાળને અને એક બીજાના રંગને. આમાંની કઈ વસ્તુ સારી છે એ તો કામિજનોનાં શાસ્ત્રની વાત છે, આપણી નહિ. પણ કામી સ્ત્રી-પુરુષોને હું ભગવાન બુદ્ધના વચનોને ફરી ફરી વાંચી જવા અને તેનું મનન કરવા આગ્રહ કરું છું.

अथस्स सुसिर सीसं मत्थलुंगस्स पूरितम् ।
सुभतो नं मञ्ञति बालो अविज्जाय पुरक्खतो ॥

"તેના માથાની ખોપરી માંસ-ચરબી આદિથી જ ભરેલી છે. એમાં એકે વસ્તુ એવી નથી કે જેને જોઈ સૂગ ન ચઢે. પણ લોકોને એ શા માટે ગમે છે? એનો ઉત્તર ભગવાન બુદ્ધ આપે છે, "અવિદ્યાને લીધે મૂર્ખાઓ તેને શુભ માને છે."

હું સ્ત્રીઓને બહેન અને પૂજ્યબાની દૃષ્ટિએ જોતાં શીખ્યો છું તેથી ઉપનિષદોનાં કેટલાંક વચનો અહીં ઉતારવા મારી કલમ ચાલતી નથી.

એમાં શંકાને સ્થાન જ નથી કે સ્ત્રીઓના હાવ-ભાવ, શૃંગાર, ચેષ્ટાદિ સ્વાભાવિક રીતે પુરુષોને નિર્બળ બનાવે છે. અને એમાં પણ સંદેહ નથી કે સ્ત્રી-પુરુષોનું મિથુન આજનું નથી, સનાતન છે. એ તો એમ જ રહેવાનું અને એમ જ ચાલવાનું. આમાં કશો સુધારો થવાનો નથી. પણ માનવ પાસેથી એટલી આશા તો જરૂર રખાય જ કે તે એક જ્ઞાનવાન જંતુ છે, તેનું ચિત્ત, તેનું મસ્તિષ્ક પશુપક્ષી કરતાં વધારે વિકસિત, છે. તે ધર્માધર્મની વાતો કરે છે, ગુણ, અવગુણની આલોચના કરે છે, આ લોક અને પરલોકનો વિચાર કરે છે, ઈશ્વરના ક્રોધ અને કરુણાની વાતો કરે છે, તેથી મર્યાદામાં રહીને બધું કરવાનું તેણે શીખવું જોઈએ.

એવા કેટલા ય ભાઈઓ હશે જે કામકશાને અધીન થઈ પોતાની બીમાર પત્નીઓને પણ રાત્રે શાંતિથી ઊંઘવા દેતા નહિ હોય. ને એવી કેટલીય સ્ત્રીઓ હશે કે જે પોતાની માંદગીમાં, પેટના દુખાવાની દશામાં, ત્રણચાર દિવસના ઉપવાસમાં પણ સંભોગની ઈચ્છા ધરાવતી હશે. 'હશે' એ તો વિવેકની ભાષા છે. ખરી રીતે તો એમ જ થાય છે. ત્યારે એવા સ્ત્રી-પુરુષોને એટલું તો કહેવું જ જોઈએ કે—

उत्थितान् उत्थितान् एतान् इन्द्रियारीन् पुनः पुनः ।
हन्याद् विवेकदण्डेन . . . . . . . . . . . . . . . . ॥

"ઇન્દ્રિયો જ્યારે જ્યારે વિષયપરાયણ થવા ઇચ્છે, ત્યારે ત્યારે તેને વિવેકરૂપ દંડ વડે ફટકારો."

ગીતામાં જેમ કહ્યું છે તેમ, ઇન્દ્રિયો જો સ્વતંત્ર થઈ વિષય તરફ દોડ્યાં કરશે તો માનવજીવનનો નાશ થઇ જશે. દરેક સ્ત્રીએ અને પુરુષે ગીતાના આ શ્લોકો ધ્યાનમાં રાખવા જોઇએ—

ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः कामात् क्रोधोभिजायते ॥



क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥

આ શ્લોકો સતત ધ્યાનમાં રાખવા જોઇએ. વિષયોનું ધ્યાન તજી દેવું જોઈએ. કેમકે વિષય–ચિન્તનમાંથી આસક્તિ પેદા થાય છે. તેમાંથી કામ અને ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધથી મોહ જન્મે છે, ને મોહથી ગુરૂપદેશની સ્મૃતિ ભૂંસાય છે, તથા બુદ્ધિનો નાશ થાય છે, અને છેવટે આત્માનું પતન થાય છે.

પહેલાં અતીતકાળમાં–ઋષિઓના યુગમાં ગૃહસ્થાશ્રમીઓ માટે સંતાનોત્પત્તિ એક મુખ્ય અને ધાર્મિક ક્રિયા હતી. વિધિપૂર્વક આચારાયેલી તે ક્રિયાથી જન્ય સંતાન વૈદિક–આર્ય-પરંપરાનું પ્રતીક બનતું.

"आ ब्रह्मन् ब्राह्मणो ब्रह्मवर्चसी जायतामा राष्ट्रे राजन्यः शूर इषव्योऽतिव्याधो महारथो जायताम् . . . . . जिष्णू रथेष्ठाः सभेयो युवास्य यजमानस्य वीरो जायताम्"

યજુર્વેદમાં દર્શાવાયેલી આ આશંસા ત્યારે જવલ્લે જ વ્યર્થ જતી. કેમકે પુરુષો સંતાન માટે ચિરસંગિની શોધતા. આજે એવું નથી. આજે તો વિષયવાસનાની અતર્પ્ય તૃપ્તિ માટે જ સ્ત્રી શોધાય છે, અને સંતાનોત્પત્તિ એ તો ગૌણ વસ્તુ બની છે. અમુક ક્રિયાના પરિણામે માતાના ગર્ભમાંથી કોઈ છોકરું બહાર આવે, તો એમાં કઈ મોટી વાત ? આ પ્રમાણે આજનું તર્કશાસ્ત્ર ચાલે છે. એ આકસ્મિક અવતરી પડેલાં છોકરાં માટે મા-બાપની કોઇ વિશિષ્ટ કાળજી હોતી નથી. તેને સંસ્કારી બનાવવા માટે, સદાચારી બનાવવા માટે, વીર અને સુશીલ બનાવવા માટે મા-બાપને કંઇ પડી હોતી નથી. તેથી જ આજની ભારતભૂમિ માયકાંગલાઓથી ભરાઈ ગઈ છે. પણ જે સારાં મા-બાપો છે, જેમના મન સંતાન એટલે વિષય તૃપ્તિનું પરિણામ નહિ, પણ 'अंगादंगात् संभवसि हृदयात् अधिजायसे। आत्मा वै पुत्रनामासि"ને અનુસરીને

તે પુત્ર પિતાનું સ્વરૂપ છે, પિતા પોતે જ પુત્રરૂપે અવતર્યો છે. તેમની પાસે સંતાન માટે કોઈ આદર્શ હોવો જોઈએ. બાલ્યાવસ્થાથી જ બાળકોને વિષય-પરાયણતા, સુકુમારતા, રસિકતા આદિ દુર્ગુણોથી તરબોળ બનાવવામાં મોટું પાપ સમાયેલું છે. મા-બાપોને એ સ્પષ્ટ સમજાઈ જવું જોઈએ. લક્ષ્મી તો ચંચળા હોય છે. આજે છે, આવતી કાલે ન પણ હોય, ત્યારે મોજશોખથી ઉછેરલાં બાળકોનું શું થશે એ મા-બાપે જરૂર વિચારવું જોઈએ.

ડૉક્ટર ભગવાનદાસના કહેવા પ્રમાણે આયુર્વેદે એક શુક્રધરા કળાની શોધ કરી છે. શુક્રધરા એટલે વીર્યને ધારણ કરનારી. તે શુક્રધરા કળા બાળકના જન્મકાળથી જ તેના મસ્તકમાંથી નીચેની તરફ વધે છે. જેમજેમ એ કળા ઉપરથી નીચેની તરફ વધે છે તેમ તેમ તેના અંગો અને અવયવો પુષ્ટ થતાં જાય છે. એની ગતિ ખૂબ જ ધીમી હોય છે. દેશભેદથી એ કળા ચૌદમે કે પંદરમે વર્ષે સ્ત્રી અને પુરુષના સ્તન સુધી આવે છે. બન્ને જાતિઓના બન્ને સ્તનો થોડા ફૂલે છે. કેટલાક સમય પછી પુરુષના સ્તનોનું ફૂલવું અટકી જાય છે, પણ સ્ત્રીના સ્તનનું વધવું ચાલુ રહે છે. આ સમયથી સંતાન ઉત્પન્ન કરવાની શક્તિ સ્ત્રી-પુરુષમાં આવી જાય છે. પણ આ કાળ પહેલાં તો તે અપરિપક્વ જ હોય છે. જો તે કાળે સ્ત્રી અને પુરુષના વીર્યનો ક્ષય થવા લાગે તો તેમનાં શરીર અને મન કાચાં, દુર્બળ, તેજોહીન અને રુગ્ણ થઈ જાય છે. પરિણામે સંતાન પણ એવું જ નીપજે. છત્રીસમા વર્ષે તે કળા પગની આંગળીઓ સુધી આવે છે, અને તે તેનો પૂરેપૂરો પુષ્ટિકાળ હોય છે. તેથી જ છાન્દોગ્ય ઉપનિષદમાં છત્રીસ વર્ષનો બ્રહ્મચર્યકાળ બતાવવામાં આવ્યો છે. વ્યાસજી પાતંજલ દર્શનમાં કહે છે કે: "બ્રહ્મચર્ય રક્ષણમાં સતત સાવધ રહેવાથી બે ફળ પ્રાપ્ત થાય છે. એક તો અપૂર્વ જ્ઞાન, ક્રિયા, શક્તિ આદિ ગુણોની વૃદ્ધિ થાય છે, અને બીજું એ કે આચાર્ય પોતાના શિષ્યોને તત્ત્વ-જ્ઞાન સમર્પવામાં સમર્થ બને છે."

બ્રહ્મચર્યનું માહાત્મ્ય પરસ્ત્રી-ગમનનો સર્વથા નિષેધ કરે છે, પણ



સ્વદારગમન માટે પણ નિયંત્રણ મૂકે છે. રોજ કે દર ત્રીજે દિવસે સ્ત્રીગમન કરવાથી શરીર નિસ્તેજ બને છે, અને અનેક રોગોની સંભાવના રહે છે. આયુષ્ય ઓછું થાય છે. પતિ-પત્ની રોગી બને છે. વિષયી પુરુષ સ્વસ્ત્રીથી સંતોષ ન પામી પરસ્ત્રીગમનના માર્ગે જાય છે. પરિણામે 'ક'ની સ્ત્રીનું શિયળ 'ખ' નષ્ટ કરે છે, અને 'ખ'ની સ્ત્રીનું 'ક' કે 'ગ' નષ્ટ કરે છે, અને આ રીતે આખો સમાજ દૂષિત થાય છે.

એ વ્યભિચારની પરંપરામાંથી એક સ્ત્રી એક પુરુષને ભયંકર ગુપ્ત રોગો આપે છે. તે પુરુષ બીજી સ્ત્રીને તે રોગો આપે છે. આ રીતના આદાન-પ્રદાનથી માનવજીવનની અવહેલના થાય છે. ક્ષય, દમ, શ્વેત-કુષ્ઠ, રક્તપિત્ત, પરમો, ચાંદી એવા ભયંકર અને પ્રાણઘાતક રોગો તો અતિશય સ્ત્રીસંગનાં સહજ પરિણામો છે.

**અપરિગ્રહ**—વ્યાપાર કરીને, નોકરી કરીને કે કોઈએ આપેલા દ્રવ્યથી ધનવાન બની શકાય છે, એમ આપણે જોઈએ છીએ. આ રીતે ધનસંગ્રહ કરવાથી જે હાનિઓ અને બુરાઈઓ સમાજમાં આવતી, તેનાથી આપણા પૂર્વજો અપરિચિત ન હતા. અતિધન અતિમદનું કારણ છે. ધનમાં મદ પેદા કરવાનો સ્વભાવ છે. મદ માણસને બીજા વિકારોની જેમ આંધળો બનાવે છે. ધનવાન માણસોની આંખ જમીન તરફ જોતી જ નથી. એ તો આસમાનના તારા ગણ્યાં કરે છે. કોઈક જ એવા ભાગ્યશાળી હોય છે જે પૈસાના મદમાં તણાયા વગર દીનદુઃખીઓને હૃદયથી આવકારે છે, તેમનાં દુઃખે દુઃખી અને તેમને સુખી બનાવીને પોતે સુખી થાય છે.

"जे गरीब तें हित करें, ते रहीम बड़ लोग।
कहा सुदामा बापुरो, कृष्ण मिताई जोग ।।"

રહીમ કવિ કહે છે, "જે દીન જનો ઉપર પ્રેમ કરે છે, તે ખરેખર મહાન ગણાય છે." સુદામા દીન હતો જ્યારે કૃષ્ણ લક્ષ્મીનાથ

છતાં સુદામાને જોતાંવેંત તે ગાદીએથી નીચે કૂદી પડ્યા. ગરીબ છતાં ગુરુભાઈને છાતીસરસો ચાંપ્યો, તેના પગ ધોવા બેઠા. પ્રિય મિત્રને ચીંથરેહાલ જોઈ, પગમાં વાઢિયા પડેલા જોઈ—

करुणा करिके करुणानिधि रोयो ।
पानी परातको हाथ छुयो नहिं,
नैननके जलसे पग धोयो ॥

કરુણાનિધિ કૃષ્ણ ભગવાન રડી પડ્યા. એટલા રડ્યા કે થાળીના જળને અડ્યા વગર નેત્રજળથી જ પ્રિય સખાના પગ ધોઈ નાંખ્યા.

આપણે ઉપર જોયું કે ધનની સાથે મદ–અભિમાન આવે છે. અભિમાન એ તો પાપનું અને નરકનું મૂળ. શેખસાદી સાહેબ કહે છે તેમ—

तकब्बुर बुवद आदते जाहिलां ।
तकब्बुर न यायद् ज़ साहबदिलां ॥

"અભિમાન તો મૂર્ખાઓ જ કરે, મહાન પુરુષો કોઈ કાળે અભિમાન કરે જ નહિ."

कसे रा कि ख़सलत तकब्बुर बुवद ।
सर श पुर ग़रूर ज़ तसव्वर बुवद ॥

"જેને અભિમાન કરવાની ટેવ હોય છે તેના મગજમાંથી તે અભિમાન ક્ષણ માટે ય અલગ થતું નથી. તેનું પરિણામ શું?"

तकब्बुर बुवद माइये मुदबरी ।
तकब्बुर बुवद अस्ले बद गौहरी ॥

તેનું પરિણામ એ આવે છે કે અભિમાની અભાગીઓ બને છે, ભીખ માંગવા લાચાર બને છે. અપમાનપૂર્ણ જીવન ગાળવા સર્જાય છે.

માટે આપણા પૂર્વજોએ અપરિગ્રહ=ધનસંગ્રહનો નિષેધ કરી અપરિગ્રહ=ધનસંગ્રહ ન કરવાનો આદેશ આપ્યો છે.



"विषयाणामर्जनरक्षणक्षयसंगहिंसादोषदर्शनाद्
अस्वीकरणम् अपरिग्रहः"

"વિષયોના-ઇન્દ્રિયોના ભોગ્ય પદાર્થોના અર્જનમાં, રક્ષણમાં, નાશમાં, આસક્તિમાં કે સંગમાં, અને તેને લીધે થતી હિંસામાં દોષદૃષ્ટિ રાખી વિષયનો અસ્વીકાર કરવો તે અપરિગ્રહ કહેવાય છે. જીવન નભે, આર્થિક ક્લેશનો સ્પર્શ ન થાય એટલો જ ધનસંગ્રહ ન્યાય્ય છે. બેંકમાં જમા કરવા માટે, ભૂગર્ભમાં—જમીનમાં દાટવા માટે, એકનું ચારગણું કરવા માટેનો પરિશ્રમ વ્યર્થ છે. એથી જીવનનું સ્તર નીચું જાય છે. માનવતા હણાય છે. આસક્તિ વધે છે. તથા તેને લીધે ચોર આદિનો ઉપદ્રવ રહ્યા કરે છે. અને આજે તો એ ધનસંગ્રહ પૈસાદારોનો મૃત્યુઘંટ જેવો થઇ ગયો છે. માટે પરિગ્રહથી બચો. અને પરિગ્રહ થાય તો તેના ત્યાગ માટે–દાન માટે પાત્રો શોધો. ગમે ત્યાં દ્રવ્ય નાંખી દેવાથી નથી થતું પુણ્ય કે નથી થતી દ્રવ્યશુદ્ધિ. અમુક વર્ગને જ દાન અપાય, અમુક સ્થળે જ દાન અપાય એ સીમા તોડી નાંખવી જોઈએ. સીમાબંધી પાપ છે. તેમાં માણસ માણસ રહી શકતો નથી. માટે અસીમ પરમાત્મા તરફ જવાની ઇચ્છાવાળાઓએ લૌકિક સીમાનો ત્યાગ કરવો જોઇએ. જે વસ્તુતઃ દીન હોય, જેને દ્રવ્યની સાચી આવશ્યકતા હોય, પોતે ધન કમાવા અશક્ત હોય, આંધળો, લૂલો કે અપંગ હોય, પછી તે ગમે તે જાતિનો, ગમે તે કોટિનો શત્રુ કે મિત્ર હોય, છતાં તમારા દાનનો તે સાચો અધિકારી છે. શાસ્ત્રોનો પણ એવો જ આગ્રહ છે. દાન, દયા અને પ્રેમનો વ્યાપાર કરશો મા. દાન આપો કે જેથી તે તમારો આભારી થઈ રહે, દયા કરો કે તમારો ચાકર થઈ રહે, પ્રેમ કરો કે સામેથી તમને પ્રેમલહરીનો આનંદ મળે, એ બધું વાણિજ્ય છે. એથી તમે દુઃખી થશો. દયા માટે જ દયા કરો, દયા માટે દાન કરો. અને તમારા ઉત્કર્ષ માટે, તમારા હૃદયવિકાસ માટે અને તમારા સ્વરૂપના પ્રાકટ્ય માટે જ પ્રેમ કરો.

સામા પાસેથી પ્રેમની આશાએ પ્રેમ કરશો તો નિષ્ફળ અને નિરાશ થશો. જગત ઘણું જ ક્રૂર છે. તેને તમે માથું આપશો, તમારા લોહીનું કણેકણ આપશો, તો પણ તમને ન્યાય મળશે નહિ. માટે તમે બધું સત્કર્મ તમારા માટે જ કરો છો એમ ધારીને દાન, દયા અને પ્રેમ કરશો તો તમે અવશ્ય ઉત્કર્ષ પામશો.

યોગદર્શનના પ્રણેતા પતંજલિમુનિ આ પાંચે યમોને ભારે મહત્ત્વ આપે છે. તેઓ કહે છે કે—

"जातिदेशकालसमयानवच्छिन्नाः सार्वभौमा महाव्रतम् ॥"

આ યમો વ્રત કહેવાય છે. સાર્વભૌમ છે. પ્રત્યેક ભૂમિકામાં, પ્રત્યેક દશામાં એનું પાલન થવું જ જોઈએ. એને માટે જાતિ, દેશ, કાળ અને મર્યાદા–નિયમની કોઈ વાડ નથી. અમુક જાતિએ હિંસા કરવી અને અમુક જાતિએ ન કરવી, અમુક દેશમાં હિંસા કરવી અને તીર્થાદિ પ્રદેશોમાં ન કરવી, એકાદશી આદિ પવિત્ર દિવસોમાં તથા શ્રાવણ આદિ પવિત્ર માસોમાં હિંસા ન કરવી, બીજા કાળમાં કરવી, અમુક સ્વાર્થસિધ્ધિ માટે હિંસા કરવી, અન્યથા ન કરવી, એવી મૂર્ખમર્યાદા આ યમો માટે નથી. હિંસાનું તો ઉદાહરણ અપાયું છે, બાકીના બીજા ચારે યમો માટે પણ એવી રીતે જ સમજવાનું, કે કોઇ મર્યાદા નથી. સર્વદા અને સર્વથા એનું પાલન થવું જ જોઇએ.

હવે **નિયમ**. નિયમો પણ પાંચ છે—

(૧) શૌચ (૨) સંતોષ (૩) તપ (૪) સ્વાધ્યાય (૫) ઇશ્વર–પ્રણિધાન. એ પાંચેનું ક્રમવાર વિવરણ—

(૧) **શૌચઃ**—શૌચ એટલે સ્વચ્છતા–નિર્મળતા. તેના બે પ્રકાર છે. બાહ્ય અને આભ્યંતર. બહારની પવિત્રતા બાહ્ય પવિત્રતા અને અંદરની પવિત્રતા આભ્યંતર પવિત્રતા કહેવાય છે. આજે તો સર્વ-ધર્મ–પ્રલયનો યુગ પ્રવર્તી રહ્યો છે, તેથી કોઈ વસ્તુ, કોઈ આચાર પોતાનાં સ્વરૂપમાં રહ્યાં જ



નથી. શૌચનો સંબંધ આપણી સાથે ક્ષણેક્ષણનો છે. બાહ્યશૌચનો સંબંધ ઐહલૌકિક છે અને આભ્યંતર શૌચનો સંબંધ દ્વિધા છે—ઐહલૌકિક પણ અને પારલૌકિક પણ. બાહ્ય શૌચ જેવી વસ્તુને પણ હિન્દુઓ ભૂલી ગયા છે. ગમે તેવા સુગંધિત સાબુ વડે પણ કપડાં અને દેહને નિર્મળ-સુઘડ રાખવા સિવાય બીજું કંઈ શૌચ રહ્યું નથી. પાણિયારામાં ગ્લાસ, પવાલાં મુકેલાં હોય છે. નાનાં અને મોટાં બધાં એ ગ્લાસ અને પવાલાને ગમે તેવા હાથે અડે છે, તેના વડે પાણી પી તેને ઉટકયા વગર એઠા જ પાણિયારા પર મૂકી દે છે. અને કેટલીક વાર એ એઠા ગ્લાસને જ પાણીની માટલીમાં બોળવામાં આવે છે. રાંધતાં રાંધતાં નાકમાં પાણી કે લેંટ આવે તો નાક સાફ કરી હાથ ધોયા વગર જ રસોડાનું કામકાજ આગળ વધારાય છે. નાનું છોકરું જાજરૂ જઇ આવે તો રસોડામાંથી બહાર નીકળી તેનો મળ ધોઇ, હાથને માટી કે સાબુથી ધોયા વગર જ રસોડામાં કામે લાગી જવાય છે. ઉનાળામાં પરસેવો આવે છે. એક રૂમાલ હોય છે. તેનાથી પરસેવો લુંછાય છે, નાક લુંછાય છે અને હાથ પણ લુંછાય છે. જોડા તો આજે સસ્તા જ છે. તે જોડા પહેરી ગમે ત્યાં ફરી, રસ્તામાં મળ-મૂત્ર, ક્ષયના દર્દીના પડેલા ગળ-ગળફા અને એવી સેંકડો અપવિત્ર જગ્યાઓ ઉપર રખડી આવેલા એ જોડા સીધા રસોડા સુધી પહોંચી જાય છે. કેટલાક અતિ-પવિત્ર ઘરોમાં તો તે રસોડામાં પણ પહોંચે છે. જે હાથથી તે બૂટ પહેરાય છે અને કઢાય છે, તે કદિ અપવિત્ર થતો જ નથી. તે હાથ ધોવાની આવશ્યકતા જણાતી નથી. ટ્રેનમાં આપણે જોઇએ છીએ કે થર્ડ, સેકન્ડ અને ફર્સ્ટ કલાસના મુસાફરો બૂટ સાથે જ સૂઇ જાય છે. તે જોડા ગાડીના જાજરૂમાં જઇ આવે છે. છતાં તેમના મનમાં તે માટે જરા ય ગ્લાનિ થતી નથી, તે માટેની સૂગ ત્યાં હોતી જ નથી. લેંઘા, પાટલૂન, ચડ્ડી, પહેરીને જાજરૂ જનારા ભાઇઓ જાજરૂ જઈ રહ્યા પછી એ અપવિત્ર હાથો વડે જ લેંઘા, પાટલૂન, ચડ્ડી

આદિ પહેરી લે છે, નાકું બાંધી લે છે, અને તે પવિત્ર મનાય છે. બહેનો તો તે ગંદા ડાબા હાથને મોંએ, અને કપડે અને શરીરમાં ગમે ત્યાં ફેરવવામાં સંકોચ કરતાં નથી. આવું આવું ગણાવા બેસીએ તો ઘણું નીકળે. લોકોને આજે શૌચનું ભાન જ નથી. જે વૈષ્ણવ સ્ત્રી-પુરુષો મર્યાદા પાળે છે, તે તો અશૌચની મૂર્તિ જ હોય છે. કોઈને અડવું નહિ, એટલું જ તે લોકોનું શૌચજ્ઞાન,

મારી તો દરેકને શિખામણ છે કે દરેકે વધુ નહિ તો આટલું તો કરવું જ જોઈએ—કોઈ ધર્મના બંધન તરીકે નહિ, પણ પવિત્રતા અને સ્વાસ્થ્યની દૃષ્ટિએ—

(૧) ખાવા-પીવાની કોઈ પણ વસ્તુને સારીરીતે હાથ ધોયા વગર અડવું નહિ.

(૨) જાજરૂ જઈ આવ્યા પછી ડાબા હાથને બે ત્રણ વાર શુદ્ધ માટી કે સાબુથી બરાબર ધોવો નહિ ત્યાં સુધી તેને અપવિત્ર ગણો અને કોઈ વસ્તુને અડો નહિ.

(૩) હાથ ધોવા માટેની માટી ગમે ત્યાંથી ઉપાડેલી નહિ, પણ જ્યાં લોકો મળમૂત્ર ન કરતા હોય, થૂંકતા કે કચરો નાંખતા ન હોય તેવી પવિત્ર જગ્યાની હોવી જોઈએ. અને તેના વડે જ હાથ ધોવા જોઈએ.

(૪) જાજરૂ જાવ ત્યારે લેંઘા, પાટલૂન, ચડ્ડી—જેને હાથ લગાડ્યા વગર પહેરી ન શકાય તેવાં વસ્ત્રો પહેરીને ન જાવ. પણ સાધુ-સંન્યાસી પહેરે છે તેવી રીતે ધોતી કે પંચિયું પહેરીને જાવ. જેથી છેડો પાછળ ખોસવાની જરૂર ન પડે.

(૫) જાજરૂમાં સાથે લઈ જવાતા પાણી ભરવાના પાત્રને શૌચક્રિયા કરીને ઉઠ્યા પછી ડાબા હાથે ન અડો.

(૬) સવારમાં ઉઠી દાતણ બરાબર કરો. દાતણ એક સ્થળે બેસીને જ કરો. ઊભાં ઊભાં કે ફરતાં ફરતાં દાતણ કરવાથી થૂંક, લાળ કે પાઉડરના છાંટા હાથ, પગ અને કપડાં પર ઊડે છે અને અપવિત્ર બને છે. દાંત



બરાબર ઘસીને સાફ કરો. જીભ ઉપરથી ઉલ બરાબર ઉતારો. ખૂબ બહોળા પાણીથી કોગળા વગેરે કરો. આંખો પર પાણીની છાલકો મારી આંખની પાંપણો, ખૂણા વગેરે બરાબર સાફ કરો. દાતણની ચીરીઓ ગમે ત્યાં ન ફેંકો પણ એક ખૂણામાં ભેગી કરો અને પછી મ્યુનિસિપાલિટીની મોટરને સોંપી દો અથવા સળગાવી મૂકો.

(૭) ગમે ત્યારે આંખ, કાન, નાક, મોંમાં આંગળી ન નાંખો. દાંત વડે હાથના નખ ન કરડો. અને ભૂલેચૂકે જો ઉપર કહેલાં સ્થાનોમાં હાથ નંખાઈ જાય તો તરત જ તેને ધોઇ નાખો.

(૮) ચોપડીનાં પાનાં ઉથલાવવા, ટપાલની ટિકિટો ચોટાડવા થૂંકનો ઉપયોગ કરશો મા.

(૯) બીડી, સિગારેટ, ચલમ આદિ પીનારા કોઈ પણ કાળે શુદ્ધ રહી શકતા નથી. તેમના હાથ અશુદ્ધ જ રહે છે, અને તેવા એઠા હાથે જ તેઓ કપડાં, વાસણ આદિને અડકી અશુદ્ધ બનાવે છે. આવી અશુદ્ધ આદતો ત્યજી દો. અને ન ત્યજાય તો તેવા પદાર્થોનો ઉપયોગ કર્યા પછી તરત જ હાથ ધોવાની ટેવ પાડો.

(૧૦)ગમે ત્યાં થૂંકવું નહિ. ગમે ત્યાં લેંટ કાઢી કમાડમાં, ભીંતમાં, ખાટલાના પાયામાં, પાટના કાંઠે, ચોટાડી દેશો નહિ. તેવી જ બીજી વસ્તુએ ઘસી નાંખશો નહિ. તમારા ઘરનો કચરો ભેગો કરી બહાર રસ્તા પર કે પાડોશમાં નાંખશો ના, પણ એક જગ્યાએ ટોપલીમાં ભેગો કરી કચરો વાળનાર આવે તેના ટોપલા કે ગાડીમાં નાંખી દેજો.

(૧૧)જોડા, ચંપલ, બૂટ આદિ બહાર વાપરવાનાં હોય તેને પહેરી ઘરમાં ચારે બાજુ ફરશો ના. ઘરમાં પહેરવા હોય તો તેવા એક જોડી જુદા રાખો અને તેનો ઉપયોગ ઘરમાં જ કરો, બહાર નહિ.

આ તો સામાન્ય થયું. તમે પોતે વિચારોને આવું ઘણું શોધી શકશો. આની રોજિંદા જીવનમાં અનિવાર્યતા સમજો.

આભ્યંતર શૌચ એટલે મન, બુદ્ધિની પવિત્રતા તેમજ મન, બુદ્ધિ, વાણી તથા ક્રિયાની એકતા. મનમાં હોય તે જ હોઠે આવે, અને જે બોલાય તે પ્રમાણે જ આચરાય, તે જ આભ્યંતર શૌચ, કામ, ક્રોધાદિ વિકારોનો ત્યાગ એ મનની પવિત્રતામાં આવી જાય છે.

(૨) **સંતોષ**—આપણા પાસે આપણા શ્રમ દ્વારા મેળવેલી જે વસ્તુ જેટલી હોય તેટલાથી જ કામ ચલાવી લેવું, બીજાનું દેવું કરીને, કે અપમાનિત થઈને તે વસ્તુને વધારવાની ઇચ્છા ન કરવી તે સંતોષ. સંતોષના અભાવે માણસ દુઃખી થાય છે, અને છેવટે ક્રૂરકર્માં બને છે—ચોરી કરે છે, ધાડ પાડે છે, ખૂન કરે છે. પોતે હેરાન થાય છે, અને બીજાને ય હેરાન કરે છે, અને પોતાના બન્ને લોક બગાડે છે.

यच्च कामसुखं लोके यच्च दिव्यं महत्सुखम् ।
तृष्णाक्षयसुखस्यैते नार्हत: षोडशीं कलाम् ॥
. . . . . . . . . . . . . . यत्सुखं शान्तचेतसाम् ।
कुतस्तद्धनलुब्धानामितश्चेतश्च धावताम् ॥

ઇત્યાદિ પ્રાચીનો—વડીલોનાં વચનો સંતોષનું જ માહાત્મ્ય આપણને સંભળાવે છે.

(૩) **તપ**—ભૂખ-તરસ, શીત-ઉષ્ણ, ઊઠવું-બેસવું, કાષ્ઠ-મૌન (સંકેતથી પણ કશું ન કહેવું), આકાર મૌન (કેવળ બોલવું નહિ પણ સંકેતથી કે લખીને વાત કરવી) કૃચ્છ્ર, ચાન્દ્રાયણ, સાન્તપન આદિ વ્રતો તપ કહેવાય છે.

"देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥"

"દેવ, બ્રાહ્મણ, ગુરુ અને વિદ્વાનોની પૂજા, ઉપર ગણાવેલા બન્ને-બાહ્ય અને આભ્યંતરશૌચ, ઋજુતા-નમ્રતા, બ્રહ્મચર્ય અને અહિંસા એ



શરીરસંબંધી તપ કહેવાય છે."

"मनसश्चेन्द्रियाणां च ह्यैकाग्र्यं परमं तपः"

"મન અને ઇન્દ્રિયોની એકાગ્રતા એ મોટું તપ છે." એકાગ્રતા એટલે ક્ષણે ક્ષણે વિષયોનું ચિન્તન અને અનુધાવન ન કરવાં તે.

अप्यब्धिपानान्महत: सुमेरून्मूलनादपि ।
अपि बह्न्यशनात्साधो विषमश्चित्तनिग्रहः ॥

"સમુદ્રને પાન કરી સુકાવી નાંખવો સહેલો છે, સુમેરુ પર્વતને જડ-મૂળથી ઉખાડી નાખવો એ પણ સહેલું છે, અગ્નિભોજન પણ સહેલું છે, પણ ચિત્તનો—મનનો નિગ્રહ અતિ વિષમ કાર્ય છે." છતાં કઠણ કાર્ય કરવામાં જ શૌર્ય અને ધૈર્ય રહેલાં છે. સહેલાં કાર્યો તો ઘણી વાર કર્યાં હશે, પણ કઠણ કાર્યો કરવામાં જ માણસાઈનો દીવો પરખાય.

સત્ય એ સૌ કરતાં મોટું તપ છે.

(૪) **સ્વાધ્યાય**—ભક્તિ તથા તે સંબંધી સદાચારનાં પોષક શાસ્ત્રોનું અધ્યયન તથા પ્રણવ એટલે ઓંકારનો તેમજ બીજા રામ, કૃષ્ણ, શિવ, દુર્ગા, તારા ઇત્યાદિ દેવ-દેવીઓના મંત્રોનો જપ કરવો તે સ્વાધ્યાય કહેવાય છે. જપ એટલે તે તે દેવોના ગુણોનું વિશિષ્ટતાઓનું સ્મરણ અને અન્વાકર્ષણ. અન્વાર્ષણ એટલે તે દેવોના ગુણોનું પોતામાં આધન માટે તે તે દેવોની મંત્રદ્વારા સહાયતા શોધવી. એ જપનું મુખ્ય પ્રયોજન.

(૫) **ઈશ્વરપ્રણિધાન**-ઉપાસક જે કંઈ કર્મ કરે તે બધાં પોતાના દેવના ચરણે સમર્પણ કરી દેવાં એનું નામ ઇશ્વર-પ્રણિધાન. ગીતામાં જેમ ભગવાન કૃષ્ણે કહ્યું છે—

"यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत्।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥"

"હે અર્જુન, તું જે કંઇ કરે છે, જે કંઈ ખાય છે, જે કંઈ હોમે છે,

જે કંઇ દાન કરે છે, જે કંઇ તપ કરે છે તે બધું તું મને અર્પણ કર." તેવી જ રીતે અહીં પણ સર્વ-કર્માર્પણનો ઉપદેશ છે. કૂર્મ પુરાણમાં કહ્યું છે—

**"नाहं कर्ता सर्वमेतन्मनसा क्रियते तथा ।**
**एतद्ब्रह्मार्पणं प्रोक्तमृषिभिस्तत्त्वदर्शिभिः ॥"**

"હું કોઈ ક્રિયાનો કર્તા નથી. મન જ બધું કરે છે. એ રીતે વિચારવું, નિશ્ચય કરવો, તેનું નામ બ્રહ્માર્પણ."

જીવ પોતે કરેલાં કર્મોને ઈશ્વરના ચરણે મૂકે છે, અને ઈશ્વર તેનો સ્વીકાર કરે છે, અને બદલામાં કશું આપતો હશે, એવું માનવાનું નથી. ગીતામાં સ્પષ્ટ નિષેધ છે કે—

**नादत्ते कस्यचित्कम .........**

તે કોઈનાં કર્મનો અંગીકાર કરતો નથી. એમ કરવાથી ઈશ્વરની મર્યાદામાં વિરૂપતા પેદા થાય છે. માટે અર્પણનો કૂર્મ પુરાણે બતાવેલો અર્થ જ સાચો અર્થ છે. પોતાના કર્તૃત્વનો ત્યાગ એ જ મુખ્ય સર્વકર્માર્પણ છે. જીવ જો પોતાનું કર્તૃત્વ સાચવવા બેસશે તો જન્મમરણના બંધનને તે જરા પણ મચક આપી શકશે નહિ.

ભક્તિના અષ્ટ સાધનોમાંથી બેનું વિવરણ પૂરું થયું. હવે ત્રીજું સાધન—

**આસન**—પદ્માસન, વીરાસન, ભદ્રાસન, આદિ ૮૪ આસનો કહેવાય છે. જેને જે આસન અનુકૂળ પડે તે આસને બેસવાની ટેવ પાડવી. એક આસને બેસીને ઉપાસના કરાય તો ચિત્તની એકાગ્રતા સચવાય છે. આસન સિદ્ધ થયું ન હોય તો પાંચ પાંચ મિનિટે આસન બદલવું પડે અને પરિણામે મન અસ્થિર થાય તથા ઉપાસના વિઘ્નિત થાય.

**પ્રાણાયામ**—પ્રાણાયામના ત્રણ પ્રકાર છે. રેચક, પૂરક અને કુંભક. પ્રાણાયામ સિદ્ધ થયા પછી રેચક, પૂરકનો ત્યાગ કરી કુંભક કરીને



ઇષ્ટદેવના ગુણોનું આહ્વાન કરવું જોઇએ. આરંભમાં ગુરુની ઉપસ્થિતિ વગર પ્રાણાયમ કરશો નહિ.

**પ્રત્યાહાર**—વિષયાસક્ત મનુષ્યોનાં ચિત્ત અને ઇન્દ્રિયો ચંચળ હોય છે. મનની ચંચળતા મનુષ્યને સદ્‌વિચારોથી દૂર લઈ જાય છે. કેમકે પુંશ્ચલી સ્ત્રીની પેઠે અનેક વિષયોમાં એને ભટકવાનું હોય છે. તેની પાછળ પાછળ ઇન્દ્રિયો પણ ભટકે છે. તેથી જ્ઞાન, ભક્તિ, ગુરૂપદેશ, વગેરે તેનામાં ટકતાં નથી. એ માટે પ્રત્યાહારની આવશ્યકતા છે. પ્રત્યાહાર એટલે ઇન્દ્રિયોને વિષયોથી અલગ અને નિરુદ્ધ થયેલા ચિત્તની પાછળ એને જવાની ટેવ પાડવી તે. ચિત્ત ઇષ્ટધ્યાનમાં નિરત હોય ત્યારે ચક્ષુરાદિ ઇન્દ્રિયોએ પણ ધ્યેયાકાર જ થઈ જવું જોઈએ. ઇન્દ્રિયોનું ધ્યેયાકાર થઈ જવું એટલે ધ્યેયથી ભિન્ન અન્યનાં દર્શન, સ્પર્શ ન કરવાં તે. જે માણસે ઇન્દ્રિયો ઉપર વિજય મેળવ્યો નથી, તે જ્યારે ધ્યાનમાં બેસે છે, ત્યારે પણ તેની ઇન્દ્રિયો દૃષ્ટ, શ્રુત, અનુભૂત વિષયો તરફ જ જાય છે. અને ચિત્ત તેની પાછળ દોડે છે. તે વખતે ધ્યાન ઉપાસના કેવળ પાખંડ બની જાય છે.

**ધારણા**—ચિત્તની વૃત્તિઓ માટે કોઈ અવલંબ અપેક્ષિત હોય છે. અવલંબ વિના વૃત્તિ હોઇ શકે નહિ. વળી, જેમ વૃત્તિ માટે વિષય અપેક્ષિત હોય છે, તેમ પ્રદેશ પણ અપેક્ષિત જ હોય છે. જે પ્રદેશમાં વૃત્તિ કેન્દ્રિત થાય, તે વૃત્તિનો તે પ્રદેશ કહેવાય છે. એવા થોડા પ્રદેશો આમ ગણાવાય: નાભિચક્ર, હૃદયકમળ, મસ્તક, નાસિકાનો અગ્રભાગ, જીભનો અગ્રભાગ ઇત્યાદિ. એનાથી વધારે પ્રદેશો ઉપાસક સ્વેચ્છાથી કલ્પી શકે છે. ગરુડપુરાણમાં ધારણાના ૧૦ પ્રદેશો ગણાવ્યા છે. નાભિ, હૃદય, ઉરસ, કંઠ, મુખ, (જિહ્વાગ્રભાગ) નાસિકાગ્રભાગ, નેત્ર, ભ્રૂમધ્ય-ભાગ, મૂર્ધા—મસ્તક, અને મૂર્ધાથી સહેજ ઉપરનો ભાગ. શાસ્ત્રોમાં જ્યાં ને ત્યાં કહેવામાં આવ્યું છે કે લિંગ-શરીર આ દશ સ્થાનોમાં જ રહે છે.

તે લિંગ-શરીર જ જીવ અને ઈશ્વરનું વ્યંજક=પ્રત્યાયક હોય છે. તેથી આ સ્થાનો ધારણા માટે પ્રકૃષ્ટદેશ ગણાય છે. વિજ્ઞાનભિક્ષુ કહે છે કે જેમ રાજાનું એક સિંહાસન હોય છે, એવી જ રીતે જીવ-ઈશ્વરના આ મુખ્ય સ્થાનો છે.

**ધ્યાન**—જે દેશમાં ધારણાને પ્રૌઢ બનાવવામાં આવે તે દેશમાં ધ્યેયના ચિન્તનનો પ્રવાહ જ સતત ચાલુ રહે અને બીજા પ્રત્યયનું,-એટલે પોતાના ધ્યેય તત્ત્વ અને ધ્યેય સ્વરૂપથી વિપરીત તત્ત્વ કે વિપરીત તત્ત્વસ્વરૂપનું જરા પણ ચિંતન ન થાય, વિપરીત ભાવનાનો ઉદય ન થાય, તે ધ્યાન કહેવાય છે.

**સમાધિ**—ધ્યાનમાં ધ્યાતા, ધ્યેય, ધ્યાનની પ્રતીતિ રહ્યા કરે છે. એ ત્રિપુટીનું ભાન જતું રહે અને કેવળ ધ્યેયાકાર વૃત્તિની સ્ફૂર્તિ રહ્યા કરે તેને સમાધિ કહે છે. સમાધિ દશામાં 'હું અમુકનું ચિંતન કરું છું' એ જાતનો પ્રત્યય (જ્ઞાન) થવો ન જોઈએ. ધ્યાન અને સમાધિમાં એ જ અંતર છે, ધ્યાનમાં ત્રિપુટીનું અસ્તિત્ત્વ રહે છે અને સમાધિમાં કેવળ ધ્યેયાકાર પ્રત્યય રહે છે.

ભક્તિનાં આઠ સાધનોનું વિવરણ થયું. હવે થોડી વિવેચના અવશિષ્ટ રહે છે. આ આઠ સાધનોમાંથી યમનું પાલન જ અત્યંત આવશ્યક છે. તેના વિના ભક્તિ સ્થિર થઈ શકે નહિ. નિયમ એ બહુ અગત્યની વસ્તુ ન ગણાય. બન્ને પ્રકારના શૌચનું પાલન અપેક્ષિત છે અવશ્ય. આસન અને પ્રાણાયામ ભક્તિ માટે બહુ આવશ્યક વસ્તુ નથી. બને તેટલું કરવું. ન બને તો તેના માટે નિરાશ ન થવું. જો ઉપાસક યમોનું પાલન જ્ઞાનપૂર્વક કરતો હોય તો તેના માટે પ્રત્યાહાર અલગ સિદ્ધ કરવાની આવશ્યક્તા જ ન રહે. બ્રહ્મચર્યનું રક્ષણ એક એવું કલ્પવૃક્ષ છે, કે જેમાંથી શમ અને દમ એટલે ચિત્તનિગ્રહ અને ઇન્દ્રિયનિગ્રહ બન્ને પૂર્ણરૂપે ફલિતાર્થ થઈ શકે છે. છેવટે ધારણા, ધ્યાન, અને સમાધિ આવે છે. એ ત્રણે



ભક્તિની પરિપૂર્ણતાના ફલિતાર્થ હોવા જોઈએ. એટલે જેમ જેમ ભક્તિમાં પરિપૂર્ણતા આવતી જશે તેમ તેમ સંયમ દૃઢ થતો જશે. એની સ્થિરતા ભક્તિના સ્થૈર્ય ઉપર અવલંબે છે.

અહીં એટલું સ્મરણમાં રાખવું જોઈએ કે આ પ્રકરણમાં જે યમ અને નિયમ બતાવવામાં આવ્યા છે, તે પતંજલિના યોગદર્શનને અનુસરીને જ. બીજા ધર્મશાસ્ત્રકારો આ બન્નેનાં સ્વરૂપોનો પરિચય બીજી રીતે પણ આપે છે. જેમકે યાજ્ઞવલ્કય કહે છે કે–

"ब्रह्मचर्यं दया क्षान्तिर्ध्यानं सत्यमकल्कता ।
अहिंसाऽस्तेयमाधुर्ये दमश्चेतियमाः स्मृताः ॥"
"स्नानं मौनोपवासेज्या स्वाध्यायोपस्थनिग्रहाः ।
नियमो गुरुशुश्रूषा शौचाक्रोधाप्रमादताः ॥"

"બ્રહ્મચર્ય, દયા, ક્ષમા, દાન, સત્ય, ઋજુતા-અકુટિલતા, અહિંસા અસ્તેય, માધુર્ય-એટલે હૃદય, નેત્ર અને વાણીમાં નમ્રતા, દમ એ દશ યમ કહેવાય છે." "સ્નાન, મૌન, ઉપવાસ, યજ્ઞ, સ્વાધ્યાય, ઉપસ્થનિગ્રહ, ગુરુ-શુશ્રૂષા, શૌચ, અક્રોધ, અપ્રમાદ એ દશ નિયમ કહેવાય છે." આ જોતાં એમ જ કહેવું જોઈએ કે ભક્ત માટે યમ અને નિયમ બન્ને અત્યંત આવશ્યક સાધનો છે.

બીજા શાસ્ત્રકારના મત પ્રમાણે–

"अहिंसा सत्यवचनं ब्रह्मचर्यमकल्कता ।
अस्तेयमिति पञ्चैते यमा वै परिकीर्तिताः ॥"

'અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અકુટિલતા, અસ્તેય એ પાંચ યમ છે.'

"अक्रोधो गुरुशुश्रूषा शौचमाहारलाघवम् ।
अप्रमादश्च सततं पञ्चैते नियमाः स्मृताः॥"

'અક્રોધ, ગુરુસેવા, શૌચ અલ્પાહાર, અપ્રમાદ એ પાંચ નિયમો છે'.

# બારમો પરિચ્છેદ

## ભક્તિ પણ એક રસ છે

વિવેચકોએ, સાહિત્યરસકોવિદોએ રસની મીમાંસા ખૂબ કરી છે, પુષ્કળ વિચાર કર્યો છે. તેમાં તેઓએ ભક્તિરસને સ્થાન આપ્યું નથી. તેમની દૃષ્ટિએ શાંતરસમાં ભક્તિરસ અંતર્ભૂત થઈ જાય છે. આપણે વિચારીશું કે ભક્તિરસનું સ્વતંત્ર અસ્તિત્વ છે કે નહિ? પહેલાં તો રસ એટલે શું એ વિચારીએ. રસનો વિચાર કરતાં પહેલાં વિભાવ, અનુભાવ, વ્યભિચારી અને સ્થાયિભાવ આદિનું સ્પષ્ટ જ્ઞાન આવશ્યક છે. તે જ્ઞાન વગર રસજ્ઞાન ન થઈ શકે. માટે તે બધાંનું સ્વરૂપ-નિરૂપણ કરું છું.

**વિભાવનું લક્ષણ—**

**रत्याद्युद्बोधका लोके विभावाः काव्यनाट्ययोः**

**(साहित्यदर्पण)**

"રતિ, હાસ્ય, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા અને વિસ્મયનો જે ઉદ્બોધક-પ્રવર્તક હોય તે **વિભાવ** કહેવાય છે. એ આઠ સ્થાયિભાવ છે. એ આઠનો જે ઉદ્બોધક હોય તે વિભાવ કહેવાય છે.

**અનુભાવનું લક્ષણ—**

**उद्बुद्धं कारणैः स्वैः स्वैर्बहिर्भावं प्रकाशयन् ।**
**लोके यः कार्यरूपः सोनुभावः काव्यनाट्ययोः ।। (सा.द,)**

સ્વ-સ્વ-કારણોથી ઉત્પન્ન થયેલ, જાગરિત કરાયેલ ભાવને, જે કાર્યરૂપ થઈને બહાર પ્રકાશિત કરે છે તે **અનુભાવ** કહેવાય છે. દરેક ભાવ પ્રકટ કરવા માટે એક જ કારણ હોતું નથી. ભિન્ન ભિન્ન સાધનોથી ભિન્ન ભિન્ન ભાવો અભિવ્યક્ત થાય છે. જે ભાવના જે કારણો



હોય તે બધાં કારણોથી ઉત્પન્ન થયેલા ભાવને, કાર્યરૂપ થઈને, જે બહાર પ્રકાશે તે અનુભાવ કહેવાય છે. એટલે **કાર્યને અનુભાવ કહે છે.** કટાક્ષ કરવો, હાથ ઊંચા કરવા, કાકૂક્તિ, ખોંખારવું આદિ ક્રિયાઓ કાર્ય કહેવાય છે. એ દ્વારા જ એ ક્રિયાઓ કરનારના ભાવની અભિવ્યક્તિ થાય છે. માટે **હૃદયગત ભાવને અભિવ્યક્ત કરવા કાર્યરૂપે રહેનારને અનુભાવ કહે છે.** કટાક્ષાદિ કાર્ય છે. તેનાથી રતિ આદિની અભિવ્યક્તિ થાય છે. માટે એ આઠ કટાક્ષાદિ અનુભાવ છે.

**વ્યભિચારીનું લક્ષણ—**

રત્યાદિ કાર્યને ઉત્પન્ન કરવામાં અથવા તેની શીઘ્ર પ્રતીતિ કરાવવામાં જે સહાયક હોય તે વ્યભિચારી કહેવાય છે.

**विशेषादाभिमुख्येन चरन्तो व्यभिचारिणः।**
**स्थायिन्युन्मग्ननिर्मग्नाः (सा. द.)**

ભરતમુનિએ અને તેમના પછીના બધા આલંકારિકોએ તેત્રીસ વ્યભિચારી ગણાવ્યા છે. તે આ છે—

| | | | |
|---|---|---|---|
| (૧) નિર્વેદ | (૯) વિબોધ | (૧૭) અવહિત્થા | (૨૫) લજ્જા |
| (૨) આવેગ | (૧૦) સ્વપ્ન | (૧૮) ઔત્સુક્ય | (૨૬) હર્ષ |
| (૩) દૈન્ય | (૧૧) અપસ્માર | (૧૯) ઉન્માદ | (૨૭) અસૂયા |
| (૪) શ્રમ | (૧૨) ગર્વ | (૨૦) આશંકા | (૨૮) વિષાદ |
| (૫) મદ | (૧૩) મરણ | (૨૧) સ્મૃતિ | (૨૯) ધૃતિ |
| (૬) જડતા | (૧૪) આલસ્ય | (૨૨) મતિ | (૩૦) ચપળતા |
| (૭) ઉગ્રતા | (૧૫) અમર્ષ | (૨૩) વ્યાધિ | (૩૧) ગ્લાનિ |
| (૮) મોહ | (૧૬) નિદ્રા | (૨૪) ત્રાસ | (૩૨) ચિંતા |
| | | | (૩૩) વિતર્ક |

આ વ્યભિચારીઓ સ્થાયિભાવમાં કદીક સ્પષ્ટ પ્રતીત થાય છે, અને કદીક વિલીન હોય છે—અસ્પષ્ટ હોય છે. અનિયત હોવાને લીધે

જ એમનું નામ વ્યભિચારી પડ્યું છે. લોકપ્રસિદ્ધ જે વ્યભિચારી પુરુષો અને વ્યભિચારિણી સ્ત્રીઓ છે તે પણ અનિયત હોવાને લીધે જ આ પવિત્ર નામ ધરાવે છે. વ્યભિચારીઓની સ્ત્રીઓ નિયત હોતી નથી અને વ્યભિચારિણીઓના જારો નિયત હોતા નથી.

એ જ વસ્તુ અન્યત્ર બીજી રીતે કહેવામાં આવી છે—

**ये तूपकर्तुमायान्ति स्थायिनं रसमुत्तमम् ।**
**उपकृत्य च गच्छन्ति ते मता व्यभिचारिणः।। (प्रदीप)**

જે સ્થાયી રસનો ઉપકાર કરવા આવે છે, એટલે તેની પ્રતીતિ કરાવવા આવે છે, અને ઉપકાર કરીને—પ્રતીતિ કરાવીને ચાલ્યા જાય છે તે **વ્યભિચારી** છે.

હવે એને આ રીતે સમજો—

(૧) કારણનું નામ વિભાવ છે.
(૨) કાર્યનું નામ અનુભાવ છે.
(૩) સહાયક કે પ્રત્યાયકનું નામ વ્યભિચારી છે.

રસની પ્રતીતિ જે રૂપે થાય છે તે સ્થાયીભાવ.

ભરતમુનિએ કહ્યું છે કે આ ત્રણના સંયોગથી જ રસની નિષ્પત્તિ થાય છે.

અહીં એટલું ધ્યાનમાં રાખવું જોઈએ કે અલગ અલગ રસના અલગ અલગ વિભાવ હોય છે, અલગ અલગ અનુભાવ હોય છે અને અલગ અલગ વ્યભિચારી હોય છે. આ વસ્તુ આગળ પણ કહેવામાં આવશે.

વિભાવ બે પ્રકારના છે: (૧) આલંબન, (૨) ઉદ્દીપન.

૧ જેનું આલંબન કરીને રસોદ્દ્ગમ થાય છે તે આલંબન કહેવાય છે. નાયક, નાયિકા, ઉપનાયક, ઉપનાયિકા આદિ આલંબન વિભાવ કહેવાય છે.



૨ રસને જે ઉદ્દીપ્ત કરે—તેમાં વધારો કરે તે ઉદ્દીપન વિભાવ કહેવાય છે. આલંબનની એટલે નાયક, નાયિકાદિની જે પારસ્પરિક ચેષ્ટાઓ હોય છે તે, અને દેશ, કાળ, ચન્દ્ર, ચન્દન, કોકિલાલાપ આદિ ઉદ્દીપક છે. એનાથી શૃંગારાદિ રસ ઉદ્દીપ્ત બને છે.

નિષ્કર્ષ એ નીકળ્યો કે વિભાવ, અનુભાવ, અને વ્યભિચારી એ ત્રણે મળીને જ રસને ઉત્પન્ન કરે છે. ઉત્પન્ન કરવું એટલે પ્રગટાવવું.

રસ તો અપ્રકટરૂપે હૃદયમાં રહે છે. તે આ ત્રણના સામૂહિક સંયોગથી પ્રગટ થાય છે. **રસ એટલે સ્થાયિભાવ**. જ્યારે ચિત્તવૃત્તિનો પ્રવાહ અવિચ્છિન્નરૂપે વહ્યા કરે છે અને તેમાં પ્રત્યાઘાત થતો નથી, ત્યારે તે સ્થાયિભાવ જ રસ કહેવાય છે.

### ભાવ અને સ્થાયિભાવ

**"रतिर्देवादिविषया व्यभिचारी तथाञ्जितः ।**
**भावः प्रोक्तः" (काव्यप्रकाश)**

દેવ, મુનિ, ગુરુ, માતા, પિતા, મહાપુરુષ, મહાસ્ત્રી આદિ વિષયક જે રતિ આદિ; તે સ્થાયી ભાવ કે જે રસ બન્યા નથી; વિભાવ આદિ વડે અપુષ્ટ કાન્તાદિવિષયક રતિ; રસાવસ્થા સુધી નહિ પહોંચેલા હાસાદિ, વિભાવાદિ વડે પ્રધાનરૂપથી વ્યક્ત નહિ કરાયેલો વ્યભિચારી; એ બધાં ભાવ કહેવાય છે.

તાત્પર્ય એ છે કે વિભાવ, અનુભાવ અને વ્યભિચારી એ ત્રણેના સંયોગથી જ રસ નિષ્પન્ન થાય છે, એ સિદ્ધાંત છે. એ ત્રણેથી જ્યારે રતિ આદિ પુષ્ટ ન થયાં હોય ત્યાં સુધી તે ભાવ કહેવાય છે. તે ત્રણેથી પુષ્ટ થઈ તે રસસંજ્ઞાને પામે છે. તેમ જ, કાંતાદિવિષયક રતિ જ્યાં સુધી વિભાવાદિ વડે પુષ્ટ ન થઈ હોય, ત્યાં સુધી ભાવ જ કહેવાય છે. તેમ જ, રતિ સિવાયના જે બીજા હાસ આદિ સ્થાયિભાવો

છે, તે પણ જ્યાં સુધી વિભાવથી પુષ્ટ ન થયા હોય, ત્યાં સુધી ભાવ જ કહેવાય છે. તેમ જ, વિભાવાદિ વડે જો પ્રધાનરૂપે વ્યક્ત ન થયો હોય તેવો વ્યભિચારી પણ ભાવ જ કહેવાય છે.

એ જ તત્ત્વને વિશ્વનાથ આ પ્રમાણે કહે છે—

संचारिणः प्रधानानि देवादिविषया रतिः ।
उद्बुद्धमात्रः स्थायी च भाव इत्यभिधीयते ॥

"(૧) રસની સાથે રહેલા પણ વ્યભિચારીઓ જ્યાં સુધી પ્રધાનરૂપે અભિવ્યક્ત ન થયા હોય ત્યાં સુધી તેઓ,
(૨) દેવાદિવિષયક ઉદ્‌બુદ્ધમાત્ર રતિ અર્થાત્ વિભાવાદિથી પુષ્ટ ન કરાયેલી રતિ,
(૩) તેમ જ વિભાવાદિથી પરિપુષ્ટ ન થવાથી રસરૂપને પ્રાપ્ત નહિ થયેલા સ્થાયી ભાવો."

એ બધા ભાવ કહેવાય છે.

## સ્થાયી ભાવ

રતિ આદિ ભાવો જ્યારે વિભાવ, બન્ને પ્રકારના અનુભાવ, અને વ્યભિચારીથી પરિપોષિત થાય છે, ત્યારે તેઓ સ્થાયિભાવ કહેવાય છે. કહ્યું છે કે—

विरुद्धा अविरुद्धा वा यं तिरोधातुमक्षमाः ।
आनन्दाङ्कुरकन्दोऽसौ भावः स्थायिपदास्पदम् ॥

"વિરુદ્ધ અથવા અવિરુદ્ધ કોઈ પણ વસ્તુ જેને ઢાંકી શકે નહિ, તે ભાવ સ્થાયિપદને પામે છે."

આઠ રસના આઠ સ્થાયી ભાવ છે. તે આ પ્રમાણે—

(૧) શૃંગાર રસનો . . . . . સ્થાયી ભાવ . . . . . રતિ છે.
(૨) હાસ્ય ,, . . . . . ,, . . . . . હાસ્ય ,,



(૩) કરુણ રસનો . . . . . સ્થાયી ભાવ . . . . . શોક છે.
(૪) રૌદ્ર ,, . . . . . ,, . . . . . ક્રોધ ,,
(૫) વીર ,, . . . . . ,, . . . . . ઉત્સાહ,,
(૬) ભયાનક ,, . . . . . ,, . . . . . ભય ,,
(૭) બીભત્સ ,, . . . . . ,, . . . . . જુગુપ્સા,,
(૮) અદ્‌ભુત ,, . . . . . ,, . . . . . વિસ્મય ,,

સ્થાયી એટલે અવિચ્છિન્ન પ્રવાહ. ભાવ એટલે અમુક પ્રકારની ચિત્તવૃત્તિ. નિરંતર પ્રવાહિત અમુક પ્રકારની જે ચિત્તવૃત્તિ તે જ સ્થાયી ભાવ કહેવાય છે. અને તે જ રસ કહેવાય છે. કાવ્ય-પ્રકાશકાર કહે છે—

## રસ

कारणान्यथ कार्याणि सहकारीणि यानि च ।
रत्यादेः स्थायिनो लोके तानि चेन्नाट्यकाव्ययोः ॥
विभावा अनुभावास्तत् कथ्यन्ते व्यभिचारिणः ।
व्यक्तः स तैर्विभावाद्यैः स्थायी भावो रसः स्मृतः ॥

स्थायिनः, रत्यादेः=અવિચ્છિન્ન પ્રવાહવાળા જે કોઈના વિષે પ્રીતિ આદિ, તેના. लोके यानि कारणानि=લોકમાં એટલે વ્યવહારમાં આલંબન આદિ જનક કારણો છે, અને રત્યાદિની ઉત્પત્તિ પછી તેને પોષણ આપનાર, ઉદ્દીપ્ત કરનાર જે ઉદ્દીપનરૂપ કારણ છે, અને તે રત્યાદિથી જન્મ પામેલા જે કટાક્ષ, ભુજોત્ક્ષેપણ કાકૂક્તિ આદિ કાર્યો છે, અને તે રત્યાદિના કાર્યોની ઉત્પત્તિમાં અથવા અવિલંબ પ્રતીતિમાં સહાયક જે નિર્વેદ આદિ છે તેઓ નાટ્ય અને કાવ્યમાં चेत्=જ્યારે વર્ણવાય છે. तत्=ત્યારે, ક્રમથી વિભાવ, અનુભાવ અને વ્યભિચારી કહેવાય છે. તાત્પર્ય એ છે કે રતિ આદિનું કારણ વિભાવ કહેવાય છે. કટાક્ષ, ભુજોત્ક્ષેપ આદિ કાર્ય છે, તે અનુભાવ કહેવાય છે, અને તે

કાર્યની શીઘ્ર પ્રતીતિમાં સહાયક જે નિર્વેદ આદિ તેત્રીસ છે તે વ્યભિ-ચારી કહેવાય છે. અને એ ત્રણથી એટલે વિભાવ (કારણ), અનુભાવ (કાર્ય) અને વ્યભિચારી (સહાયક)થી व्यक्तः=વ્યંજનાવૃત્તિથી પ્રતિપાદિત તે સ્થાયીભાવ ચિત્તવૃત્તિ વિશેષ रसः स्मृतः=રસ કહેવાય છે. યદ્યપિ ચિત્ત-વૃત્તિ સ્થાયિની હોતી નથી, અચિરંજીવિની હોય છે, તથાપિ તે વાસનારૂપે સ્થાયિની રહે છે. વૃત્તિનો નાશ હોવાથી પણ તેની વાસના રહી જાય છે. જેવી રીતે નિરાહાર દેહીના વિષયો પોતાના રસને મૂકી પોતે ચાલ્યા જાય છે, તેવી જ રીતે વૃત્તિઓ જાય છે પણ વાસના મૂકતી જાય છે. તે વાસના વૃત્તિ કરતાં ચિરસ્થાયિની હોય છે.

"विभावानुभावव्यभिचारिसंयोगाद्रसनिष्पत्तिः"

ભરતમુનિના આ સૂત્રની વ્યાખ્યામાં લોલ્લટ ભટે લખ્યું છે કે "કામિની આદિ આલંબન વિભાવ રતિઆદિ સ્થાયી ભાવોને ઉત્પન્ન કરે છે. ઉદ્યાન, વાટિકા આદિ ઉદ્દીપન વિભાવ તેને (રતિ આદિને) ઉદ્દીપ્ત કરે છે. કટાક્ષ અને ભુજોત્ક્ષેપણ આદિ અનુભાવ તેને પ્રતીતિ યોગ્ય બનાવે છે. તેમ જ ઉત્કંઠા આદિ વ્યભિચારી ભાવ તેને પુષ્ટ કરે છે અને ત્યારે તે રત્યાદિ રસરૂપ બને છે*

હવે રસનું રૂપ સમજાયું હશે કે સ્થાયી ભાવોને જ્યારે વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ત્રણે મળી પુષ્ટ કરે છે, ત્યારે તે સ્થાયી

* સાહિત્ય દર્પણકાર પણ કહે છે—

विभावेनानुभावेन व्यक्तः संचारिणा तथा ।
रसतामेति रत्यादिः स्थायिभावः सचेतसाम् ॥

અન્યત્ર પણ કહ્યું છે કે—

विभावैरनुभावैश्च युक्तो वा व्यभिचारिभिः ।
आस्वाद्यत्वात्प्रधानत्वात्स्थाय्येव तु रसः स्मृतः॥



ભાવ જ રસ કહેવાય છે.

એ રસની સંખ્યા આલંકારિકોના મત પ્રમાણે ૮, ૯, ૧૦ સુધી પહોંચી છે. તે આ પ્રમાણે—

શૃંગારરસ, હાસ્યરસ, કરુણરસ, રૌદ્રરસ, વીરરસ, ભયાનકરસ, બીભત્સરસ, અદ્ભુતરસ, શાંતરસ, વાત્સલ્યરસ.

આમાંના પહેલા આઠના સ્થાયી ભાવો પાછળ બતાવવામાં આવ્યા છે. શાંતરસ અને વાત્સલ્યરસના સ્થાયીભાવ નીચે લખ્યા પ્રમાણે છે—

| | | |
|---|---|---|
| શાંતરસનો | સ્થાયીભાવ | શમ (નિર્વેદ) છે. |
| વત્સલરસનો | ,, | વાત્સલ્ય, સ્નેહ છે. |

હવે આ બધાના વિભાવ, અનુભાવ અને વ્યભિચારી પૃથક પૃથક આ રીતે છે—

| **રસ** | **આલંબનવિભાવ** | **ઉદ્દીપનવિભાવ** |
|---|---|---|
| (૧) શૃંગારરસ ... | નાયક, નાયિકા ... | ...ચંદ્ર, ચંદન, સ્રક, ભ્રમર આદિ |
| (૨) હાસ્યરસ .... | વિકૃત આકારવાળી, વિકૃત વાણીવાળી, વિકૃત ચેષ્ટાવાળી વ્યક્તિ કે વસ્તુ | ....આલંબન વિભાવની ચેષ્ટા આદિ |
| (૩) કરુણરસ... | ..શોચ્ય (જેના માટે શોક કરાય તે) | ...દાહાદિક અવસ્થા |
| (૪) રૌદ્રરસ... | ...શત્રુ ... ... ... | ...શત્રુચેષ્ટા, મુષ્ટિપ્રહાર, પતન, વિકૃતચ્છેદ, વિદારણ, સંગ્રામ, સંભ્રમ |
| (૫) વીરરસ... | ...વિજેતવ્ય (જેને જીતવો હોય તે=શત્રુ) વિદ્વાન, દીનજન | ..વિજેતવ્યની ચેષ્ટાદિ અપકાર ..આપત્તિ આદિ |

| રસ | આલંબનવિભાવ | ઉદ્દીપનવિભાવ |
|---|---|---|
| (૬) ભયાનકરસ | જેનાથી ભય ઉત્પન્ન થાય તે વિકટ વસ્તુ આદિ | આલંબનની ઘોરતર ચેષ્ટા આદિ |
| (૭) બીભત્સરસ | દુર્ગંધ, માંસ, રક્ત, મેદ, મળ, મૂત્ર | આલંબનમાં કૃમિપાત, દુર્ગંધ આદિ |
| (૮) અદ્‌ભુતરસ | અલૌકિક વસ્તુ, આશ્ચર્યજનક કર્મકર્તા | આલંબનના ગુણોનું માહાત્મ્ય, આશ્ચર્યપ્રદ કર્મ આદિ |
| (૯) શાંતરસ | સર્વવિષયોની અસારતાની પ્રતીતિ, પરમાત્માનું સ્વરૂપ | પુણ્ય આશ્રમ, વિષ્ણુ ક્ષેત્ર, તીર્થ, રમ્યવન, મહાપુરુષસંગ આદિ |
| (૧૦) વાત્સલ્યરસ | પુત્ર, શિષ્ય આદિ | આલંબનની ચેષ્ટા, વિદ્યોદય, શૌર્યોદય, સમૃદ્ધિ આદિ |

આ દશ રસોના અનુભાવ અને વ્યભિચારી આ પ્રમાણે—

| રસ | અનુભાવ | વ્યભિચારી |
|---|---|---|
| (૧) શૃંગારરસ | ભ્રૂવિક્ષેપ, કટાક્ષ આદિ | ઉગ્રતા, મરણ, આલસ્ય, જુગુપ્સા સિવાય બધા (૨૯) |
| (૨) હાસ્યરસ | અક્ષિસંકોચ, વદનસ્મેરતા, ગાલ ફુલાવવો આદિ | નિદ્રા, આલસ્ય આદિ |
| (૩) કરુણરસ | દૈવનિન્દા, ભૂપાત, ક્રન્દન આદિ | વૈવર્ણ્ય, ઉચ્છ્વાસ, નિઃશ્વાસ, સ્તંભ, પ્રલપન, નિર્વેદ, મોહ, અપસ્માર, વ્યાધિ, ગ્લાનિ, સ્મૃતિ, શ્રમ, વિષાદ, જડતા, ઉન્માદ, ચિંતા આદિ |



| રસ | અનુભાવ | વ્યભિચારી |
|---|---|---|
| (૪) રૌદ્રરસ | ભ્રૂભંગ, ઓષ્ઠનિર્દંશ, બાહુસ્ફોટન, તર્જન, આત્મપ્રશંસા, આયુધોત્ક્ષેપણ, તિરસ્કાર, કુટિલાવલોકન | ઉગ્રતા, આવેગ, રોમાંચ, સ્વેદ, વેપથુ, મદ, મોહ, અમર્ષ આદિ |
| (૫) વીરરસ | સૈન્ય, ધન, મન્ત્રાદિ સહાયાન્વેષણ | ધૃતિ, મતિ, ગર્વ, સ્મૃતિ, તર્ક, રોમાંચ |
| (૬) ભયાનકરસ | વૈવર્ણ્ય, ગદ્‌ગદ સ્વરથી ભાષણ, નષ્ટચિત્તતા, સ્વેદ, રોમાંચ, કંપ, દિક્‌પ્રેક્ષણાદિ, પલાયન | જુગુપ્સા, વેગ, સંમોહ, ત્રાસ, ગ્લાનિ, દૈન્ય, શંકા, અપસ્માર, ભ્રાન્તિ, મરણ, જડતા આદિ |
| (૭) બીભત્સરસ | નિષ્ઠીવન, આસ્યવલન, નેત્રસંકોચાદિ | મોહ, અપસ્માર, આવેગ, વ્યાધિ, ગ્લાનિ, મરણ આદિ |
| (૮) અદ્‌ભુતરસ | સ્તંભ, સ્વેદ, રોમાંચ, ગદ્‌ગદ સ્વર, સંભ્રમ, નેત્રવિકાસ, ચકિતતા | વિતર્ક, આવેગ, સંભ્રાન્તિ, હર્ષ આદિ |
| (૯) શાંતરસ | રોમાંચ આદિ | નિર્વેદ, હર્ષ, સ્મરણ, મતિ, ભૂતદયા આદિ |
| (૧૦) વાત્સલ્યરસ | આલિંગન, અંગસ્પર્શ, શિરશ્ચુંબન, જોવું, રોમાંચ, આનન્દાશ્રુ | અનિષ્ટ શંકા, હર્ષ, ગવ આદિ |

સાહિત્ય દર્પણકાર શ્રી વિશ્વનાથે નાટ્યમાં પણ શાન્તરસને સ્વીકાર્યો છે. કાવ્યપ્રકાશકારે શાંતરસને અલગ ગણ્યો છે. તેમના મત પ્રમાણે આ રસ શ્રવ્ય કાવ્યમાં તો વ્યક્ત કરી શકાય છે, પણ અભિનયમાં વ્યક્ત કરી શકાતો નથી. બીજા પણ કેટલાક આ મતના છે.

शान्तस्य शमसाध्यत्वान्नटे च तदसम्भवात् ।
अष्टावेव रसा नाट्ये न शान्तस्तत्र युज्यते ॥

આમ કહીને કેટલાકે નાટ્યમાં શાંતરસનો તદ્દન અસ્વીકાર કર્યો છે. શ્રી વિશ્વનાથે વાત્સલ્યરસને પણ સ્વીકાર્યો છે. કેટલાકે લૌલ્યરસ, ભક્તિરસ, સ્નેહરસ, કાર્પણ્યરસની સંભાવના કરી ચારેને ભાવના-અંતર્ગત માનીને અલગ રસનો અસ્વીકાર કર્યો છે. આ રીતે જેઓ ભક્તિરસને પૃથક્‌રસ તરીકે નથી સ્વીકારતા તેઓ તેને રતિરૂપ ભાવમાં સમાવી લે છે. સ્નેહ, ભક્તિ, વાત્સલ્ય, મૈત્રી, આબંધ આદિ રતિના જ વિશેષ રૂપો છે. ગુણ, ધર્મ આદિથી સમાન બે વ્યક્તિઓની રતિ તે સ્નેહ અથવા પ્રેમ કહેવાય છે. તેવી જ સમાન બે વ્યક્તિઓની નિષ્કામ પરસ્પર રતિ મૈત્રી કહેવાય છે. મોટાની નાનામાં જે રતિ તે વાત્સલ્ય કહેવાય છે. અને નાનાની મોટામાં જે રતિ તે ભક્તિ કહેવાય છે. અને અચેતનમાં જે રતિ તે આબંધ કહેવાય છે.

રસગંગાધરકાર પંડિતરાજ જગન્નાથ પણ ભક્તિને પૃથક્ રસરૂપે માનતા નથી. રતિમાં જ તેનો અંતર્ભાવ માને છે.

આ રહ્યો તેમનો ગ્રન્થ—

अथ कथमेत एव रसाः ? भगवदालम्बनस्य रोमाञ्चाश्रुपातादिभिरनुभावितस्य हर्षादिभिः परिपोषितस्य भागवतादिपुराणश्रवणसमये भगवद्भक्तैरनुभूयमानस्य भक्तिरसस्य दुरपह्नवत्वात् । भगवदनुरागरूपा भक्तिश्चात्र स्थायिभावः। न चासौ शान्तरसेन्तर्भावमर्हति । अनुरागस्य वैराग्यविरुद्धत्वात् । उच्यते-भक्तेर्देवादिविषयरतित्वेन भावान्तर्गततया रसत्वानुपपत्तेः ।

આનો અર્થ :-**પ્રશ્ન**-આટલા જ રસ કેમ? ભક્તિ રસ કેમ નહિ? જો એમ કહો કે તેનું આલંબનાદિ કશું નથી, તો તે બરાબર નથી. ભગવાન જ તેનું આલંબન છે. ભક્તને રોમાંચ થાય છે, અશ્રુપાત થાય છે, એ જ



તેના અનુભાવ છે. ભાગવતાદિ પુરાણોનાં શ્રવણકાળમાં ભક્તને હર્ષ, શોક આદિ થયા કરે છે, તે જ ભક્તિરસના વ્યભિચારી છે. ભક્તિ જ સ્થાયી ભાવ છે. વિભાવ, અનુભાવ અને વ્યભિચારીથી જ રસનિષ્પત્તિ થાય છે. ત્યારે સામગ્રી હોવાથી ભક્તિરસની પણ નિષ્પત્તિ થાય જ. આટલા જ રસ કેમ? જો તમે એમ કહો કે ભક્તિ રસનો શાંતરસમાં અંતર્ભાવ થાય છે, તો તે કહેવું બરાબર નથી. કારણ કે ભક્તિરસમાં અનુરાગ હોય છે. શાંતરસમાં વૈરાગ્ય હોય છે. વિરોધીઓનો પરસ્પર અંતર્ભાવ કેવો? **ઉત્તર**-દેવાદિવિષયક રતિ જ ભક્તિ કહેવાય છે. અને તે રતિ ભાવમાં પરિગણિત થાય છે. માટે ભક્તિ **ભાવ** છે, રસ નથી''

આગળ ફરી શંકા કરી છે કે, ''જો રતિ ભાવ જ છે તો કામિનીવિષયક જે રતિ તે પણ ભાવ જ છે. ત્યારે શૃંગારરસની ગણના પણ ન થવી જોઈએ. અને એમ પણ કહી શકાય કે ભગવદ્‌ભક્તિને સ્થાયી ભાવ માનો ને કામિની આદિને રતિ ભાવ માનો, એટલે ભક્તિરસ અસ્તિત્વમાં આવશે.'' તેના ઉત્તરમાં પંડિતરાજ કહે છે: ''આ વિષયમાં ભરત મુનિએ જે વ્યવસ્થા કરી છે તેનું ઉલ્લંઘન થઈ શકે તેમ નથી. કારણ કે પછી તો દરેક ઠેકાણે અવ્યવસ્થા જ ફેલાશે. અને તે વખતે કોઈ એમ પણ કહેશે કે જો ભગવદ્‌વિષયા રતિ સ્થાયી ભાવ મનાય છે તો પુત્રવિષયા રતિ પણ સ્થાયી ભાવ કેમ ન ગણાય? પછી તો આવી અવ્યવસ્થાનો પાર જ નહિ આવે. માટે ભક્તિરસનો અસ્વીકાર કરવો એ જ સારો માર્ગ છે.''

આપણે જોઈ ગયા કે કોઈ આલંકારિક વિદ્વાન ભક્તિને રસરૂપે સ્વીકારતો નથી. બધા એને ભાવરૂપે જ સ્વીકારે છે. ત્યારે એ એક મોટો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે ''ભક્તિની રસમાં ગણના કરી એક નવો ભક્તિરસ સ્થાપવો જોઈએ અથવા ભાવરૂપે જ તેનો સ્વીકાર કરવો જોઈએ?''

આ પ્રશ્નનો ઉત્તર :-ભક્તિને ભાવ માનવો એ અજ્ઞાનતા છે. ભાવ એટલે ભરત મુનિએ સ્વીકારેલ આઠ સ્થાયી, સ્તંભ, સ્વેદ, રોમાંચ, સ્વરભંગ,

કંપ, વૈવર્ણ્ય, અશ્રુ, પ્રલય એ આઠ સાત્વિક અને નિર્વેદ આદિ ૩૩ વ્યભિચારી એવા ૪૯ ભાવ નહિ; પણ રતિ, હાસ, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા, વિસ્મય એ આઠ સ્થાયી ભાવોને જ ભાવ શબ્દથી સ્વીકારવા છે. એમાંથી દેવાદિવિષયિણી રતિને ભાવ માની ભગવદ્વિષયા રતિને ભાવ માનવો છે. જો એટલો સ્વાકાર પણ કરીએ કે ભગવદ્વિષયા રતિ ભાવ છે, પણ પછી ભવિષ્યમાં એનું શું? એ જ રતિનું જ્યારે ચર્વણ થાય છે, ત્યારે એ શૃંગાર-રસ બને છે. નાયક, નાયિકાદિ આલંબનવિભાવ, ચંદ્ર, ચંદ્રિકા, ચંદન આદિ ઉદ્દીપક વિભાવ, ભ્રૂવિક્ષેપ, કટાક્ષાદિ અનુભાવ અને ૨૯ વ્યભિચારીઓથી પરિપોષિત થયેલો એ જ રતિ ભાવ શૃંગારરસની પદવી પામે છે. દેવાદિ-વિષયક રતિને પણ જો વિભાવ, અનુભાવ અને વ્યભિચારીઓનું પોષણ મળે ત્યારે એને બીજું કયું નામ અપાશે? કદાચ કહેશો કે દેવાદિવિષયક રતિ પુષ્ટ અથવા અપુષ્ટ બન્ને દશામાં ભાવ જ રહે છે, રસ સંજ્ઞા નથી પામતી, તો તેનું કંઈ કારણ બતાવશો? હજુ સુધી કોઈએ કોઈ કારણ બતાવ્યું નથી. કારણ વગર જ ભગવદ્રતિને ભાવ માનતા રહેવામાં નરી જડતા છે. ભરત-મુનિનો વિરોધ થશે એ બીકે જો ભક્તિને રસ ન માનવો હોય તો જે બીકણ હોય તે એ યુક્તિને ભલે અનુસરે. ભક્તિમાર્ગના અનુયાયીઓ તો ભય કે બીકને ઓળખતા જ નથી. એને ભય શાનો? નિર્ભયના ખોળામાં વિહર-નાર ભક્તને એટલે ભક્તિરસાસ્વાદકને ભય કેવો? માટે ભક્તિને એક રસ બનાવવો જ છે. જે ભાવને વિભાવ ન હોય, અનુભાવ ન હોય, વ્યભિચારી પણ ન હોય તે ભલે ભાવરૂપે જ તપ કર્યા કરે. પણ જેને આ ત્રણે સામગ્રી અનવરત પ્રાપ્ત છે તે શા માટે રસપદ ન ભોગવે? વળી ભક્તિ એટલે સર્વા-ર્પણાત્મક, આત્મનિવેદનાત્મક જ્ઞાનવિશેષ. એ તાદૃગ્જ્ઞાન સ્વયં રસ છે. રસ આનન્દરૂપ છે. સર્વાર્પણાત્મક જ્ઞાનમાં ભક્તને કેટલો રસ હોય છે તે તો ભરતમુનિ પણ ન જાણે, બીજા પણ ન જાણે. એને તો તે જાણે જેણે ભક્તિ-ભાગીરથીનું અવગાહન કર્યું હોય.



વિશ્વનાથ ભાવનું લક્ષણ બતાવતાં કહે છે—

**संचारिणः प्रधानानि देवादिविषया रतिः ।**
**उद्बुद्धमात्रः स्थायी च भाव इत्यभिधीयते ॥**

જ્યાં વ્યભિચારી પ્રધાન હોય, એટલે પ્રધાનરૂપે અભિવ્યક્ત હોય, તે **ભાવ** કહેવાય છે. દેવ, મુનિ, ગુરુ, માતા, પિતા આદિવિષયક રતિ પણ ભાવ કહેવાય છે. ઉદ્બુદ્ધમાત્ર અર્થાત્ વિભાવાદિ વડે પુષ્ટ નહિ થયેલા એવા સ્થાયી પણ ભાવ કહેવાય છે. રતિ એટલે અનુરાગ. દેવાદિવિષયક રતિ એટલે દેવાદિવિષયક અનુરાગ. અનુરાગ ભક્તિનું એક અલ્પ સ્વરૂપ છે. ભક્તિની અતિ પૂર્વાવસ્થાઓમાંની અનુરાગ પણ એક અવસ્થા છે. ભક્તિને અનુરાગમાત્ર જ જાણીને આલંકારિકોએ ભક્તિને રતિ-ભાવ માનવાની ભૂલ કરી છે. ખરી રીતે ભક્તિ રતિ–ભાવ નથી, પણ એક રસ છે. વિભાવ, અનુભાવ અને વ્યભિચારીના સામૂહિક સંયોગથી ભક્તિરસની નિષ્પત્તિ થાય છે. આત્મ-નિવેદન એનો સ્થાયી ભાવ છે. એ આત્મનિવેદનરૂપ સ્થાયી ભાવ જ ભક્તિ-રસના રૂપને પ્રાપ્ત કરે છે.* કોઈ પણ ભાવ રસ વિના રહી શકે નહિ. એ અનુભવનો વિષય હોવો જોઈએ. રતિરૂપભાવ શૃંગારરસતાને પામે છે. મધુસૂદનસરસ્વતીપ્રભૃતિ જે લોકો ભક્તિના અનેક પ્રકારો સ્વીકારે છે, તેમ જ શૃંગારમિશ્રિત ભક્તિ પણ સ્વીકારે છે તેમના મત પ્રમાણે રતિ શૃંગારરસ બની રહેશે—જો કે આલંકારિકો એ વસ્તુને પણ સ્વીકારતા નથી— પણ જે લોકો ભક્તિના સ્વરૂપમાં કોઈ પણ પ્રકારનું તારતમ્ય માનતા ન હોય તેમના માટે રતિભાવનો રસ પરિણામ હોવો જ જોઈએ. કેમકે ભગવદ્રતિ આગળ વધે છે, એ સર્વાનુભૂત વસ્તુ ન હોય તો સર્વશ્રુત વસ્તુ તો છે જ. ઉત્પત્તિકાળમાં કોઈ પણ રતિ સ્વાભાવિકરૂપમાં રહે છે. પછી ક્રમિક વિકાસ

---

*न भावहीनोऽस्ति रसो न भावो रसवर्जितः ।
परस्परकृता सिद्धरनयो रसभावयोः ॥

થાય છે. દેવાદિમાં પણ જે રતિ ઉત્પન્ન થાય છે, તેની પ્રારંભિક દશા લૌકિક રતિની જેવી જ હોય છે. દેવને સ્નાન, પૂજન, નૈવેદ્ય, આદિ આપીને તેની સમાપ્તિ કરવામાં આવે છે. આ રીતે ધીરેધીરે જ્યારે અભ્યાસ થઈ જાય છે, અને તે રતિ વધતી જ જાય છે, ત્યારે તે અલૌકિક રતિ બને છે. અલૌકિક રતિને લીધે જ્યારે પુનઃ પુનઃ અધિકાધિક હૃદયદ્રાવ થવા લાગે છે, ત્યારે ભક્તિ પ્રગટ થાય છે. અને તે ભક્તિમાં "सर्वं समर्पितं तुभ्यम्" "जीवितं त्वदधीनं मे" એમ બોલીને દેહ, મન, બુદ્ધિ, પ્રાણ, આત્મા આદિ વસ્તુઓ ભક્તિના આલંબનને અર્પિત થાય છે.

ભક્તિરસ પણ એક રસ છે એવું ભરતમુનિ લખી ગયા નથી તેથી આપણે એક નવું તત્ત્વ શોધી શકીએ નહિ, અને આપણાં જીવનમાં તેનો ઉમેરો ન કરી શકીએ, એ તો ભારે માનસિક નબળાઈ છે. પૂર્વજો પ્રત્યે આપણને માન હોવું જોઈએ. પણ પૂર્વજો જેટલું કહી ગયા હોય તેટલું જ કરવા માટે કોઈ પણ વિદ્વાન બધા ય દેશ, કાળ અને પરિસ્થિતિમાં બંધાઈ શકે નહિ. જ્યારે જે વસ્તુની જીવનમાં આવશ્યકતા અનુભવાશે ત્યારે તેનો અવિભાજ્ય અંગરૂપે સ્વીકાર થશે જ. માટે ભક્તિ પણ એક રસ છે જ.

ભક્તિરસના વિભાવ, અનુભાવ, વ્યભિચારી અને સ્થાયી ભાવનું પ્રદર્શન આ રીતે છે:

વિભાવ (આલંબન)—ઇષ્ટ વ્યક્તિ, દેવ, નર, માતા, પિતા, ગુરુ, આદિ.

" (ઉદ્દીપન)—ઇષ્ટ વ્યક્તિની લોકોત્તર ચેષ્ટાઓ, લોકોત્તરગુણો, લોકોત્તર વ્યવહાર, કૃપાનુભવની સ્મૃતિ.

અનુભાવ—મહાપુરુષનો સંગ, યમનિયમાદિ-સાધન-દશક, ઇષ્ટગુણશ્રુતિ.

વ્યભિચારી—નિર્વેદ, દૈન્ય, ઔત્સુકય, સ્મૃતિ, મતિ, ધૃતિ, હર્ષ આદિ.

સ્થાયિભાવ—સર્વાર્પણપૂર્વક આત્મનિવેદન.

## તેરમો પરિચ્છેદ

### નવધા ભક્તિ

શ્રીમદ્ ભાગવતમાં નવધા-નવપ્રકારની ભક્તિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે આ પ્રમાણે છે.

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥

(૧) **શ્રવણ**—ઉપાસ્યદેવના અલૌકિક ગુણો અને ધર્મો કોઈ પરમ ભક્ત સદાચારી માણસ પાસેથી સાંભળવા એ શ્રવણ.

(૨) **કીર્તન**—ઉપાસ્યદેવના ગુણોનો અનુવાદ કરવો, તે ગુણોનો લાભ મળે તે રીતે કીર્તન કરવું. કીર્તન કરવું એટલે ગાવું, બજાવવું અને નાચવું નહિ પણ શાંતિથી તેને પોતાની પ્રેમવૃદ્ધિ માટે, અને બીજો કોઈ શ્રોતા હોય તો તેનામાં પ્રેમોત્પત્તિ કરાવવા માટે બોલવું તે.

(૩) **સ્મરણ**—ઉપાસ્યદેવનું સતતસ્મરણ-સતત અનુસંધાન, સતત ધ્યાન, માનસવ્યાપારવિશેષ.

(૪) **પાદસેવન**—ઉપાસ્ય દેવની ચરણસેવા. પાસેને પાસે જ રહેવું.

(૫) **અર્ચન**—ઉપાસ્ય દેવ આગળ સત્કર્મ કરવાની પ્રતિજ્ઞા. પુષ્પાદિદ્વારા પૂજન.

(૬) **વન્દન**—ઉપાસ્યદેવને પ્રણામ.

(૭) **દાસ્ય**—ઉપાસ્યદેવની સર્વ આજ્ઞાઓનો સ્વીકાર.

(૮) **સખ્ય**—ઉપાસ્યદેવના ધર્મોની સમાવસ્થા પ્રાપ્ત કરવી.

(૯) **આત્મનિવેદન**—પોતાના દેહ, મન, વાણી, બુદ્ધિ અને સર્વશરીરવ્યાપાર ઉપાસ્યદેવને સોંપવા.

હવે એના પર થોડુંક લંબાણથી વિચાર કરવાની આવશ્યકતા છે

પ્રથમ વિચાર તો એ કરવાનો છે કે દરેક માણસે આ નવે ભક્તિ સાથે જ નિત્ય કરવી જોઈએ કે એમાંથી કોઈ એક? મહર્ષિ શાંડિલ્ય કહે છે–

"अप्रयोगानां यथाकालसंभवो गृहादिवत् ॥" शा. भ. सू. २।२।७॥

જો આ નવે ભક્તિ એકી સાથે ન કરી શકાય તો, તેમ કરવામાં વિઘ્નો નડતાં હોય તો, તેમ કરવું કોઈ માટે શક્ય ન હોય તો, એમાંની કોઈ એક ભક્તિ કરીને પણ માણસ સ્વકલ્યાણ મેળવી શકે છે. એ માટેનાં ઉદાહરણો છે—

(૧) રાજા પરીક્ષિત્ કેવળ શ્રવણનિષ્ઠ ભક્ત હતો.
(૨) શુકદેવ કેવળ કીર્તનનિષ્ઠ હતા.
(૩) પ્રહ્લાદ કેવળ સ્મરણનિષ્ઠ હતો.
(૪) લક્ષ્મી કેવળ પાદસેવનનિષ્ઠ હતી.
(૫) અક્રૂર કેવળ વંદનનિષ્ઠ હતો.
(૬) હનુમાનમાં કેવળ દાસનિષ્ઠા હતી.
(૭) અર્જુન કેવળ સખ્યભાવનિષ્ઠ હતો.
(૮) બલિરાજા આત્મનિવેદનનિષ્ઠ હતો.

આ ઉદાહરણો આપણા સમક્ષ ન હોત તો પણ સમુચ્ચયવાદની તરફ જવાની જરા પણ માનસિક પ્રેરણા ન થાત. એ સમુચ્ચિત (ભેગી) થઈને નવ ભક્તિ નથી, પણ એ નવે અલગ અલગ ભક્તિ છે. નવધાનો અર્થ જ છે–નવ પ્રકાર. એ પ્રકારોમાંની જેને જે અનુકૂળ પડે તેને તે સ્વીકારે, તેમાં કોઈ ક્ષતિ નથી. ભક્તિનું લક્ષણ જે રીતે પાછળ કહેવામાં આવ્યું છે, તે રીતે ભક્તિ એટલે ભાગીરથી ગંગા. ભક્તિનો પ્રવાહ જ્યારે હૃદયમાં વહે છે ત્યારે તે એક અને અખંડ હોય છે. એનો કોઈ પ્રકાર હોતો નથી. ભાગવતમાં જે નવ પ્રકાર ગણાવવામાં આવ્યા છે તે તો મંદ અધિકારીને ઉદ્દેશીને જ. નવા શીખાઉના હૃદયમાં ભગવદ્રતિ ઉત્પન્ન કરાવવા માટે શ્રવણ આદિનું વિવેચન છે. તેથી ભક્તિ નવધા નથી, તે તો એક જ છે. અંતમાં ગણાવેલ આત્મનિવેદન એ જ ભક્તિ છે. બીજાં



આઠ શ્રવણાદિ આત્મનિવેદનનાં સાધનો હોઈ શકે છે. તેને કાં તો સાધન ગણીએ કાં તો આત્મનિવેદનનું પરિણામ ગણીએ; પણ ભક્તિ માનવાને કોઈ કારણ મળતું નથી. જગતમાં અંધકારનું રાજ્ય છે. ભક્તિનો અનુભવ કોઈને કરવો નથી. અક્ષરાર્થ લઈ નવધા ભક્તિનું ડિંડિમ વગાડવું છે. જો અક્ષરાર્થ તરફ જવું હોય તો ફરીથી ભક્તિ થોડી મીમાંસા માંગી લે છે.

विष्णोः श्रवणम् એટલે વિષ્ણુની લીલા આદિનું શ્રવણ કરવું તે. વિષ્ણુની તો કોઈ લીલા જ નથી. જે છે તે ગંદી અને મલિનતા ઉપજાવનારી છે. વિષ્ણુએ વૃન્દા-વિહાર કર્યો તે પાપ જ હતું. એ લીલાનું સ્મરણ કરવું એ પણ પાપ જ છે. એ લીલાધરનું સ્મરણ પણ પાપ છે. જેનું સ્મરણ કરવાથી વૈષયિક વિકારો વધે તે બધું પાપ. નારદને છેતરવાની લીલા પણ એવી જ છે. સમુદ્રમંથન પછી તેમાંથી નીકળેલા ચૌદ રત્નોની વહેંચણીમાં પણ વિષ્ણુ અપ્રમાણિક બન્યા છે. છળ કરીને અમૃત દેવોને અને વિષ અસુરોને આપી વિષ્ણુએ પોતાનું મૂલ્યાંકન ઘટાડયું છે. માટે વિષ્ણુની એવી કોઈ વિશિષ્ટ લીલા જ નથી કે જેનું શ્રવણ કરવાથી શ્રોતાને પવિત્રતા, ઉદાત્તવિચાર, હૃદયગ્રંથિભેદ આદિની પ્રાપ્તિ થાય. હા, વિષ્ણુના અવતારોમાં શ્રોતવ્ય અને મંતવ્ય કેટલાંક આચરણો છે. અવતારોમાં નરસિંહ અવતાર જ હૃદયને સ્ફૂર્તિ આપી જાય છે. જે વખતે નરસિંહ સ્તંભ ફાડી ગર્જતો અને ધરતી ધ્રૂજાવતો પ્રગટ થાય છે અને હિરણ્યકશિપુનું ઉદર વિદારણ કરી, પ્રહ્લાદને જોઈ બોલે છે—

"श्रान्तोसि वत्स बहुधा परिपीडितोसि,
धीरोसि साधुरसि मेतितरां प्रियोसि ।
एह्येहि वत्स परिरम्भणमाशु देही–
त्युक्त्वा हरिः पुलकितः शिशुमालिलिङ्ग ॥"

"હે વત્સ, તું થાકી ગયો હોઈશ. તેં જાતજાતની વેદનાઓ અનુ-

ભવી છે. તું ધીર છે, તું સાધુ છે, અને તેથી તું મારો અતિશય કૃપાપાત્ર છે. બેટા આવ, આવ, મને આલિંગન આપ" એમ બોલી જ્યારે નરસિંહ પ્રહ્લાદને છાતીએ ચાંપે છે, આલિંગન કરે છે, માથું સૂંઘે છે, ખોળામાં બેસાડી લાડ લડાવે છે, ત્યારે ભક્તિનો ભવ્ય પ્રવાહ, ભક્તિનું સૌભાગ્ય, પૃથ્વી અને આભને વીંધી ત્રણે લોકને પવિત્ર બનાવી દે છે. એ અવતારની લીલા જેટલી વિશુદ્ધ, આકર્ષક હૃદયદ્રાવક અને ભક્તિરસપૂર્ણ છે, તેટલી વિશુદ્ધતા, દ્રાવકતા, આકર્ષકતા અને પરિપૂર્ણતા એકે અવતારમાં નથી. રામાવતાર અને કૃષ્ણાવતારની લીલાઓ લોકોને વધારે ગમે છે; તેનું કારણ એ છે કે તે લીલાઓમાં લોકોને પોતાની વિષય-પ્રવણ વૃત્તિઓને પોષણ મળવાનો અવકાશ છે. તાડકાવધ, મારીચને બાણ મારી દૂર ઉડાડી દેવો, ધનુષ તોડીને પરણવું, અયોધ્યાવિહાર, અયોધ્યાની ગાદીનો ભરતને મળેલો અધિકાર ષડ્યંત્રથી ઝુંટવી લેવી રાજ્યારોહણની સ્વીકૃતિ, પાછળથી તેનું સ્ફોટન થતાં અરણ્યગમન, અરણ્યવાસ, સતી સીતાના હરણને લીધે રાવણનો સંહાર, સ્વાર્થવશ થઈ સુગ્રીવની મૈત્રીની પ્રતિજ્ઞા અન્વયે બાલિવધ, ભરતે સ્વેચ્છાએ ત્યાગ કરેલા રાજ્યનું શાસન, પવિત્ર સીતાનો વગર અપરાધે ત્યાગ, તેનાથી પ્રકટ થયેલી હાર્દિક નિર્બળતા અને અશ્વમેધ કરી સ્વર્ગારોહણ, ઇત્યાદિ લીલાઓમાં કઈ લીલા એવી કહી શકાય કે જે માનવજીવનને મોક્ષાર્થ ઉત્કર્ષ અર્પે ? એમાં મોક્ષાર્થ ભક્તિ માટે કઈ અલૌકિક સામગ્રી સમાયેલી છે જેનું અનુદ્વિગ્ન થઇ નિત્ય શ્રવણ કરી શકાય ? અને તેનાથી કર્મબંધનો તોડી મોક્ષ સાધી શકાય ? કૃષ્ણની લીલાઓ પણ એવી જ છે. ગોચારણ, ગોપીવિહાર, રાસ, યુદ્ધ, યુદ્ધમાં કૂટનીતિનો પ્રયોગ, એમાં કઈ અલૌકિક ક્રિયાઓ છે ? હા, કૃષ્ણ માટે એટલું જરૂર માનવું જોઈએ કે તેમના યુવાવસ્થાથી વૃદ્ધવસ્થા સુધીનાં સર્વ કાર્ય નિઃસ્વાર્થ અને પરોપકારી હતાં. ભારતના યુદ્ધથી તેમને આડકતરી રીતે લાભ હતો, પણ સાક્ષાત લાભ કશો જ ન હતો. કેવળ



ન્યાય મેળવવા માટે જ એ મહાપુરુષે પોતાના પ્રાણ સંકટમાં નાખીને પણ ધૃતરાષ્ટ્રની સભામાં વિષ્ટિથી માંડી યુદ્ધાન્ત સુધી અર્જુન સાથે ઊભા રહ્યા. પણ એ બધી સામગ્રી મોક્ષ માટે બહુ હિતકર અને રુચિકર ન કહેવાય. તેથી મારા મત પ્રમાણે તો નૃસિંહ અવતાર જ સર્વશ્રેષ્ઠ અવતાર છે. જે વખતે નૃસિંહ ભગવાન પોતાના પ્રિય ભક્ત પ્રહ્લાદને ખોળામાં સુવાડી તેના અંગો ઉપર હાથ ફેરવતા જાય છે અને કહેતા જાય છે—

क्वेदं वपुः क्व च वयः सुकुमारमेतत्,
क्वैताः प्रमत्तकृतदारुणयातनास्ते ।
आलोकितं विषममेतदभूतपूर्वं,
क्षन्तव्यमङ्ग यदि चागमने विलम्बः ॥

"ક્યાં આ કોમળ શરીર ! અને ક્યાં મદોન્મત્ત હિરણ્યકશિપુએ આપેલી દારુણ યાતનાઓ ! મારા ભક્ત પર આવડી મોટી ભીડ મેં કોઈ કાળે ભાળી ન હતી. બેટા પ્રહ્લાદ, તારી મદદે આવતાં મને વાર લાગી હોય તો ભાઈ, મને ક્ષમા આપજે !!" ભક્ત પાસે જ્યારે ભગવાન ક્ષમાની પ્રાર્થના કરે છે, ત્યારે તો ત્રિલોકી ભક્તિના રૂપસૌંદર્યથી મુગ્ધ થઈ નાચી ઊઠે છે. ભક્તિની પ્રતિભા, ભક્તિનું ઐશ્વર્ય, ભક્તિની શક્તિ, અને ભક્તિની આભા જગતમાં પ્રસરી જાય છે; અને આખું જગત પોતાના ઈષ્ટદેવના ખોળામાં ક્ષણ માટે ય સ્થાન અને આશ્રય મેળવવા આતુર બને છે. દ્રષ્ટા અને શ્રોતાના હૃદયને વીંધીને આરપાર ન નીકળી જાય એ રૂપ જ શા કામનું ?

"तदेव रूपं रमणीयतायाः क्षणे क्षणे यन्नवतामुपैति"

રામ રાજા હતા. મનુષ્યોને ન જાણે કેમ, પણ રાજા ગમે છે. કૃષ્ણ રાજાઓને ભિખારી અને ભિખારીઓને રાજા બનાવનાર હતા. તેથી જ તેમણે મનુષ્યોનાં હૃદયમાં સ્થાન મેળવ્યું. નરસિંહ રાજા ન હતા,

ક્ષત્રિય ન હતા, તેમનો ગર્ભવાસ નથી, યુદ્ધ નથી, મૂર્છા નથી, સેના નહિ,
સૈનિક નહિ, તેથી તેઓ ઘરેઘરના અને મંદિરેમંદિરના ઈશ્વર ન બની શક્યા.

કીર્તન માટે પણ બધું એમ જ કહેવાય છે. કીર્તન એટલે ગુણ-
કીર્તન. રામ અને કૃષ્ણના ગુણકીર્તનથી બંધનોચ્છેદ તો નથી જ થતો,
કદાચ વધે છે. પણ રામમાં જે સ્વાભાવિક ઉદારતા હતી, પ્રેમની એક
વિશિષ્ટ માત્રા હતી, એક પત્નીવ્રત હતું; કૃષ્ણમાં જે બુદ્ધિવૈભવ, આનંદ,
પરોપકારવૃત્તિ હતી, તે બધા ગુણો આ બન્ને મહાપુરુષો તરફ આકૃષ્ટ
થવા માટે પર્યાપ્ત કારણ છે જ.

પાદસેવન દુર્લભ છે. રામ ગયા, કૃષ્ણ ગયા, નરસિંહ ગયા. સાક્ષાત
વિષ્ણુ મળતા નથી. મંદિરમાં વિરાજતી તેમની પ્રતિમાઓ તો પુજારીઓની
જેલમાં હોય છે. તેમનો સ્પર્શ કરી શકાય જ નહિ. માટે ઇષ્ટદેવનું પાદ-
સેવન ભક્ત માટે સદા દુર્લભ જ વસ્તુ રહે છે. દરેક ઉપાસક પોતપોતાના
ઘરે એક ભગવાનની પ્રતિમા રાખે અને તેના જ પાદની સેવા, અર્ચન,
વંદન કર્યા કરે તો કદાચ પાદસેવન, અર્ચન, વંદન કહેવાય. કેમકે અક્ષરાર્થ
તો આ રીતે જ ફલિત થાય છે. મિત્રમિશ્રે શાંડિલ્યસૂત્ર પર ભાષ્ય કરતાં
પાદસેવન શબ્દનો અર્થ જ બદલી નાંખ્યો છે. તેમના મત પ્રમાણે પાદ-
સેવન એટલે ભગવત-પરિચર્યા. એ પરિચર્યાનું સ્પષ્ટીકરણ કરતાં કહ્યું છે
કે ભગવાન પાસે ઊભા રહી ચમર ઢાળવા, દરેક પર્વ ઉપર ઉત્સવ કરવો
એ ભગવત-પરિચર્યા.

દાસ્ય અને સખ્ય ભકિત તો વિરલ છે. હનુમાન્ દાસ્યભકિત
કરનાર તરીકે વર્ણવાયા છે. કદાચ આ બહુ સાચી વાત નથી. કિષ્કિંધામાં
હનુમાન્ જ્યારે રામને મળ્યા ત્યાં સુધી રામ અને હનુમાન્ પરસ્પર અપરિ-
ચિત હતા. સીતાની શોધમાં હનુમાન્ ગયા તે રામભકિતને લીધે નહિ
પરંતુ સુગ્રીવના દૂત હોવાને લીધે. માટે હનુમાને (વાલ્મીકિ રામાયણ–



કિષ્કિંધાકાંડમાં ૫૩/૮, ૫૩/૧૪, ૫૩/૧૫, સુંદરકાંડ ૩૪/૩૮, ૩૪/૧,
૩૫/૭૨, ૩૫/૮૩, ૩૬/૧, ૫૦/૧૯, ૫૧/૨ બધાં સ્થળે પોતાને સુગ્રીવના
દૂત તરીકે અને થોડાંક સ્થળે રામના દૂત તરીકે ઓળખાવ્યા છે. સુંદર
કાંડમાં ૫૧/૩૮માં હનુમાન્ પોતાને રામ-દાસ તરીકે ઓળખાવે છે, તે તો
અવસરને અનુસરીને. હનુમાન્ રામના દાસરૂપે અસ્તિત્વમાં કઈ રીતે
આવી ગયા, એ અજ્ઞાત વસ્તુ છે. છતાં લોકો માને છે, તો હું પણ
गतानुगतिको लोकः ના ન્યાયે તેમ જ માની લઉં છું.

સખ્યભકિતનું તો કોઈ પણ પ્રામાણિક ઉદાહરણ નથી. અર્જુનને
સખ્યભકિતના ઉદાહરણરૂપે ગણાવ્યા છે, પણ તે જરા પણ યોગ્ય નથી.
યુદ્ધ સમાપ્તિ પછી, રાજ્ય મળ્યા પછી અર્જુનની મનોવૃત્તિ અત્યંત સામા-
ન્ય–જાગતિક બની જાય છે. ભકિતનો તેના ઉપર કોઈ પ્રભાવ તે વખતે
દેખાતો નથી. ભારતયુદ્ધમાં પણ તે પોતાને ભકિત કરનાર રૂપે ઓળખાવતો
નથી. માટે ભકિત નવધા નહિ, પણ એક ધા જ.

# ચૌદમો પરિચ્છેદ

## ગૃહસ્થોનો ભક્તિમાર્ગ

પહેલાં લખાઈ ગયું છે કે ભક્તિ માટે યમોનું પાલન અત્યંત આવશ્યક છે. અને ભક્તિનું છેલ્લું સ્વરૂપ એટલું કઠણ છે કે ત્યાં ગૃહસ્થ સમાજનો પત્તો ખાય તેમ નથી. એ આત્મનિવેદન, એ અનન્ય ભક્તિ, એ અનન્ય ચિંતન અને એ તન્મયતા ગાર્હસ્થ્યમાં અવશ્ય અસંભવિત છે. હું ફરીથી કહું છું કે જેમ જ્ઞાનમાર્ગ ગૃહસ્થ માટે અસંભવ છે, તેમ જ ભક્તિમાર્ગ પણ ગૃહસ્થો માટે દુરૂહ છે. એમાં પણ સાધન-ચતુષ્ટયની અપેક્ષા તો રહેલી જ છે. કેમકે જ્ઞાનની પેઠે ભક્તિ પણ મુક્તિસાધન છે. અને એ સાધનચતુષ્ટય ગૃહસ્થધર્મ સાથે અત્યંત વિસંગત વસ્તુ બની જાય છે. તેથી એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે ત્યારે ગૃહસ્થોનાં કલ્યાણ માટે કયો માર્ગ છે?

તેનો ઉત્તર આ રીતે અપાય. મનુષ્યના જીવનને અથવા તેની જીવનચર્યાને ચાર વિભાગોમાં વિભક્ત કરવામાં આવી છે. (૧) બ્રહ્મચર્ય, (૨) ગૃહસ્થ, (૩) વાનપ્રસ્થ (૪) સંન્યાસ. દરેકના ધર્મો જુદાજુદા છે—નિયમો પૃથક્ પૃથક્ છે. અને પૂર્વપૂર્વનો દરેક આશ્રમ ઉત્તર ઉત્તર આશ્રમની તૈયારીરૂપ છે. બ્રહ્મચર્ય ગૃહસ્થાશ્રમની પૂર્વભૂમિકા છે. ગૃહસ્થાશ્રમ વાનપ્રસ્થની પૂર્વભૂમિકા છે. તેમ જ વાનપ્રસ્થ સંન્યાસ આશ્રમની પૂર્વભૂમિકા છે. ભક્તિ અને જ્ઞાન મુમુક્ષુઓ માટે છે. મુમુક્ષુઓનો આશ્રમ સંન્યાસ છે. એ ચતુર્થ આશ્રમ પહેલાં જ ગાર્હસ્થ્યની ઘટમાળા સમાપ્ત થાય છે અને આત્મકલ્યાણનો માર્ગ નિષ્કંટક બને છે. માટે જો ગૃહસ્થાશ્રમી સંન્યસ્ત જીવન જીવી શકતો ન હોય, તો તેમાં શોક કે નિર્વેદની આવશ્યકતા જ નથી. "आश्रमादाश्रमं गच्छेत्" એવો આદેશ છે. "जस काछिय तस चाहिय नाचा" જેવો વેશ તેવું જ આચરણ હોવું



જોઈએ. ગૃહસ્થાશ્રમ વિરક્તાશ્રમના નિયમો નભાવવા માટે નથી. તે આશ્રમમાં રહેનાર તે આશ્રમના જ નિયમોને વિધિપૂર્વક સંપૂર્ણરીતે પાળી શકે તો તેના માટે તેટલું ય બહુ છે. તે બ્રહ્મચર્યનું પાલન ન જ કરી શકે. તેના પ્રેમમાં પત્ની, બચ્ચાં અને બીજાં સગાં સંબંધીઓ ભાગીદાર હોય છે. માટે તે ગૃહસ્થ પોતાનું મન કેવળ પરમાત્માને જ કદી અર્પણ કરી શકતો નથી. તે પોતાના જીવનકાળમાં બીજાં ઘણાંયના પ્રેમ અને સંબંધને નભાવવા માટે બંધાયેલો છે. તેથી તે પૂર્વે જણાવેલી ભક્તિ તો ન જ કરી શકે.

પણ ભક્તિથી જે આત્મશુદ્ધિ થાય છે, જે સદાચારવૃદ્ધિ થાય છે, નમ્રતા, નિરભિમાનભાવ, સૌજન્ય અને જે સહૃદયતા આવે છે તેનો અંશમાત્ર પણ ગૃહસ્થાશ્રમમાં આવી શકે તો ચિંતા અને ગ્લાનિ માટે અવકાશ નથી. આપણે જાણીએ છીએ કે ગૃહસ્થાશ્રમમાં કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, માત્સર્ય આદિ દોષો તદ્દન અદૃશ્ય થઈ શકતા નથી, પણ તેને નિર્બળ બનાવી શકાય છે. કામ, ક્રોધ આદિની માત્રા ઓછી કરી શકાય, તો ભક્તિનો પ્રારંભ ગણાય ખરો. ગૃહસ્થાશ્રમને ભક્તિની પ્રાથમિક શાળા ગણી શકાય. એ શાળામાં જે પાઠો આપી શકાય તે આ છે:

(૧) યથાશક્ય સત્ય ભાષણ અને સત્ય શ્રવણ.
(૨) પરનિંદાથી અલગ રહેવું.
(૩) દ્વેષબુદ્ધિનો ત્યાગ.
(૪) બધાં સાથે પ્રેમ કરવાનો સ્વભાવ કેળવવો.
(૫) કોઈને દગો ન કરવો.
(૬) દગાનો બદલો દગાથી ન લેવાની વૃત્તિ કેળવવી.
(૭) પરોપકારની ટેવ પાડવી.
(૮) કૃતજ્ઞતા એટલે કોઈએ કરેલા ઉપકારની સ્મૃતિ જાળવવી.
(૯) કૃતઘ્નતાને પાપ સમજવું.

(૧૦) ક્ષમાવૃત્તિ કેળવવી.
(૧૧) ઘરમાં વડીલોની નિર્ભય અને વિશુદ્ધ મનથી સેવા કરવી અને તેમની આજ્ઞાનું પાલન.
(૧૨) સવારે અને સાંજે કોઈ પણ પવિત્ર નામનું રટણ અને કીર્તન કરવું.
(૧૩) કોઈ પણ પવિત્ર મંત્રનો જાપ.
(૧૪) કોઈ પણ દેવ, માણસ કે વસ્તુની પવિત્રતા જોઈને તેમની પૂજા-સેવાનો નિયમ.
(૧૫) શક્ય તેટલી અહિંસાનું પાલન.
(૧૬) અસ્તેય.
(૧૭) કોઈનું મન દુભાવવું નહિ.
(૧૮) અનાસક્તિ સેવવાની ટેવ પાડવી.

આ બધાં કર્તવ્યનું પાલન કરવાથી માનસિક નિર્બળતા દૂર થશે અને આત્મિક બળની વૃદ્ધિ થશે. એમ માનવાનું નથી કે તેઓ ઇષ્ટ-દેવની સાથે તન્મયતાનો અનુભવ કરતા નથી, માટે તેમનું પ્રારબ્ધ ઉત્તમ નથી, કે તેમના વિચારો ઉત્તમ નથી, કે તેમનામાં ભક્તિનું બીજ નથી. એવું કશું નથી. તેઓ જે આશ્રમમાં છે તેની જવાબદારી તેમના માથે રહેલી જ છે. એકને સાચવતાં બીજાં તરફ પૂરતું ધ્યાન ન આપી શકાય એ સ્વાભાવિક છે. અને તેમ કરવું કે તેમ થવું પાપ નથી, ઈશ્વરાપરાધ નથી, અને પશ્ચાત્તાપનું કારણ પણ નથી. ઉપર ગણાવેલાં કર્તવ્યોનું જો તેઓ પાલન કરતા રહે તો નિસ્સંદેહ તેઓ ભગવાનની તરફ જાય છે, એમ માનવું જ. પ્રામાણિકતા પણ ભક્તિનું એક ફળ જ છે. જો માણસ પોતાના જીવનને પ્રામાણિક રીતે વ્યતીત કરે તો તે પણ પ્રભુમય જીવન જ છે. એમાં સંશય કે વિતર્કને અવકાશ નથી. જન સેવા—પ્રાણિ-સેવા એ પ્રભુની જ સેવા છે. એ સેવાથી પણ કલ્યાણની પ્રાપ્તિ



થાય જ. કેવળ નિષ્કામ ભાવની જ ત્યાં આવશ્યકતા છે. જો નિષ્કામ ભાવે આવી સેવા ન થાય, પણ પ્રતિફળ મેળવવાની ઇચ્છા મનમાં રહે તો તે સેવાનો કોઈ વિશિષ્ટ લાભ હોઈ શકે નહિ.

એ સિવાય શાલગ્રામ, શિવલિંગ કે કોઈ દેવીની પૂજા કરવી હોય તો તે પણ અવશ્ય કરી શકાય. પૂજા માટે એટલું ધ્યાનમાં રાખવું જોઈએ કે તેમાં બધા નિયમોનું પાલન થવું જોઈએ. તેમાં જરા સરખી પણ ત્રુટિ ન હોવી જોઈએ. ખાસ કરીને ભગવાનના કેટલાક અપરાધો શાસ્ત્રોમાં ગણાવ્યા છે તે અપરાધોમાંથી બચવાનો સદા પ્રયાસ થવો જોઈએ. તે અપરાધો આ પ્રમાણે છે.—

(૧) વાહન ઉપર ચઢીને ભગવાનના મંદિરે જવું.—
(૨) ચાખડી પહેરીને ,, ,, ,,
(૩) ઉત્સવોના દિવસોએ ભગવાનની સેવા ન કરવી.
(૪) તેમની સામે જઈ પ્રણામ ન કરવા.
(૫) કશું ખાઇને કે પીને કોગળા કર્યા વગર ભગવાન પાસે જવું.—
(૬) અશુચિ થઇને ભગવાનના દર્શન કરવાં.
(૭) ભગવાન્ આગળ પગ લાંબા કરીને બેસવું.
(૮) ભગવાન્ આગળ પદ્માસનથી બેસવું.
(૯) ભગવાન્ સામે શયન કરવું.
(૧૦) ,, ,, વાતો કરવી.
(૧૧) ,, ,, મિથ્યા ભાષણ.
(૧૨) ,, ,, ઉતાવળે બોલવું.
(૧૩) ,, ,, ભગવત્-સંબંધ વિનાની વાતો કરવી.
(૧૪) ,, ,, સાંસારિક દુઃખ રડવું.
(૧૫) ,, ,, કજિયો, ક્રોધ કરવો.
(૧૬) ,, ,, કોઇ ને દંડ દેવો.

(૧૭) ભગવાન્ સામે કોઈને ભેટ આપવી.
(૧૮) ,, ,, સ્ત્રીઓ સાથે અસભ્ય વાર્તાલાપ કરવો.
(૧૯) ,, ,, અશ્લીલ ભાષણ.
(૨૦) ,, ,, અપાનવાયુનો ત્યાગ.
(૨૧) ,, ,, પરનિંદા કરવી.
(૨૨) ,, ,, કોઈ માણસની સ્તુતિ કરવી.
(૨૩) ,, ,, કાળી કાંબળ ઓઢીને જવું.
(૨૪) શક્તિ હોવા છતાં ભગવાનની સારી રીતે સેવા ન કરવી.
(૨૫) ભગવાનને નિવદેન કર્યા સિવાય કોઈ વસ્તુ ખાવી-પીવી.
(૨૬) ઋતુના ફળ ફૂલ આદિ અર્પણ ન કરવાં.
(૨૭) અન્ય દેવની નિંદા.
(૨૮) મહાપુરુષોની નિંદા.
(૨૯) આત્મ પ્રશંસા કરવી.
(૩૦) ભગવાનના દીપકને અડી, તેની વાટ આદિને ઉપરનીચે કરી, હાથ ધોયા વગર ભગવાનને અડવું.
(૩૧) અભક્ષ્ય ભક્ષણ કરી ભગવાન્ આગળ જવું કે અડવું.
(૩૨) દેવને આપ્યા સિવાય નવીન અન્ન ખાવું.
(૩૩) શરીરે તેલ માલીશ કરીને સ્નાન કર્યા વગર દેવ સમક્ષ જવું.
(૩૪) અજીર્ણ થયેલા પેટે ભગવાન પાસે જવું.

આ બધા દોષો ગણાવ્યા છે. આ સિવાય બીજા દોષો પણ હોઈ શકે છે. ઉપાસકે પોતે તેનો વિચાર કરી ત્યાગ કરવો જોઈએ.

પૂજાકાળમાં પોતાના ઇષ્ટદેવનું ધ્યાન પણ ધરવું જોઇએ. પોતાના ઇષ્ટદેવનું ધ્યાન ધરવું એ જ વધારે સારું છે. પણ જો પૂર્વ જન્મના કર્મવશ તેમાં ધ્યાન સ્થિર ન થતું હોય તો ગમે તે પ્રિય વસ્તુનું ધ્યાન ધરવું જોઈ એ. આ વિષે મેં આગળ કહ્યું જ છે. શાંડિલ્યસૂત્રમાં લખ્યું છે કે "ध्याननियमस्तु



दृष्टसौकर्यात्" અર્થાત્ ધ્યાન માટે કોઈ નિયમ નથી. જેના ધ્યાનથી ચિત્ત પ્રસન્ન થાય તેનું ધ્યાન ધરવું. શાસ્ત્રોમાં જ્યાંજ્યાં ધ્યાન માટે અમુક દિશા, અમુક કાળ આદિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે તો કેવળ ધ્યાતાની અનુકૂળતા માટે જ. ધ્યાનથી એકાગ્રતાની ટેવ પડે છે. એ એકાગ્રતા લોક અને પરલોક બન્ને માટે આવશ્યક છે.

કલ્યાણ માટે એક બીજાં તત્ત્વનોપણ અહીં નિર્દેશ કરવો આવશ્યકછે શાસ્ત્રોમાં પ્રપત્તિનો ઉપદેશ કરવામાં આવ્યો છે. પ્રપત્તિ એટલે શરણાગતિ. પણ "હું તમારા શરણે આવ્યો છું, કે શરણે છું." એમ કહેવું એ જ પ્રપત્તિ નથી. પ્રપત્તિના પાંચ અંગો છે. તે પાંચે મળીને પ્રપત્તિ કહેવાય છે. તે અંગો આ રીતે છે.—

(૧) "आनुकूल्यस्य संकल्प:" ઇષ્ટ દેવની આજ્ઞા, ઇચ્છા કે સંકેત પ્રમાણે જ વર્તવાનો સંકલ્પ કરવો,
(૨) "प्रातिकूल्यस्य वर्जनम्" ઇષ્ટદેવને જે પ્રતિકૂળ હોય તેવાં આચરણ ન કરવાં,
(૩) "रक्षिष्यतीतिविश्वास:" મારો ઇષ્ટદેવ મારૂં અવશ્ય જ રક્ષણ કરશે, મારી નિર્બળતાઓ, મારા અપરાધો અનંત હોવા છતાં તે મને પોતાની છાયામાં આશ્રય આપશે એવો દૃઢ વિશ્વાસ,
(૪) "गोप्तृत्ववरणं तथा" મારો ઇષ્ટદેવ જ મારો ઉધ્ધારક હોઈ શકે છે તેથી રક્ષકરૂપે કે ઉધ્ધારકરૂપે તેનો સ્વીકાર,
(૫) "पञ्चमं कृपणत्वं च" તેના આગળ કે તેના ભક્તો આગળ દૈન્ય-દીનતા ધારણ કરવી, એટલે અભિમાનનો ત્યાગ.

આ પંચપર્વા પ્રપત્તિના આશ્રયથી પણ ગૃહસ્થાશ્રમનો ઉદ્ધાર થઈ શકે છે. સતશાસ્ત્રોમાં જે કંઇ કરવા માટે કહેવામાં આવ્યું છે તે જ ઈશ્વરની આજ્ઞા અથવા ઇચ્છા. બુદ્ધિપૂર્વક શાસ્ત્રોને અનુસરીને માણસ ભગવાનની પ્રસન્નતા સંપાદન કરી શકે છે. સત્શાસ્ત્રોમાં જે જે કાર્ય કરવાનો નિષેધ કરવામાં આવ્યો છે તેનો ત્યાગ કલ્યાણનો માર્ગ છે. "सत्यं वद धर्मं चर."

આ શાસ્ત્રની આજ્ઞા છે. જો કોઈ સત્યનો ત્યાગ કરી અસત્યનો આશ્રય લે, તેમ જ ધર્મનો ત્યાગ કરી અધર્મનો આશ્રય લે તો એ પરમેશ્વરની પ્રતિકૂળતા કહેવાય. માટે શાસ્ત્ર પ્રમાણે સત્ય અને ધર્મનું પાલન કરવું જોઈએ.

અહીં ધર્મ એટલે શું ? એ બરાબર સમજી લેવું જોઈએ ધર્મ અને રૂઢિને એક જ માની હેરાન ન થવું જોઈએ. જેનો સંબંધ આત્મા કે અંતઃકરણ સાથે હોય તે જ ધર્મ કહેવાય છે. જેમ કે સત્ય બોલવું, અહિંસા, બ્રહ્મચર્ય, દયા, અક્રોધ, પરોપકાર ઇત્યાદિ. આ બધા ધર્મ કહેવાય છે. એનો સંબંધ આત્મા સાથે જ છે. એનો સીધો પ્રભાવ આત્મા ઉપર પડે છે. પણ ગંગાસ્નાન, તીર્થયાત્રા, મંદિરમાં અમુકને જવા દેવા અને અમુકને નહીં. અમુકનું ભોજન કરવું અને અમુકનું નહિ, એ બધા ધર્મ નહિ પણ રૂઢિ છે. રૂઢિભંગથી આત્મકલ્યાણ હણાતું નથી, પણ ધર્મમર્યાદાના ભંગથી આત્મકલ્યાણ દૂર જાય છે. ભગવાન વ્યાસે પાપ અને પુણ્ય, ધર્મ ને અધર્મની વ્યાખ્યા ખૂબ જ ટૂંકમાં પતાવી નાંખી છે :

"अष्टादशपुराणेषु व्यासस्य वचनद्वयम् ।
परोपकारः पुण्याय पापाय परपीडनम् ।।"

"અઢારે પુરાણોનો સાર એ વાતમાં જ આવી જાય છે, તે એ કે પરોપકાર એ ધર્મ છે અને કોઈને કોઈ રીતે પીડા આપવી, દુઃખ દેવું એ પાપ છે, અધર્મ છે." માટે શાસ્ત્રીય ધર્મનો આશ્રય લેવાય; પણ શાસ્ત્રીય રૂઢિ કે લૌકિક રૂઢિનો આશ્રય લેવો કે ન લેવો એ કોઈની અનુકૂળતા, પ્રતિકૂળતા ઉપર અવલંબે છે.

એ સિવાય શાસ્ત્રોમાં અષ્ટધા ભક્તિનો પણ ઉલ્લેખ છે. તે પણ ગાર્હસ્થ્ય જીવન માટે અત્યંત અનુકૂળ વસ્તુ છે. તેને જીવનમાં ઉતારવાથી માણસ પોતાનું કલ્યાણ-સર્જન પણ કરી શકે છે. તે અષ્ટધાભક્તિ આ પ્રમાણે છે:

मद्भक्तजनवात्सल्यं पूजायां चानुमोदनम् ।
स्वयमभ्यर्चनं चैव मदर्थे दम्भवर्जनम् ॥१॥



मत्कथाश्रवणे प्रीतिः स्वरनेत्राङ्गविक्रिया ।
ममानुस्मरणं नित्यं यच्च मां नोपजीवति ॥२॥
भक्तिरष्टविधा ह्येषा यस्मिन्म्लेच्छेपि वर्तते ।
स विप्रेन्द्रो मुनिः श्रीमान् स यतिः स च पण्डितः ॥३॥

(૧) ભગવદ્‌ભક્તો ઉપર પ્રેમ, શ્રદ્ધા, સત્કારની ભાવના રાખવી. કદી તેમનો તિરસ્કાર ન કરવો, તેમની રક્ષા કરવી, તેમના યોગક્ષેમની ચિંતા કરવી, તેને કોઈ રીતે દુઃખી થવા ન દેવા.

(૨) ભગવાનની પૂજા માટે લોકોને પ્રેરવા, લોકો ખરા હૃદયથી ભગવાનની પૂજા કરે તે માટે તેમને ઉત્સાહી કરવા.

(૩) પોતે પણ ભગવાનની પૂજા કરવી.

(૪) ભગવત્પૂજામાં કે ભગવદ્‌ભક્તિમાં દંભ ન કરવો, એટલે ભક્તિના દેખાવો ત્યજી એકાંતવાસી થઈ ખરી ભક્તિ કરવી. ડોળ કરવાથી કોઈ લાભ થતો નથી, ઉલ્ટાનું અંતઃકરણમાં મલસંગ્રહ થાય છે. તેથી નિર્દંભભાવે સાચી પૂજા કરવી. એવી પૂજા ન થઈ શકે તો પૂજા ન કરવી એ વધારે સારૂં છે.

(૫) વૈરાગ્ય, સદાચાર, આત્મસંમાન વધે એવી ભગવત્-કથા સાંભળવામાં પ્રેમ રાખવો.

(૬) હૃદયદ્રાવ એટલે જ્યાં કથાપ્રસંગમાં કરુણરસ આવે ત્યાં સ્વરભંગ, નેત્રાશ્રુ, અંગકંપ, રોમાંચ ઇત્યાદિક સાત્ત્વિક ભાવોનો ઉદય.

(૭) જળમાં તેલ નાખો અને તે જેમ જળમાં અમુક વિસ્તાર સુધી નિરંતર પ્રસૃત થાય છે—એવી રીતે ફેલાઈ જાય છે કે વચમાં ક્યાંય અવકાશ રહી જતો નથી, એવી જ રીતે અવિચ્છિન્ન નિરંતર ભગવાનનું સ્મરણ કરવું.

(૮) અને કોઈ કાળે ભગવાનના નામે, તેમની પ્રતિમાને નામે કે તેમની કથા વડે પૈસા પેદા કરવાનો પ્રયાસ ન કરવો.

ભાગવતની નવધા ભક્તિ કરતાં આ અષ્ટધા ભક્તિ વધારે રુચિકર, વધારે તેજસ્વિની અને આકર્ષક તેમ જ લાભપ્રદ છે. એનું પાલન થવાથી પણ ગૃહસ્થાશ્રમી ભક્તિની છેલ્લી ભૂમિકા પહેલાંની ભૂમિકા સુધી પહોંચી શકે છે, અને કલ્યાણ સાધી શકે છે.

મારે ફરીથી કહેવું જોઈએ કે જો ગૃહસ્થ ભાઈ-બહેનો ભક્તિની છેલ્લી ભૂમિકાના અધિકારી ન બની શકે તો એમાં જરા પણ અપકર્ષની ભાવના આવવી ન જોઈએ. હિન્દુધર્મની સાથેસાથે બધા સંપ્રદાયોમાં એવી જ પધ્ધતિ છે કે જેમાં વિરકતોની ઉપાસના કે ભક્તિ કે કર્મ જુદાં અને ગૃહસ્થોનાં જુદાં. એ ભેદ તો રહેવાનો જ. જો કોઈ ભેદ ન હોય, કોઈ ભેદક ધર્મ ન હોય, તો ગૃહસ્થ અને વિરક્ત એ બે નામ નિરર્થક જ થઈ જાય. અનાદિકાળથી ચાલી આવતી બન્ને વિભાગોની વંશપરંપરાઓ જ ખોટી થઈ જાય. તેથી ગૃહસ્થધર્મ માટે જે કહેવામાં આવ્યું છે, તે અત્યંત યોગ્ય છે–તેજ શાસ્ત્રીય મર્યાદાને પણ અનુકૂળ છે અને વિવેકની દૃષ્ટિએ પણ બરાબર છે.

વળી મેં કહ્યું છે કે ગૃહસ્થાશ્રમ પ્રાથમિક શાળા છે. એમાં ઘણુંય શીખવાનું છે. છોકરાં માતા-પિતા સાથે દેવના જેવો વ્યહવાર કરે તો કેટલું સારું! ઉપનિષદોમાં કહ્યું છે કે "मातृदेवो भव, पितृदेवो भव." અર્થાત્ બાળકો, યુવાનો, પ્રૌઢો અને વૃધ્ધો પોતાનાં મા અને બાપને સાક્ષાત દેવરૂપે જ જુએ, દેવરૂપે જ પૂજા કરે, દેવરૂપે જ તેમને આદર આપે. માત—પિતા સમક્ષ ક્રોધથી બોલવું કે અવિવેકથી વર્તવું એ તદ્દન અનુચિત છે. રોજ પ્રાતઃ ઉઠીને માતા-પિતાનો ચરણસ્પર્શ કરી પ્રણામ કરવા અને તેના પવિત્ર આશીર્વાદ મેળવવા જોઈએ. મનુએ કહ્યું છે કે–

अभिवादनशीलस्य नित्यं वृद्धोपसेविनः ।
चत्वारि तस्य वर्धन्ते आयुर्विद्या यशो बलम् ॥



"જે નિત્ય વડીલોની સેવા કરે છે, આજ્ઞાનું પાલન કરે છે, અને નિત્ય તેમને પ્રણામ કરે છે તેની આ ચાર વસ્તુઓ વધ્યાં કરે છે; આયુષ્ય, વિદ્યા, કીર્તિ અને શારીરિક તથા આત્મિક બળ."

બુદ્ધચર્યામાં પણ આ જ શ્લોક થોડાક પરિવર્તન સાથે જોવામાં આવે છે—

अभिवादनसीलस्स निच्चं बद्धापचायिनो ।
चत्तारो धम्मा वड्ढन्ति आयु वण्णो सुखं बलम् ॥

"જે વૃદ્ધો, વડીલોને નિત્ય પ્રણામ કરે છે, તેમની નિત્ય સેવા કરે છે, તેના આ ચાર ધર્મો વધે છેઃ આયુષ્ય, રૂપ, સુખ અને બળ."

આ રીતે છોકરાઓ માતા–પિતા પ્રત્યે રહેલા પોતાના ધર્મોનું પાલન કરે; માતા-પિતા, બાળકોમાં કોઈ કુટેવ ન આવી જાય, અપશબ્દ બોલતાં તેઓ ન શીખે કે કોઈ અસભ્ય વ્યસન તેમનામાં ન ઘૂસે એનું સદા ધ્યાન રાખે; પતિ-પત્નીનો પરસ્પર વ્યવહાર અત્યંત પ્રામાણિક રીતે ચાલે, વૈમનસ્યને અવકાશ ન મળે, એમાંથી કોઈ એક બીજા પ્રત્યે બેવફા ન થાય; પુત્રવધૂ, સાસુ, સસરા, જેઠાણી તરફ પૂર્ણ આદરભાવ સાચવે, વહુ, દેરાણી અને નણંદની ઉચિત મર્યાદા સચવાય તો ગૃહસ્થાશ્રમ સ્વર્ગપ્રતિમ બને અને કલ્યાણ તરફ જવાનો માર્ગ પ્રશસ્ત થાય.

હવે ઉપાસના માટે થોડુંક કહેવાનું છે. ઉપાસના કયા દેવની કરવી એ ઉપાસકની ઇચ્છા ઉપર નિર્ભર હોઈ શકે. એમાં બલાત્કારને અવકાશ નથી. છતાં જો કોઈ દેવીની ઉપાસના કરવામાં આવે તો સદ્યઃ ફળની પ્રાપ્તિ થાય. એ ઉપાસનાનો અર્થ કેવળ ધ્યાન અને ચિંતન. પણ જેની ઉપાસના કરાય તેનું પૂજન કરવાનું પણ મન થઇ જાય. માટે તે દેવની પૂજા કરવા કોઈ બીજાં મંદિરે જવાની જરૂર નથી. તમારાં ઘરમાં મંદિર હોવું જોઈએ. ઘરના ખૂણામાં એક ગોખલો હશે તો પણ

ચાલશે. તમે ત્યાં એક ફોટો, ચિત્ર, પત્થર, ધાતુ આદિની પ્રતિમા તમને ગમે તે મૂકો. કોઈ પણ પવિત્ર સ્ત્રીનું ચિત્ર મૂકશો તો ય ચાલશે. જે દેવ-દેવીઓના ફોટાઓ આપણે બજારમાં જોઈએ છીએ, તે કોઈ દેવ કે દેવીના ફોટા ઉપરથી તૈયાર કરાએલા હોતા નથી. કાલ્પનિક જ હોય છે. ત્યારે ચિત્રકારની કલ્પનાની મૂર્તિને પૂજીએ એનાં કરતાં ભગવાને બનાવેલી પવિત્ર વિચારવાળી, પરોપકાર પરાયણ, દયાળુ કોઈ મા-બહેનના ફોટાને પૂજીએ એમાં કશું ખોટું નથી. મનને પવિત્ર બનાવો એટલે બધું સારૂં જ થશે. દેવને પૂજો ત્યારે પણ હું એમ જ કહું કે ચિત્ર કે મૂર્તિમાં દેખાતા રામ, કૃષ્ણ, શંકર આદિ દેવો તેઓ જેવા હતા તેવા જ તેમાં છે તેની શી ખાત્રી? બધી મૂર્તિઓ કલ્પિત જ છે. તેના બદલે રામકૃષ્ણ પરમહંસ, લોકમાન્ય તિળક, મહાત્મા ગાંધી, સ્વામી શ્રદ્ધાનંદ અથવા પોતાના સચ્ચરિત્રસંપન્ન ગુરુ, આચાર્યની છબિ પૂજાય તો તેમાં જરા પણ દોષ કે બાધ નથી. કોઈ રામને પૂજે, કોઈ કૃષ્ણને પૂજે, કોઈ હનુમાનને પૂજે કે કોઈ આધુનિક નર-વરને—મહાપુરુષને પૂજે, તો સરખું ફળ પ્રાપ્ત થશે. કેવળ ચિત્તનાં મળ દૂર થયેલાં હોવાં જોઇએ.

## પંદરમો પરિચ્છેદ

### સામ્પ્રદાયિકોની ભકિત

આપણે તટસ્થ રીતે ભકિતનાં સ્વરૂપનું નિરીક્ષણ કરી લીધું. સાચી ભક્તિ કોને કહે છે તેનું પણ હવે વાચક વર્ગને જ્ઞાન થયું. હવે જોવાનું એ રહે છે કે શૈવ, વૈષ્ણવ, બૌધ્ધ, જૈન, ખ્રિસ્તી, અને મુસલમાન એ લોકોને ત્યાં ભકિતનું શું સ્વરૂપ છે. એ લોકો ભકિતને કઈ રીતે સ્વીકારે છે, અને આચરણમાં મૂકે છે.

શૈવ, વૈષ્ણવ, શાકત, સૌર્ય ગાણપત્ય આ બધા સંપ્રદાયો વૈદિક સંપ્રદાયો જ મનાય છે. જે સંપ્રદાયોના દેવતા વૈદિક હોય તે સંપ્રદાય વૈદિક છે એમ માનવામાં કંઈ અનુચિત જણાતું નથી. શિવ, વિષ્ણુ, શકિત, સૂર્ય, ગણપતિ એ પાંચ દેવોની ઉપાસના હિન્દુઓમાં ઘણાય સમયથી પ્રચલિત છે. એ જ સ્માર્ત ધર્મ છે. જુદા જુદા સંપ્રદાયોને સ્વીકારીને વિચાર કરીશું તો એ સંપ્રદાયોનો જુદો વાડો છે, જુદી પદ્ધતિ છે, જુદો ઉપાસ્ય છે, જુદું જ ફળ છે. પણ એક નામ "સ્માર્ત" આપી દેવાય તો બધાનો સંગ્રહ થાય ખરો. એ પાંચેની ઉપાસના અને ભકિતનો એક જ ક્રમ. ભાગવતની જે નવધા ભક્તિનો ઉલ્લેખ પૂર્વે કરવામાં આવ્યો છે તે જ ભક્તિ આ પાંચેને માન્ય છે. તેથી આ પાંચેની ભકિતનો ક્રમ જાણવા માટે, એમની ભકિતનું સ્વરૂપ જાણવા માટે તો નવધા ભકિત-વાળો પરિચ્છેદ જ જોવો જોઈએ. અહીં પુનરુકિતની આવશ્યકતા નથી.

### બૌદ્ધોની ભકિત

હવે બૌધ્ધોની ભકિતનાં સ્વરૂપનો વિચાર કરીએ. બૌધ્ધ દર્શનનો આત્માના સંબંધમાં જે નિશ્ચત મત છે તે પ્રથમ વિચારીએ. આચાર્ય વસુબંધુપ્રણીત 'અભિધર્મ કોશ' બૌધ્ધોનો એક પ્રામાણિક ગ્રન્થ છે. તેમાં એક વચન આ પ્રમાણે છે–

"नात्मास्ति, स्कन्धमात्रं तु कर्मक्लेशाभिसंस्कृतम् ।
अन्तराभवसन्तत्या कुक्षिमेति प्रदीपवत्" ॥३।१८॥

વૈદિક લોકો જેવી રીતે આત્માને નિત્ય, શાસ્વત, અવિપરિણામી સ્વીકારે છે તે રીતે આત્મતત્ત્વ આ મતમાં સ્વીકૃત નથી. તેથી લખાયું કે न आत्मा अस्ति = આત્મા જ નથી. કર્મ તથા અવિદ્યાદિ કલેશોથી અભિસંસ્કૃત રૂપસ્કંધ, વેદનાસ્કંધ, સંજ્ઞાસ્કન્ધ, વિજ્ઞાનસ્કન્ધ, આ પંચ સ્કન્ધ, પૂર્વભવ-પરંપરાક્રમથી ગર્ભમાં પ્રવેશ કરે છે. જેવી રીતે એક દીપથી બીજો દીપ સળગે છે તેમ પૂર્વજન્મના પંચસ્કન્ધો અપર જન્મમાં ગર્ભપ્રવેશ કરે છે. એ રીતે કોઈ સ્થિર આત્મા આ મતમાં સ્વીકૃત નથી. તેમ જ જગતકર્તા ઈશ્વર પણ આ મતમાં અભિમત નથી. જેમકે—

"ईशादिहेत्वभिष्वङ्गः शाश्वतात्मविपर्ययात् ।
प्रवतते ततो हेयः स एव दुःखदर्शनात्" ॥ (अभिध०५।८)

મહાપંડિત શ્રીરાહુલ સાંકૃત્યાયન આ કારિકાની વ્યાખ્યામાં લખે છે કે—"

"ईश्वरादीनां जगत्कर्तृत्वस्वीकारः शाश्वतवादात्मवादसम्बन्धिमिथ्याज्ञानाद् जायते । स चाभिनिवेशो दुःखदृष्टया प्रहातव्यः"

"ઈશ્વરનો જગતકર્તા તરીકે જે સ્વીકાર થયો છે તે તો આત્મા નિત્ય છે, શાસ્વત છે એ મિથ્યાજ્ઞાનને લીધે જ. આત્માના શાસ્વત-વાદમાં દુઃખ છે, એમ જાણી તેનો પણ ત્યાગ કરવો જોઈએ." એ રીતે બૌધ્ધ દર્શનનાં સૂક્ષ્મ નિરીક્ષણ પછી જણાય છે કે આત્મા નિરન્વય પરિણામનો પ્રવાહ માત્ર છે. નિરન્વય પરિણામ એટલે જે જે ભિન્ન ભિન્ન ક્ષણોમાં થોડું કે વધારે સુખ, દુઃખ, હર્ષ, શોક આદિનું જ્ઞાનરૂપ પરિણામો અનુભવી શકાય છે તેવા માત્ર પરિણામોને સ્વીકારવા અને તે પરિણામોમાં વચ્ચે અખંડ સૂત્રરૂપ કોઈ આત્માદિ નિત્ય તત્ત્વ છે તે



ન સ્વીકારવું. એ રીતે જ્યારે આ મતમાં ઈશ્વર અને આત્મા કોઈનો પણ અંગીકાર નથી ત્યારે ભક્તિ જેવી કોઈ વસ્તુની સત્તાને સ્વીકારવાની આશા ન જ રખાય. પણ જે રીતે મેં ભક્તિનું સ્વરૂપ આલેખ્યું છે તે ભક્તિ ત્યાં સ્થિરાસને બેઠેલી અવશ્ય જોઈ શકાય છે. નવધા ભક્તિમાંની પણ કેટલીક ભક્તિ ત્યાં દેખા દે છે. પણ ભાવનામાં અવશ્ય અંતર રહી જાય છે. તેમની ભક્તિનો ક્રમ જુઓ.

આ મતમાં ભક્તિના પાલનથી મોક્ષ થાય છે એમ બોલવાની ભાષા નથી. પણ શીલ, સમાધિ, પ્રજ્ઞા આ ત્રણેના સમ્યક્ અનુશીલનથી માનવજાતિનું મહાકલ્યાણ થાય છે, એમ બોલી શકાય છે.

**શીલ—** શીલ એટલે બૌદ્ધ સદાચાર. બૌદ્ધધર્મમાં શીલ એક મુખ્ય વસ્તુ મનાય છે. તે ધર્મમાં શીલની મશ્કરી નહીં પણ મહાન્ આદર સેવાય છે—

"न गंगा यमुना चापि सरभू वा सरस्सती ।
निन्नगा वाचिरवती मही चापि महानदी ॥
सक्कुणन्ति विसोधेतुं तं मलं इध पाणिनं ।
विसोधयति सत्तानं यं वे सीलजलं मलं" ॥ (विसुद्धिमग्ग)

"મનુષ્યોના જે મળને—જે દોષને ગંગા, યમુના, સરભૂ (સરયૂ) સરસ્વતી, અચિરવતી (રાપ્તી,) મહી (ગંડક) અને મહાનદી આદિ નદીઓ ધોઈ શકતી નથી, તે દોષોને શીલ-રૂપ જળ ધોઈ નાંખે છે—

શીલનું માહાત્મ્ય વિસુદ્ધિ મગ્ગમાં આ રીતે વર્ણવાયેલું છે—

अत्तानुवादादिभयं विद्धंसयति सब्बसो ।
जनेति कित्तिहासं च सीलं सीलवतं सदा ॥
गुणानं मूलभूतस्स दोसानं बलघातिनो ।
इति सीलस्स विञ्ञेय्यं आनिसंसकथामुखम् ॥

"શીલપાલન કરનારને પોતાના શીલને લીધે પોતાની નિન્દા આદિનો ભય રહેતો નથી. તેમને યશ અને આનન્દની પ્રાપ્તિ થાય છે. શીલ સર્વગુણોનું મૂળ છે–અને સર્વદોષોનાં બળનું નિકંદન કરનાર છે. શીલના આ આનૃશંસ્ય=પવિત્ર ઉદાત્ત કથા છે."

ધમ્મપદમાં ભગવાન બુધ્ધે સ્વયં કહ્યું છે–

**न नग्गचरिया न जटा न पंका,**
**नाना सका थंडिल सायिका वा ।**
**रजोवजल्लं उक्कुटिकप्पधानं,**
**सोधेन्ति मच्चं अवितिण्ण कङ्खं ॥**

"જે માણસ આકાંક્ષાઓને–એષણાઓને પાર કરી ગયો નથી તે નગ્ન રહે, જટા વધારે, દેહે માટી ચોળે, ઉપવાસ કરે, પૃથ્વી ઉપર જ શયન કરે ઉભડક બેસે–ગમે તે કરે, પણ તેની શુદ્ધિ થતી નથી."

**સમાધિ**—સમાધિ તે ધર્મ છે, જેના પ્રભાવથી ચિત્ત તથા ચેતસિકની એક આલંબનમાં કોઇ પણ વિક્ષેપ વિના સમ્યક્ સ્થિતિ હોય. આ મતમાં સમાધિના મુખ્ય બે ભેદ છે: (૧) લૌકિક સમાધિ અને (૨) અલૌકિક સમાધિ. કામલોક, રૂપબ્રહ્મલોક અને અરૂપબ્રહ્મલોક આ ત્રણ ભૂમિઓની કુશળ ચિત્ત–એકાગ્રતાને **લૌકિક સમાધિ** કહે છે. જે એકાગ્રતા આર્યમાર્ગથી એટલે શ્રૌત, આપત્તિ, સકૃતાગામી, અનાગામી, અર્હત માર્ગોથી સંપ્રયુક્ત હોય છે તે **લોકોત્તર સમાધિ** કહેવાય છે. લૌકિક સમાધિને **શમથ** અને લોકોત્તર સમાધિ ને **વિપશ્યના** પણ કહેવામાં આવે છે.

કામચ્છન્દ(વિષયાનુરાગ,)વ્યાપાદ(હિંસા,)સ્ત્યાનમિદ્ધ(અકર્મણ્યતા અને આલસ્ય,)ઔદ્ધત્ય–કૌકૃત્ય(અવ્યવસ્થિત ચિત્તતા અને ખેદ,પશ્ચાતાપ,) વિચિકિત્સા(સંશય)આ પાંચ નીવરણ(વિઘ્ન)કહેવાય છે. આ પાંચ નીવ-



રણો ઉપર વિજય મેળવીને જે સમાધિ પ્રાપ્ત થાય છે તે **શમથ સમાધિ** કહેવાય છે. અને અનિત્ય–અનાત્મ–દુઃખો ઉપર સમાધિ પ્રાપ્ત કરીને સંયોજનોનો નાશ કરવો તે **વિપશ્યના સમાધિ** કહેવાય છે. બૌદ્ધ શાસ્ત્રોમાં પુદ્ગલ (જીવ) એક ચિત્તસંતતિ (ચિત્ત પ્રવાહ) છે. આત્મા નામ વાળો કોઈ સ્થિર પદાર્થ નથી. માત્ર પંચસ્કન્ધ જ છે. **રૂપ, વેદના, સંજ્ઞા, સંસ્કાર, વિજ્ઞાન એ પંચ સ્કન્ધ છે.** એ ક્ષણેક્ષણ ઉત્પદ્યમાન અને વિપદ્યમાન છે. પ્રથમ એ જ્ઞાન હોવું જોઇએ કે, નથી કોઈ આત્મા અને નથી કોઈ આત્મીય. આવા જ્ઞાનીને યથાર્થ—ભૂતદર્શી કહે છે. તેને જ **વિપશ્યના** ની પ્રાપ્તિ થાય છે.

**પ્રજ્ઞા**—પ્રજ્ઞા એટલે પરમ જ્ઞાન. રાગ, દ્વેષ, મોહ આ ત્રણે ચિત્ત-વિકાસના પ્રતિબંધકો છે. આ પ્રતિબંધકો નાશ પામે, ત્યારે પ્રજ્ઞાનો સમ્યક ઉદય થાય છે. તૃષ્ણા બધાં દુઃખોનું કારણ છે. શીલનું પાલન કરવાથી તૃષ્ણાની વૃધ્ધિ રોકાય છે. સમાધિના અભ્યાસથી તૃષ્ણાને દુર્બલ કરાય છે. અને પ્રજ્ઞા તૃષ્ણાનો જડમૂળથી નાશ કરે છે.

શીલ, સમાધિ, પ્રજ્ઞા, આ ત્રણેનાં અનુશીલનને **મધ્યમમાર્ગ** કહે છે. આ મધ્યમ માર્ગના આઠ અંગો છે. તે આ પ્રમાણે—

શીલના ચાર અંગ-સમ્યક્વાણી, સમ્યક્કર્મ સમ્યક્ જીવિકા, અને સમ્યક્ વ્યાયામ.

સમાધિના બે અંગ–સમ્યક્ સ્મૃતિ, સમ્યક્ સમાધિ.

પ્રજ્ઞાના બે અંગ–સમ્યક્ દૃષ્ટિ, અને સમ્યક્ સંકલ્પ.

**શીલ** દુઃખોના કોઇક જ ભાગનો, અને અમુક જ સીમા સુધી નાશ કરી શકવાની શક્તિ ધરાવે છે. એ નાશને **તદ્ઙ્ગપ્રહાણ** નામ અપાયું છે.

**સમાધિ**, સંપૂર્ણ દુઃખોનો નાશ કરે છે, પણ દુઃખોનું મૂળ રહી જાય છે, અને પરિણામે ફરીથી દુઃખની જાગૃતિ થઈ શકે છે. એ નાશને

**વિષ્કંભન પ્રહાણ** કહે છે.

**પ્રજ્ઞા**, મૂળ સાથે દુઃખનો નાશ કરે છે. એ નાશ પછી ફરી કદી પણ દુઃખનું ઉત્થાન થતું નથી. એ નાશને **સમુચ્છેદ પ્રહાણ** કહે છે.

શીલ, સમાધિ અને પ્રજ્ઞાનાં અનુશીલનથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે."

બૌદ્ધદર્શનમાં ચાર મુખ્ય તત્ત્વો છે: ચિત્ત, ચેતસિક, રૂપ અને નિર્વાણ. નિર્વાણ બે પ્રકારનાં હોય છે: (૧) ક્લેશ નિર્વાણ અને (૨) સ્કન્ધનિર્વાણ. રાગ, દ્વેષ, મોહ, માન, મદ, મિથ્યાદૃષ્ટિ, સ્ત્યાનમિદ્ધ, ઔદ્ધત્ય-કૌકૃત્ય, વિચિકિત્સા નિર્લજ્જતા આ દશ ક્લેશોનું નિર્વાણ તે **ક્લેશનિર્વાણ**. આ નિર્વાણ આ શરીરમાં જ પ્રાપ્ત થાય છે. તે અર્હન્તની અથાત્ જીવન્મુક્તની અવસ્થા કહેવાય છે. અને જ્યારે **જીવન્મુક્તની** અવસ્થામાં પ્રજ્ઞા દ્વારા તૃષ્ણાનો નિરોધ થાય છે. ત્યારે તેના પરિણામ–રૂપે ચિત્તસંતતિનો પણ નિરોધ થાય છે. ચિત્તસંતાનના નિરોધ પછી વ્યક્તિગત પંચસ્કન્ધોની ઉત્પત્તિનું દ્વાર બંધ થઈ જાય છે, એ જ **સ્કન્ધનિર્વાણ**.

સ્કન્ધનિર્વાણને ભગવાન્ બુદ્ધ આ રીતે વર્ણવે છે–

**अत्थि भिक्खवे ! तदायतनं यत्थ नेव पठवी न आपो न तेजो न वायो न आकासानञ्चायतनं न विञ्ञाणानञ्चायतनं न आकिञ्चायतनं न नेव सञ्ञानासञ्ञायतनं नायं लोको न परलोक उभो चन्दिमसूरिया, तदाहं भिक्खवे ! नेव आगतिं वदामि न गतिं न ठितिं न चुतिं न उपपत्ति अप्पतिट्ठं अपावत्तं अनारम्भणमेव तं एसेवन्तो दुक्खस्साति ।**

"હે ભિક્ષુઓ, તે એક આયતન છે, જ્યાં નથી પૃથ્વી, નથી જળ, નથી તેજ, નથી વાયુ, નથી આકાશાનંચાયતન(આકાશ,)નથી વિજ્ઞાનાં-



ચાયતન, નથી આકિંચાયતન, નથી નૈવસંજ્ઞાનાસંજ્ઞાયતન. ત્યાં નથી આલોક, નથી પરલોક, નથી ચંદ્ર અને નથી સૂર્ય. ભિક્ષુઓ, હું તેને નથી કહેતો **અગતિ** અને નથી કહેતો **ગતિ;** નથી કહેતો **સ્થિતિ** અને નથી કહેતો **ચ્યુતિ**. તેને ઉત્પત્તિ પણ હું નથી કહેતો. તે કોઈના આધારે સ્થિત નથી. તે અપ્રવર્તિત છે. અહીં જ સર્વ દુઃખોનો અંત છે."

આ નિર્વાણની પ્રાપ્તિ એ જ માનવ જીવનનું ધ્યેય છે. તેના સાધનરૂપે શીલ, સમાધિ અને પ્રજ્ઞાનો ઉપદેશ થયો છે. શીલમાં બુદ્ધ, માતા, પિતા આચાર્ય આદિની પૂજા, સત્કાર, આદરનો સમાવેશ થયો છે. પુષ્પ-ગંધ-દીપ આદિ દ્વારા પૂજાનું વિધાન થયેલું છે. એ એક પ્રકારની ભક્તિ ખરી. પણ એ ભક્તિથી ભગવાન પ્રસન્ન થાય છે, અને તે પોતાના અભય લોકમાં લઈ જાય છે, એવી ભાવના અહીં અદૃશ્ય છે. આવી ભાવનાનું ઉત્થાન જ આ ધર્મમાં થતું નથી.

## જૈન સમ્પ્રદાયની ભક્તિ

જૈન સમ્પ્રદાય અનીશ્વરવાદી નથી, તેમ જ બૌદ્ધની પેઠે આત્માને નિત્ય, શાશ્વત ન માનનાર પણ નથી. એ સમ્પ્રદાયમાં ઈશ્વર પણ છે, અને નિત્ય આત્મા પણ છે. તેથી ભક્તિ માટે અહીં વધારે ચકચાર છે, ખૂબ હોહા છે. વૈદિકોની પેઠે અહીં પણ દેવો છે, દેવદર્શન છે. ઈશ્વર છે, ઈશ્વર દર્શન છે. ગુરુ છે, ગુરુ પૂજા છે. તીર્થ છે, વ્રત છે, નિયમ છે, ઉપવાસ છે. પણ બૌદ્ધ સંપ્રદાયમાં જે વિવેક, સભ્યતા અને નમ્રતા જોવામાં આવે છે, તે એમાં નથી. આ સમ્પ્રદાયમાં થોડો અહંકાર છે, થોડો અન્ય સમ્પ્રદાયો માટે તિરસ્કાર છે. શ્રાવકો (જૈનગૃહસ્થો) જેમ પોતાના ગુરુ-સાધુને માન આપે છે, તેવું માન તેઓ બીજા ધર્મના સાધુઓને આપતા નથી. પોતાના સાધુઓને તે લોકો જે રીતે વંદે છે તે રીતે બીજા ધર્મના સાધુઓને વન્દન કરતા નથી. એવી રાગ-દ્વેષ-પૂર્ણ ભક્તિથી તેમને શું મળતું હશે, તે તો તેમના ભગવાન્ જાણે. જૈન ધર્મમાં

ઇશ્વર છે, પણ અદ્વૈતવાદના બ્રહ્મની પેઠે નિષ્ક્રિય છે. તે જગતકર્તા નથી, પ્રલયકર્તા નથી, દયાળુ નથી, દાતા નથી, કશું નથી. વીતરાગ છે. વીતરાગની ભક્તિથી શું મળશે? એ પ્રશ્નનો ઉત્તર આ સમ્પ્રદાયમાં આ રીતે છે.

જે રીતે શાંકર અદ્વૈતવાદમાં જ્ઞાન થતાં જ મોક્ષ થઈ જાય છે; સ્વરૂપજ્ઞાન, એ જ મોક્ષ, એ રીતે અહીં પણ ભક્તિથી કોઈની-કોઇદેવની -કોઈ તીર્થંકરની પ્રસન્નતા મળતી નથી. પણ ભક્તિથી ધીમેધીમે કર્મ-નિર્જરા થાય છે-એટલે કર્મના બંધનો શિથિલ થતાં જાય છે. પૂર્ણ ભક્તિ પછી પોતાની મેળે જ બધાં કર્મો ક્ષય પામશે. કર્મના અભાવમાં બંધનનો અભાવ. અને બંધનના અભાવમાં મોક્ષનો જ સદ્ભાવ. હિંદુધર્મમાં જેમ ભક્તિથી પરમાત્મા પ્રસન્ન થાય છે અને ઇષ્ટફળ આપે છે, એવું આ સમ્પ્રદાયમાં કશું નથી. ભક્તિમાં જેટલી શકિત હશે તેટલો જ વહેલો જીવ મોક્ષપદે જઈ શકશે.

ગૃહસ્થ-શ્રાવક-શ્રાવિકા અને વિરક્ત સાધુઓના આચારોમાં અંતર છે. શ્રાવક-શ્રાવિકા ભક્તિ-દેવદર્શન, દેવવંદન આદિમાં બહુ સંલગ્ન રહે છે. જ્યારે સાધુઓ તે રીતે સંલગ્નતા સેવતા નથી. સાધુઓને કર્મો વધારે કરવાનાં હોય છે. તેનું નામ તપસ્યા છે. એ તપસ્યાઓના ભિન્ન-ભિન્ન પ્રકાર છે અને ભિન્ન ભિન્ન શ્રેણીઓ છે.

આ સમ્પ્રદાયની પૂજાપદ્ધતિ સંક્ષિપ્તમાં આ પ્રકારે છે–

**અંગપૂજા, અગ્રપૂજા, ભાવપૂજા** એ ત્રણ પૂજા છે.

(૧) અંગસાથે જે પૂજાનો સંબંધ હોય તે **અંગપૂજા.** જેમકે કેશરાદિ વિલેપન.

(૨) દેવની-સામે આગળ વસ્તુ મૂકવી તે **અગ્રપૂજા.** જેમકે ફળ, નૈવેદ્યાદિ.

(૩) દેવની સ્તુતિ, તે **ભાવપૂજા.**

આ ત્રણ સિવાય પંચોપચારપૂજા, અષ્ટોપચારપૂજા અને સર્વોપચાર પૂજા પણ હોય છે. જેમકે પુષ્પ, અક્ષત, ગંધ, ધૂપ દીપ એ પંચોપચાર અંગપૂજા છે. એવી રીતે બીજી પૂજાઓ પણ છે. એ ધર્મનાં શાસ્ત્રોમાં ૧૭ પ્રકારની પૂજાઓ પણ છે. પણ એવી પૂજાઓ તો સર્વોપચાર પૂજામાં સમાઇ જાય છે. અહીં મંત્રસ્થાપન પણ છે અને મુદ્રાઓ પણ છે.



ચૈત્યાદિક વિષે પ્રવેશ કરવાના વિધિને **અભિગમ** કહે છે. તે પણ પાંચ પ્રકારનો છે.

(૧) કુસુમ, ફળ, આદિ અચિત્ત દ્રવ્યનો ત્યાગ.

(૨) દ્રવ્ય, આભરણાદિ અચિત્ત દ્રવ્યને ન ત્યજવાની અનુજ્ઞા.

(૩) મનની એકાગ્રતા.

(૪) એક સાડી ઉત્તરાસંગ.

(૫) જિનેશ્વરનાં દર્શન થતાં માથા ઉપર અંજલિ જોડવી, રાજાને અભિગમ કાળમાં રાજચિહ્ન—ખડ્ગ, છત્ર, મોજડી, મુકુટ, ચમર આદિ ન ત્યજવાની અનુજ્ઞા છે.

એમનામાં દેવદર્શનની એક વિશિષ્ટ પ્રણાલિકા છે. જિનેશ્વરની જમણી બાજુએ ઉભા રહી પુરુષોએ વંદના કરવી; સ્ત્રીઓએ ડાબી બાજુએ ઉભાં રહી વંદના કરવી.

અહીં સાંષ્ટાંગ પ્રણામને બદલે પંચાંગ પ્રણામનો રિવાજ છે, બે ઢીંચણ, બે હાથ અને મસ્તક એ પાંચ અંગ પૃથ્વીને અડાડી નમસ્કાર કરાય છે. હિંદુધર્મમાં પંચાંગ અને અષ્ટાંગ બન્ને પ્રણામની પદ્ધતિ છે.

એ લોકો ભક્તિ કરતાં જિનેશ્વરનું ધ્યાન ધરે છે. તેમનાં ગુણોનું સ્મરણ કરે છે. તેવા ગુણો પોતામાં પ્રગટાવવાની ઝંખના કરે છે. આમ કરતાં ધીમે ધીમે સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, અને સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ થાય છે અને પછી છેવટે જિન થવાય છે.

## ખ્રિસ્તી ધર્મની ભક્તિ

ખ્રિસ્તીધર્મ પણ ઈશ્વરનો સ્વીકાર કરનાર ધર્મ છે. માટે ત્યાં પણ ભક્તિ તો છે જ. રોજ ખુદાની બંદગી, દર રવિવારે દેવળમાં જઈ

સામુદાયિક બંદગી, અપરાધોની ક્ષમા માંગવી, ઈશુ ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખવો અને તેને ઈશ્વરનો પુત્ર માનવો, આ રીતે આ ધર્મની ભક્તિ ગણાય છે.

ખ્રિસ્તી ધર્મ પ્રભુપ્રાર્થનાનો અતિવિશ્વાસી છે. એની કેટલીક શાખાઓમાં કલાકે કલાકે પ્રાર્થના અને ચિન્તન અથવા મનનનો આગ્રહ રખાય છે. તે ચિંતન અને મનનમાં ઇશ્વરનો ઉપયોગ થાય છે. એ ધર્મ પિતા, પુત્ર અને પવિત્રઆત્મા એ ત્રણ સ્વરૂપે ઈશ્વરને સ્વીકાર્યો છે. પિતાથી ઈશ્વરનું ગ્રહણ સમજવું. પુત્ર પોતે ક્રાઇસ્ટ. પવિત્ર આત્મા તે, કે જે ક્રાઇસ્ટના મરણ પછી પચાસમાં દિવસે પૃથ્વી ઉપર પધારે છે. એ ત્રણ બાહ્યસ્વરૂપે વિભિન્ન હોવા છતાં એક જ છે. કદાચ હિંદુધર્મના બ્રહ્મા, વિષ્ણુ, મહેશ સાથે એની સરખામણી કરી શકાય. આ ત્રિમૂર્તિ પણ વિભિન્ન હોવા છતાં એક જ છે. પણ કેટલીક વાર હિંદુઓની આ ત્રિમૂર્તિ વિભિન્ન જ સ્વીકારાય છે, સર્જનશક્તિયુક્ત એટલે સૃષ્ટિકાળમાં ઈશ્વર જ બ્રહ્મા કહેવાય છે, રક્ષણકાળમાં તે જ વિષ્ણુ કહેવાય છે અને પ્રલયક્રિયાના કર્તારૂપે તે રુદ્ર કે શિવ કે મહેશ કહેવાય છે. એ રીતે ત્રણે એક છે, પણ બ્રહ્માનો જીવ કોટિમાં સ્વીકાર થએલો છે તેથી તે જીવ છે અને ઈશ્વર કોટિથી બહિષ્કૃત છે. પણ ખ્રિસ્તી ધર્મની આ ત્રિમૂર્તિ સદા ઈશ્વર રૂપે જ છે. તેનું જ ધ્યાન ધરાય છે. આ ત્રણમાંથી ગમે તેને ધ્યાનનું આલંબન બનાવી શકાય છે.

એ ધર્મ પ્રાર્થનાના ચાર સ્વરૂપ માને છે. ઈશ્વરે જગતને ઉત્પન્ન કરી ક્રાઇસ્ટને જીવોના કલ્યાણઅર્થે મોકલ્યા એ તેનો મોટો ઉપકાર, એ દૃષ્ટિએ જે પ્રાર્થના કરાય છે તે **ઉપકાર સ્તુતિ પ્રાર્થના** કહેવાય છે. બીજી પ્રાર્થના પાપના અંગીકારને લગતી છે. જેટલાં પાપો બે પ્રાર્થનાઓના વચલા કાળમાં થયાં હોય, તે બધાંને માટે ઈશ્વર આગળ ઘૂંટણિયે પડી ક્ષમા મંગાય છે, તે **પાપના અંગીકારની પ્રાર્થના** કહેવાય છે. **ત્રીજી પ્રાર્થના મધ્યસ્થને માટે** એટલે બીજાઓ માટે હોય છે. ચોથી



પ્રાર્થના પોતા માટે થાય છે, તે **વિનંતિ** કહેવાય છે. આ બધી પ્રાર્થનાઓ **ભજનસેવા**ના નામે પણ ઓળખાય છે. ઘરે, એકાંતમાં એ પ્રાર્થના રોજ કરવી જોઈએ. તેમ જ બાઇબલનું પ્રતિદિન વાંચન અને મનન કરવું જોઈએ. ગીતાના પાઠની જેમ બાઇબલનો પાઠ છે. એના માટે પણ લખાયું છે કે એક પાનું, અર્ધું પાનું, પા પાનું અને છેવટે એક વાક્ય પણ પ્રતિદિન વંચાય તો મહાફળકારક નિવડે. આ પ્રાર્થનામાં પોતાની આવશ્યક્તાઓનું પ્રદર્શન કરવામાં આવે છે, સહાય માંગવામાં આવે છે. પુત્ર આજે શરીરથી અનુપસ્થિત છે માટે પવિત્રાત્મા સહાયક થાય છે.

દર રવિવારે સામુદાયિક પ્રાર્થના થાય છે, તેમાં બાઇબલના આધારે ઉપદેશ અપાય છે. તેનું નામ **બોધ-ભાષણ**. તે દિવસે દરેક વિશ્વાસી પાસેથી દાન ઉઘરાવવામાં આવે છે.

ક્રાઇસ્ટના આવતાં પૂર્વે **પિતાયુગ** મનાય છે.

ક્રાઇસ્ટ જ્યારે આવે છે અને જેટલો કાળ તે અહીં રહે છે તે **પુત્રયુગ** કહેવાય છે.

પુત્રના ગયા પછી **પવિત્રાત્મા-યુગ**નો આરંભ થાય છે.

ઉપર કહેવામાં આવ્યું છે કે પુત્રના ગયા પછી ૧ મહિનો અને ૨૦ દિવસે પવિત્રાત્મા આવે છે, અને તે જ અત્યારે ધર્મોપદેષ્ટા હોય છે. ક્રાઇસ્ટે પોતે કહ્યું છે કે "તે આવશે, મારા વિષે સમજાવશે અને તમને સત્ય તરફ દોરી જશે." સામાન્ય રીતે ખ્રિસ્તી ભાઈબહેનો રોજ એમ બોલે છે કે "શિક્ષક હે શુદ્ધાત્મા થઈ, શિખવ ખ્રિસ્તની વાતો લઈ." આ પવિત્રાત્મા માટે જ બોલાય છે.

આ તો એમની ભક્તિનો એક ક્રમ પૂરો થયો.

બાઇબલમાંથી થોડો ભાગ અહીં ઉતારું તો તેમની ભકિતની બીજી બાજુઓ સમજાય. જુઓ—

એક વખત ક્રાઇસ્ટ એક પહાડ પર ચઢી ગયા અને ત્યાં ભેગ

થયેલા લોકોને ઉપદેશ કરવા લાગ્યા. તેમાંના અતિસુંદર ઉપદેશો થોડા આ પ્રમાણે છે—

'Blessed are the meek:'

"જે નમ્ર છે, વિનીત છે, તેઓને ધન્ય છે."

'Blessed are they which do hunger and thirst after righteousness: for they shall be filled.'

"જેઓને ન્યાયીપણાની ભૂખ તથા તરસ છે તેઓને ધન્ય છે; કેમકે તેઓની આ ભૂખ અને તરસ ધરાશે."

'Blessed are the merciful: for they shall obtain mercy.'

"જેઓ દયાળુ છે તેમને ધન્ય છે. દયાના બદલામાં તેમને દયા મળશે."

'Blessed are the pure in heart: for they shall see God.'

"જેમનું અંતઃકરણ પવિત્ર છે તે ધન્ય છે; કેમકે તેઓ ઈશ્વર-દર્શન કરશે."

'Blessed are the peace makers: for they shall be called children of God.'

"જેઓ શાંતિના દૂત છે તેઓ ધન્ય છે; કેમકે તેઓ જ ઈશ્વરના પુત્ર કહેવાશે."

'Blessed are they which are persecuted for righteousness' sake: for their's is the kingdom of heaven.'

"જેઓએ ન્યાયને ખાતર પ્રાણ ગુમાવ્યા છે તેઓ ધન્ય છે. કેમકે તેમને સ્વર્ગનું રાજ્ય મળશે."



'Let your light so shine before men, that they may see your good works, and glorify your Father which is in heaven.'

"તમારા પ્રકાશને માનવીઓ આગળ પ્રકાશવા દો કે તેઓ તમારા સત્કર્મને જોઈ શકે—તેવું આચરણ કરે અને સ્વર્ગસ્થ પિતાની સ્તુતિ કરે."

આ બધી આજ્ઞાઓમાં જનકલ્યાણની ભાવના સ્પષ્ટરૂપે તરી આવે છે. નમ્રતા, ન્યાય આપવાની વૃત્તિ, દયાળુતા, અંતઃકરણની પવિત્રતા, સત્ય માટે પ્રાણોત્સર્ગ અને પોતાને પ્રાપ્ત થયેલા જ્ઞાનનું વિતરણ એ બધી દૈવી સંપત્તિ છે. ખ્રિસ્તના ઉપાસકો આ સંપત્તિ મેળવવા જો પ્રયાસ કરતા હોય તો એ જ સાચી ભક્તિ. ઈશ્વરની આજ્ઞાનું પાલન એ જ ઈશ્વરનું ભજન અને પૂજન. તેનાથી આગળ પણ ખૂબ જ મહત્ત્વના ઉપદેશો ખ્રિસ્તે આપ્યા છે. જેમ કે—

'Ye have heard that it was said by them of old time, Thou shalt not commit adultery.'

"તમે સાંભળ્યું છે કે પૂર્વજો કહી ગયા છે કે તમે વ્યભિચાર કરશો મા."

'But I say unto you, That whosoever looketh on a woman to lust after her hath committed adultery with her already in his heart.'

"પણ હું કહું છું કે જે કોઈ પુરુષ કોઈ પરસ્ત્રી ઉપર ખોટી દૃષ્ટિ નાખે છે, તેણે તે સ્ત્રી સાથે હૃદયમાં વ્યભિચાર કરીજ લીધો એમ માનવું."

ઈશુનો આ ઉપદેશ સદાચારની દૃષ્ટિએ અત્યંત સુંદર અને મહત્ત્વપૂર્ણ છે. દુષ્ટ વિચારથી કોઈ પુરુષ કોઈ સ્ત્રીને અથવા કોઈ સ્ત્રી કોઈ પુરુષને જુએ છે તે માનસિક વ્યભિચાર તો કરે જ છે. એના મનમાં વ્યભિચારની બધી સામગ્રી, બધી ક્રિયાઓ ઉપસ્થિત જ હોય છે. હું એનાથી

પણ આગળ જવા ઇચ્છું છું. હું માનું છું કે બીક તો જગતમાં કોઇને હોતી જ નથી. ભગવાનની બીકે શિયળનું રક્ષણ ખરું રક્ષણ ન કહેવાય. હૃદયમાં અપવિત્ર ભાવનાનું ન આવવું એ જ ખરેખર શિયળ-રક્ષણ છે. રાજદંડના ભયથી ચોરીનો ત્યાગ અસ્તેય ન કહેવાય. એના દોષદર્શનથી અને પોતાના અધઃપતનના વિચારથી ચોરીની ભાવનાનો જન્મ ન થવો, તે જ વસ્તુતઃ અસ્તેય કહેવાય. એ ધર્મ હોવો જોઈએ કે જેના સંગથી કલંક લાગતું હોય તેનો સદ્યઃ ત્યાગ કરે. જ્યાં એ ત્યાગ થતો નથી ત્યાં કોઈ પણ એવી મલિન વસ્તુ તો છે જ જે પતન તરફ લઈ જાય છે, અથવા પતનની ઉપસ્થિત સામગ્રી તરફ આંખમિચાંમણાં કરવા નિર્લજ્જ પ્રેરણા કરે છે. રામના કાને જ્યારે એ વાત આવી કે રાવણના અધિકારમાં રહેવાથી કેટલાક સીતા માટે સંદેહ સેવે છે, ત્યારે રામે તરત જ સીતાનો ત્યાગ કર્યો. જો કે આ ત્યાગને હું અપરાધ માનું છું, કેમકે તેત્રીસ કોટિ દેવતા, બ્રહ્મા, શિવ, દશરથ અને રામ, રાવણનું આખું સૈન્ય સાક્ષી બની શકત કે ભગવતી સીતા અગ્નિ પરીક્ષામાંથી નિર્દોષ પસાર થયાં છે. છતાં રામને તેમનો ત્યાગ જ ઠીક લાગ્યો. સીતા આ મિથ્યાકલંકને લીધે પ્રાણોત્સર્ગ કરવા ઉદ્યત જ હતાં, પણ લવ, કુશ ગર્ભમાં હતા, તેથી તેઓ આત્મઘાત કરી શક્યાં નહિ. વાલ્મીકિના આશ્રમમાં રહ્યાં ખરાં અને જીવિત જ રહ્યાં છતાં તે અજ્ઞાતવાસ હતો. તપસ્વિનીનું જીવન હતું. રામ જાણતા જ હતા કે સીતા તદ્દન નિર્દોષ છે. સીતા પણ જાણતાં જ હતાં કે તેમના પતિ તેમને નિર્દોષ માને છે. છતાં બન્ને જુદા પડ્યાં અને જીવનમાં ફરીથી કદીય દાંપત્યજીવનનો લાભ મેળવી ન શક્યાં. એ તો આર્યાવર્તનો આદર્શ. આ આદર્શને જાળવવા કોઈ ભાગ્યે જ સર્જાયેલું હશે. નમઃ કામાય.

પણ ખ્રિસ્તે આગળ ચાલી એક બીજો ઉપદેશ કર્યો છે, તે પણ અહીં ઉતારવા મન થાય છે. તે આ પ્રમાણે છે—



"તમે કોઇના માટે ખરાબ અભિપ્રાય ન આપો, જેથ તમારે માટે ખરાબ અભિપ્રાય અપાય."

'Judge not, that ye be not judged. For with what judgement ye judge, ye shall be judged: and with what measure ye mete, it shall be measured to you again.'

માણસ પાસે કોઇને વ્યભિચારી કે વ્યભિચારિણી કહેવા માટે અનુમાન સિવાય બીજું કંઈ પ્રમાણ હોતું નથી. અનુમાનની સામગ્રીઓ જોઈને લોકો એક અભિપ્રાય બાંધવા પ્રેરાય છે. મને લાગે છે કે એ ખોટું છે. કોણ કેવો છે એ જાણવું જો તમારા હિતમાં ન હોય તો એવી આપત્તિ જાણી જોઈને માથે શા માટે ઓઢી લેવી જોઈએ? જેને જે રીતે રહેવું હશે તે તે રીતે જ રહેશે. પછી તમે તમારા મન અને વાણીને શા માટે અપવિત્ર કરો છો? તમને જો બહુ લાગણી થતી હોય, તો તમે એકાંતમાં બેસી તમારા પ્રભુપ્રત્યે પ્રાર્થના કરો કે, "હે ભગવાન, તું બધાંને સારી બુદ્ધિ આપ." એ સિવાય માનવે કશું કરવું કે કહેવું જોઇએ નહીં.

## મુસલમાનોની ભક્તિ

મુસલમાનો ચુસ્ત ઇશ્વરવાદી છે. લગભગ બધા ઈશ્વરવાદીઓ ઈશ્વરના કાર્યમાં બીજાને સહાયક માને છે. પણ ઇસલામ ઈશ્વરને સર્વશક્તિમાન્ સ્વીકારીને તેના સહાયક તરીકે કોઇને સ્વીકારતો નથી. તે સર્વતંત્ર સ્વતંત્ર છે. જીવોનાં કર્મોનું ફળ ઇસલામ સ્વીકારે છે. માટે ઉત્તમ કાર્ય કરવાની અને અધમ કાર્યથી દૂર રહેવાની કુરાન શરીફમાં આજ્ઞા ફર્માવવામાં આવી છે.

સૂરતે માઇદામાં આજ્ઞા કરી છે કે—

"મુસલમાનો! દારુ અને જુગાર, મૂર્તિપૂજા અને પાસા એ બધાં અપવિત્ર શૈતાની કામો છે. તમે એ દરેક કામથી બચો કે જેથી તમે

કલ્યાણ પ્રાપ્ત કરો."

એ જ સૂરત માં કહ્યું છે કે—

મુસલમાનો! પરણીત સ્ત્રીઓ-કે જેમને તમારા પહેલાં પુસ્તક અપાયું છે-તમારા માટે હલાલ છે-પણ શર્ત એ કે તેમની મોહર-નિકાહના સમયે લીધેલા પૈસા-તેમને પાછા આપો તથા તેમની સાથે નિકાહ કરવાનો તમારો વિચાર હોવો જોઇએ. પણ ખુલ્લમ ખુલ્લા અથવા ચોરીથી તેમની સાથે વ્યભિચાર કરવાનો વિચાર હોવો ન જોઈએ."

સૂરતે નિસાઅમાં આજ્ઞા છે કે—

"કોઈ કોઇને ખુલ્લમ ખુલ્લા અપશબ્દ કહે એ અલ્લાહને પસંદ નથી."

"ભલાઈ સ્પષ્ટરૂપે કરો કે છુપી રીતે કરો. બુરાઇથી બચો."

એ જ સૂરતમાં કહેવામાં આવ્યું છે કે—

"દગો કરનારના પક્ષપાતી બનશો નહિ."

"છેતરનાર અલ્લાહને પસંદ નથી."

આવી રીતે પાપથી બચવા માટે કુરાનમાં ઘણી આયતો છે.

આ સિવાય ખુદાની ઇબાદત-ઈશ્વરની પ્રાર્થના માટે ખૂબ જ કડોર નિયમ છે. નમાજ ઇસ્લામમાં- એક નિત્યધર્મ છે. જો કોઇ નમાજ ન પઢે તો તેને હંમેશના માટે દોજખમાં-નરકમાં રાખવામાં આવે છે. હિન્દુ ધર્મમાં ફક્ત ત્રણ વર્ણો માટે જ ત્રિકાળ સંધ્યાની વિધિ છે. પણ ઇસ્લામમાં દરેક મુસલમાન માટે પાંચ નમાઝની આજ્ઞા થઈ છે. હિન્દુ ધર્મમાં સ્ત્રીને સંધ્યા-વન્દનનો શાસ્ત્રીય અધિકાર નથી, જ્યારે ઇસ્લામમાં સ્ત્રી માટે પણ નમાજ આવશ્યક કર્તવ્ય છે.

પાંચ નમાઝના જુદા જુદા નામો છે.

(૧) પહેલી નમાઝ ફજ્રની નમાઝ કહેવાય છે. ઉષઃકાળથી માંડીને સૂર્યોદય સુધી એનો સમય નિયત છે.



(૨) બીજી નમાઝ ઝુહરની નમાઝ કહેવાય છે. બપોર પછી લગભગ પાંચ વાગ્યા સુધી એનો સમય હોય છે.

(૩) ત્રીજી નમાઝ અસ્રની નમાજ કહેવાય છે. બીજી નમાઝ પછીથી સૂર્યાસ્ત સુધીનો એનો સમય હોય છે.

(૪) ચોથી નમાઝનું નામ મગરિબની નમાઝ. સૂર્યાસ્તથી માંડીને આકાશમાંથી રતાશ સમાપ્ત થાય ત્યાં સુધી એનો સમય હોય છે.

(૫) પાંચમી નમાઝનું નામ ઈશાની નમાઝ. ચોથી નમાઝ પછીથી અર્ધીરાત સુધી અથવા તે પછી પણ એનો સમય હોય છે.

આ સિવાય જુમ્માની નમાઝ પણ અત્યંત આવશ્યક છે.

આ બધી નમાઝ પઢનારાઓ સ્વર્ગાધિકારી અને નમાઝ તોડનારા નરકાધિકારી મનાય છે.

રોઝા અને જકાત-દાનપુણ્યનું પણ ભારે માહાત્મ્ય આ સંપ્રદાયમાં છે. અમુક જકાત જો કોઇ મુસલમાન ન આપે તો તે ખુદાને ત્યાં દંડનીય ગણાય છે.

જનાબ પ્રૉફેસર મુહમ્મદ સરૂરે ઉર્દૂભાષામાં એક પુસ્તક લખ્યું છે, જેનું નામ છે "તસવ્વુફ કી હકીકત ઔર ઉસકી ફિલસુફએ તારીખ." એમાં સૂફી પધ્ધતિનો ઉલ્લેખ છે. એક ઠેકાણે લેખકે કહ્યું છે કે જો કોઇ એવો માણસ હોય કે જેનાં હૃદયમાં ખુદા માટે પ્રેમ પેદા ન થતો હોય, ત્યારે આશિક-માશૂકની પેઠે વ્યવહાર કરવો જોઈએ, અને ઈશ્વરપ્રેમ પ્રગટાવવો જોઇએ. એનો અર્થ એવો થયો કે ઈશ્વરપ્રેમ પેદા કરવા માટે આવી ચીજો પણ ગાઇ શકાય—

"आंखोमें समा जावो पर्दोमें रहा करना ।
दरिया भी इन्हींमें है, मौजोंमें रहा करना ॥

बीमारे मुहब्बतको गर होशमें लाना हो ।
ज़ानूमें लिटा करके दामनसे हवा करना ॥
हम भेखमें बुलबुलके हर शाख़ पै चहकेंगे ।
तुम बूए वफ़ा बनकर गुंचोंमें रहा करना ॥"

એમ પણ કહી શકાય કે—

"जी भर गया दुनियांसे अब दिलमें यह हसरत है ।
तू हो, तेरा जलवा हो और गोशए तनहाई ॥"

"જગતથી તો હવે ધરાઈ ગયો છું. હવે હૃદયમાં એક જ ઇચ્છા છે કે એક એકાંત સ્થાન મળે, ત્યાં તું હોય અને તારું બધું હોય."

એવું પણ ગાઈ શકાય છે—

"इश्क़में तेरे कोहे ग़म सर पै लिया जो हो सो हो ।
ऐशो निसात ज़िन्दगी छोड़ दिया जो हो सो हो ॥
मुझसे मरीज़को ऐ तवीब तू हाथ अपना मत लगा ।
इसको ख़ुदा पै छोड़ दे, बहरे ख़ुदा जो हो सो हो ॥"

"તારી મોહબ્બતમાં મેં દુઃખ અને ચિંતાનો પહાડ માથે ઉપાડી લીધો છે. હવે જે થવાનું હોય તે થાવ. ઓ વૈદ્ય, મારા જેવા રોગીને તું તારો હાથ અડાડીશ મા. એને તો ખુદા ઉપર છોડી દે. તેની મરજી પ્રમાણે જે થવાનું હોય તે થવા દે."

એવું પણ શોખ થી ગાઈ શકાય—

"फ़नाके बाद भी हसरत रही यही दिलमें ।
गले लगा के न उस बुतको मैंने प्यार किया ॥"

"મર્યા પછી પણ મનમાં એ ઇચ્છા તો રહી જ ગઈ કે તે બુતને ગળે લગાડી મેં પ્યાર ન કર્યો."



એમ પણ ગાઈ શકાય—

"जिसने दिया है दर्दे दिल उसका ख़ुदा भला करे ।
आशिक़े नामुरादको लाज़िम है यह दुआ करे ॥
ग़ैरों पै मेरे सामने लुत्फ़ो करमकी हो नज़र ।
मुझ सा ग़रीब नातवां ख़ूने जिगर पिया करे ॥"

"જીવનમાં અસફળ રહેલ પ્રેમી માટે એ ઉચિત છે કે તે પોતાના પ્રેમીને આશીર્વાદ આપે કે, જેણે મારા દિલને દર્દ આપ્યું છે, તેનું ખુદા ભલું કરે. મારી સામે જ બીજાઓ ઉપર મહેરબાનીની નજર નાખવામાં આવે છે.અને મારા જેવા નિર્બળ અને ગરીબના જિગરનું લોહી પીધા કરે છે."

માશૂક ખુદા તરફથી પણ એવું બોલી શકાય છે કે—

"हरेक रास्तेमें आशिक़ परेशां करते हैं ।
जिधर को जाता हूं लाखों ही मुझपर मरते हैं ॥
जानको कैसे बचाऊं, छुडाऊं इन आशिक़ोंके फन्देसे ।
एक मैं हूं और लाखों सवाली ॥"

"જે રસ્તે હું જાઉં છું ત્યાં આ પ્રેમીઓ મને હેરાન કરે છે. જે તરફ જાઉં છું તે તરફ લાખો મારા માટે મરે છે. આશિકોથી કઈ રીતે બચું? અને તેમના ફન્દામાંથી કઈ રીતે મારો જીવ બચાવું? હું તો એક જ છું જ્યારે મને ચાહનારાઓ તો લાખો છે."

જનાબ દાગની ભાષામાં એમ પણ કહી શકાય—

"छुपाया है तेरे तीरोंको तेरी ही निगाहोंसे ।
हज़ारों बार सीनेमें हज़ारों बार पहलू में ॥
कलेजा पीता है, दिल मसलता है कोई मेरा ।
कहांसे आ गयी ज़ालिम तेरी रफ़्तार पहलूमें ॥

એમ પણ ગાઈ શકાય કે—

"अगर मैं काश लैलाके गलेका हार हो जाता।
ज़माने भरकी नज़रोंमें खटकता ख़ार हो जाता॥
ज़माने भरमें तुम बदनाम होते औ न मैं रुसवा।
बजाये दिल दुखानेके जो तू दिलदार हो जाता॥"

આ રીતે પણ ગાઈ શકાય—

"नै भी हो, मैना भी हो, गुलज़ार हो, गुल भी हो।
जब तलक साक़ी न हो, महफ़िलकी ज़ेबाई न हो॥"

આવું આવું તો કેટલું ય ગાઈ શકાય અને નૂરે ખુદા હાસિલ કરી શકાય, એમ પ્રૉફેસર સાહેબનું માનવું છે.

## સોળમો પરિચ્છેદ

### કામધેનુની ભક્તિ

કામધેનુ એટલે ગીતા. જે જોઈએ તે બધું આપણને શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાંથી મળી આવે છે તેથી મેં તેનું નામ કામધેનુ પાડ્યું છે. હવે જોઈએ કે ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાના પ્રિયમિત્ર અર્જુનને કઈ ભક્તિનો ઉપદેશ કરે છે. ભક્તિનો તો કોઈ ભેદ કે કોઈ પ્રકાર ભક્તિશાસ્ત્રને સ્વીકૃત નથી, પણ કેટલીકવાર વસ્ત્ર વણોની પેઠે ગૌણ પ્રયોગ થઇ જાય છે. વણકરના ઘરે જઇને બધાં કહે છે કે આ સૂતરની ધોતી વણી દો. હજી ધોતી જ નથી, સૂતર છે, એ સૂતરમાં જ ધોતી સમાયેલી છે. કહેનારનું તાત્પર્ય એ જ છે કે તમે આ સૂતરને એવી રીતે વણો કે જેથી ધોતી તૈયાર થાય. એટલે ભવિષ્યમાં બનનારી વસ્તુને વર્તમાનની પેઠે પ્રયોગ કરવાની આપણી માનવભાષાની પદ્ધતિ છે. કોટ સીવી દો, પહેરણ સીવી દો, કબજો સીવી દો, આ બધા પ્રયોગો પણ આવી રીતે જ છે. એવી રીતે અર્જુનને ભગવાને કઇ ભક્તિનો ઉપદેશ કર્યો છે, એ કહેવાનું તાત્પર્ય એટલું જ કે કયાં સાધનથી તે ભક્તિની નિષ્પત્તિ માને છે અને ભક્તિની પ્રાપ્તિ પછી એટલે "ભક્ત" એ પવિત્ર સંજ્ઞા પામ્યા પછી તે મનુષ્યે કઈ રીતે વર્તવું જોઇએ. આ સંબંધમાં ભગવાન્ કૃષ્ણનો મત જાણવો આવશ્યક છે.

ગીતાના અગ્યારમા અધ્યાયના અંતે ત્રણ શ્લોક અત્યંત મહત્ત્વના છે. તે ત્રણે શ્લોકો પહેલાં જોઇએ,

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा॥
भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप॥

मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः ।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव ॥

આ ત્રણ શ્લોકોમાંથી પ્રથમ શ્લોક નિષેધવાક્ય છે. બીજો શ્લોક વિધિવાક્ય છે અને ત્રીજો શ્લોક ભક્તસ્વરૂપ-બોધક વાક્ય છે. પ્રથમ શ્લોકથી અર્જુનને શ્રીકૃષ્ણે કહ્યું કે વેદાધ્યયનથી કે વેદપ્રતિપાદિત યજ્ઞાદિથી, દેહદમનરૂપ તપશ્ચર્યાથી, દાન કરવાથી કે સ્માર્ત હોમ આદિ કરવાથી કોઈ મારું યથાર્થરૂપ જાણી શકતો નથી. એમ કહેવાથી કૃષ્ણે બધાં ય બાહ્ય સાધનોનો નિષેધ કર્યો છે. વેદ, તપ, દાન, હોમ તેમ જ તીર્થ, વ્રત અને બજારુ પદ્ધતિથી મૂર્તિપૂજા એ બધાં બહિરંગ સાધનો છે અને કૃષ્ણના કહ્યા પ્રમાણે તે પરતત્ત્વને ઓળખવા તદ્દન અસમર્થ છે. તેથી બહિરંગ સાધનોની સમાપ્તિ પછી અંતરંગ સાધનોનો ઉપયોગ થવો જ જોઈએ. એ ગીતાનો અભિપ્રાય છે.

હવે બીજો શ્લોક. એ વિધિબોધક છે. અનન્ય ભક્તિ વડે જ કોઈ પણ ઉપાસક પરતત્ત્વને વાસ્તવિક રીતે જાણી શકે છે, જોઈ શકે છે અને તેમાં પ્રવિષ્ટ થઈ શકે છે. અનન્ય ભક્તિ એટલે અવ્યભિચારિણી ભક્તિ. જેને આત્મસમર્પણ કરાય તે સિવાય બીજા કોઈ પણ દેવ, દેવી, મનુષ્ય, માનુષીનું ચિંતન ઉપાસ્યદેવરૂપે ન કરવું તે અવ્યભિચારિણી ભક્તિ. તે જ અનન્ય ભક્તિ. રામનો ભક્ત કૃષ્ણની પાસે તે જ ભક્તિથી દોડી જાય, કે કૃષ્ણનો ઉપાસક રામપાસે તે જ ભક્તિથી દોડે, કે રામ અને કૃષ્ણના ઉપાસકો શંકર તરફ દોડે, કે શંકરનો ઉપાસક રામ, કૃષ્ણ પાસે જાય, કે શક્તિનો ઉપાસક એ ત્રણે તરફ જાય, કે તે ત્રણેના ઉપાસકો શક્તિની તરફ જાય, એ બધી વ્યભિચારિણી ભક્તિ છે. ભલે બધાં એક જ તત્ત્વ હશે, બધાં જ ભગવાન્ હશે પણ તમે તો જે દેવ કે જે વ્યક્તિને ભગવાનરૂપે સ્વીકારો



તેને ત્યજી બીજામાં ઉપાસ્ય બુદ્ધિ રાખશો નહિ. એવી જ અનન્ય ભક્તિથી કોઈ પણ ઉપાસક સિદ્ધ થઈ શકે છે. આગળ ચાલો. એ અનન્ય ભક્તિથી ત્રણ ક્રિયા સિદ્ધ થાય છે, તત્ત્વજ્ઞાન, તત્ત્વદર્શન અને તત્ત્વપ્રવેશ. તત્ત્વ એટલે ઉપાસ્યદેવ. અનન્ય ભક્તિથી જ તમારા ઉપાસ્ય દેવને તત્ત્વતઃ જાણી શકો છો. જ્યાં અનન્યતા નથી હોતી ત્યાં કોઈનું તાત્ત્વિક જ્ઞાન હોતું નથી. ઉપલક જ્ઞાન કોઈ કામનું નથી. અનન્ય ભક્તિથી જ ઉપાસ્ય દેવ કે મનુષ્યના ગુણ, શક્તિ, યોગ્યતા, શીલ, સ્વભાવ આદિ જાણી શકાય છે. જ્યાં અનન્ય ભક્તિ ન હોય ત્યાં આ બધા ધર્મોને જાણવાની આતુરતા હોતી નથી. "હશે" એમ કહીને ચલાવી લેવાય છે. પ્રથમ તો ઉપાસ્યનું જ્ઞાન જ અપેક્ષિત હોય છે. તેથી તે જ્ઞાન માટે પણ અનન્ય ભક્તિની જ આવશ્યકતા.

જ્ઞાન પછી દર્શનની ઉત્કંઠા જન્મ પામે છે. એ દર્શન માટે પણ અનન્યભક્તિ જ કારણ છે. અનન્ય ભક્તિ નહિ હોય તો કદી યે ઉપાસ્યનું દર્શન થવાનું નથી. અને દર્શન વિના તો ભક્તને ચાલે જ નહિ. દર્શન માટે જ તો બધો પ્રયાસ. ઉપનિષદે પણ કહ્યું કે—

"आत्मा वारे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यो मैत्रेयि आत्मनो वा अरे दर्शनेन श्रवणेन मत्या विज्ञानेनेदं सर्वं विदितम्" (बृहदा० २, ४, ५)

"આત્માનું જ શ્રવણ કરવું જોઈએ, તેનું જ મનન કરવું જોઈએ, તેનું જ નિદિધ્યાસન કરવું જોઈએ અને પરિણામે તેનું જ દર્શન કરવું જોઈએ. આત્માનાં જ શ્રવણ, મનન, વિજ્ઞાન=નિદિધ્યાસન અને દર્શનથી આ બધું વિશ્વ યથાર્થ રીતે જણાઈ આવે છે." શ્રુતિમાં द्रष्टव्यः અને दर्शनेन આ પદો પહેલાં છે પછી श्रोतव्य આદિ છે, પણ અર્થની મુખ્યતાનો વિચાર કરીને મેં द्रष्टव्यः અને दर्शनेनનો પાછળથી ઉપયોગ કર્યો

છે. જો પ્રથમ જ દર્શન થઈ જાય તો શ્રવણ, મનન આદિ અનાવશ્યક બની જાય છે. પણ તેમ નથી. શ્રવણ, મનન, નિદિધ્યાસનનું જ પરિણામ દર્શન છે. જ્યારે પોતાના કોઈ પ્રિયતમ ભાઇબંધ માટે કે પ્રિયતમા બા, બહેન માટે હૃદયમાં ઉછાળો આવે છે, તરંગો ઉભરાય છે, વિહ્વલતા અને વ્યાકુળતા અનુભવાય છે ત્યારે જ દર્શન થાય છે. જઈને પૂછો નળ અને દમયંતીને.

જ્ઞાન અને દર્શન પછી ગીતામાં ઉપાસ્યમાં પ્રવેશ કરવાની વાત છે. પ્રવેશ કરવો એટલે પોતાના વ્યક્તિત્વનું ઐકાન્તિક વિસ્મરણ. ત્વંપદાર્થનું તત્પદાર્થમાં લીન થઇ જવું, અભિન્ન થઈ જવું એ જ તો ભક્તિનું રહસ્ય છે. જ્યાં સુધી 'તે' અને 'હું' અથવા 'તું' અને 'હું' રહે છે ત્યાં સુધી ભક્તિ જ નથી. ગંગા સમુદ્રમાં જઈને હોંસે હોંસે મળે છે, મળીને સમુદ્રરૂપ બને છે, પોતાના નામ અને રૂપને સદાને માટે ત્યજી દે છે, 'હું' પણ જાય છે 'તું' અને 'તે' પણ જાય છે. 'હું, તું, તે' અદશ્ય થાય છે. જે બચી રહે છે તે કોઈ પણ શબ્દનો વાચ્ય નથી. કોઈ શબ્દનો તે વ્યવહાર્ય નથી. વ્યવહાર કરનારો કોઈ રહ્યો નથી. હજારો માઇલથી જે સંગમ માટે, જે સંમેલન માટે, જે અભિન્નતા માટે દોડતી દોડતી ગંગા આવી હતી તે સંગમ તેને મળ્યો છે, સંમેલન મળ્યું છે, અભિન્નતા મળી છે. પ્રિયતમના ખોળામાં, દ્વારકાધીશની મૂર્તિમાં મીરાંની જેમ, ગંગા અદશ્ય થઈ જાય છે. એ જ અદશ્યતા ભક્તિનું અંતિમ ફળ છે. ભક્તિને જ સાધ્ય અને તેને જ સાધન માનવામાં આવે છે. એનું તાત્પર્ય એ કે આત્મનિવેદન કહો કે તલ્લીનતા કહો, એ જ ભક્તિ છે. અને એ જ ભક્તિનું ફળ છે. તે સિવાય શ્રવણ, મનન, નિદિધ્યાસન કે બીજાં બધાં અન્ય ઉપાયો જે પાછળ ભક્તિના સાધન પ્રકરણમાં શીખી આવ્યા છો તે બધાં સાધન છે.

હવે ત્રીજો શ્લોક. 'જે મારી આજ્ઞાનું પાલન કરવા માટે જ અથવા



મારી પ્રસન્નતા માટે જ કર્મ કરનારો છે, સંસાર અને સાંસારિક જનોના સંગથી રહિત છે અને કોઈ પણ પ્રાણી સાથે દ્વેષ કે શત્રુતા કરતો નથી તે મારો ભક્ત છે અને તે જ મને પામે છે.' આ શ્લોકથી ભક્તનું સ્વરૂપ વર્ણવાયું છે. એમાં અને ગીતાના બીજા શ્લોકોમાં પણ તિલક, ચંદન, ભસ્મ, માલા, તુલસી, રુદ્રાક્ષ, કોઈ પણ વસ્તુનો ઉલ્લેખ નથી. તિલક, ભસ્મથી કોઈ ભક્ત બની જતો નથી. તે તો કેવળ જુદાજુદા વાડાઓનું સૂચન છે. ભક્તિ હૃદયની વસ્તુ છે. બહાર તેનું દર્શન હોય છે પણ તે તો તેના વ્યવહારથી જ. બીજી રીતે નહિ. ભક્ત પવિત્ર હોય છે તેથી તેના બાહ્ય આચાર વ્યવહાર પણ પવિત્ર જ હોય. મન, વાણી અને કર્મ એ ત્રિવેણીનો સંગમ જ્યાં હોય ત્યાં જ ભક્તિ. मनसि अन्यत्, वचसि अन्यत्, कर्मणि अन्यत् મનમાં કંઈક ઘોળાતું હોય, વાણીથી બીજું બોલાતુ હોય અને આચરણમાં ત્રીજું મુકાતું હોય એ દૌરાત્મ્ય છે–દુરાત્માનું લક્ષણ છે. મન, વાણી અને ક્રિયાની સમતા–વિષમતા જરા ય નહિ— તે જ ભક્તિનું લક્ષણ છે.

ગીતાના એકાદશ અધ્યાયમાં જે ભક્તિનો ઉપક્રમ કરવામાં આવ્યો તેની જ વિસ્તૃત વ્યાખ્યા બારમા અધ્યાયમાં થઈ. બારમો અધ્યાય ભક્તિયોગ કહેવાય છે. અર્જુને એમાં પ્રશ્ન કર્યો કે 'તમારાં બે સ્વરૂપ છે: સાકાર અને નિરાકાર : સગુણ અને નિર્ગુણ : એ બન્ને સ્વરૂપની ઉપાસના પ્રચલિત છે. પણ હે કૃષ્ણ તે એમાંથી તમને કયો ઉપાસક અતિયુક્ત લાગે છે?' કૃષ્ણે ઉત્તરમાં કહ્યું :—'મારામાં સારી રીતે મન જોડીને અને વધારેમાં વધારે શ્રદ્ધાથી જે ઈશ્વરની નિત્ય ઉપાસના કરે છે, મારી દૃષ્ટિએ તે જ યુક્તતમ છે—અતિશય યુક્ત છે.' પછી ફરી શ્રી કૃષ્ણે કહ્યું કે 'નિર્ગુણ ઉપાસના અતિ કઠિન છે. અત એવ તે મનુષ્યો માટે અગમ પણ છે. જે લોકો સગુણ ઉપાસના કરે છે—

तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि नचिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥

'તેવા મારા અનન્ય ભક્તોને આ જન્મ-મરણરૂપ સંસારસાગરમાંથી પાર કરવામાં હું જરા પણ વિલંબ કે ઢીલ કરતો નથી.' અને પછી બોલ્યા—

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥

'ઈશ્વરમાં જ મન રાખ. ઈશ્વરમાં જ બુદ્ધિને દૃઢ કર. જો તું આ બે કામ કરી લઈશ તો નક્કી જાણ કે તું ત્યાર પછી ઈશ્વરમાં જ રમીશ. તારું રમણસ્થાન-નિવાસસ્થાન ઈશ્વર સિવાય બીજું નહિ જ હોય.' આ ભક્તિશાસ્ત્રમાં જે ભક્તિનું સ્વરૂપ આલેખાયું છે તે પણ એ જ છે. જુઓ નવમા પરિચ્છેદમાં આ શ્લોકો :

एषैव मामकाः प्राणा एषैव च परा गतिः ।
एषैव प्रियतमान्यां नैव जाने कदाचन ॥ १ ॥
देहश्चास्यै मनश्चास्यै बुद्धिश्चास्यै दयाभृते ।
आत्माप्यस्यै मया दत्तो भक्तिरीदृङ्मतिर्ध्रुवा ॥२॥

'બા જ મારા પ્રાણ છે, બા જ મારી ગતિ છે, બા જ મારી સૌ કરતાં વધારે પ્રિય વસ્તુ છે. બીજાં કોઈને હું જાણતો નથી. દેહ, મન, બુદ્ધિ, આત્મા બધું મેં બાના ચરણે મુક્યું છે.' આવી જે બુદ્ધિ તે જ ભક્તિ.

ગીતામાં ભગવાન્ ભક્તિસંપન્ન વ્યક્તિનું સ્વરૂપ લંબાણથી વર્ણવે છે. તે જુઓ—

'બધાં પ્રાણીને પોતાના ઉપાસ્યદેવનું સ્વરૂપ જાણીને કોઈની સાથે જે દ્વેષ કરતો નથી, દરેકની સાથે મિત્રભાવે જે વર્તે છે, દરેક દુઃખી અને



નિર્બલ જીવ ઉપર કરુણા રાખે છે, મારું જે કંઈ છે તે તો મેં મારા પ્રભુને આપી દીધું છે, હવે મારી પાસે 'મારી' કહેવા માટે કોઈ વસ્તુ રહી નથી, એમ માનીને જેણે મમતા ત્યજી દીધી છે, તેમ જ આત્માને પણ અહંને પણ=એટલે પોતાને પણ મેં મારા માના ચરણે મુકી દીધો છે, હવે 'તું' રહ્યો નથી, એમ માનીને જેણે અહંભાવનો ત્યાગ કર્યો છે, દુઃખ અને સુખમાં જે સમાનભાવે રહે છે—જે દુઃખમાં ગભરાતો નથી અને સુખમાં ઉભરાતો નથી, તેમ જ શક્તિ હોવા છતાં જે અપરાધી ઉપર કોપ કરતો નથી અથવા જે ત્રિવિધ દુઃખોને શાંતિથી સહન કરી લે છે.' (૧૩) સુખ, દુઃખ, હર્ષ, શોક, હાનિ, લાભ, ગ્લાનિ અને મ્લાનિમાં સર્વદા સંતુષ્ટ રહે છે, અથવા જે કંઈ મળે તેનાથી જ શરીર-નિર્વાહ કરીને પ્રસન્ન રહે છે, પ્રભુ સાથે કે બા સાથે સદા જોડાયેલો રહે છે, મનને જે સંયમમાં રાખનારો છે, પોતાના નિશ્ચયથી જે જરા પણ ડગતો નથી, હાલતો નથી અને જેણે મન અને બુદ્ધિ પોતાના પ્રભુને જ આપી દીધાં છે. (૧૪) જેને જોઈને કોઈને પણ ગ્લાનિ ન થાય, ઉદ્વેગ ન થાય, સૂગ ન ચડે, અને જે પોતે કોઈને જોઈને ગ્લાનિ કે સૂગ ન અનુભવે, જે હર્ષ, સહનશીલતા, ભય, અને પ્રાણસંકટકાળમાં પણ ઉદ્વેગથી રહિત હોય છે. (૧૫) જે કોઈ પણ વસ્તુની ન્યૂનતાનો અનુભવ કરતો નથી, અંદર અને બહાર પવિત્ર રહે છે, જેને આ કામ મેં કર્યું છે અને આ નથી કર્યું, એવો સંતાપ હોતો નથી, નિરર્થક અથવા અનુપયોગી કર્મોનો જે ત્યાગ કરનારો છે; જે શત્રુ અને મિત્રમાં સમાનભાવે રહે છે, માન કે અપમાન, હર્ષ કે શોક જેને સ્પર્શ કરતાં નથી, સર્વ દ્વન્દ્વોને જે સહન કરે છે, નિન્દા કે સ્તુતિમાં પણ જે સ્વસ્થ રહી શકે છે, એવો સમદૃષ્ટિ માણસ ભક્ત કહેવડાવવાને પાત્ર છે અને તે જ મને પ્રિય છે. (૧૬)

એ ગીતાએ ઉપદેશેલી ભક્તિ છે. એ જ ભક્તિનો હું પક્ષપાતી છું. ભાગવતની ભક્તિ અને ગીતાની ભક્તિમાં જે અંતર છે તે બહુ અ-

ગમ્ય નથી, સહેલાઈથી જાણી શકાય, સમજી શકાય તેવું છે. ગીતા નામ-સ્મરણની વાત નથી કરતી, કીર્તનની વાત પણ નથી કરતી, હાથ-પગ દબાવવાની પણ વાત નથી કરતી. તે તો સદાચારની વાત કરે છે. માનવજાતિની છેલ્લી વિકસિત દશાની વાત કરે છે. ભકિતનું ફળ એ જ હોવું જોઇએ. ભાગવતની ભકિતમાં બહુ પવિત્રતા નથી. દુરાચારી માણસો પણ તેટલું કરી શકે છે અને તેટલું કરીને પોતાને ભકત, ભકતરાજ આદિ પદવી અપાવી શકે છે. પણ ગીતાની ભકિતને આચરનારમાં અથવા ગીતાએ દર્શાવેલ ભકતમાં કોઈ દંભ કે ડોળને અવકાશ જ નથી. ગીતાનો ભકત તો ગમે ત્યારે ધધકતી આગમાં અગ્નિપરીક્ષા માટે તૈયાર જ રહી શકે છે.

## સત્તરમો પરિચ્છેદ

### ભક્તિ શા માટે?

ભક્તિના સ્વરૂપ, ગુણ, ધર્મ આદિની લાંબી વિવેચના તો પૂરી થઈ પણ તે ભક્તિ શા માટે અપેક્ષિત છે, એ વિષય અસ્પષ્ટરૂપે ચર્ચાઇ ગયો છે, છતાં તેની સ્પષ્ટ રૂપરેખા બતાવવામાં આવી નથી. અને જ્યાં સુધી પ્રયોજન સિધ્ધ થાય નહીં ત્યાં સુધી ભક્તિમાં બુધ્ધિશાળીઓની પ્રવૃત્તિ થઈ શકશે નહી. માટે ભક્તિનું પ્રયોજન વિચારવું જોઇએ.

આ ગ્રંથમાં જે રીતે ભક્તિનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે રીત ભક્તિ સાથે ઈશ્વરનો સંબંધ નહીં પણ જીવનો સંબંધ જોડે છે. ઈશ્વર હોય કે ન હોય પણ ભક્તિ તો કર્તવ્ય જ છે, કેમકે જીવનું અસ્તિત્વ છે. ભક્તિ કરનારો જીવ છે. સકળ જગતમાં સકળ પ્રવૃત્તિ સ્વાર્થમયી છે. જીવ ભક્તિ માટે પ્રવૃત્તિ કરે છે, તો તેમાં તેનો જ સ્વાર્થ છે, તેને જ લાભ મળવાનો છે. માટે ભક્તિનો સીધો સંબંધ જીવ સાથે છે. તેથી જીવ એટલે શું, તેનો વિચાર કરવો આવશ્યક થઈ પડશે.

જીવના વિષયમાં અનાદિકાળથી અનેક મત પ્રવર્તિત છે. વેદકાળથી જ જીવનો વિચાર થતો આવ્યો છે અને આજ સુધી તેનો કોઈ નિશ્ચિત વિચાર થયો નથી. આર્ય દાર્શનિકોમાં પણ જીવ માટે મોટો મતભેદ રહ્યો છે અને તે એ રીતે જ ટકી રહેવાનો. જીવના સંબંધમાં વિચારણીય વિષયો આ છે—

(૧) જીવ શું છે? (૨) તે નિત્ય છે કે અનિત્ય? (૩) જન્ય છે કે અજન્ય? (૪) તે અણુ છે કે વિભુ? કે મધ્યમ પરિમાણવાળો? (૫) તે સત્ય છે કે મિથ્યા એટલે કલ્પિત? (૬) એક છે કે અનેક?

વૈદિક દાર્શનિકોમાં શંકરાચાર્યથી અતિરિક્ત બધાય જીવતત્ત્વને નિત્ય અને શાશ્વત માનનારા છે. વૈદિકદર્શનમાં જીવનું મધ્યમ પરિમાણ સ્વીકૃત

નથી. અણુ અને વિભુમાં મતભેદ છે. કેટલાક અણુ પરિમાણ માને છે અને કેટલાક વિભુ પરિમાણ માને છે. વેદોમાં બન્ને પરિમાણ સ્વીકૃત છે. વેદનો કોઈ ઋષિ જીવને વિભુ માને છે અને કોઈ અણુ. શંકરાચાર્યના મતમાં જીવ અનાદિ હોવા છતાં અનંત એટલે નિત્ય નથી. તે મતમાં જીવ ઔપાધિક તત્ત્વ છે. ઉપાધિ દૂર થતાં ઉપાધેય જીવનો અંત આવે છે. વૈદિક દાર્શનિકોમાં શંકરાચાર્ય જ એક એવા સાહસી આચાર્ય છે જે જીવના અસ્તિત્વનો સ્વીકાર કરતા નથી. અને જે રીતે અસ્તિત્વ સ્વીકારે છે તે અસ્વીકાર કરવા જેવો જ છે. જૈનો આત્માને નિત્ય અને મધ્યમ પરિમાણવાળો માને છે. બૌધ્ધો અને ભગવાન બુદ્ધ પોતે આત્માનો—જીવનો અસ્વીકાર કરે છે—એટલે કોઈ શાશ્વતજીવની સ્વીકૃતિ એ મતમાં નથી. છતાં પુનર્જન્મનો સ્વીકાર અન્ય દાર્શનિકોની જેમ ત્યાં પણ છે.

જો જીવ કોઈ શાશ્વત તત્ત્વ નથી તો પુનર્જન્મ સ્વીકારતાં કૃતવિપ્રણાશ* અને અકૃતાભ્યાગમ÷ દોષની નિવૃત્તિ કઈ રીતે? એ પ્રશ્નનો ઉત્તર બૌધ્ધદર્શન આ પ્રમાણે આપે છે—

ઈસવીસન પૂર્વે ૨૦૦ વર્ષ ઉપર મિલિન્દ (મિનૅંડર) નામનો એક રાજા હતો. તેણે મહાસ્થવિર નાગસેનને પૂછ્યું—

"યદિ આત્મા નિત્ય અને શાશ્વત મનાય તો તો કર્મવશાત્ એક શરીરમાંથી નીકળી બીજા શરીરમાં સંક્રમણ કરી શકે. પણ આપ તો એવો કોઈ આત્મા માનતા નથી, ત્યારે સંક્રમણ વિના પુનર્જન્મ કઈ રીતે?

* જે શરીરે કે જીવે કર્મો કર્યાં તે તો સમાપ્ત થઈ ગયો. તેથી તેના કર્મોનું કંઈ પણ ફળ તેને મળ્યું નહિ. તેનું નામ कृतविप्रणाश= કરેલ કર્મનો નાશ.

÷ જન્મતાની સાથે કંઇ સુખ-દુ:ખાદિ ફળ જીવને ભોગવવાનું હોય છે જ. તે કોનાં કર્મનું ફળ? જીવ તો અનિત્ય છે. શરીરની સાથે જ તેનો નાશ થયો. આ જે જીવ આજે જન્મ્યો છે તેણે તો હજુ સુધી કોઇ કર્મ કર્યું નથી. ત્યારે ફળ કોના કર્મનું? એનું નામ છે अकृताभ्यागम=નહિ કરેલા કર્મોનાં ફળની પ્રાપ્તિ.



"હા મહારાજ, સંક્રમણ વિના પણ પુનર્જન્મ થાય છે."

"ભંતે, તે કઈ રીતે? દષ્ટાંત આપી સમજાવો."

"મહારાજ, જો કોઈ એક દીપકની એક વાટથી બીજી વાટ જલાવી લે તો શું એક વાટ બીજીમાં પ્રવેશ કરે છે?"

"ના ભન્તે!"

"મહારાજ, એવી રીતે સંક્રમણ વિના પણ પુનર્જન્મ થાય છે."

"કૃપા કરી બીજું દષ્ટાંત આપી સમજાવો."

"મહારાજ, આપ આપના ગુરુ પાસેથી શીખ્યા હો તેવો કોઈ શ્લોક આપને કંઠસ્થ છે?"

"હા કંઠસ્થ છે."

"મહારાજ, શું તે શ્લોક આચાર્યના મુખથી નીકળીને આપના મુખમાં પેસી ગયો?"

"ના ભન્તે!"

"મહારાજ, એવી જ રીતે સંક્રમણ વિના પણ પુનર્જન્મ થાય છે."

"ભન્તે, આપે ઠીક સમજાવ્યું."

રાજા ફરી બોલ્યો—

"ભન્તે, એવો કોઈ જીવ છે કે જે આ શરીરમાંથી નીકળીને બીજા શરીરમાં પ્રવેશ કરે?"

"ના મહારાજ!"

"ભન્તે, જો આ શરીરમાંથી નીકળી બીજાં શરીરમાં જનારો કોઈ જીવ નથી, તો તે પોતાનાં પાપથી મુક્ત થઈ ગયો?"

"હા મહારાજ, જો તેનો ફરીથી જન્મ ન થાય તો બેશક તે પાપકર્મોથી મુકત થઈ ગયો. જો તે ફરીથી જન્મગ્રહણ કરે તો તે મુકત નથી થયો."

"કૃપા કરી દષ્ટાંત આપી સમજાવો."

"મહારાજ, જો કોઈ માણસ બીજા કોઈ માણસની કેરી ચોરી લે તો તે દંડનીય થશે કે નહિ?"

"હા ભન્તે, થશે."

"મહારાજ, તે કેરી(જેને ચોરનારે ચોરી) તો તેણે વાવી ન હતી, તો તે (તેને ચોરનાર) દંડનીય કઇ રીતે થશે?"

"ભન્તે જે કેરી તેણે વાવી હતી તે ઝાડમાંથી જ તે (ચોરાયેલી) કેરી પણ પેદા થઈ છે, તેથી તે (ચોરનાર) દંડનીય થશે."

"મહારાજ, એવી જ રીતે એક માણસ આ નામ–રૂપથી સારાં કે નરસાં કર્મો કરે છે. તે કર્મોના પ્રભાવથી બીજું નામ અને રૂપ જન્મે છે. તેથી તે પોતાનાં પાપકર્મોથી મુક્ત થયો નહિ."

"ભન્તે, આપે ઠીક સમજાવ્યું."

જ્યાં સુધી માણસની અવિદ્યા– તૃષ્ણાનો નાશ થતો નથી ત્યાં સુધી તેનાં સારાં, નરસાં કર્મો જ સર્વસ્વ છે. ભગવાન નો ઉપદેશ છે કે–

"ભિક્ષુઓ, બધાએ આનું એવું સદા મનન કરવું જોઇએ કે મારૂં જે કંઈ છે તે કર્મ જ દાયાદ છે, કર્મથી જ ઉત્પત્તિ છે, કર્મ બધું છે, કર્મ જ શરણ છે. ઉત્કૃષ્ટ કે નિકૃષ્ટ જે કંઈ કર્મ હું કરીશ તેનો હું જ ઉત્તરાધિકારી થઈશ." (ભિક્ષુ જગદીશકૃત મિલિન્દપ્રશ્ન ના હિન્દી અનુવાદ ઉપરથી)

હવે જણાશે કે આત્માને કે જીવને નિત્ય માનનારાઓ અને અનિત્ય માનનારાઓ પણ પુનર્જન્મને તો સ્વીકારે છે જ.

આત્માના સંબંધમાં હું પોતે કોઈ નિશ્ચિત મત ધરાવતો નથી. મને લાગે છે કે ઔપનિષદ આત્મા જેવી કોઈ વસ્તુ હોવી જોઇએ નહિ. આત્માનું અસ્તિત્વ ચેતન અને જડ એ આ જગતના બે વિભાગોનું પરિણામ છે. ગતિ—ક્રિયા જોઇને અને જાતજાતની યોનિ અને મનુષ્ય જોઈને નિત્ય આત્માનો સ્વીકાર કરવા માં આવ્યો છે. મારી



દૃષ્ટિએ મનસ્તત્ત્વ જ આત્મા છે. મન સિવાય કોઈ આત્મતત્ત્વ નથી. જ્યારે કોઈ અન્યમનસ્ક હોય છે, ત્યારે તેની સામેથી પસાર થતી વસ્તુનું તેને જ્ઞાન કે ભાન હોતું નથી. સુષુપ્તિ માં પણ કોઈ ને કોઈ જ્ઞાન હોતું નથી. જીવ જો નિત્ય હોય અને મનથી પૃથક કોઇ વસ્તુ હોય તો પ્રત્યેક વસ્તુનું જ્ઞાન તેને હોવું જોઇએ. એમ કહેવાશે કે મન જ્ઞાનનું સાધન છે. મન વગર જ્ઞાન હોતું નથી. જેમ આત્મા અને જ્ઞેય વસ્તુનું સંનિધાન અપેક્ષિત છે તેમ મનનું પણ તે જ કાળે સંનિધાન હોવું જોઈએ. સુષુપ્તિ, મૂર્છા આદિમાં મનનું સંનિધાન પ્રાપ્ત હોતું નથી તેથી તે સમયે આત્મા હોવા છતાં જ્ઞાન હોતું નથી. પણ મનને માટે એમ કહી શકાય નહિ. કોઈ દૃષ્ટાંત આપી શકાય નહિ કે જ્યાં મન છે પણ આત્મા નથી ત્યાં જ્ઞાન થતું નથી. તેથી એમ કહેવું વધું સારૂ છે કે જ્યાં મન છે ત્યાં જ જ્ઞાન હોય છે. પૂર્ણવિકાસ પામેલું મન હોય છે, ત્યારે પૂર્ણજ્ઞાન થાય છે. અર્ધવિકસિત મન હોય તો અર્ધજ્ઞાન થાય છે. અત્યંત અલ્પવિકાસ થયો હોય તો અત્યંત અલ્પ-જ્ઞાન થાય છે. મનુષ્યોમાં જોઈ શકાય છે કે જેનું મન વિકસિત છે તેનું જ્ઞાન પણ વિકાસવાળું જ જણાઇ આવે છે. પશુ, પક્ષી, કીટ, પતંગ, કૃમિ આદિમાં મનનો વિકાસ જ થયો નથી, તેથી ત્યાં જ્ઞાન, સામાન્ય વ્યવહાર પુરતું જ જોવામાં આવે છે. ચેતન હોવા છતાં મનના અભાવથી જ્ઞાન ન હોવાનાં સ્થળો, ઉપર બતાવવામાં આવ્યાં છે. પણ મન હોવા છતાં ચેતનના અભાવથી જ્ઞાન ન હોવાનું કોઇ સ્થળ બતાવી શકાય તેમ નથી. માટે મન જ ચેતન છે. એક બાળક જન્મે છે. એક સારા કુટુંબમાં તેનો જન્મ થયો હોય તો તેના અંગાવયવો, નેત્રાદિ ઇંદ્રિયો સ્વચ્છ, નિર્મળ અને તેજસ્વી જણાશે. સંસ્કારી કુટુંબમાં જન્મ ન થયો હોય તો તેના અંગેઅંગમાં મલિનતા હશે, અસ્વચ્છતા હશે અને દરેક રીતે તે નિસ્તેજ હશે. એવી જ રીતે જો મન કેળવાયેલું હોય તો વધારે ચૈતન્યવાળું અન્યથા

અલ્પ ચૈતન્યવાળું હોય છે.

શુકલયજુર્વેદના ચોત્રીસમા અધ્યાયના આરંભમાં જે છ મંત્રો છે તે આ સ્થળે અત્યંત મનનીય છે. જુઓ તે મંત્ર—

यज्जाग्रतो दूरमुदैति दैवं तदु सुप्तस्य तथैवैति।
दूरंगमं ज्योतिषां ज्योतिरेकं तन्मे मनः शिवसंकल्पमस्तु ॥१॥
येन कर्माण्यपसो मनीषिणो यज्ञे कृण्वन्ति विदथेषु धीराः।
यदपूर्वं यक्षमन्तः प्रजानां तन्मे मनः ० ॥२॥
यत्प्रज्ञानमुत चेतो धृतिश्च यज्जोतिरन्तरमृतं प्रजासु।
यस्मान्न ऋते किंचन कर्म क्रियते तन्मे मनः ० ॥३॥
येनेदं भूतं भुवनं भविष्यत्परिगृहीतममृतेन सर्वम्।
येन यज्ञस्तायते सप्त होता तन्मे मनः ० ॥४॥
यस्मिन्नृचः साम यजूंषि यस्मिन्प्रतिष्ठिता रथनाभाविवाराः।
यस्मिंश्चित्तं सर्वमोतं प्रजानां तन्मे मनः ० ॥५॥
सुषारथिरश्वानिव यन्मनुष्यान्नेनीयतेऽभीशुभिर्वाजिन इव।
हृत्प्रतिष्ठं यदजिरं जविष्ठं तन्मे मनः ० ॥६॥

"જાગતા મનુષ્યનું જે મન દૂર જાય છે, દૈવ છે, જ્ઞાનવાન છે, જે મન સુષુપ્તિ અવસ્થામાં, દૂર ગએલું હોય તો પણ પાછું આવી જાય છે, જે અતીત, અનાગત, વર્તમાન, વિપ્રકૃષ્ટ, વ્યવહિત સર્વવિધ પદાર્થોનું ગ્રહણ કરે છે, અને જે મન સર્વ પ્રકાશકો–ઇન્દ્રિયોનું–પ્રકાશક છે, એટલે ઇન્દ્રિયોને સ્વ-સ્વકર્મમાં પ્રવૃત્ત કરનાર છે, તે મારું મન શિવ-સંકલ્પવાળું થાવ. ॥૧॥"

"જે મન વડે વિદ્વાનો યજ્ઞમાં કર્મો કરે છે, જે મન અપૂર્વ-અદ્વિતીય છે અથવા ઇન્દ્રિયાદિથી પૂર્વ જ પેદા થાય છે, જે યક્ષ-પ્રકાશમય



છે, સર્વ પ્રજાઓના અંતર્-ભાગમાં રહે છે, તે મારું મન શિવસંકલ્પવાળુ થાવ." ॥૨॥

"જે મન પ્રજ્ઞાન છે. જે મન સારી રીતે જ્ઞાન પ્રાપ્ત કરે છે. જે મન ધૃતિરૂપ છે, જે મન પ્રજાઓના અંતર્ભાગમાં રહે છે, જે અમૃત છે–અવિનાશી છે, જેના વિના કોઇ કર્મ કરી શકાતું નથી તે મારું મન શિવસંકલ્પવાળું થાવ." ॥૩॥

"જે મન અમૃત–અમરણધર્મ છે, જે ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળની વસ્તુઓ જાણે છે, અને સપ્તહોતા અગ્નિષ્ટોમયાગમાં જેના વડે યજ્ઞસંપાદન કરે છે તે મન શિવસંકલ્પવાળું થાવ." ॥૪॥

"જેમ રથની નાભિમાં આરા હોય છે તેમ જે મનમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ પ્રતિષ્ઠિત રહે છે. અને જે મનમાં પ્રજાનું બધું જ્ઞાન ઓતપ્રોત હોય છે, તે મારું મન શિવસંકલ્પવાળું થાવ." ॥૫॥

"સારો કુશળ સારથિ જે રીતે લગામ પકડી ઘોડાને લઇ જાય છે, તે રીતે જે મનુષ્યોને આમતેમ લઇ જાય છે, જેનું સ્થાન હૃદય છે, જે કદી જીર્ણ થતું નથી, જે ખૂબ વેગવાળું છે, તે મારું મન શિવસંકલ્પવાળું થાવ." ॥૬॥

અહીં થોડા વિચાર કરીએ. પ્રથમ મંત્રમાં મનને 'ज्योतिषां ज्योतिः' કહી તેનું માહાત્મ્ય વધારી દીધું છે. તે પ્રકાશમય, જ્ઞાનમય તત્ત્વ છે. બીજા મંત્રમાં થોડોક બીજી રીતે વિચાર કરીએ. તેમાં કહ્યું છે 'જે મન વડે વિદ્વાનો યજ્ઞમાં કર્મો કરે છે.' અહીં મનને કરણ સાધન બનાવી દીધું છે–મનીષી કર્તા છે, કર્મો કર્મ છે અને યજ્ઞ અધિકરણ છે. અહીં કર્તા તરીકે અન્યનો ઉલ્લેખ છે ખરો, પણ તે તો आत्मनात्मानमुद्धरेत्‌ની પેઠે પ્રયોગ થયો છે. વસ્તુતઃ તે જ કર્તા છે. તેથી જ તૃતીય મંત્રમાં તેને 'प्रज्ञानम्' કહેવામાં આવ્યું છે, એટલું જ નહીં, આત્માનાં બધાં વિશેષણો चेतः धृतिः ज्योतिः अमृतम् આદિ અહીં વપરાયાં

છે. ચતુર્થ મંત્રમાં મનને 'ત્રિકાલજ્ઞ' કહેવામાં આવ્યું છે. પંચમ મંત્રમાં 'સર્વવેદ-વિદ્યાનું મહા પ્રતિષ્ઠાન' કહ્યું છે. બધા જ્ઞાનોનો તે જ આશ્રય છે. છઠ્ઠા મંત્રમાં 'मनुष्यान्' એ પદ મનુષ્યશરીર માટે વપરાયું છે. અને તે ઉપલક્ષણ છે. બધાં શરીરોનું તે જ નેતૃ (નેતા) છે, અજિર છે, જવિષ્ઠ છે. અહીં આ મંત્રોથી અત્યંત સ્પષ્ટ થાય છે કે આત્મા કે જીવ મનથી અલગ કોઇ વસ્તુ નથી. ઉપનિષત્ કાળમાં લોકો જીવને, આત્માને, મનને બીજી રીતે વિચારવા લાગ્યા એ તો પૃથક્ વસ્તુ છે. પણ સંહિતા-કાળમાં મનને આત્મા માનનાર અવશ્ય હતા, એ નિર્વિવાદ છે. જો કે આ મંત્રોમાં મનને અમૃત અને અજિર—જરા રહિત કહેવામાં આવ્યું છે, તેથી કદાચ કોઇને તેના નિત્યત્વનો આભાસ થાય. પણ એ વિશેષણો મનની ચિરસ્થાયિતાનાં દ્યોતક છે–શાસ્વત નિત્ય બતાવવા માટે નથી.

એ મન ધીમેધીમે તૈયાર થયેલું-તૈયાર થતું જાય છે. એ ભૌતિક તત્ત્વોમાંથી જ જન્મેલું છે. ભૌતિક જ છે. અને છેવટે ભૂતોમાં જ એનો વિલય થશે.

હું પુનર્જન્મમાં માનું છું, ભૂત-પ્રેત યોનિઓને પણ માનું છું, દેવ-દેવતાઓને પણ માનું છું. પુનર્જન્મમાં હું માનું છું પણ એનો નિશ્ચિત ક્રમ હું આજે ગોઠવી શકું એવી સ્થિતિમાં નથી. હું એનું મનન કરી રહ્યો છું. થોડા સમયમાં કદાચ નિશ્ચિત પ્રકાશ મને મળશે તો હું પ્રજા સમક્ષ તેને મુકવાનો પ્રયત્ન કરીશ. પુનર્જન્મ અને ભૂત-પ્રેત યોનિ આદિ હું કેમ માનું છું, તેના કારણો હું ફરી લખીશ.

શંકરાચાર્યનો જીવ એ મન નથી તેમ જ અવિનાશી પણ નથી એ આપણે આગળ શીખી આવ્યા છીએ. નૈયાયિકોનો આત્મા અને શંકરનો આત્મા (જીવ) અણુ નથી, વ્યાપક છે. રામાનુજાચાર્ય આદિનો જીવ અણુ છે. જૈનોનો જીવ મધ્યમ છે. એ રીતે બધા ય અનિશ્ચિત છે



અથવા તો જેનો જેવો નિશ્ચય થયો તેવો તેમ માનવા માટે વિવશ થયા. એ જ ઠીક છે. અદૃશ્ય વસ્તુ માટે વૈમત્ય શોભાની હાનિ કરતું નથી, શોભા વધારે છે.

હવે આપણે મુખ્ય વિષય 'ભક્તિ શા માટે?' એના ઉપર આવીએ. દરેકને અનુભવ છે કે મૃત્યુ સમયે માનવ અધીરો બને છે, વ્યાકુળ બને છે, ગભરાટમાં પડી જાય છે. માતા, પિતા, ભાઈ, પતિ, પત્ની, પુત્ર, પુત્રી, મિત્ર, સગાંસંબંધી તેના સ્મરણપટ ઉપર ચલચિત્રની પેઠે વારાફરતી આવ્યા કરે છે, અને એમનો વિયોગ-વિરહ-અનવધિક વિરહ મુમૂર્ષુના મનને પીડિત કરે છે. યોગશિખોપનિષદ્‌માં કહ્યું છે કે—

"देहावसानसमये चित्ते यद्यद्विभावयेत् ।
तत्तदेव भवेज्जीव इत्येवं जन्मकारणम् ॥"

'દેહના અવસાન સમયે ચિત્તમાં જે જે વિચારો સ્ફુરે છે, તે તે વિચારો જીવ ઉપર એટલે મનઃપટલ ઉપર ચિત્રિત થાય છે. અને તેવા સંસ્કાર સાથે તે જીવ બીજા શરીરમાં પ્રવેશ કરે છે.

ગીતામાં પણ ભગવાન કૃષ્ણે કહ્યું છે કે—

"यं यं वापि स्मरन् भावं त्यजत्यन्ते कलेवरम् ।
तं तमेवैति कौन्तेय सदा तद्भावभावितः ॥"

'જે જે વસ્તુનો વિચાર કરતો જીવ શરીરને ત્યજે છે, તે તે ભાવો, તે તે વિચારો તેને બીજા જન્મમાં પણ પ્રાપ્ત થાય છે. કેમકે તેના મન ઉપર તે જ ભાવોની છાયા પથરાઇ ગયેલી હોય છે.'

"अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना ।
परमं पुरुषं दिव्यं याति पार्थानुचिन्तयन् ॥" ८॥८॥

'અનન્ય મનથી જીવ દિવ્ય પરમ પુરુષનું ચિંતન કરતાં શરીર ત્યજે છે, ત્યારે તે જ દિવ્ય પરમ પુરુષને તે પામે છે.'

ફરી ત્યાં જ કહ્યું કે—

"प्रयाणकाले मनसाऽचलेन,
भक्त्या युक्तो योगबलेन चैव ।
भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक्,
स तं परं पुरुषमुपैति दिव्यम् ।।" ८ । १० ।।

'યમ નિયમાદિનું પાલન કરનાર ભક્ત અચળ મનથી, મૃત્યુકાળે પોતાના પ્રાણને બન્ને ભ્રૂની વચમાં સારી રીતે સ્થિર કરીને જો પ્રાણ ત્યાગ કરે તો તે દિવ્ય પુરુષને પામે છે.'

અને ફરીને કહ્યું કે—

सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुध्य च
मूर्ध्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणाम् ।।८।१२।।
ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ।।८।१३।।

જે જીવ બધી ઇન્દ્રિયોને સંયમ નીચે રાખીને, મનને હૃદયમાં રોકીને, પ્રાણોને મૂર્ધામાં સ્થાપિત કરીને યોગીની સ્થિતિમાં રહી ૐનું ઉચ્ચારણ કરતોકરતો જ દેહ ત્યાગ કરે છે તે પરમ ગતિને-મોક્ષને પામે છે.'

એક ઘણી જ પ્રસિદ્ધ કહેવત છે કે–

"अन्ते या मतिः सा गतिः"

'અન્તમાં–મરણકાળે જેવી બુદ્ધિ–જેવો વિચાર, જેવો સંસ્કાર જાગે છે તેવી જ ઉત્તમ, મધ્યમ, અધમ ગતિને જીવ પામે છે.'

મૃત્યુ દરેકના માટે નિયત છે. એ પોતાના સમયે આવે છે. અને જેનો સમય પૂરો થયો હોય છે તેને ઉપાડીને ચાલતું થાય છે. તેને એ જોવાનું હોય જ નહિ કે આ માણસનું આટલું કામ અધૂરું રહ્યું છે, પૂરું કરી લે ત્યારે એને ઉપાડું.



મૃત્યુકાળનું કરુણ દૃશ્ય આપણે રોજ રોજ જોઈએ છીએ. શાસ્ત્રો આપણને મૃત્યુકાળમાં શાંતિ મેળવવાનો ઉપદેશ આપે છે. એ શાંતિ માટે પ્રયાસની આવશ્યકતા છે. ઇન્દ્રિયોના વિષયોથી કોઇ કાળે જીવ તૃપ્ત થયો નથી. રોજ રોજ તૃષ્ણા વધતી જ જાય છે. તેનો અંત આવતો જ નથી. ભર્તૃહરિના શબ્દોમાં કહું તો—

भोगा न भुक्ता वयमेव भक्ता–
स्तपो न तप्तं वयमेव तप्ताः ।
कालो न यातो वयमेव याता–
स्तृष्णा न जीर्णा वयमेव जीर्णाः ।।"

"ભોગોને અમે ભોગવી શક્યા નહિ, પણ અમે જ ભોગવાઇ ગયા, તપ અમે તપી શક્યા નહિ પણ અમે પોતે જ ત્રિવિધ તાપોથી તપાવાઇ ગયા. કાળ તો અનંતકાળથી એમનો એમ જ રહ્યો, તે ગયો નહિ, પણ અમે જ ગયા. અને તૃષ્ણા જીર્ણ ન થઈ પણ અમે પોતે જ જીર્ણ થઈ ગયા." હાથ, પગ, આંખ, કાન, દાંત વિષયલોલુપ ઇન્દ્રિયો જીર્ણ થઇ ગઇ, શિથિલ થઈ ગઈ અને અગ્નિસ્નાનનો અવસર આવી પહોંચ્યો.

વિષયો તો બધા ય પ્રબળ છે, પણ ઉપસ્થ ઇન્દ્રિયનો વિષય મહાપ્રબળ છે. એને જીતવાનું કામ સહેલું નથી, અને સૌ કોઈનું નથી. એના માટે તો મહાતપસ્વી, મહાભાગ્યશાળી જીવની આવશ્યકતા હોય. સ્ત્રી પુરુષ તરફ અને પુરુષ સ્ત્રી તરફ સ્વાભાવિક રીતે જ ખેંચાય છે. એ આકર્ષણની ધારાને બંધ કરવાની મુખ્ય આવશ્યકતા છે.

उभयतो वाहिनी चित्तनदी वहति च पापाय वहति च पुण्याय' આ ચિત્તની વૃત્તિરૂપ નદી બન્ને તરફ વહે છે—પાપની તરફ પણ વહે છે અને પુણ્યની તરફ પણ વહે છે. એનો પ્રવાહ પુણ્યની તરફ ફેરવવો એ અત્યંત ઇષ્ટ છે. પ્રવાહપરિવર્તન દોષદૃષ્ટિથી અને ગુણદૃષ્ટિથી

જ થાય છે. કોઇ વસ્તુમાં દોષદર્શન થાય તો તે વસ્તુથી સંબંધ તોડવાની સ્વાભાવિક ઇચ્છા થાય. કોઈ વસ્તુમાં ગુણદર્શન થાય તો તેના સાથે સંબંધ જોડવાની પણ ઇચ્છા નિસર્ગતઃ ઉત્પન્ન થાય. ઉપસ્થેન્દ્રિયનો વિષય સ્ત્રી-પુરુષનો સંસર્ગ છે. એ સંસર્ગવિચ્છેદ માટે દોષદર્શનની જ આવશ્યકતા છે. દોષદર્શનથી જો ગ્લાનિ ઉત્પન્ન થઈ શકે, નિર્વેદ પ્રકટ થઈ શકે તો અવશ્ય સ્ત્રી-પુરુષનો યોગ-ભંગ થાય અને ઘણે જ દૂર, છતાં જોઈ શકાય એ રીતે ક્ષિતિજમાં કલ્યાણ-સૂર્યનો ઉદય થાય. દોષ-દર્શન માટે મહોપનિષદે થોડો પ્રયાસ કર્યો છે. તે સ્ત્રીથી અલગ રહેવા આ રીતે ઉપાય યોજે છે—

मांसपाञ्चालिकायास्तु यन्त्रलोलेऽङ्गपञ्जरे ।
स्नाय्वस्थिग्रन्थिशालिन्याः स्त्रियः किमिव शोभनम् ।।१।।
त्वङ्मांसरक्तबाष्पाम्बु पृथक् कृत्वा विलोचने ।
समालोकय रम्यं चेत्किं मुधा परिमुह्यसि ।।२।।
मेरुशृङ्गतटोल्लासिगङ्गाचलरयोपमा ।
दृष्टा यस्मिन्मुने मुक्ताहारस्योल्लासशालिता ।।३।।
श्मशानेषु दिगन्तेषु स एव ललनास्तनः ।
श्वभिरास्वाद्यते काले लघुपिण्ड इवान्धसः ।।४।।
केशकज्जलधारिण्यो दुःस्पर्शा लोचनप्रियाः ।
दुष्कृताग्निशिखा नार्यो दहन्ति तृणवन्नरम् ।।५।।
ज्वलतामतिदूरेऽपि सरसा अपि नीरसाः ।
स्त्रियो हि नरकाग्नीनामिन्धनं चारु दारुणम् ।।६।।
कामनाम्ना किरातेन विकीर्णा मुग्धचेतसः ।
नार्यो नरविहङ्गानामङ्गबन्धनवागुराः ।।७।।



जन्मपल्वलमत्स्यानां चित्तकर्दमचारिणाम् ।
पुंसां दुर्वासनारज्जुर्नारी बडिशपिण्डिका ।।८।।

'સ્ત્રીઓ માંસની પુતળીઓ છે. નસ હાડકાં અને માંસની ગાંઠોથી ભરેલી છે. યંત્ર જેવા ચંચળ એનાં શરીરમાં શું સારૂં છે? જે આંખને જોઈ યુવાનો સ્ત્રીઓ તરફ આકર્ષાય છે તેને ચર્મ, માંસ, રક્ત અશ્રુજળને પૃથક કરીને જુઓ તો તેમાંની કઈ વસ્તુ સારી છે? સ્ત્રીઓના જે સ્તનને મેરુશૃંગના તટની ઉપમા આપી છે અને તેની ઉપર લટકતા મુક્તાહારને ગંગાની ઉપમા આપી છે, તે જ સ્તનોને સ્મશાનમાં કૂતરાઓ અન્નના નાનાપિંડની જેમ ખાય છે. કાળા વાળ અને કાળી મેંશ ધારણ કરનારી સ્ત્રીઓ સ્પર્શ કરવા યોગ્ય નથી. તેઓ પાપરૂપ અગ્નિની શિખા જેવી છે, અને પુરુષને તૃણની જેમ બાળી નાખે છે. સળગતી નરકની આગ માટે, સરસ જણાતી આ સ્ત્રીઓ, સુંદર લાગતાં પણ ભયંકર સુકાં લાકડાં જેવી છે. કામ-નામના વ્યાધે પુરુષરૂપ પક્ષીઓને ફસાવવા માટે આ સ્ત્રીઓની જાળ પાથરી છે. પુરુષો જન્મરૂપ તળાવનાં માછલાં જેવા છે, અને ચિત્તરૂપ કાદવમાં રહે છે. તેને ફસાવવા માટે દુર્વાસના એ જ રજ્જુ છે અને સ્ત્રીઓ મછલાંઓને લલચાવવા માટે માંસપિંડરૂપ છે."

પણ આ સ્ત્રીનિન્દા થી વિષય જિતાતો નથી. કોઈ કાળે જિતાયો નથી. સ્ત્રીનિન્દા વ્યર્થ છે. ખરી રીતે માણસના અજ્ઞાનની નિન્દા કરવી જોઇએ. જે માયા-પટને લીધે સદ્બુધ્ધિ નો ઉદય થતો નથી તે પડદો દૂર કરો. વિષયવાસનાથી કે ભોગથી દેહ અને મનનો જે વિનાશ સર્જાય છે. તે તરફ દષ્ટિ જવાથી જ વિષયવિરક્તિ આવી શકે છે. ભાગવતના કહેવા પ્રમાણે સ્ત્રી, રતિ, અમિષ અને મદ્ય તરફ માણસોની નૈસર્ગિક પ્રવૃત્તિ હોય છે. નિસર્ગ સાથે યુધ્ધ કરવા માટે ભારે યોગ્યતા અપેક્ષિત છે.

માનવ પોતાના જીવન-કાળમાં જેટલાં કર્મો કે ક્રિયાઓ કરે છે અને કરી શકે છે, તેના સ્થૂળરૂપે ત્રણ ભાગ પાડવામાં આવે છેઃ શુભ, અશુભ અને મિશ્ર. શુભ અને અશુભ કર્મની કોઈ નિયત વ્યાખ્યા કરવી એ બહુ કઠિન કાર્ય છે. તેથી તેની ઝીણવટમાં પેસવાની આવશ્યકતા નથી. સામાન્યરીતે શુભ-અશુભ કર્મની એક જ વ્યાપક પરિભાષા હોઈ શકે છે અને તે એ કેઃ "દેશ અને કાળને અનુસરી અમુક સમાજના હિતચિંતકો જે કર્મને પોતાના સમાજ કે જ્ઞાતિ માટે કર્તવ્યની સીમામાં લઈ આવ્યા તે શુભ કર્મ; અને જેનો ત્યાગ થયો તે અશુભ કર્મ." એ જ વ્યાખ્યાને આધારે આપણે અતીતકાળનાં અને વર્તમાન કાળનાં ઉભયવિધ કર્મોને ઓળખી શકીએ છીએ. અને વર્તમાનની દષ્ટિએ કોઈ વિરોધ કે વિરોધાભાસ અતીતકાળમાં પ્રતીત થતો હોય તો તેનું સમાધાન પણ એ જ વ્યાખ્યા કરી શકશે. આપણે જાણીએ છીએ કે ગોમેધ એક વૈદિક યજ્ઞ હતો. તેમાં ગાયનો વધ થતો. આજે એ વાત સાંભળીને આપણને ગ્લાનિ અને કંપ થાય છે; પણ તે સમયે તે ધર્મ હતો. ઠેઠ પરાશરસ્મૃતિ રચાઈ ત્યાં સુધી તે ધર્મ મનાતો. જ્યારે પરાશરે કહ્યું–

अश्वालम्भं गवालम्भं संन्यासं पलपैत्रिकम् ।
देवराच्च सुतोत्पत्तिः कलौ पञ्च विवर्जयेत् ।।

ત્યારે જ અશ્વમેધ, ગોમેધ, પિતરોને માંસ–પિંડદાન અને નિયોગ વિધિનો અંત આવ્યો. એક સમય હતો, આપણી આંખ આગળ પણ એ ભયંકર સમય હતો અને ઓછીવત્તી ભયંકરતા સાથે આજે પણ તે સમય વર્તે છે, જેમાં લોકો અંત્યજોને–હરિજનોને હિંદુસમાજથી બાહ્ય ગણતા હતા અને કેટલાક આજે પણ ગણે છે. પણ આજે જે મર્યાદા બંધાઈ છે તે પ્રમાણે હરિજનો પણ હિંદુ સમાજનું એક અવિભાજ્ય અંગ મનાય છે. તેથી શુભ-અશુભની કલ્પનાની કોઈ સીમા બાંધી શકાય નહિ.



આજની મર્યાદા પ્રમાણે આપણે કહી શકીએ છીએ કે અસત્ય-ભાષણ પરવંચના, સ્તેય, વ્યભિચાર, સુરાપાન, ધૂમ્રપાન, દ્યૂત (જુગાર) સટ્ટો, નિરર્થક રાગ-દ્વેષ આદિ અશુભ કર્મ છે. એથી વિપરીત શુભ કર્મો છે. મનાય છે કે કેટલાક માનવમુંડ એવાં હશે જે શુભ કર્મ જ કરતાં હશે અને કેટલાંક અશુભ કર્મ જ કરતાં હશે, અને કેટલાંક શુભ ને અશુભ બન્ને (મિશ્ર) કર્મો કરતાં હશે. મારી દૃષ્ટિએ એ એમ માનવું સાચું નથી. કોઈ માણસ શુભ કર્મ જ કરી શકે છે અને કોઈ અશુભ કર્મ જ કરી શકે છે, એવું માનવજાતિને સમજ્યા વગર જ બોલાય છે. કેવળ શુભ કર્મ કરનાર અને કેવળ અશુભ કર્મ કરનારને ઇતિહાસ ઓળખતો નથી. ઇતિહાસને પાને એવો કોઈ માણસ આવ્યો નથી. રાવણને ખૂબ ખરાબ ચિતરવામાં આવ્યો છે. કદાચ એનાથી ખરાબ કોઈ માણસ હોઇ જ ન શકે. પણ જ્યારે આપણે વાલ્મીકિરામાયણ વાંચીએ છીએ તો આપણને તેનાથી વિરુદ્ધ દર્શન થાય છે. હનુમાન રાવણ માટે કહે છે–

अहो रूपमहो धैर्यमहो सत्यमहो द्युतिः ।
अहो राक्षसराजस्य सर्वलक्षणयुक्तता ।।
यद्यधर्मो न बलवान्स्यादयं राक्षसेश्वरः ।
स्यादयं सुरलोकस्य सशक्रस्यापि रक्षिता ।।(सु०४९।१७)

'રાવણનાં રૂપનું, ધૈર્યનું, સત્યનું અને તેજનું હું શું વર્ણન કરું? આ રાક્ષસોના રાજામાં સર્વલક્ષણો–સારાં લક્ષણો ભરેલાં પડ્યાં છે. જો એનામાં અધર્મની માત્રા વધારે ન હોત તો આ ઇન્દ્ર સહિત સુરલોકનો પણ રક્ષક થાત–રાજા થાત.'

વાલ્મીકિજી કહે છે કે—

शुश्राव जपतां तत्र मन्त्रान्रक्षोगृहेषु च ।
स्वाध्यायनिरतांश्चैव यातुधानान्ददर्श सः।।(सु०४९।१३)

'શ્રી હનુમાને લંકામાં રાક્ષસોના ઘરોમાં મંત્રોચ્ચાર સાંભળ્યા ને વેદાદિના સ્વાધ્યાય કરનારા રાક્ષસોને જોયા.'

મારા કહેવાનું તાત્પર્ય એ છે કે અધમમાં અધમ માણસમાં પણ અનેક સારા ગુણો હોય છે અને શુભ કર્મની ભૂમિકામાં તે પણ વિહાર કરે છે. તેથી એમ જ માનવાનું કે દરેક મનુષ્ય મિશ્ર કર્મ જ કર્યાં કરે છે. એવું તો બને જ કે કોઈનાં શુભ કર્મો વધારે હોય અને અશુભ કર્મો ઓછાં તેમજ કોઈનાં અશુભ કર્મો વધારે અને શુભ કર્મો ઓછાં.

આ મિશ્ર કર્મોનાં ફળ ઉભય લોકમાં એટલે આ લોકમાં પણ અને પરલોકમાં પણ મળે છે. એક માણસ ચોરી કરે છે, દારૂ પીએ છે, વ્યભિચાર કરે છે, જુગાર રમે છે, સટ્ટા રમે છે. તેને અહીં પણ રાજદંડ મળે છે અને મર્યા પછી ગંદા વિચારો અને ગંદા સંસ્કારો સાથે તેનું સૂક્ષ્મ શરીર બીજાં શરીરમાં જાય છે. ત્યાં પણ તેને ભારે અજ્ઞાનાન્ધકારમાં ભટકવું પડે છે. એવા જીવને યમરાજના દરબારમાં કોઈ દંડ મળે છે કે કેમ તે તો ભાગવતના બનાવનાર વ્યાસ ભગવાન જાણે. હું તેમાં સાક્ષી પૂરી શકું નહિ. પણ તેને મૃત્યુકાળે, હું પહેલાં કહી આવ્યો છું તેમ, ઘણું કષ્ટ થાય છે. કદાચ कृतं स्मर कृतं स्मरનો અવાજ તે સમયે તેને સંભળાતો હશે અને અકળાતો હશે. મૃત દશામાં પણ તેને દુઃખ થાય છે. એનીબેસેન્ટ પોતાના 'Man and his bodies' નામના પુસ્તકમાં લખે છે કે—

'Drunkards who have lost their physical bodies, and can therefore no longer satisfy their longing for intoxicants, hang round places where drink is taken, and round those who take it, endeavouring to push themselves into the bodies of people who are drinking,



and thus to share the low pleasure to which they surrender themselves.'

"દારૂડીઓ જ્યારે અહીંનું સ્થૂળ શરીર છોડીને જાય છે, ત્યારે પોતાની ટેવ પ્રમાણે દારૂની ઇચ્છા તૃપ્ત કરવા જ્યાં ત્યાં ફાંફાં માર્યાં કરે છે. અને દારૂના પીઠામાં કોઈ દારૂ પીતો દારૂડીઓ મળી જાય તો તેની આજુબાજુ ભટકયા કરે છે. પોતે તેના શરીરમાં પ્રવેશ કરીને કોઈ રીતે દારૂ પીવાના જે અધમ આનંદમાં તે ફસાયેલો હતો, તે મેળવી લે છે."

દરેક જાતનાં વ્યસન કરનારાને મર્યા પછી એવું જ કરવું પડે છે. તેથી જ કોઈના શરીરમાં પ્રવેશેલાં ભૂતોને આપણે કહેતા સાંભળીએ છીએ કે મને દારૂ આપ, માંસ આપ, અથવા અમુક વસ્તુ આપ તો તને છોડી દઉં. મને શેઠશ્રી માણેકલાલ હરિલાલ શાહ કહેતા હતા કે તેમના કાકા શેઠશ્રી પ્રભુલાલ ભીખાભાઇ શાહના નાનાભાઇ શ્રી બાલકૃષ્ણ શાહના શરીરમાં એક શાસ્ત્રી બ્રહ્મરાક્ષસ ભૂત થઇને પ્રવિષ્ટ થયો હતો. તે ભૂતે કહ્યું કે મને ભાગવતની સપ્તાહ કથા સંભળાવી દો તો હું તેમને છોડી દઉં. સપ્તાહ કથા વંચાતી હતી ત્યારે વાંચનાર કયાંક ભૂલ કરતો તો તે ભૂત સુધારતું, અને કહેતું કે આમ નહિ, આમ બોલ. સપ્તાહ શ્રવણ કરીને તે ભૂત ચાલ્યું ગયું.

જે સ્ત્રી-પુરુષ અત્યંત વિષયલોલુપ હોય છે તેમનો અંતકાળ અત્યંત ખરાબ નીવડે છે. તેઓને મૃત્યુકાળમાં પણ કામચેષ્ટા જ અને કામવાસના જ રહ્યાં કરે છે. મૃત્યુના અંતે જ્યાં સુધી તેઓનો પુનર્જન્મ થાય નહિ ત્યાં સુધી તે વાસનાઓની પ્રબળતાથી પીડિત થઈ તેઓ સૂક્ષ્મશરીર સાથે વેશ્યાઓની પાસે વેશ્યાગામીઓ પાસે વ્યભિચારિણી અને વ્યભિચારી સ્ત્રી-પુરુષો પાસે ભટકયાં કરે છે. અત્યંત કામવાસનાવાળી સ્ત્રી પ્રેત થયા પછી વેશ્યાઓ અને વ્યભિચારિણીઓ પાસે જ સૂક્ષ્મશરીરથી રહે છે. લંપટ પુરુષો ત્યાં આવે છે, ભોગવિલાસ ચાલે છે; તે

જોઈ જોઈને મૃતસ્ત્રી વધારે હેરાન થાય છે. તેને કોઈ લાભ મળતો નથી. તેનો કોઈ ભોગ કરતો નથી, તે ભોગ કરાવી શકતી પણ નથી, કેમકે ત્યાં સ્થૂળ શરીર નથી હોતું અને સ્થૂળ ભોગેન્દ્રિય પણ હોતી નથી, છતાં ત્યાં ને ત્યાં જ તે શ્વાસોચ્છ્વાસ લેવા માટે, હૃદય બાળવા માટે ફરતી હોય છે. પુરુષ પણ એવી જ રીતે મૃત્યુ પછી વેશ્યાલયોમાં લંપટ વેશ્યાગામી પુરુષો પાસે રખડ્યા કરે છે. પુરુષોની રતિક્રિયા જોઈ તે પણ હેરાન થાય છે, કલ્પાંત કરે છે, વિષયોના સ્મરણથી વિહ્વલ બને છે. છેવટે તો લાભશૂન્ય જ રહે છે. કેટલી યે વાર મૃતસ્ત્રી વેશ્યાઓના અથવા વેશ્યા જેવી જ અન્ય સ્ત્રીઓના શરીરમાં; તેમ જ પુરુષો વેશ્યાગામીઓનાં અથવા સ્ત્રીલંપટ પુરુષોનાં શરીરમાં પ્રવેશ કરે છે. બન્નેનો આશય તેમ કરવામાં વિષયતૃપ્તિ જ હોય છે. પ્રેતસ્ત્રી એમ સમજે છે કે વેશ્યાદિના શરીરમાં પ્રવેશ કરવાથી તેને પણ પુરુષસંગ પ્રાપ્ત થશે. પ્રેતપુરુષ એમ માને છે કે કોઇ વેશ્યાગામી અથવા અતિવિષયી પુરુષનાં શરીરમાં પ્રવેશ રવાથી તેને સ્ત્રીસંગ પ્રાપ્ત થશે. આ રીતે લાંબો સમય તેઓનો દુઃખમાં જ, ડામાં જ, કામવેદનામાં જ વ્યતીત થાય છે. છેવટે જ્યારે ફરીથી કોઇ રીર મળે છે ત્યારે અત્યંત કામવૃત્તિ જાગે છે અને તેઓ લગભગ નિત્ય નહિ તો ત્રીજે દિવસે પશુકર્મમાં જ પ્રવૃત્ત હોય છે. તેઓને જો અવકાશ મળે છે તો પરપુરુષની અને પરસ્ત્રીની સાથે પણ એકાંતવિહાર કરી કામવૃત્તિને તર્પવામાં સંકોચ કરતાં નથી. તેઓનો વિચાર સદા વિષયસેવનમાં જ રમ્યા કરે છે. નાટકમાં, સિનેમામાં કે રેડિયોની સાથે વધારે સમય વ્યતીત કરવો, મૂર્ખોનો સંગ, વિષયિજનોનો સંગ, અવિવેકીઓનો સંગ તેઓની કામવાસનાને વધારે છે. મનુએ બ્રહ્મચર્યાશ્રમમાં ગાવાનો, વાજીંત્રો વગાડવાનો, નૃત્ય કરવાનો નિષેધ કર્યો છે. તે નિષેધ રહસ્યશૂન્ય નથી. તેની પાછળ ભારે અનુભવ રહેલો છે. ગાયનો બધાં નિર્દોષ હોતાં નથી. અપવિત્રતા જ તેમાં વધારે હોય છે. કામી સ્ત્રીપુરુષોને કે સામાન્યરીતે બધાંને કામ પ્રત્યે તે



ગાયનો ખેંચે છે. સુષુપ્ત વિકારો જાગરિત થાય છે. દરેક ઇન્દ્રિયોને તેના વિષયની ભૂખ તો હોય છે જ. કોઈની ભૂખ સૂતેલી પડેલી હોય છે અને કોઈની જાગેલી હોય છે. જાગેલી ભૂખને મારી નાખવા માટે જ સભ્ય માનવસમાજ જાગરૂક હોય છે. બધા ઋષિઓ, મુનિઓ અને જનતાના હિતૈષીઓ એ ભૂખને મારી નાખવાનો જ ઉપદેશ આપે છે. તેમ કરવામાં જ તેઓ જનસમાજનું કલ્યાણ જુએ છે. તેમ જ સૂતેલી તે ભૂખને જાગૃતિ ન મળે તે રીતે જીવન જીવવા માટે પણ તેઓ ઉપદેશ આપતા રહે છે. સ્ત્રીસેવન જ જીવનનું પરમ તત્ત્વ છે, એ જ જીવનનો ઉદ્દેશ્ય છે, ભોગવવા માટે જ સ્ત્રીસૃષ્ટિ થઈ છે, ભોગ કરવા માટે જ પુમિન્દ્રિય મળી છે, એવું માનવું તદ્દન મૂર્ખતા અને પશુતા છે. એ મૂર્ખતામાંથી ઉગરી જવા માટે, પવિત્ર થવા માટે, ભવિષ્યત્–જન્મની પીડા નિવારવા માટે, ભૂત-યોનિ–પ્રેતયોનિમાં જઈને દુઃખી થતાં અટકાવવા માટે, પવિત્ર વિચાર, પવિત્ર સંગ, મહાપુરુષોની સેવાની જીવનમાં પળેપળ આવશ્યકતા છે. તે આવશ્યકતાની પૂર્તિ ભક્તિથી જ થાય છે. માટે ભક્તિ ભગવતી સર્વથા અને સર્વદા આરાધ્ય છે. બુદ્ધિને પવિત્ર રાખવા માટે એથી વધારે ઓજસ્વી વસ્તુ હજી અસ્તિત્વમાં આવેલી જણાઇ નથી.

જીવોની આ બધી દુર્દશાઓ જોઈને, સાંભળીને, અનુભવીને દયાળુ પૂર્વજોએ ભક્તિનો માર્ગ શોધી કાઢ્યો. આ માર્ગમાં રહી માણસ ભક્તિ-અનુષ્ઠાન કરી પોતાને પવિત્ર બનાવી શકે છે.

જીવનની સીમા મૃત્યુ છે. મૃત્યુ અતિકઠોર વસ્તુ પ્રતીત થાય છે. તેનું નામ સાંભળીને, સ્મરણ કરીને લોકો ગ્લાનિ અને હૃદયકંપ અનુભવે છે. એનું કારણ કેવળ એ કે લોકો પરલોકની કદી પણ ચિંતા કરતા નથી. પરલોક સંબંધમાં કંઈ વિચારતા નથી. અને સ્વને માટે–આત્મા માટે, આત્મકલ્યાણ માટે અસાવધ રહે છે. ખરું જોતાં મૃત્યુ કઠોર નથી કે કોમળ નથી. તેની કઠોરતા શું અને કોમળતા શું? જેનું આગમન અનિવાર્ય

છે, જેનો માર્ગ સદાને માટે સ્વાભાવિક રીતે જ ખુલ્લો રખાયેલો છે, જે માર્ગ પર ગયેલા અસંખ્ય માનવીઓનાં પદચિહ્નો અદ્યાવધિ અમિટ છે, જે માર્ગે ઋષિઓ ગયા, મુનિઓ ગયા, ધર્મપ્રચારકો ગયા, પાપીઓ ગયા, ધર્માત્માઓ ગયા, બ્રહ્મચારીઓ ગયા, વ્યભિચારીઓ ગયા, પોતાનો સ્વાર્થ ન સાધતાં પારકા માટે ઉપકારવેદિ ઉપર પ્રાણ-પુષ્પો પાથરનારા નરવીરો ગયા, દેવીઓ ગઈ, તેની કઠોરતા અને કોમળતાનો વિચાર જ શા માટે? જેમ જગતની બીજી વસ્તુઓમાંની કોઈ વસ્તુ કોઈને પ્રિય હોય છે, કોઈને અપ્રિય હોય છે, કોઈને શાંતિપ્રદ હોય છે, કોઈને અશાંતિપ્રદ હોય છે, કોઈને પ્રાણરમણ હોય છે, કોઈને પ્રાણહરણ હોય છે, તેમ મૃત્યુ માટે પણ છે. એ મૃત્યુ જો જગતના કેટલાક માનવોને અરુન્તુદ લાગતું હશે તો કરોડો એવા લોકો પણ હશે જેમને એ આવકારવા જેવી વસ્તુ જરૂર જણાતી હશે.

"जा मरनेसे जग डरे, सो मेरे आनन्द।
कब मरिहौं कब भेंटिहौं, पूरण परमानन्द॥"

'જે મૃત્યુથી જગત બીએ છે, તે મારા માટે તો આનંદની વસ્તુ છે, ક્યારે મરું અને પૂર્ણ પરમાનંદને છાતીએ ચાંપું?' એવું બોલનારાં ઘણા ય મહાપુરુષો અને મહાદેવીઓ મહાકાશ નીચે પડ્યાં હશે.

"वादये वस्ल चूं शवद नज़दीक।
आतिशे शौक़ तेज़तर गर्दद॥"

'ભેદ ભાંગીને અભેદની પળો જેમજેમ નજીક આવતી જાય છે. તેમ તેમ આનન્દાગ્નિમાં વધારે તેજ, વધારે પ્રકાશ આવતો જાય છે.'

મૃત્યુના દિવસો માટે ભક્તિ એક અમોઘ આશ્રય છે. ભક્ત જ્યારે બાને સંબોધીને કહેતો હશે કે—



"तुमारा आसरा हमको तुम्हीं अवलम्ब हो मेरा।
हमारी अन्तकी घडियां कुशलसे बा निभा देना॥"

ત્યારે તેની હૃદયતંત્રીનો એકેએક તાર ઝણઝણતો હશે. તે સમયે બોલનારની શ્રદ્ધા અમાપ હશે, પ્રેમ અમેય હશે અને આનંદ અનુપમ હશે. એ જ અંતિમ ઘડી માટે, અંતિમ પળ માટે આખું જીવન ભક્તિમય વ્યતીત કરવાની જરૂર છે.

"श्रद्धामयोयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः।"

જીવ શ્રદ્ધામય છે. શ્રદ્ધા એનો સહજાત નિધિ છે. શ્રદ્ધા જેના માટે હોય તે જીવ તદ્રૂપ બને છે. ઈશ્વર માટે શ્રદ્ધા રાખનાર જીવ ઈશ્વર-રૂપ બને છે. માના માટે શ્રદ્ધા રાખનાર મારૂપ બને છે. જે જેનામાં શ્રદ્ધા રાખે છે તેનામાં તેને એક પણ દુર્ગણ દીસતો નથી. શ્રદ્ધાળુ ઉપાસકની દૃષ્ટિમાં તે પુરુષવ્યક્તિ હોય કે સ્ત્રીવ્યક્તિ હોય તો પણ ભગવત્સ્વરૂપ જ ભાસે છે. ભગવત્સ્વરૂપ એટલે તદ્દન નિર્દોષ. માટે મૃત્યુના દિવસોમાં તે પોતે પોતાનું ઉપાસ્યસ્વરૂપ જ બની ગએલો હોય છે. તેથી તે નિર્મોહ તે સમયે રહી શકે છે, નિર્મમ રહી શકે છે, અને નિશ્ચિંત રહી શકે છે, तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः જ્યાં ભેદ નાશ પામ્યો હોય, અભેદનો સૂર્યોદય થયો હોય, આનન્દસ્વરૂપતા પ્રાપ્ત થઈ હોય ત્યાં મોહ કેવો? શોક કેવો? મોહ અને શોક તો તે દિવસોમાં હતા કે જ્યારે ભક્તિ પોતાના પૂર્વ રૂપમાં હતી એટલે પ્રેમરૂપા હતી. ત્યારે વિચ્છેદનો ભય હતો, શોકનું ભયંકર રૂપ-પ્રાણ સંહારક રૂપ સામે ઉભું હતું, હૃદય ધડકતું હતું, પ્રાણ અસંયત હતા.

'Not one but two is the begining,
Not two but one is the end.'

તે પ્રારંભિક દશા હતી, અભેદ અદૃશ્ય હતો. દ્વૈધ અને દ્વૈત

પ્રગટ હતાં, તેથી બીક હતી. આજે તો અભ્યાસને લીધે, ભક્તિની આ-રાધનાને લીધે, ભેદ અદૃશ્ય થયો, અભેદ પ્રાદુર્ભૂત થયો, તું ગયો, હું ગયો, વાગ્વ્યાપાર ગયો. છેલ્લીવાર બાના હાથો ઊંચા જોવામાં આવ્યા. માતૃશક્તિ પોતાના ભક્તને–પ્રિય પુત્રને પોતામાં સમાવી લેવા વિહ્વળ હતી. તેનાં આકર્ષણો પુત્રને પાસે ખેંચી શક્યાં. જગત ગયું, જગતની વસ્તુઓ ગઈ, બા, બા ના રહ્યાં, પુત્ર, પુત્ર ન રહ્યો. બા કહેનાર કોમળ જીભ ન રહી, પુત્રરૂપે જોનાર પ્રેમાળ આંખ ન રહી. એ જ સ્થિતિ મેળવવા માટે ભક્તિની આવશ્યકતા છે.

વળી, હિંદુશાસ્ત્રો કહે છે કે જન્મ, આયુ અને ભોગ એ ત્રણે વસ્તુઓ પૂર્વજન્મોમાં કરેલાં કર્મોનાં ફળ છે. તેમનું તાત્પર્ય એ છે કે જીવ જેવાં કર્મો કરે છે તેવાં ફળો પરમાત્મા તરફથી પ્રાપ્ત કરે છે. એને એ રીતે સમજો : ત્રણ પ્રકારની યોનિ સંભવે છે : **કર્મયોનિ, ફળયોનિ** અને **ઉભયયોનિ.. કર્મયોનિ** એટલે તે યોનિ કે જેમાં કર્મનો આરંભ થાય છે. સૃષ્ટિના આરંભમાં જે જીવન્મુક્ત આત્માઓ સ્વેચ્છાએ જગત્ના બંધનમાં આવે અને કર્મનો આરંભ કરે, તે કર્મ યોનિ કહેવાય છે. એવા આત્માઓ બ્રહ્મા આદિ છે. પશુ પક્ષી આદિ **ફળયોનિ** કહેવાય છે. કેમ કે તે કેવળ પૂર્વ માનવજન્મમાં કરેલાં કર્મોનાં ફળો અનુભવે છે. તેઓ કોઈ બંધન-કારક કર્મ કરતાં નથી. તેમને પુણ્ય-પાપનો વિચાર જ નથી. તેમને માટે કોઈ શાસ્ત્ર જ નથી, તે માટે વિધિ પણ નથી અને નિષેધ પણ નથી. પાપ-પુણ્ય સંકલ્પાધીન હોય છે. તેઓ સંકલ્પ કરતાં નથી, કરી શકતાં નથી. તેથી તે કર્મ કરવાની ખટપટથી મુક્ત છે. કરે તો, તે કર્મ તેને બાંધી શકે નહિ. એક આખલો એક માણસને શીંગડાથી મારી નાખે તો તેને નર-હત્યાનું પાપ અને હથિયારબંધીનો ભંગ કરવાનો અપરાધ લાગુ પાડી શકાય નહિ. ત્રીજી **ઉભયયોનિ** એટલે કર્મયોનિ પણ અને ફળયોનિ પણ, તે મનુષ્યયોનિ છે. એમાં પૂર્વજન્મમાં કરાયેલાં કર્મોનું ફળ ભોગવાય છે



અને ભવિષ્યત્ માટે નવાં કર્મો પણ થાય છે. એ રીતે માનવયોનિમાં માણસ જે કંઈ કરે છે તેને અનુસરીને જ તે જીવને કોઈ સારી કે નરસી યોનિમાં જન્મ મળે છે. તેને જ અનુસરીને આયુ મળે છે અને તેને જ અનુસરીને સુખ-દુઃખાદિ ભોગ મળે છે. પતંજલિએ યોગદર્શનમાં આ પ્રમાણે જ કહ્યું છે:

**सति मूले तद्विपाको जात्यायुर्भोगाः ॥ साधन० १३**

આ સૂત્રનો અર્થ સમજવા માટે થોડીક પશ્ચાદ્‌ભૂમિકા અપેક્ષિત છે. **અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ** અને **અભિનિવેશ** એ પંચ ક્લેશ કહેવાય છે; એને જ **વિપર્યય** પણ કહે છે.

૧—અનિત્યમાં નિત્યબુદ્ધિ, અશુચિમાં શુચિબુદ્ધિ, દુઃખમાં સુખ-બુદ્ધિ અને અનાત્મામાં આત્મબુદ્ધિ એ અવિદ્યા કહેવાય છે. ન્યાયભાષ્યમાં વાત્સ્યાયન મુનિએ એને જ મિથ્યાજ્ઞાન કહ્યું છે.

પૃથ્વી અધ્રુવ છે છતાં તેને ધ્રુવ માનવી, અનિત્ય ચંદ્ર, તારા, દ્યુલોકાદિને નિત્ય માનવાં, સ્વર્ગવાસીઓને અમૃત માનવા ઇત્યાદિ અ-નિત્યને નિત્ય મનાવનારી અવિદ્યા છે.

૨—અશુચિમાં શુચિબુદ્ધિ ઉપજાવનાર અવિદ્યાનું ઉદાહરણ—

**स्थानाद्बीजादुपष्टम्भान्निस्यन्दान्निधनादपि ।**
**कायमाधेयशौचत्वात्पण्डिता ह्यशुचिं विदुः ॥**

એનો અર્થ. એ શરીર માતાના ઉદરમાંથી આવે છે. અને તે ઉદર મળ મૂત્રાદિથી દૂષિત હોય છે. તેથી એ **સ્થાનદોષ** કહેવાય છે. એ શરીર બને છે માતાપિતાના રજવીર્યથી. તે પણ બન્ને અશુચિ વસ્તુ છે. તેથી એ **બીજદોષ** કહેવાય છે. ખાધેલાં અન્ન અને પીધેલાં જળાદિથી શરીરમાં રસ બને છે, તેનાથી જ શરીર ટકે છે. એ **ઉપષ્ટંભદોષ** કહેવાય છે. શરીરમાંથી પરસેવો નીકળ્યા કરે છે. તે દુર્ગંધિત હોય છે.

એ **નિઃસ્યન્દદોષ** કહેવાય છે. મૃત્યુ પછી એ શરીરને સ્પર્શ કરવાથી અશૌચ લાગે છે, સ્નાન વિના શુદ્ધિ હોતી નથી. એ **નિધનદોષ** કહેવાય છે. આ પાંચ દોષોથી દૂષિત શરીરને માટી, સાબુ, પાણી આદિથી ધોઈને સ્વચ્છ બનાવીએ છીએ તેથી એ **આધેયશૌચ** છઠ્ઠો દોષ કહેવાય છે. તેથી પંડિતો એને અશુચિ માને છે. એવાં અશુચિ શરીરમાં શુચિબુદ્ધિ અવિદ્યા કહેવાય છે. ભાષ્યકાર લખે છે—नवेव शशाङ्कलेखा कमनीयेयं कन्या मध्वमृतावयवनिर्मितेव चन्द्रं भित्त्वा निःसृतेव ज्ञायते नीलोत्पलपत्त्रायताक्षी हावगर्भाभ्यां लोचनाभ्यां जीवलोकमाश्वासयन्तीवेति। 'આ કન્યા નવીનચન્દ્રલેખાની જેમ સુંદરી છે. મધુ અને અમૃતથી એના અવયવો બન્યા હોય, એમ મધુર લાગે છે. ચંદ્રમાને ફાડીને જ બહાર ન આવી હોય, નીલ કમળના પત્ર જેવી વિશાળ તેની આંખો છે. શૃંગારપૂર્ણ લીલાવાળી આંખોથી જાણે જીવલોકને આશ્વાસન ન આપતી હોય.' ભર્તૃહરિનો એક શ્લોક અહીં સારું ઉદાહરણ બનશે. તે આ છે—

स्तनौ मांसग्रन्थी कनककलशावित्युपमितौ,
मुखं श्लेष्मागारं तदपि च शशाङ्केन तुलितम्।
स्रवन्मूत्रक्लिन्नं करिवरकरस्पर्धि जघनं,
मुहुर्निन्द्यं रूपं कविजनविशेषैर्गुरुकृतम् ॥

'સ્તનો કેવળ માંસની બે ગાંઠો છે; તેને કવિઓએ સોનાના કળશ બનાવી દીધા. થૂંક અને કફનો ભંડાર એવું જે મુખ તેને ચંદ્રમાની ઉપમા આપી દીધી. મૂત્રથી ભીનું બનેલ જે જઘન તેને ગજરાજની સૂંઢ સાથે સરખાવી દીધેલા. અત્યંત નિન્દ્ય રૂપને કવિઓએ ભારે મહત્ત્વ આપી દીધું.'

૩—દુઃખમાં સુખબુદ્ધિ એ પણ અવિદ્યા જ છે. સ્ત્રીસંગ કે પુરુષસંગ આદિ વિષયોમાં મુખ્યત્વેન દુઃખ જ રહેલું છે. વીર્યનાશ થાય છે, શરીર દુર્બળ બને છે, બુદ્ધિ ઠોઠ બને છે, છાતી કાશ–શ્વાસ આદિથી



અથવા ક્ષય આદિ રાજરોગોથી ચાલણી જેવી બની જાય છે; છતાં વિષયલોલુપોને એમાં સુખ જ પ્રતીત થાય છે, તે અવિદ્યાને લીધે જ. ઇન્દ્રિયોને વિષયો આપી આપીને તૃપ્ત કરવા માટે માણસ જેમ જેમ પ્રયાસ કરે છે તેમ તેમ તેની અતૃપ્તિ વધતી જાય છે. અને તેથી દુઃખ જ વધે છે. શ્રીકૃષ્ણે કહ્યું છે કે—

"विषयेन्द्रियसंयोगाद्यत्तदग्रेमृतोपमम् ।
परिणामे विषमिव..."

'વિષયોપભોગ જે આરંભમાં અમૃત જેવો લાગે છે તે પરિણામે અવશ્ય જ વિષ સિદ્ધ થાય છે.' યોગભાષ્યકાર કહે છે કે 'न चेन्द्रियाणां भोगाभ्यासेन वैतृष्ण्यं कर्तुं शक्यम्, कस्माद्? यतो भोगाभ्यासमनुवर्धन्ते रागाः कौशलानि चेन्द्रियाणाम्। तस्मादनुपायः सुखस्य भोगाभ्यास इति।' 'ભોગનો અભ્યાસ કરવાથી ઇંદ્રિયો કદી ય તૃષ્ણામાંથી ઉગરી શકતી નથી. કેમકે જેમ જેમ ભોગાભ્યાસ થશે તેમ તેમ વિષયોમાં રાગ વધશે. એટલું જ નહિ, ઇન્દ્રિયોની ભોગ કરવાની કુશળતા પણ વધશે.' ગીતામાં પણ ભગવાને એમ જ કહ્યું છે—

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥

'અગ્નિમાં ઘૃત આદિ નાખવાથી જેમ તે વધે જ છે તેમ વિષયોનો ઉપભોગ વિષયવાસનાને વધારે જ છે.'

૪—અનાત્મા–શરીરમાં આત્મબુદ્ધિ, એ પણ અવિદ્યા જ. શરીર જડ છે તેથી અનાત્મ છે. તેને એમ માનવું કે આ જ આત્મા છે, એ અવિદ્યા છે.

બીજો ક્લેશ અસ્મિતા છે. पुरुषो दृक्शक्तिः। बुद्धिर्दर्शनशक्तिः। इत्येतयोरेकस्वरूपापत्तिरिव अस्मिता क्लेश उच्यते। 'આત્મા અને અનાત્મા

—પુરુષ અને બુદ્ધિ આ બંનેમાં સ્વરૂપતઃ તથા ધર્મતઃ જે અત્યં એકાકારતાની જેમ જ્ઞાન થવા લાગે છે—પ્રતીતિ થાય છે—તે અસ્મિત કહેવાય છે. પુરુષ–આત્મા અપરિણામી છે, બુદ્ધિ પરિણામિની છે. આત્મ વ્યાપક છે, બુદ્ધિ વ્યાપ્ય છે. એ રીતે બંનેમાં રહેલ વૈલક્ષણ્યને ન જોત બુદ્ધિને આત્મા માનવો એ અસ્મિતા ક્લેશ છે.

**ત્રીજો ક્લેશ રાગ.** જે સુખ પૂર્વે અનુભવાયું હોય, તેની સ્મૃતિ થાય છે, તે સ્મૃતિને લીધે તે સુખ અને સુખનાં સાધનો વિષે તૃષ્ણા–લોભ થાય છે તે **રાગ** કહેવાય છે.

**ચોથો ક્લેશ દ્વેષ.** જે દુઃખ અનુભવાયેલું હોય તેનું સ્મરણ કરીને તેના પ્રત્યે અને તેનાં સાધનો પ્રત્યે જે ક્રોધ થાય, તે દ્વેષ કહેવાય છે.

**ચોથો ક્લેશ અભિનિવેશ.** હું કદી મરું નહિ, સદા જીવતે જ રહું. આ પ્રકારની જે ઇચ્છા તે અભિનિવેશ કહેવાય છે.

અહીં એટલું ધ્યાનમાં રાખજો કે એ પાંચે સ્વતઃ ક્લેશ તથ પણ બધા ય ક્લેશોને જન્મ આપનાર એ જ પાંચ. તેથી એ પણ ક્લે કહેવાય છે.

એ પંચ ક્લેશ બધાંને ક્લેશરૂપ પ્રતીત નથી થતા. કેવળ વિ વેકીને જ તેવી પ્રતીતિ થાય છે. ભક્તિમાર્ગમાં જે ગયેલો હોય અથ જવાની તૈયારીમાં હોય તેવાને જ આ ક્લેશ ક્લેશરૂપે ભાસે છે. ભાષ્યકા વ્યાસ પણ એમ જ કહે છે—

"एवमिदमनादि दुःखस्रोतो विप्रसृतं योगिनमेव प्रतिकूल त्मकत्वादुद्वेजयति। कस्मात् अक्षिपात्रकल्पो हि विद्वानिति। यथो तन्तुरक्षिपात्रे न्यस्ते स्पर्शेन दुःखयति नान्येषु गात्रावयवेषु। एवमेत दुःखानि अक्षिपात्रकल्पं योगिनमेव क्लिश्नन्ति नेतरं प्रतिपत्तार

'અનાદિકાળથી પ્રવૃત્ત થયેલો આ દુઃખનો પ્રવાહ યોગીઓ



ળ પડે છે તેથી તેમને જ પીડે છે. જેમકે એક વાળ ઉડીને શરીરના પણ ભાગ ઉપર પડે છે તો કંઈ જણાતું નથી પણ તે જ વાળ કે પણ ઝીણો વાળ આંખમાં પડે તો ભારે વેદના જણાય છે.' તેમ જેની માનસિક પવિત્રતા ખૂબ વધેલી હોય છે, જેના હૃદયમાં આત્મ- ણની આતુરતા જાગેલી હોય છે, જેના હૃદયમાં ભક્તિનાં બીજ ઈ ગએલાં હોય છે, જેની દૃષ્ટિમાં સંસારસુખ હેય પ્રતીત થઈ ગયું કે થવા લાગ્યું છે તેવા વિવેકીને જ આ ક્લેશો દુઃખ દે છે—પીડે –અનુતાપ ઉત્પન્ન કરાવે છે. જગતના બદ્ધ જીવો માટે—વિષયના ડાઓ માટે—વિષયી જનો માટે તો એ જ પરમ સુખ, એ જ પ્રાપ્ય એ જ જીવનનો આદર્શ.

माल‌ती शिरसि जृम्भणं मुखे,
चन्दनं वपुषि कुङ्कुमाविलम्।
वक्षसि प्रियतमा मदालसा,
स्वर्ग एष परिशिष्ट आगमः॥

'શિર ઉપર માલતી માલા હોય, મુખમાં વગાસા હોય, શરીર ઉપર મમિશ્રિત ચંદનનો લેપ હોય, છાતી ઉપર મદનવતી પ્રિયતમા હોય, એથી ભિન્ન સ્વર્ગ કોઈ વસ્તુ નથી. એ જ સ્વર્ગ.'

હવે પહેલાં લખાયેલ सति मूले तद्विपाकः० આ સૂત્રનો અર્થ સમજો. શોને લીધે જ કર્માશય બંધાય છે-કર્માશય એટલે ધર્મ અને અધર્મ પુણ્ય અને પાપ; તે કર્માશય વર્તમાન જન્મમાં પણ ભોગવાય છે આગામી જન્મમાં પણ. વ્યાસજી કહે છે કે तीव्रसंवेगेन मन्त्रतपः- धिभिर्निर्वर्तित ईश्वरदेवतामहर्षिमहानुभावानामाराधनाद्वा यः परिनिष्पन्नः द्यः परिपच्यते पुण्यकर्माशयः। પૂર્ણ લાગણીથી કોઈ મંત્રના જપથી પ આચરવાથી કે સમાધિ લગાડવાથી જે ધર્મ થાય છે, અથવા

ઈશ્વર કે કોઈ દેવતા, કે કોઈ મહર્ષિ, કે કોઈ અન્ય મહા તેજસ્વિની વ્યક્તિની પૂજા કરવાથી જે ધર્મ ઉત્પન્ન થાય છે તેનું ફળ તો તરત જ દૃષ્ટ જન્મમાં જ એટલે તે જ વર્તમાન શરીરમાં જ મળી જાય છે.' અને 'तीव्रक्लेशेन भीतव्याधितकृपणेषु विश्वासोपगतेषु वा महानुभावेषु वा तपस्विषु कृत : पुन : पुनरुपकम : स चापि (पाप) कर्माशय : सद्य एव परिपच्यते।' 'જે અવિદ્યા, અસ્મિતા આદિ ક્લેશો કોઈમાં પુષ્કળ પરિમાણમાં પુષ્ટ થઈ ગયા હોય અને તેને લીધે જે તે માણસ ભયભીતનો, કે રોગીનો, કે દીનનો પુનઃ પુનઃ અપકાર કરે છે, અથવા કોઈની સાથે વિશ્વાસઘાત કરે છે, અથવા કોઈ મહાપુરુષની અથવા કોઈ સાચા તપસ્વીની બુરાઈ કરે છે તો તે પાપનું ફળ પણ તરત જ આ વર્તમાન જન્મમાં જ મળી જાય છે.' નાનપણમાં શીખેલા હિતોપદેશનો એક શ્લોક અહીં યાદ આવે છે:

त्रिभिर्वर्षैस्त्रिभिर्मासैस्त्रिभिः पक्षैस्त्रिभिर्दिनैः।
अत्युत्कटैः पुण्यपापैरिहैव फलमश्नुते ॥

'અતિ ઉત્કટ પાપ હોય કે અતિ ઉત્કટ પુણ્ય હોય, તેનું ફળ આ જ શરીરમાં ત્રણ વર્ષમાં અથવા ત્રણ માસમાં અથવા ત્રણ પક્ષમાં અથવા ત્રણ દિનમાં મળી જાય છે.'

અસ્તુ, જે દૃષ્ટવેદનીય કર્માશય હોય છે તેનું ફળ તો અહીં જ મળી જાય છે. પણ જે અદૃષ્ટવેદનીય કર્માશય હશે તેનું ફળ આ શરીરમાં મેળવી શકાશે નહિ. તે કર્માશય ભવિષ્યત્ જન્મમાં વિપક્વ થશે. તેવાં કર્મોને અનુસરીને જ અહીં મનુષ્યને **આયુષ્ય** અને **ભોગ** એ ત્રણે વસ્તુ મળે છે. જે લોકો આ સિદ્ધાંતને સ્વીકારતા હોય તેમને માટે તો ભક્તિનું અનુષ્ઠાન અમરલતા-કલ્પવૃક્ષ છે. ભક્તિથી પવિત્ર વિચારચંદ્રોદય થશે. અવિદ્યા અસ્મિતા આદિ પંચક્લેશોનો અથવા ક્લેશોના પંચ કારણોનો નાશ થશે. સાત્ત્વિક વિચાર સાત્ત્વિક કર્મ, સાત્ત્વિક ભાષાની



વચમાં તે જીવ પવિત્ર થશે. તેનું અંતઃકરણ સર્વ મલિનતાઓને સર્વ મલિન વાસનાઓને ત્યજી નિર્મળ થશે અને પરિણામે દૃષ્ટ જન્મવેદનીય તથા અદૃષ્ટ જન્મવેદનીય ધર્માધર્મો પણ નાશ પામશે. ભક્તિ પણ એક અગ્નિ છે. એ બધા દોષોને ભસ્મ કરે છે. કરેલા ધર્મ-અધર્મનું ફળ તિરોહિત થાય છે. નવાં કર્મો અવિદ્યામૂલક હોતાં નથી. જે કર્મ કરાય છે તે ભગવદર્પિત થઈ જાય છે.

कामतोऽकामतो वापि यत्करोमि शुभाशुभम्।
तत्सर्वं त्वपि संन्यस्तं त्वत्प्रयुक्तः करोम्यहम् ॥

પોતે કરેલાં કર્મો ભગવત્પ્રેરણાથી જ કરાયાં છે, ભક્તને એવો પૂર્ણવિશ્વાસ હોય છે. તેથી તે ભગવત્પ્રેરણાકૃત સર્વ કર્મોને પોતાના ભગવાનના ચરણોમાં જ સમર્પિત કરી દે છે. ભગવાન્ કૃષ્ણે પણ કહ્યું જ છે કે: 'તું જે કંઇ કરે, જે કંઈ ખાય પીએ, જે કંઇ હોમે, જે કંઈ દાન કરે, જે તપ કરે, તે બધું મને અર્પણ કર.' કર્તવ્ય સમજીને અથવા ભગવદાજ્ઞા સમજીને કરાયેલાં કર્મો, ભગવદર્પણ કર્યા પછી, કર્તાને બંધનકારક હોતાં નથી. 'મેં કર્યું છે' એ ભાવના જ બંધનનું મૂળ છે. ભક્તનાં કર્મોમાં એ મૂળ હોતું નથી, તેથી તેના માટે બંધનનો સર્વથા અભાવ હોય છે. તેને પ્રતિદિનનાં કર્મોનો શ્લેષ હોતો નથી. ભક્તિ જ્યારે પૂર્ણતાએ પહોંચે છે એટલે જ્યારે ભક્તનું મન ઉપાસ્યમાં જ ઓગળીને લીન થઈ જાય છે ત્યારે તેનાં પ્રારબ્ધ કર્મનો પણ નાશ થઈ જાય છે ને ઉપાસક જીવ સ્વરૂપસ્થ બની જાય છે.

જે લોકો યોગદર્શનના આ સિદ્ધાંતને ન માનતા હોય તેમને માટે પણ ભક્તિ તો અમૂલ્ય વસ્તુ છે જ. કર્મ તો તેઓ પણ કરે જ છે. વિવાદ રહે છે કર્મપ્રમાણે જન્મપ્રાપ્તિ, આયુપ્રાપ્તિ અને ભોગપ્રાપ્તિમાં જ. જો એ ત્રણેને કર્મફળ રૂપે ન માનવાં હોય તો નહિ માનો. પણ

કર્મ નિષ્ફળ જવાનાં નથી, ફળ તો મળવાનાં જ. અને તે ફળ કેવળ સુબુદ્ધિ અથવા દુર્બુદ્ધિ. જે સત્કર્મ કરશે તે સદ્વિચાર જ સેવશે. તેનું અંતઃકરણ સદ્ભાવથી જ પરિપૂર્ણ રહેશે. મૃત્યુસમયે પણ તે જ સદ્વિચાર, સદ્ભાવના, સત્કૃત્ય સંમુખ રહેશે. તેના પ્રતાપે શાંતિથી મૃત્યુ પામશે. પરલોકમાં પણ એટલે ભવિષ્યત્જન્મમાં પણ તેને તે જ સદ્બુદ્ધિ, સદ્વિચાર, સદ્ભાવના, મળવાનાં. તેથી તે સુખી રહેવાનો.

મારી દૃષ્ટિએ, યોગદર્શને કહેલાં જન્મ, આયુ, ભોગરૂપ કર્મફળમાં કોઈ સાર નથી. કોઈ જન્મ, કોઈ આયુષ્ય, કોઈ ભોગ ધર્મ કે અધર્મ કર્મનું ફળ હોઇ શકે નહિ. એક માણસ શુભ કર્મ કરે છે એટલે ધર્મ કરે છે. તેમાં તીવ્ર સંવેગ હોય છે. તેથી તેનું ફળ વર્તમાન શરીરમાં જ મળવું જોઇએ. હું પૂછું છું કે શું મળશે? જન્મ તો મળી જ ચુકયો છે તેમાં ફેરફાર થવાનો નથી. રહે છે આયુ અને ભોગ. કયા પ્રકારનો ધર્મ આયુ વધારે છે અને કયા પ્રકારનો ધર્મ ભોગ વધારે છે, એ નક્કી નથી. કેટલો ધર્મ કેટલું આયુષ્ય વધારે છે એ પણ નક્કી નથી. કયો અને કેટલો ધર્મ ભોગ વધારે છે એ પણ નક્કી નથી. ભોગને ધર્મનું જ ફળ માનવું જોઈએ એ નિર્વિવાદ નથી. રાજાઓ, મહારાજાઓ, ધનિકો, ધનિક સાધુઓ, મહંતો એ બધા ધર્મના પ્રતાપે ભોગ ભોગવે છે, એ માનવું નરી જડતા છે. આ સિદ્ધાંતનો સ્વીકાર કરવો અંધપરંપરાનું અનુસરણ કરવા જેવું છે. વિદ્યા, કીર્તિ, સત્યનિષ્ઠા, સદાચાર, નમ્રતા, પરોપકારવૃત્તિ આદિ કયા કર્મોનાં ફળરૂપ બનશે? જેટલા ધર્મ હતા તે તો જન્મ, આયુ ને ભોગમાં વહેંચાઇ ગયા. હવે આ સદ્ગુણો તેમાં કયાંથી આવશે? અને એ સદ્ગુણો ન હોય તો જન્મ, આયુ અને ભોગ શા કામનાં? એક મનુષ્યના સો વર્ષના કે સહસ્ર વર્ષનાં જીવનમાં સત્ય ન હોય, સદાચાર ન હોય, દયા ન હોય, પરોપકાર ન હોય, નમ્રતા ન હોય, શિષ્ટતા ન હોય તો તે લાંબું આયુષ્ય કઇ રીતે સારું ગણાવું જોઇએ? માટે કર્માશયનું



ફળ જન્મ નહિ, આયુ નહિ, ભોગ પણ નહિ. તેનું ફળ કેવળ બુદ્ધિ ને સંસ્કાર. ધર્મથી પવિત્ર બુદ્ધિ મળે છે અને અધર્મથી અપવિત્ર બુદ્ધિ. એક શુભ સંસ્કાર આપે છે બીજો અશુભ સંસ્કાર. પૈસા ધર્મનું ફળ નથી. પૈસાથી અનેકવિધ અનર્થ અને અન્યાય જોવામાં આવે છે. તેનાથી સદર્થ અને ન્યાય પણ થાય છે, પણ થોડા પરિમાણમાં. ધર્મનું ફળ જો અનર્થ અને અન્યાયમાં જ પરિણમતું હોય તો તે ધર્મ ક્ષણભરના પણ વિલંબ વિના ત્યાજ્ય હોવો જોઈએ. માણસ મરીને કદી બકરૂં થવાનું નથી. માટે કર્માશયમાંથી મનુષ્ય જન્મ પ્રકટશે કે બકરાંનો જન્મ એ પ્રશ્ન જ રહેતો નથી. સારાં કુલ અને સારાં ઘરમાં જન્મ થશે, એ પણ કથન નિરર્થક છે. સારું કુલ અને સારું ઘર કોને કહીએ, એ કોણ નિર્ણય કરશે? અને કઇ રીતે કરશે? માટે ધર્મ અને અધર્મનું ફળ સદ્બુદ્ધિ અને અસદ્બુદ્ધિ સિવાય કશું નથી. ધન, સાહેબી, બાળબચ્ચાં એ સુદૃઢ બુદ્ધિ, વિચારપૂર્ણ પુરુષાર્થ અને નિયમિત આહાર-વિહાર દ્વારા પ્રાપ્ત શરીરવીર્યનું ફળ હોય છે.

ભક્તિ કરવાથી અવશ્ય જ આંતરિક શુદ્ધિ થશે, સદ્વિચારની પરંપરા ચાલશે, સત્કર્મો આચરાશે, અસત્યથી પૃથક્ થવાશે, અખંડ વિશ્વને પોતાનું જ સ્વરૂપ માનીને તેના પ્રત્યે અખંડ પ્રેમ સેવાશે અને પરિણામે ભક્ત જન્મમરણનાં બંધનમાંથી સદાને માટે છૂટી જશે. ભક્તિબા, તારો જય હોય.

# અઢારમો પરિચ્છેદ

## ભક્તિનો ઇતિહાસ

ભક્તિના સંબંધમાં આ ગ્રન્થના લેખકના વિચારોને વાચકો અવશ્ય સમજ્યા હશે. મારી દૃષ્ટિએ રડતું કૂટવું એ ભક્તિ નહિ પણ આત્મનિવેદન, આત્મવિસ્મૃતિ, તન્મયતા તદૈક્ય એ ભક્તિ છે. પાછળ જેમ કહ્યું છે તેમ, થોડા કવિઓ આવ્યા, થોડી ત્યાગવૃત્તિ સાથે તેઓ આવ્યા, ઘણા વિષયો ઉપર તેમણે કાવ્ય લખ્યાં. ઈશ્વર સંબંધે પણ કશું કશું લખાયું. એટલે તેઓ ભક્તિની કોટિમાં પહોંચી ગયા. હું તો બીતો બીતો એક તુલસીદાસને જ ભક્તિની પાસે લઈ આવું છું. તેની આખી કવિતા, કવિતાનો પ્રવાહ પોતાના રામને ત્યજીને જગતની વસ્તુ તરફ જતો જ નથી. જોકે તેમની ભક્તિને હું અવ્યભિચારિણી ભક્તિ નથી કહી શકતો પણ એટલું ખરૂં કે તે આત્મનિરીક્ષણ, આત્મપરીક્ષણ, દાસ્ય, દૈન્ય, સિવાય કશું બોલતા નથી. સૂરદાસ અનેક વિષયોને સ્પર્શે છે. ગોપીઓની જ વિરહવેદનાને આલેખે છે, ભાગવતની પેઠે કદાચ તેનું જ અનુકરણ કરીને કૃષ્ણગાથા લખે છે. પણ એનું નામ ભકિત નથી. ગીતગોવિન્દકાર જયદેવ પણ ભક્તિની મર્યાદાથી બહાર જ ઉભો રહી શકે છે.

सखि हे केशिमथनमुदारं रमय मया सह
मदनमनोरथभावितया सविकारम् ॥
चरणरणितमणिनूपुरया परिपूरितसुरतवितानम् ।
मुखरविशृङ्खलमेखलया सकचग्रहचुम्बनदानम् ।
रतिसुखसमयरसालसया दरमुकुलितनयनसरोजम् ॥
निःसहनिपतिततनुलतया मधुसूदनमुदितमनोजम् ॥

આ બધું શું છે ? ગોપી કૃષ્ણની સાથે રતિ કરે છે. બન્નેનાં રજ-વીર્ય સ્ખલિત થાય છે. ચ્યુતિકાલમાં ગોપીના કેશ પકડીને કૃષ્ણ ચુંબન



કરે છે. ગોપી પણ હાથ-પગ પછાડે છે, બધાં અંગો હલાવે છે અને આમ કરીને मुहुश्च स्वजनाश्लेष: सीत्कारो वीतलज्जता । अङ्गावधूननं नार्याश्च्युतिसांनिध्यसूचकम् ॥ આ રસિકસર્વસ્વના વચન પ્રમાણે ચ્યુતિકાળની બધી સ્થિતિ જયદેવ વર્ણન કરે છે. એમાં ભક્તિને માટે ક્યાં અવકાશ છે ? કૃષ્ણનો અનંગરંગ લખાએલો છે માટે લખનાર ભક્ત છે, એમ માનવામાં નર્યો અવિવેક રહ્યો છે. માટે જયદેવ, સૌરાષ્ટ્રનો નરસી મહેતો, કબીર, નાનક એ ભક્ત નહિ, એ કવિ અને સુધારક. કબીર અને નાનક દેવ તો સ્પષ્ટ જ સુધારક છે. તેઓ માનવજાતિની ખામીઓ ઉપર પ્રહાર ઉપર પ્રહાર કરતા જાય છે. અને ઈશ્વરનું સ્મરણ કરવાને કહેતા જાય છે. ઈશ્વરનું સ્મરણ કરાવે તે ભક્ત નહિ, તે ઉપદેશક. ભક્ત અને ઉપદેશકમાં અંતર તો હોવું જ જોઈએ. નરસી મહેતા ક્યાંક અદ્વૈત વેદાંત કૂટે છે અને ક્યાંક તીર્થવ્રતનું ખંડન કરે છે અને ક્યાંક 'ગ્રન્થ ગડબડ કરી વાત ન કરી ખરી, જેહને જેહ ગમે તેને પૂજે' એમ ગાઈને ગ્રન્થ ઉપર લેક્ચર આપે છે અને ક્યાંક 'પાસે છે પિયુ આવ્યા, તેને નવ પરખિયો, હાથથી બાજી ગઈ, થયો રે ખોટી. ભરનિન્દ્રા ભર્યો રૂંધી ઘેર્યો ઘણો સંતના શબ્દ સુણી કાં ન જાગે' કહીને લોકોને જગાડે છે. એ બધો ઉપદેશ છે. ભક્તિ નથી. હું એક વસ્તુ સ્પષ્ટ સ્વીકાર કરું છું કે સૂર, કબીર, મીરાં, નરસી મહેતા, જયદેવ અને એવા બીજા ભલે ભકત ન હોય, તેમની ભક્તિ પરાકાષ્ઠાએ ન પહોંચી હોય, પણ તે મહાન્ આત્માઓએ જે કંઇ કર્યું છે તેથી ભકિતનું બીજ સુરક્ષિત રહી શકયું છે. અને તે સિવાય એક મોટો લાભ કદાચ એ પણ હોય કે લાખો હિન્દુ હિન્દુધર્મને વળગી રહી શકયા હોય. કેમકે આ લોકોના ઉપદેશક-પદોમાં જ્ઞાન અને વૈરાગ્ય તરફ દોરવાની થોડી ઘણી શકિત રહેલી તો છે જ. સુંદર ભાવવાહી કાવ્યો કે ભજનનાં પદો માણસને ઘેલાં તો બનાવી મુકે છે. જે વખતે કેશવલાલનું આ ભજન ગાઈએ છીએ —

દીનાનાથ દયાળ નટવર હાથ મારો મૂકશો મા,
હાથ મારો મૂકશો મા હાથ મારો મૂકશો મા. ધ્રુવ૦
આ મહાભવસાગરે, ભગવાન હું ભૂલો પડ્યો છું,
ચૌદલોક-નિવાસ ચપલાકાંત આ તક ચૂકશો મા. ॥૧॥
ઓથ ઈશ્વર આપની, સાધન વિષે સમજું નહીં છું,
પ્રણતપાલક પોત જોઈ, શંખ આખર ફૂંકશો મા. ॥૨॥
માત તાત સગાં સહોદર, જે કહું તે આપ મારે,
હે કૃપામૃતના સરોવર, દાસ સારુ સૂકશો મા. ॥૩॥
શરણ કેશવલાલનું છે, ચરણ હે હરિ રામ તારું,
અખિલ નાયક આ સમય, ખોટે મશે પણ ખૂટશો મા. ॥૪॥

ત્યારે ક્ષણભર માટે પણ જગત ભૂલી જવાય છે. પોતાની નિરાધારસ્થિતિનું ભાન થવા લાગે છે. કોઈ કવિ એટલું કરી જાય, તો તે થોડું ન કહેવાય.

इत: स्तुति: का खलु चन्द्रिकाया,
यदब्धिमप्युत्तरलीकरोति।

સમુદ્રમાં ઓટ ભરતી લાવી મૂકે એથી વધારે ચંદ્રિકાની કઈ સ્તુતિ? તેમ જ જડભક્તો અને કાંચન-કામિની-પરાયણોને થોડી વાર માટે પણ મૂર્છિત બનાવી દે, તો કોઇ પણ કાવ્યને માટે અવશ્ય માનનું તે કારણ છે. જે વખતે એક ગુજરાતી કવિ ગાય છે—

મારાં નયણાંની આલસે રે, ન નિરખ્યા હરીને જરી;
એક મટકું ન માંડ્યું રે, ન ઠરિયાં ઝાંખી કરી.
શોક મોહના અગ્નિ રે, તપે તેમાં તપ્ત થયાં;
નથી દેવના દર્શન રે, કીધાં તેમાં રક્ત રહ્યાં.



પ્રભુ સઘળે વિરાજે રે, સૃજનમાં સભર ભર્યા;
નથી અણુ પણ ખાલી રે, ચરાચર માંહીં ભળ્યા.
નાથ ગગનના જેવા રે, સદા મને છાઈ રહે;
નાથ વાયુની પેઠે રે, સદા મુજ ઉરમાં વહે.
જરા ઊઘડે આંખલડી રે, તો સંમુખ તેહ તદા;
બ્રહ્મ-બ્રહ્માંડ અળગાં રે, ઘડી યે ન થાય કદા.
પણ પૃથ્વીનાં પડળો રે, શી ગમ તેને ચેતનની;
જીવે સો વર્ષ ઘુવડ રે, ન ગમ તો યે કંઈ દીનની.
સ્વામી સાગર સરિખા રે, નજરમાં ન માય કદી;
જીભ થાકીને વિરમે રે, વિરાટ, વિરાટ, વદી.
પેલાં દિવ્ય લોચનિયાં રે, પ્રભુ ક્યારે ઊઘડશે?
આવાં ઘોર અંધારા રે, પ્રભુ ક્યારે ઊતરશે?
નાથ એટલી અરજી રે, ઉપાડો જડ પડદા,
નેન નિરખો ઉંડેરું રે, હરિવર દરસે સદા.
આંખ આળસ છાંડો રે, ઠરો એક ઝાંખી કરી;
એક મટકું તો માંડો રે, હૃદય ભરી નિરખો હરી.

એમાં પશ્ચાત્તાપની લાગણી કેટલી સુંદરતા સાથે દર્શાવવામાં આવી છે! બોલતાં બોલતાં એમ થઈ જાય છે કે જરા ભૂલ ન કરી હોત તો મારા પ્રભુના દર્શનથી વિહોણો તો હું ન રહ્યો હોત. ભૂલની કબૂલાત એ ભજનનો અક્ષરે અક્ષર કરાવી લે છે. એ ભજનને મેં પહેલી જ વાર આ ગ્રન્થને પ્રકાશિત કરાવનાર ગં. સ્વ. શ્રી સંતોષ બહેનના મુખથી સાંભળેલ. તેમના મોં તરફ હું જોતો હતો. મને લાગ્યું કે એને ગાતાં ગાતાં તેમની કંઇક કંઇક દશા થઈ જતી હતી. એવાં કાવ્યો આપણને પશ્ચાત્તાપ

કરાવે છે અને ભાગ્ય પાંસરું હોય તો ભકિતના દર્શન માટે આતુરતા પેદા કરી દે છે. એ બધું છે, પણ એક માણસ સુંદરભાવ પ્રદર્શન કરી શકે છે માટે તે ભકત જ છે અને ભકિતનો ઉપાસક જ છે, એમ શા માટે માની લેવું જોઈએ? ચલચિત્રશાળાનો એક પાત્ર દ્રૌપદી કે દમયંતીનો એક સુંદર ભાગ ભજવી શકે છે માટે તે તેટલી જ પવિત્રાતાનો સ્વામી પણ છે, એમ કેમ મનાય? અસ્તુ, એ તો પ્રસંગવશાત્ લખાયું; હવે મૂલ વિષય ઉપર આવું છું.

કલિયુગના ૨૭ દિવસો વીતી ગયા ત્યારે દક્ષિણ દેશમાં શ્રી શઠ-કોપસ્વામી નામના એક અલવારનું પ્રાકટ્ય થાય છે. તેઓ પૃથ્વી પર અવતરે છે. તે સમયે કોઈ પણ વિશિષ્ટ પ્રકારની ભકિતનો પ્રચાર રહ્યો હોય એમ જણાતું નથી. સાંપ્રદાયિકોની માન્યતા પ્રમાણે અમુક પ્રકારની ભકિત હશે પણ ઇતિહાસ સાક્ષ્ય પૂરતો નથી. શઠકોપસ્વામી શ્રી રામાનુજ-સંપ્રદાયના મૂલ પુરુષ હતા, એમ કહીએ તો અયુકત નહિ થાય. તેમણે કોઈ સંપ્રદાયની પદ્ધતિને અનુસરીને અથવા સ્વેચ્છાથી કોઈ માર્ગ ગ્રહણ કરીને ભકિત કરી છે અવશ્ય. તેમણે દ્રવિડ ભાષામાં મહાન્ નિબંધો લખ્યા છે. તે અત્યારે 'ભગવદ્-વિષય' નામથી પ્રખ્યાત છે. ભકિતનો તે ઉત્તમ ગ્રંથ છે. ત્યાર પછી તો ઘણાં ય ભકતો તે જ પરંપરામાં આવ્યા છે. બધા ય કંઈ ને કંઈ લખી ગયા છે. તે બધાં લખાણો ભકિત વિષયક જ છે. બધા ય ગ્રન્થો વેદવત્ પૂજ્ય મનાય છે. તેથી તેમની 'દ્રાવિડવેદ' એવી સંજ્ઞા પણ પ્રસિદ્ધ છે. તેની ભાષા દ્રાવિડી હોવાથી અપ્રામાણ્ય શંકાને દૂર કરવા માટે દ્રવિડોપનિષતસંગતિમાં એક શ્લોક છે—

शब्दस्य संस्कृततया यदि गौरवं स्याद्,
बौद्धादिशास्त्रवचसामपि तत्प्रसङ्गः ।
वाच्येन चेत्कथितमुत्तमवाच्यमेष,
भाषानिकर्ष इह तेन न शक्यशङ्कः ॥



એનો–ભાવ એ છે કે કોઈ ગ્રન્થની મહત્તા તેની ભાષા ઉપર અવલંબતી નથી પણ તેના પ્રતિપાદ્ય વિષય ઉપર અવલંબે છે. યદિ ગૌરવનું કારણ સંસ્કૃત ભાષા જ હોય તો બૌદ્ધ, જૈન આદિ સંપ્રદાયના પણ ગ્રંથો સંસ્કૃત ભાષામાં છે તેથી તેનો પણ વૈદિકોએ આદર કરવો જોઈએ. પણ તેમ થતું નથી. માટે કોઈ ભાષાને લીધે કોઈ ગ્રંથનું ગૌરવ વધે છે એવું નથી. તેના વિષયને લીધે તે ગ્રંથની પ્રતિષ્ઠા થાય છે. એ રીતે એ ગ્રન્થની પ્રતિષ્ઠા સાચવી ને આગળ ત્યાં બીજા બે શ્લોકો છે તે અહીં પ્રસ્તુત વિષયમાં ઉપયોગી છે. તે આ છે—

या प्रीतिरस्तिविषयेष्वविवेकभाजां,
सैवाच्युते भवति भक्तिपदाभिधेया ।
भक्तिस्तु काम इह तत्कमनीयरूपे,
तस्मान्मुनेरजनि कामुकवाक्यभङ्गी ॥
पुंस्त्व नियम्य पुरुषोत्तमताविशिष्टे,
स्त्रीप्रायभावकथनाज्जगतोखिलस्य ।
पुंसां च रञ्जकवपुर्गुणवत्तयापि,
शौरेः शठारियमिनोजनि कामिनीत्वम् ॥

એ શ્લોકો બતાવે છે કે શ્રીશઠકોપ સ્વામીની ભક્તિ એક વિલક્ષણ પ્રકારની હતી. તેઓ એક પુરુષોત્તમ–ભગવાનને જ પુરુષ માનતા હતા અને આખા વિશ્વનાં લોકોને સ્ત્રી–દૃષ્ટિએ જોતા હતા. અને એવી સ્ત્રી-ભાવનાને લીધે તેઓ પોતાને ભગવાનની કામિની માનતા હતા. એવી માન્યતા આજે તો પુષ્કળ પ્રમાણમાં પ્રવર્તે છે. મારે એ ભાવની કોઇ ટીકા ટિપ્પણી કરવી નથી. મારે તો એટલું જ બતાવવું છે કે કલિયુગના આરંભમાં આવી જાતની ભકિતનો આરંભ દક્ષિણ દેશમાં થઈ ચુકયો હતો. તે સમયે ઉત્તર ભારતમાં કોઈ ભકિત પ્રચલિત હતી કે નહિ, એને

માટે કોઈ વિશિષ્ટ પુરાવો નથી. શઠકોપસ્વામી પછી ભકિતસાર, કુળશેખર, યોગિવાહ, ભકતાંઘ્રિરેણુ, પરકાલ, આદિ કેટલાય ભકિતના પ્રચારકો અવતર્યા હતા. ત્યાર પછી તો ભકિતમાર્ગની એક પરંપરા જ ચાલી હતી. જે પછીથી વિશિષ્ટાદ્વૈતવાદના સંપ્રદાયમાં વિલીન થઈ ગઈ. ત્યાર પછી શુદ્ધ ભકિતનો પતો લાગતો નથી. સંપ્રદાયની સાથે જ સાંપ્રદાયિક પદ્ધતિએ એનું અસ્તિત્વ મનાય છે. આવી ભકિતના એટલે સંપ્રદાયપુરસ્સર ભકિતના પ્રચારકો ઘણા ભાગે દક્ષિણમાં જ પાકયા હતા. રામાનુજ, મધ્વ, નિંબાર્ક, વલ્લભ આદિ બધા દાક્ષિણાત્ય જ હતા. પછીથી ઉત્તર હિન્દુસ્તાન અને બંગાલમાં પણ રામાનન્દ, કૃષ્ણ ચૈતન્ય, કબીર, રવિદાસ, પીપા આદિ આચાર્યો અને ભકતો સાંપ્રદાયિક ભકિતને જ નભાવવાના ભગીરથકાર્યમાં લાગી ગયા હતા. પશ્ચિમમાં—પંજાબમાં ગુરુ શ્રીનાનક દેવ પણ એ જ કાર્ય કરતા હતા. પછી તો તુલસી, સૂર, મીરાં, નરસી, આદિ કેટલાય નાના ને મોટા, ભકિત માટે પ્રયાસ કરનારા જેવા અમુક રીતે સમર્થ પ્રતિભા લઈને આવ્યાં અને કંઈ ને કંઈ અમારે માટે વારસો મુકતા ગયાં. પણ પહેલાં કહ્યું છે તેમ તેઓ ભક્ત કરતાં ઉપદેશક વધારે હતાં.

# ઓગણીસમો પરિચ્છેદ

## વ્યક્તિ પૂજા

મારી પાસે એક જ પ્રશ્ન પૂછનારા ઘણા ભાઈ-બહેનો આવ્યાં કરે છે. તેઓ વ્યાકુળચિત્તે અથવા કુતૂહળની વૃત્તિએ પૂછે છે કે ઉપાસનાકાળમાં ચિત્ત સ્થિર કેમ રહેતું નથી? તેને સ્થિર રાખવાનો શો ઉપાય?

આવા જિજ્ઞાસુઓને હું જે ઉત્તર આપતો રહું છું તે આ છેઃ 'ચિત્ત એવાં તત્ત્વોથી બન્યું છે કે જેથી તે કદી સ્થિર રહી શકે જ નહીં. તેની સ્થિરતાની ચિંતા કરો, એથી વધારે એ વાતની ચિંતા કરો કે તે અનુચિત માર્ગે ન ભટકે. તેને એવા માર્ગમાં જવા દેશો નહીં, જે તેને માટે મૃત્યુરૂપ હોય. જો ઉપાસનાના સમયે પણ તે સ્થિર થઈ શકતું ન હોય અને પરોપકારનાં કાર્યોની રૂપરેખા બનાવતું હોય તો જરૂર તે સ્થિર જ છે, એમ માનવું. ભગવદુપાસના એટલે નિઃસ્વાર્થભાવે પારકાની સેવા. ભગવાન તો સર્વવ્યાપક છે. તે સર્વત્ર છે. જે કંઈ તમે જોઇ કે જાણી શકો છો તે બધું તે જ છે. તેનાથી ભિન્ન કશું નથી. આખું વિશ્વ ભગવત્-તેજથી પરિપૂર્ણ છે. આખું વિશ્વ જ ભગવદ્રૂપ છેઃ માટે જગતનું શ્રેય સાધવાની ઇચ્છાથી જગતના કોઇ પણ જીવની સેવા એ જ પરમેશ્વરની સેવા. અને એ જ ભક્તિ. ભક્તિ તે માનસિક અવસ્થાનું નામ છે જેમાં કામ, ક્રોધ, લોભ, મોહ, ક્રૂરતા, સ્વાર્થપરાયણતા, દંભ આદિ દુર્ગુણો લય પામ્યા હોય છે અને શાંતિનું, આનન્દનું, તેમ જ સાર્વભૌમ પ્રેમનું સર્વદા સ્ફુરણ રહ્યા કરે છે. તેથી જો શુભ કર્મોમાં વૃત્તિઓ જતી હોય અને તેથી તમારું મન ઈશ્વરમાં—જેને તમે ઇશ્વર માનતા હો—તેમાં, ન ચોંટતું હોય તો કદી પણ એના માટે ચિંતા કરશો નહીં. સદ્-વિચાર-પરાયણ જીવને કદી પણ દુર્ગતિ

પ્રાપ્ત થતી જ નથી, એ નિશ્ચય રાખજો. ભકિત એ સંસારની વસ્તુ નથી. તેથી ગૃહસ્થાશ્રમનાં પ્રપંચોમાં પડી રહેલા અને તેમાં જ સડી રહેલા જીવોને માટે ભકિત નથી. ભકિત તો આપણા જીવનની સારરૂપ એક અવસ્થા છે. તે છેલ્લી અવસ્થા જ કહેવાય. ભક્તિનો ઉદય કદી પણ તે હૃદયમાં ન હોઇ શકે જે હૃદયમાં દિગ–દિગંતને વિજય કરનાર પરમપ્રતાપી ભગવાન કામદેવ સિંહાસન ઉપર નિર્ભયરૂપે વિરાજમાન હોય. હૃદયને એવું નિર્મળ બનવા દો કે જેમાં કામદેવ જેવા રૂપવાન પુરુષ માટે અને રતિ જેવી પરમરમણીય સર્વાંગસુંદરી મહિલા માટે પણ, ક્ષણ માટે પણ સ્થાન ન હોય. એવી સ્થિતિ પ્રાપ્ત હોતી નથી તેથી જ તમારું ચિત્ત ચંચળ રહ્યા કરે છે.''

આ મારો ઉત્તર અયોગ્ય છે, એવું નથી, અસ્થાને છે એમ પણ નથી. પણ હજી એમાં કશુંક ઉમેરવું જોઇએ, એમ મારો અનુભવ મને કહે છે. ચિત્ત સ્થિર ન થવાનું સૌ કરતાં એક મોટું કારણ તો એ છે કે જગતના માનવોને જગતને જોવાની ટેવ પડી છે. એને જગતમાં સૌ કરતાં જે સારી વસ્તુ જણાય છે તે રૂપ છે. રૂપની પાછળ જગત ગાંડું બન્યું છે. ગુણની સુંદરતા તરફ આકૃષ્ટ થનારાં ઘણા જ થોડા પુરુષો અને સ્ત્રીઓ છે. રૂપનું આકર્ષણ સૌને માટે સરખું છે. ઉપાસનાના તત્ત્વવિશારદો એ રહસ્યને સમજી ગયા હતા. તેથી જ તેઓએ ઉપાસ્ય દેવનાં રૂપના ખૂબ જ ગુણગાન કર્યાં છે. 'कोटि मनोज लजावनहारे' કહીને ભગવત્સ્વરૂપને કરોડો કામદેવનાં રૂપને લજાવનાર કહેવામાં આવ્યું છે. ભગવાનની આંખો, તેમના અધર, તેમના કપોળ અને તેમના ચરણોનાં વર્ણનથી ઉપાસકોની પોથીઓ ભરાયેલી છે.

તેથી હું આ પરિણામ ઉપર આવું છું કે ઉપાસકો જ્યારે પોતાના ભગવાનનું ધ્યાન ધરવા બેસે છે ત્યારે તેને સુંદર રૂપની ઝાંખી જોઇએ, છટાદાર આંખો જોઇએ, બિંબફળ જેવા અધર જોઇએ, ભરા-



વદાર કપોળો જોઇએ અને કમળ જેવા કોમળ ચરણ જોઇએ. એની શોધમાં તે ફરે છે. ભગવાનને તેણે જોયો નથી. તેનાં રૂપ, આંખ, હોઠ, ગાલ, પગ પણ જોયાં નથી. તેથી આ અવયવોના દર્શનની ચિંતા સાથે તેનું ચિત્ત બહાર નીકળે છે. પુરુષ-ઉપાસક સ્ત્રીના અવયવોનું અને સ્ત્રી ઉપાસિકા પુરુષના અવયવોનું ધ્યાન કરવા મનને પ્રેરે છે તેથી તે ચંચળ બને છે. જો ઉપાસકે ભગવાનનું દર્શન તે જ રૂપમાં કર્યું હોત જે રૂપનું વર્ણન તેણે પુસ્તકોમાં વાંચ્યું છે, તો અવશ્ય જ તેનું ચિત્ત ભગવાનમાં સ્થિર થઇ જાત. એક પુરુષ એક રૂપવતી સ્ત્રીને જોઈને તન્મય બની જાય છે. બધું ભૂલી જાય છે. અન્ન, જળ, ક્ષુધા, પિપાસા, નિદ્રા, સુખ બધું ભૂલે છે, પણ એકને જ તે નથી ભૂલતો અને તે છે કેવળ જોયેલી તે સ્ત્રી-ભગવતી. એ જ દશા સ્ત્રીની હોય છે. તે જ્યારે ભગવાનનાં રૂપ આદિનું વર્ણન વાંચે છે ત્યારે તરત જ અનાયાસે તે કોઈ પણ પુરુષના રૂપમાં રમણ કરવા લાગે છે. ભગવાન આસન ઉપર હોય છે અને તેનું ચિત્ત ગમે તે સ્થળે જઈ રમણ કરી આવે છે. તેથી જ ચિત્ત ચંચળ રહ્યા કરે છે. મારા એ કથનમાં જરા ય ભૂલ નથી. એ સત્ય વસ્તુની કોઈ પાખંડી જ સ્ત્રી-પુરુષ, ઉપાસિકા-ઉપાસક ના પાડી શકે છે. જ્યારે ઉપાસક પોતાની કોઈ પ્રેયસીનું ઉપાસનાકાળમાં ચિંતન કરવા લાગે છે અથવા કોઈ ઉપાસિકા ઉપાસનાકાળમાં તેના યૌવનને રમાડનારનું ધ્યાન કરવા લાગે છે ત્યારે નિઃસંદેહ ચિત્ત સ્થિર થાય છે, અને તેનો હિંડોળો થંભી જાય છે.

ત્યારે શા માટે સ્ત્રી કે પુરુષ પોતાની પ્રિય વસ્તુનું જ ધ્યાન ન કરે? એ એક નવો પ્રશ્ન છે. જો કે એ પ્રશ્ન નવો ન કહેવાય પણ એનું સ્વરૂપ અવશ્ય નવું છે. પતંજલિમુનિએ 'यथाभिमतध्यानाद्वा' આ સૂત્રથી પોતાનાં યોગદર્શનમાં પોતાની પરમ પ્રિય વસ્તુનું ધ્યાન કરવાનો, ચિત્તસ્થિરતા માટે ઉપદેશ આપ્યો છે. પણ હું તો ભગવાનના સ્થાને

ઉપાસકની પ્રિય વસ્તુને મૂકવા કહું છું. પછી તે પ્રિયવસ્તુ સ્ત્રી હોય, પુરુષ હોય, બાળક હોય, પશુ હોય, પક્ષી હોય અથવા બીજું કંઇક હોય. યોગદર્શનનો આ આખો પ્રસંગ આ પ્રમાણે છે—

**विषयवती वा प्रवृत्तिरुत्पन्ना मनसः स्थितिनिबन्धनी ॥ (यो.द.१।३५)**

આ સૂત્રથી મનની સ્થિરતાનો ઉપાય શોધાય છે. કહેવામાં આવ્યું છે કે જ્યારે વિષયવતી પ્રવૃત્તિ ઉત્પન્ન થાય છે ત્યારે મનની સ્થિતિ સાધી શકાય છે. વિષયવતી પ્રવૃત્તિ એટલે શું, તે જાણી લેવું આવશ્યક છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ પાંચ, પાંચ જ્ઞાનેન્દ્રિયોના વિષયો છે. ધારણા, ધ્યાન, સમાધિ કરતાં જ્યારે એ વિષયોનું સૂક્ષ્મજ્ઞાન—દિવ્યજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે તે વિષયવતી પ્રવૃત્તિ કહેવાય છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહ, મણિ, પ્રદીપ, રશ્મિ આદિમાં જે પ્રવૃત્તિ ઉત્પન્ન થાય છે તે પણ વિષયવતી પ્રવૃત્તિ જ છે. 'વિષયો વિષ જેવા જ છે, તેથી તેઓ ત્યાજ્ય છે,' આવી વૃત્તિ જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે મનની ગતિ રોકાઇ જાય છે. પામર પ્રાણીઓ વિષયોને અમૃત અથવા અમૃતતુલ્ય માનીને તેમાં જ રોકાયેલાં રહે છે. માંદગી હોય, પેટ દુખતું હોય, તાવ આવતો હોય, શરીર નિર્બળ થઈ ગયું હોય, કેડ દુખતી હોય, માથું ભારે હોય, ભોજનમાં કશું લેવાતું ન હોય એવી દશામાં પણ લોકોને મૈથુનની ઇચ્છા થાય છે અને તેની પૂર્તિ પણ કરી લે છે. તે સમયે ભણેલાઓને પણ, વેદાંતના અભ્યાસીઓને પણ, ભક્તિની છટાદાર વાતો કરનારાઓને પણ, નિત્ય કથા સાંભળવા જનારાઓને પણ એ ભૂલાઇ જાય છે કે માનવજીવન એ નગ્નનૃત્ય કરવા માટે જ મળ્યું નથી. એમાંથી બીજો પણ કોઈ સાર શોધાવો જોઇએ. એ અમૃત જેવા જણાતા વિષયો જ્યારે વિષ જેવા જણાતા થશે ત્યારે મન શાંત થઈ જશે. મન એ તો ઉન્મત્ત હાથી છે. એને શાંત પાડવાની કળા આવડવી જોઇએ. એને માટે પણ સદ્‌ગુરુનું શરણ શોધાવું જોઇએ.



જ્યાં સુધી સદ્‌ગુરુ ન મળે ત્યાં સુધી સાત્ત્વિક ભાઈ-બહેનો વિષયોમાં દોષદર્શન કરી—

हस्तं हस्तेन संपीडय दन्तैर्दन्तान्विचूर्ण्य च ।
अङ्गान्यङ्गैः समाक्रम्य जयेदादौ स्वकं मनः ॥

હાથ વડે હાથ દબાવીને, દાંતો ઉપર દાંત કચકચાવીને, જે ઇન્દ્રિયોમાં વિકાર પેદા થયો હોય તેના વેગને મારવા માટે શરીરને સંકોચાવીને, એવા બીજા ઉપાયો વડે પણ પહેલાં પોતાનું મન જ જીતવું જોઇએ. કામવિકાર આવતાં જ માણસ ઉઠીને ઉભો થઈ જાય, ઠંડું પાણી પી લે, ઠંડા પાણીએ સ્નાન કરી લે, બીજી વસ્તુનો વિચાર કરવા લાગે તો અવશ્ય તેની કામપીડા શાંત થાય. એમ સમજવાનું નથી કે કામશાંતિ કેવળ યતિઓને માટે જ આવશ્યક છે અને ગૃહસ્થો માટે બધી બારીઓ ઉઘાડી જ છે. કામની ક્ષણિક તૃપ્તિ પછી જે શરીરબલનો હ્રાસ છે, અશક્તિ છે, વ્યર્થ વીર્યનાશ છે, પ્રભા અને પ્રતિભાનો જે એકાંત વિલય છે તે તો બધાંને માટે સરખી રીતે જ હાનિકારક છે. સાચી વાત એ છે કે હજી માનવયોનિનો પૂર્ણ વિકાસ થયો નથી. પૂર્વજન્મોની જે પશુવૃત્તિઓ હતી તે હજુ સુધી માનવજાતિથી પૃથક થઈ નથી. તેથી માણસ પણ હજી પશુ જ છે. એના સંસ્કારો તો સુધરતાં સુધરતાં સુધરશે. વિષયકૃમિઓને અહીં જ મૂકીને આગળ ચાલો. ત્યાર પછી સૂત્ર છે—

**विशोका वा ज्योतिष्मती ॥ (यो. द. १ । ३६)**

ઉપરનાં સૂત્રમાં વર્ણવેલી પ્રવૃત્તિથી જ્યારે બુદ્ધિ નિર્મળ બને છે ત્યારે ચિત્તનો સાક્ષાત્કાર થાય છે. તાત્પર્ય એ છે કે પેટ અને છાતીની વચમાં જરા ડાબી બાજુએ એક કમળ છે. એનું મુખ નીચેની તરફ હોય છે. એને આઠ પત્ર—દળ હોય છે. તેથી એ અષ્ટદળ કમળ કહેવાય છે. રેચક પ્રાણાયામ કરવાથી તેનું મુખ ઊંચું થાય છે. તે કમળમાં ચિત્તને

ધારણ કરવું જોઇએ. તે અષ્ટદળ કમળની જે કર્ણિકાઓ છે તેમાં **મનોવહ** નાડીનું મૂલ રહે છે. તેની જ એક શાખાનું નામ **સુષુમ્ના** નાડી છે. એ **બ્રહ્મનાડી** પણ કહેવાય છે. મનોવહ નાડી જ ચિત્તનું સ્થાન છે. તે નાડીમાં જો ચિત્તને ધારણ કરવામાં આવે તો ઘણા અભ્યાસ પછી ચિત્તનો યોગીને—અભ્યાસીને સાક્ષાત્કાર થાય છે. પછી ઉપાયોથી તેની બધી ચંચળતાઓ—શાખા પ્રશાખાઓનું શમન કરીને તેને એકલું બનાવવામાં આવે છે ત્યારે તે શાંત બને છે. ત્યાર પછીનું સૂત્ર છે—

वीतरागविषयं वा चित्तम् ॥ (यो. द. १ । ३७)

કામાદિ વાસનાઓ જેમની રહી જ ન હોય અથવા અત્યલ્પ થઈ ગઈ હોય એવા જે વીતરાગ પુરુષો કે સ્ત્રીઓ હોય તેનાં ચિત્તનો જો આશ્રય લેવામાં આવે તો ચંચળ ચિત્તવાળાનું ચિત્ત વીતરાગ વ્યકિતના ચિતની સમતામાં આવી જાય છે, અને પછી ધીમે ધીમે તે સ્થિર થઈ જાય છે. અથવા—

स्वप्ननिद्रालम्बनं वा ॥ (यो. द. १ । ३८)

આખા પ્રપંચને સ્વપ્નજ્ઞાનની પેઠે જુએ અથવા ગાઢ નિદ્રામાં જેવું જ્ઞાન હોય છે તેની પેઠે જુએ, તો પણ મન સ્થિર થાય છે. સ્વપ્નજ્ઞાન એટલે સ્વપ્ન. નિદ્રાજ્ઞાન એટલે નિદ્રા. ચિત્તનું આલંબન સ્વપ્નને અથવા નિદ્રાને બનાવો. પછી તે મન વિશ્વમાત્રને સ્વપ્નની પેઠે અથવા નિદ્રાની પેઠે જોવા લાગશે. પછી તે શાંત થઈ જશે.

એના પછી તે સૂત્ર છે જેને માટે આ પ્રકરણ લખવું પડ્યું છે—

यथाभिमतध्यानाद्वा ॥ (यो. द. १ । ३९)

ઉપરના ચાર સૂત્રોમાં વર્ણવેલા ઉપાયો જો કોઈને ભારે જણાતા હોય તો જેને જે પ્રિય હોય તે તેનું જ ધ્યાન કરે. ચિત્ત સ્થિર થઈ જશે. જ્યારે ચિત્તને સ્થિર થવાની ત્યાં ટેવ પડશે ત્યારે તે બીજી જગ્યાએ



પણ—તેનાં કરતાં સૂક્ષ્મ વસ્તુમાં પણ સ્થિર થવા લાગશે. ભગવાન વ્યાસ આ સૂત્ર ઉપર લખે છે—

यदेवाभिमतं तदेव ध्यायेत् । तत्र लब्धस्थितिकमन्यत्रापि स्थितिपदं लभत इति ।

એનો અર્થ ઉપર આવી ગયો છે. હવે આપણે મૂલ વિષય ઉપર આવીએ.

હું માનું છું કે કોઈ પુરુષ ઉપાસક કોઇ પ્રિય સ્ત્રીને અથવા કોઇ સ્ત્રી ઉપાસિકા કોઇ પ્રિય પુરુષને, પછી તે સ્ત્રી અને પુરુષ પોતાના સંબંધી હોય કે ન હોય, એ વિચારને અળગો મૂકીને, ઈશ્વરના સ્થાને પૂજે તો એમાં કોઈ પણ પ્રકારની ક્ષતિ નથી. ઈશ્વર કોઈ અમુક પ્રાણિવિશેષનું નામ તો નથી જ. તેને કોઈએ જોયો હોય અને તેની રૂપરેખા નક્કી કરી લીધી હોય, એવું પણ નથી. તે ઇશ્વર કોઇને હાથ પકડીને પાપમાંથી, પાપાચારમાંથી, દુઃખમાંથી, ત્રાસમાંથી ઉગારી લેતો હોય એવું પણ નથી. ઈશ્વર તો એક કલ્પિત નામ છે. તેનાં રૂપ અને ગુણો પણ કલ્પિત છે. એની કલ્પના કરનારા અમે જ છીએ. એ કલ્પિત ઈશ્વર કોઈને રોટલી આપતો નથી, તેમ જ લઈ પણ લેતો નથી. તેનું એ કામ જ નથી. તે તો ઉપાસનાનો અવલંબ છે. ઉપાસના આંતરિક શુદ્ધિ માટે હોય છે. આંતરિક શુદ્ધિ મોક્ષ માટે હોય છે. તેથી ઈશ્વર—કલ્પિત જ ઈશ્વર પરંપરયા મોક્ષનું કારણ બને છે. જોને માનવોનો ઘણો મોટો ભાગ જગતકર્તારૂપે ઓળખે છે, સર્વવ્યાપક માને છે, સર્વગય માને છે તેનાં અનંત નામો છે અને અનંત રૂપો છે, सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात्‌નું એ જ તાત્પર્ય છે. તેને ઈશ્વર કહો, મોહન કહો, રામ કહો, કૃષ્ણ કહો, શિવ કહો, દેવી કહો, દુર્ગા કહો, તારા કહો, ચામુંડા કહો, કાળી કહો, જયા કહો, વિજયા કહો,

સીતા કહો, રાધા કહો, ભાઇ કહો, બ્હેન કહો, બા કહો, મા કહો, બધું સરખું જ છે. ગમે તે પુરુષને ગમે તે નામ આપી શકાય છે અને ગમે તે સ્ત્રીને ગમે તે નામથી પૂજી શકાય છે. ઈશ્વરોપાસના મૂર્ખાઓનો વિષય નથી. જ્ઞાનીઓનો વિષય છે. જ્ઞાની ગમે તેને ઈશ્વર માની શકે છે અને પૂજી પણ શકે છે. ઉપાસનાનું ફળ પણ ત્યાંથી તે મેળવી શકે છે. પ્રહ્‌લાદનો ઈશ્વર તો સ્તંભમાંથી પેદા થયો હતો. એ શ્રદ્ધાનો વિષય છે. જેને જેમાં શ્રદ્ધા હોય તે તેમાં ઈશ્વરભાવે અથવા કોઈ પણ ઉચ્ચ ભૂમિકાને છાજે એવા ભાવે ભક્તિ કરી શકે છે. એક ઉપાસિકા સ્ત્રી કોઈ યોગ્ય પ્રિયતમ મહાપુરુષની ઉપાસના કરી શકે છે. એક પુરુષ કોઈ યોગ્ય પ્રિયતમા મહાસ્ત્રીની ઉપાસના કરી શકે છે. ઉપાસિકાની દૃષ્ટિમાં ઉપાસ્ય પુરુષ પરપુરુષરૂપે નહીં પણ તેના ઇષ્ટ દેવ તરીકે સિંહાસન ઉપર વિરાજમાન હોય છે. ઉપાસકની દૃષ્ટિએ ઉપાસ્ય સ્ત્રી પરસ્ત્રીરૂપે નહીં પણ તેના ઇષ્ટદેવરૂપે જ, અધિષ્ઠાત્રી દેવતારૂપે જ પ્રતિક્ષણ માનસ-સિંહાસનાસીન હોય છે. એમ કરવામાં કોઈ પણ પ્રકારનો દોષ નથી, ક્ષતિ નથી. દોષની કલ્પના કરી શકાય છે પણ ત્યારે હું કહીશ કે જેને માટે દોષની આશંકા હોઈ શકે છે તે ઉપાસક કે ઉપાસિકા બનવા માટે યોગ્ય જ નથી. ઉપાસના કરનારની દૃષ્ટિ અંતર્મુખ હોવી જોઇએ.

**પ્રશ્ન**–એક સ્ત્રી પરપુરુષની ઉપાસના કરે તો પાતિવ્રત્યનો ભંગ થાય કે નહીં? તેમ જ પતિ-પત્નીનો ભાવ, પારસ્પરિક પ્રેમ, શિથિલ થાય કે નહીં? તેમ જ એક પુરુષ પરસ્ત્રીની ઉપાસના કરે તો એક સ્ત્રીવ્રતનો ભંગ થાય કે નહીં? પતિ-પત્ની-પ્રેમમાં ક્ષોભ થાય કે નહીં?

**ઉત્તર**–મારો ઉત્તર છે 'નહીં'. રામ, કૃષ્ણ, શંકર, ગણપતિ, હનુમાન, ભૈરવ, બળીઆ દેવ, એ બધા પુરુષ જ છે. બધી સ્ત્રીઓ તેને પૂજે છે. કોઈ પ્રકારનો માનસવિક્ષેપ જોવામાં આવ્યો નથી. ગોપીઓ કૃષ્ણને પૂજતી હતી, તેમની સાથે રમતી હતી છતાં તેઓનો પતિ-



પત્ની પ્રેમ અખંડિત જ રહ્યો છે. પાતિવ્રત્યભંગની તો શંકા જ વ્યર્થ છે. તેમ જ પુરુષો દુર્ગા, ભવાની, સીતા, રાધા, કાળી, તારા, ચામુંડાની પૂજા કરે છે. તેમને કોઈ જાતની હાનિ પહોંચતી નથી. પાતિવ્રત્યભંગ કે એકપત્નીવ્રતનો ભંગ ઉપાસનાથી થતો નથી. તેને માટે તો બીજી ક્રિયા નિયત છે. કોઈ રમણની રમણી અને કોઈ રમણીનો રમણ બનવાથી જ તે ભંગ ઉપજે છે. બીજી રીતે નહીં જ. પુરુષો કથા વાંચે છે, ભજનો ગાય છે, કીર્તન કરે છે, તેને સાંભળવા બધી સ્ત્રીઓ જાય છે. સ્ત્રીઓ કથા કરે છે, ગાય છે, કીર્તન કરે છે, તેને સાંભળવા પુરુષો જાય છે. સિનેમાની ભક્તિ કરનારાં ભાઇઓ અને બહેનો બન્ને સિનેમા-મંદિરોમાં જાય છે, પુરુષો પરસ્ત્રીઓ સાથે જાય છે, સ્ત્રીઓ પરપુરુષો સાથે જાય છે. એ ભંગસ્થાન ખરું. ત્યાં જો ભંગની ભીતિ ન હોય તો એક મહાપવિત્ર પુરુષનું કે એક મહાપવિત્ર સ્ત્રીનું દૂરથી ધ્યાન કરવાથી કોઇ જાતનો 'ભંગ' ઉપજી શકે નહીં.

**પ્રશ્ન**–સ્ત્રી પરપુરુષની ઉપાસના કરે તેનાં કરતાં પોતાના પતિની ઉપાસના કરે તો તે જ લાભ મળી શકે કે નહીં?

**ઉત્તર**–અહીં મારો ઉત્તર 'હા' અને 'ના' બન્ને છે. પતિમાં દોષો નથી હોતા એમ તો નથી જ. કેટલા પતિઓ તો દોષકર હોય છે. જૂઠા હોય છે, કપટી હોય છે, દંભી હોય છે, ક્રૂર હોય છે, વ્યભિચારી હોય છે, અતિવિષયપરાયણ હોય છે. તેની સાથે તેની પત્ની વિવાહકાળથી જ રહે છે. તેના બધા દુર્ગુણો લગભગ પત્નીમાં વ્યાપી ગયેલા હોય છે. તેના દોષને તે દોષ સમજી શકતી નથી. તે દોષમાંથી તે મુક્ત થઇ શકતી નથી. તે દૂષિત પતિની જ ઉપાસના કરવાથી તેના દોષો વધારે દૃઢ થશે. ઉપાસનામાં હૃદય હૃદયથી મળે છે. અત્યંત સંનિકર્ષ સધાય છે. ત્યારે પતિના દુર્ગુણો વધારે પ્રમાણમાં પત્નીમાં આવવાનો સંભવ છે. માટે મારી 'ના' છે. પણ મહાત્મા ગાંધી જેવા

નખથી શિખા સુધી પવિત્ર પતિ હોય તો તેની જ પૂજા કરવા માટે મારી 'હા' છે. કોઈની પવિત્રતાની પરીક્ષા તેના સંબંધીઓ કરી શકતા નથી. પરીક્ષક સદા તટસ્થ હોવા જોઇએ. એટલું ધ્યાનમાં રહે કે 'ત્યારે સ્ત્રીના મનમાંથી પતિભાવ જવો જ જોઇએ.'

**પ્રશ્ન**–પતિ પરસ્ત્રીની પૂજા કરવા કરતાં સ્વસ્ત્રીની જ પૂજા કરે તો તેમાં કોઈ દોષ છે?

**ઉત્તર**–દોષ તો છે, પણ અલ્પ છે. કેવળ પૂજાની જ તો વાત નથી, વાત તો ઉપાસનાની છે, ભક્તિની છે, મુક્તિની છે. પત્નીની ભક્તિ તો મહાત્મા ગાંધી જ કરી શકે. ત્યાં તો બાની પવિત્ર ભાવના આવવી જોઈએ. તે ભાવના સામાન્ય લોકોમાં આવી શકે નહીં. જો ભક્તિ કરવી હોય તો પતિ-પત્ની ભાવ જવો જ જોઈએ. ઉપાસ્ય–ઉપાસક ભાવ આવવો જોઇએ. અમુક કાળે માતૃભાવના અને અમુક કાળે પત્નીભાવના એ તો અત્યંત નિકૃષ્ટ જીવન બને.

**પ્રશ્ન**–એ રીતે જો વ્યક્તિની પૂજા થવા લાગશે તો ઈશ્વરને તો કોઈ માનશે જ નહિ, અને એવું થાય તો જગતમાં અંધાધૂંધી નહીં ફેલાય?

**ઉત્તર**–મેં પહેલાં જ કહ્યું છે કે ઈશ્વર ઉપાસના માટે જ એક કલ્પિત તત્ત્વ છે. ઈશ્વર છે તેથી લોકો તેને માને છે અને પૂજે છે, એવું નથી. લોકો માને છે અને પૂજે છે તેથી જ ઈશ્વર છે. ઈશ્વર એટલે અત્યંત પવિત્ર વસ્તુ. જેને આપણે પૂજીશું તે તો અત્યંત પવિત્ર જ હશે. અને તે જ ઈશ્વર. આ વ્યક્તિ ઉપાસનાથી ઈશ્વરનું સામ્રાજ્ય વધે જ છે–ઘટતું નથી. અંધાધૂંધીની તો ચિંતા જ વ્યર્થ છે. આ જગતમાં સદા ય અંધાધૂંધી રહી છે અને રહેવાની. ધારો કે ઈશ્વર છે અને તે રીતે છે, જે રીતે લોકો તેને (સર્વશક્તિસંપન્નરૂપે) માને છે. તો પણ આજે અંધાધૂંધી તો ચાલે જ છે, તે રોકી શકતો નથી. મેં પહેલાં જ કહ્યું છે કે ઈશ્વર અંધાધૂંધી રોકવા માટે નથી. તે તો ઉપાસના



માટે જ છે. માટે જગતમાં અવ્યવસ્થા ચાલતી હોય તો તેને માટે જવાબદાર ઈશ્વર નહીં, પણ રાજા અને પ્રજા છે.

**પ્રશ્ન**–વ્યક્તિ-ઉપાસના-પક્ષમાં આપ સ્ત્રીને પસંદ કરો છો કે પુરુષને?

**ઉત્તર**–એ વિષયમાં મારો એક નિશ્ચિત મત છે. કદાચ તે નવો જણાશે. ઉપાસનાની પદ્ધતિ જ્યારે આપણા વચમાં આવી ત્યારે અહીંના ઋષિઓ, મુનિઓ, વિદ્વાનો સ્ત્રીજાતિને હલકી જાતિ તરીકે ગણતા હતા. સ્ત્રીઓ માટે યજ્ઞોપવીત સંસ્કારનો નિષેધ થયો અને પુરુષો માટે વિધિ. વેદાધ્યયનનો નિષેધ થયો. બીજી પણ કેટલીક સાત્ત્વિક ક્રિયાઓનો નિષેધ થયો. સ્ત્રીનું નામ 'અબળા' પાડવામાં આવ્યું. તે પતિની દાસીરૂપે મનાતી થઈ. પતિ એ જ તારો પરમેશ્વર એમ તેને શિખવાડવામાં આવ્યું. પતિ ગમે તેવો દુષ્ટ, અસત્યભાષી, લબાડ, લંપટ હોય પણ તે તેને માટે પરમેશ્વર જ. પુરુષો જ સર્વશ્રેષ્ઠ વિધિસર્જન છે, એમ મનાતું. તેથી જ આપણા ઉપાસ્ય દેવો ઘણા ભાગે પુરુષો જ બન્યા. વિષ્ણુ પુરુષ, શિવ પુરુષ, ગણપતિ પુરુષ, પછીથી ભૈરવ આવ્યો તે પણ પુરુષ અને ગૂજરાતમાં બળિયા કાકા આવ્યા તે પણ પુરુષ જ. પુરુષની જ પરંપરા ચાલી. ખૂબ પાછળથી શક્તિની પૂજા આપણા સમાજમાં આવી. અને તે દુર્ગા, અન્નપૂર્ણા, સીતા, રાધા, રુક્મિણી કાળી, ભવાની, શીતળા, ચામુંડા, ઐન્દ્રી, વારાહી, વારુણી, જયા, વિજયા, અજિતા, અપરાજિતા, ત્રિપુરા, ત્રિનેત્રા, ચિત્રઘંટા, મહામાયા, ભદ્રકાળી, મહાલક્ષ્મી, લલિતા, કામિની, ગુહ્યેશ્વરી, ભગવતી, વિન્ધ્યવાસિની, ભૂતનાથા, વાગીશ્વરી, પાર્વતી, પદ્માવતી, લક્ષ્મી, મહાલક્ષ્મી, જ્વાલા, જયંતી, મંગળા, કપાલિની, ક્ષમા, શિવા, ધાત્રી ઇત્યાદિ અનેક નામ, રૂપ અને લીલા સાથે પૂજાપાત્ર બન્યાં. અહીં આપણે જોઈ શકીએ છીએ કે પુરુષદેવો કરતાં સ્ત્રીદેવીઓની સંખ્યા બહુ જ વધારે છે. તમે

શિવ, શંકર, મહાદેવ, રુદ્ર; રામ, રઘુનાથ, રાઘવ, રામચંદ્ર, ધનુર્ધારી; કૃષ્ણ, ગોપાળ, મોહન, મુરલીધર; ગણપતિ, ગણેશ, વિનાયક આદિ ગમે તેટલાં નામો વધારશો પણ તેના મા, બાપ, જન્મ, લીલા, એક જ રહેશે. પણ દેવીઓના સંબંધમાં એવું નથી. દરેકની ઉત્પત્તિ, દરેકની લીલા, દરેકનું તેજ, બળ, વીર્ય, ઐશ્વર્ય જુદીજુદી રીતે આલેખાયેલાં છે. તેથી એ સ્પષ્ટ થાય છે કે પુરુષદેવ કરતાં સ્ત્રીદેવીઓની તરફ ઉપાસક સમાજની રુચિ બહુ વધારે છે. જે પુરુષદેવની ઉપાસના કરે છે તે, તે દેવની પત્નીરૂપ દેવીની પણ ઉપાસના કરે જ છે. સીતા વિના રામ ન મળે, રાધા વિના કૃષ્ણ ન મળે, પાર્વતી વિના મહાદેવ ન મળે. એ રીતે સર્વત્ર સ્ત્રીદેવતાનો વિજય થયેલો જણાય છે. સૂર્ય અને ગણપતિ સ્ત્રી વગરના છે માટે તેમની ઉપાસનાનો લગભગ અંત આવ્યો. હું પણ સ્ત્રીદેવતાને જ મહત્ત્વ આપું છું. વૈષ્ણવસંપ્રદાયોમાં પણ લક્ષ્મી, રાધા આદિને વધારે મહત્ત્વ પ્રાપ્ત થયું છે. મેં ઘણા ભાગે મારા જીવનમાં સ્ત્રીદેવતાની જ ઉપાસના કરી છે. મારી દૃષ્ટિ મારા ઉપાસ્યદેવને સ્ત્રીરૂપે જોતી જ નથી. મારે મન, તે મારી બા, તે મારા ભગવાન, તે મારી આંતર પવિત્રતાનું અદ્વિતીય સાધન. જેને હું ઉપાસું છું તેમાં સ્ત્રીત્વનું નહીં, પણ અલૌકિકતાનું ભાન થયા કરે છે. જેની બહિર્દૃષ્ટિ પોતાના ઉપાસ્ય દેવની જાતિ (નર જાતિ કે નારી જાતિ) જોઈ શકતી હોય તેને આ વ્યક્તિપૂજાનો અધિકાર ન હોઈ શકે. ઉપાસનાકાળમાં મારું કોઈ જગત હોતું નથી. વ્યુત્થાનદશામાં મારો ઉપાસ્યદેવ જ મારું જગત હોય છે. મારા ઉપાસ્યદેવ માટે **બા** એ શબ્દ સિવાય બીજો શબ્દ મારી જિહ્વાએ ઓળખ્યો નથી. એ **બા** શબ્દમાં જે અનેરો આનંદ મને ભાસે છે, જે તન્મયતા સ્ફુરિત થાય છે, જે આહ્‌લાદ અનુભવાય છે અને જે રીતે બા સિવાયની બધી વસ્તુઓ સ્મૃતિપટળથી અદૃશ્ય થાય છે તેને વર્ણવા માટે મારી પાસે કોઈ સાધન નથી. હું તો



એકાંતવાદી માણસ છું. તેથી ખાતાં, પીતાં, ઉંઘતાં જાગતાં, બગાસાં ખાતાં, થાક ખાતાં, લખતાં, વાંચતાં, ભણાવતાં ગંભીર દાર્શનિક વિચારો કરતાં પણ મારાં **બા** એક ક્ષણના શતાંશભાગવાળા કાળ માટે પણ મારા ચિત્તથી દૂર થતાં નથી. મને તેમનો આનન્દ, તેમના ગુણોની અનંતતા તેમની દયાનું અખૂટ સ્રોત, તેમનું વાત્સલ્ય, તેમનું પ્રસન્ન મુખ, એ બધાં, તેમનાંમાં જ લીન થવા માટે પર્યાપ્ત કારણો છે. હું અખંડાનંદનો નિરંતર અનુભવ કરું છું. છતાં કોઈ કોઈ સમયે ઔપાધિક દુઃખ પણ અનુભવાય છે.

વ્યક્તિપૂજાનો માર્ગ બહુ જ સુંદર અને સરળ છે છતાં ભયંકર છે. સમાજ આવી પૂજા માટે ટેવાયેલો નથી. ઉપાસકનો તે તિરસ્કાર કરી શકે છે, નિન્દા કરી શકે છે, કલંકનો ઢગલો ઉપાસક માટે ખડકાવી શકે છે. ઉપાસ્ય સ્ત્રી અને ઉપાસક પુરુષની શાંતિનો સમાજ ભંગ કરી શકે છે. સમાજ ઉપાસનાસંબંધમાં અબોધ છે. તેનો ઉપાસના–માર્ગ તૂટેલો, ભાંગેલો, ખરબચડો છે. તેના પર જ ચાલવાની તેને ટેવ છે. તે અનુદાર છે. ઉદારતાથી કોઈ વસ્તુનો વિચાર કરતાં તેને ન આવડે. માટે "એ તો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ રે". જેનું હૃદય નબળું હોય તે આ માર્ગમાં ન આવે એ જ સારું. કોઈને ઉપાસ્ય તરીકે સ્વીકારી, પછી લોકનિન્દાને લીધે તેનો ત્યાગ ન કરી શકાય. એક વાર જેને હૃદય અર્પી દીધું, જેને માથું આપી દીધું, જેના ખોળામા માથું મૂકી દીધું, જેના ચરણે આત્મસમર્પણ કર્યું, પછી તેનો ત્યાગ હોઈ શકે નહીં. આખું જગત એક તરફ થઈ જાય તો પણ તમે તમારા ઉપાસ્ય બા તરફ બેદરકારી બતાવશો નહીં. મીરાંનું દૃષ્ટાંત સદાય આંખ આગળ રાખજો. "मेरो तो गिरिधर गोपाल दूसरो न कोई" એ ધ્વનિ ગુંજાવશો અને સ્વસ્થ રહેશો. તે તમારો સંકટકાળ હશે. તેને પસાર કરવાની આવડત હોવી જોઈએ. આપેલું હૃદય પાછું ન જ લેવાય. **સૌરાષ્ટ્રના**

કવિ કલાપીના કેકારવનું સ્મરણ કરજો:

કયમ દોર વણી જન તોડી શકે ?
કયમ અર્પી દીધેલ લઈ જ શકે?

વળી, એક બીજી લાલ બત્તી દેખાડું છું. એવો અવસર આવી શકે કે તમને તમારી ઉપાસ્ય વ્યક્તિ તરફ કોઈ વિકૃત શંકા થાય અને તેનો ત્યાગ કરવાનો વિચાર ઉદ્‌ભવે. તે સમયે તમારે ગંભીરતા સેવવાની, અને બહુ જ શાંતિથી એ વાદળને વિવેકરૂપ પવનથી ઉડાડી મૂકજો. નાસીપાસ થશો નહીં. તમને સાચી રીતે લાગે કે તમે તે વ્યક્તિની પસંદગીમાં ભૂલ કરી છે, તો પણ તમે ગભરાશો નહીં. વિચાર કરજો. એકાંત વિચાર પછી તમે જોશો કે તમારી ભૂલ ન હતી. કોઈનો દોષ જોવાની ટેવ માનવજાતિ માટે એક શાપ છે. અને જ્યારે પોતાની ઇષ્ટ-ઉપાસ્ય વ્યક્તિમાં દોષ જોવાનું મન થાય ત્યારે તો એ મહાન અભિશાપનું જ ફળ ગણાય. ત્યારે નક્કી જ સમજજો કે ભક્તિ થતી ન હતી, ભક્તિનો આડંબર હતો. જેને ઉપાસક ઉપાસ્યરૂપે સ્વીકારી લે તે તો સ્ત્રી હોય તો બા બને છે અને પુરુષ હોય તો પ્રભુ બને છે. ઉપાસક તેમનો દીકરો બને છે. દીકરો બાનું છિદ્ર જુએ, એ તો બને જ કેમ? કોઈ અધમ અને મહાપાપી જ છોકરો પોતાની બાને શંકાની દૃષ્ટિએ જોઈ શકે છે. માટે કોઈ પણ સારા અને પવિત્ર ઉપાસકે બાના પવિત્ર ચરણોનો આશ્રય કદી યે ત્યજવો જોઈએ નહીં અને કલાપીનું જ આ વાકય પણ સ્મરણમાં રાખવું જોઈએ:

મધુરી નદીઓ દરિયે મળતી,
મધુરી મટીને કડવી બનતી,
પણ ના દુખ કૈં મનમાં ધરતી,
નવ પાછી ફરે નવ ત્યાગ કરે.



આંખ મીચીને ઉપાસ્ય દેવતારૂપ તે વ્યક્તિમાં-બાનાં સ્વ-રૂપમાં લીન થવાનું છે એ નિશ્ચય સાથે તમારો માર્ગ વટાવશો. ભક્તનાં હૃદયમાં સદા ય પવિત્ર વિચારને જ અવકાશ હોવો જોઈએ. ક્ષુલ્લક વિચારોને માટે દ્વાર બંધ જ રહેવું જોઈએ. બ્રહ્માનંદની આ નીચેની લીટીઓમાં રહેલી ગ્રાહ્યતા ઉપર ધ્યાન રાખવું જોઈએ:

રે શિર સાટે નટવરને વરીએ,
રે પાછાં તે પગલાં નવ ભરીએ,
રે પ્રથમ ચડે શૂરો થઈને,
રે ભાગે પાછો રણમાં જઈને,
તે શું જીવે ભૂંડું મુખ લઈને ?

તમે તમારી ઉપાસ્ય બાની નિંદા કદી સાંભળશો નહીં. તમારી માનસિક વૃત્તિઓને પ્રેમાળ બનાવજો, શ્રદ્ધાળુ બનાવજો. તમારાં પૂજ્ય બાના ચરણોમાં, તમારા પ્રભુમાં લીન થઈ જવાની દરેક ક્ષણે તમારી તૈયારી હોવી જોઈએ. બાની ઉપાસનાના પ્રતાપે તમારું માનસિક બળ ખૂબ વધારજો. તે બળની માર્ફત તમે બાનાં હૃદય સુધી અદૃશ્ય થઈને પહોંચજો. તેમના મનમાં દૃષ્ટિ વેરજો, ખુંણે ખુંણે નિહાળજો. તમને જણાય કે બા અમુક બાબતમાં નિર્બળ છે, તમે ત્યાં બળ પ્રેરજો, ક્ષમતા આપજો. ઉપાસ્ય ઉપાસક બન્ને પવિત્ર થજો. સમબળ અને સમશક્તિ થઈને, સહધર્મી બનીને, છેવટે તમારાં બાના ચરણોમાં અનંતકાળ માટે સમાઈ જશો. આ રીતે સાચી ભક્તિની સુગંધ આ ધરા ઉપર અમૂલ્ય સ્મૃતિરૂપે મૂકતા જજો. જો તમે ભક્તિમાર્ગમાં આવી જ ગયા હો અને તમને એ માર્ગ પ્રેરણાદાયી જણાતો હોય તો તમે બાના ચરણસ્પર્શ કરીને પ્રતિજ્ઞા કરજો કે:

હવે તો જયાં સૂધી મમ જિવિતનું તેલ બળશે,
અરે ત્યાં સૂધી હું ઘુમિશ પ્રિતિદાવાનળ મહીં.

**પ્રશ્ન**–આ વ્યક્તિપૂજામાંથી કેવળ ચિત્તની સ્થિરતા જ શોધવાની-છે કે બીજો પણ કોઈ લાભ પ્રજાને મળી શકે છે!

**ઉત્તર**–મારી દૃષ્ટિએ વ્યક્તિપૂજાથી ઘણા લાભો છે. રામ અને કૃષ્ણની પૂજા પણ વ્યક્તિપૂજા જ છે. તેઓ સર્વવ્યાપક છે તે તો એ અર્થમાં કે તેમના વધારે પૂજકો છે. તેમના કરતાં વધારે વ્યાપક તો મહાત્મા ગાંધીજી છે. તેઓ પણ વ્યક્તિ જ છે. રામ અને કૃષ્ણના સમયમાં કોઈ પણ તેમને ઈશ્વરરૂપે માનનારો કે પૂજનારો ન હતો. માણસ જ્યારે માણસાઈનો આદર્શ કંઈક મૂકી જાય છે ત્યારે પ્રજા તેની તરફ આકૃષ્ટ થાય છે. તે બન્ને મહાપુરુષોના જીવનકાળમાં પણ તેમના પ્રશંસકો હતા જ. પ્રશંસા એ જ તેમની પૂજા. તેમનામાં જે નમ્રતા, સૌહાર્દ, વિનય, વિવેક, શૌર્ય, ઉપકારવૃત્તિ અને કૃતજ્ઞતા આદિ સદાચારો પોષાયા હતા તે માણસને મુગ્ધ કરવા માટે પર્યાપ્ત હતા. તેથી ખૂબ જ પાછળના કાળમાં તે બન્ને ઈશ્વર બની શકયા. તેઓ એક જ દિવસમાં ઈશ્વર નહીં બન્યા હોય. રામાયણ અને ભાગવત જેવા ગ્રંથોના સૈંકડો વર્ષોના પ્રચાર અને પ્રભાવનું તે પરિણામ હશે. શ્રી રામકૃષ્ણ ભાંડારકરના મત પ્રમાણે રામ; કૃષ્ણ કરતાં પાછળનો ઈશ્વર. તે બે માં જે ગુણો હતા તે પાછળની પ્રજામાં ન હતા, તેવું નથી. આજની પ્રજામાં તે ગુણો નથી એવું પણ નથી. પ્રત્યુત આજે તો પહેલાં કરતાં ખૂબ જ વધારે ગુણો માણસોમાં અવતર્યા છે. આપણે દેવી દેવતાનાં નામે ભરમાયા તેથી લોકોની આંખો, લોકોનું મન વર્તમાન મહાપુરુષો અને મહાદેવીઓને નીરખવા અસમર્થ બન્યાં. લોકો એમ માનતા થયા કે માનવોમાં દેવ જેવી પૂજ્ય-કોટિ હોતી જ નથી. દેવો સ્વર્ગમાં જ રહે છે અને તેમની જ પૂજા ફળપ્રદ હોય છે. એવી લોકોની ભાવના. વ્યક્તિપૂજાથી આ બધા ભ્રમો ભાંગી જશે. માનવ જાતિમાં માનવો માટે આદરભાવ ઉત્પન્ન થશે. હું આખા વિશ્વને પૂછું છું કે ગઢમંડળાની માંડલિક રાની દુર્ગાવતી, ઝાંસીની રાની



લક્ષ્મી અને ચિત્તોડગઢની પદ્મિનીને અતીતકાળની દેવકોટિના ઇતિહાસ-માંથી શોધી કાઢી બતાવવાનું કોઈમાં સાહસ છે? દુર્ગાસપ્તશતીવાળી દુર્ગાદેવીને આગળ મૂકવાની ઇચ્છા કોઈએ કરવી નહીં આ રીતે કોઈને નિરુત્તર કરવાની પ્રથા સભ્ય પ્રથા ન કહેવાય. શ્રી દુર્ગા માનવી ન હતી તે તો હજી સુધી સાધ્ય જ છે, સિદ્ધ નથી. તેઓ પણ ભારતની સન્નારીઓમાંથી જ એક નારી હતી. તેના પરાક્રમોએ અને તેના પ્રશંસકોએ તેમને દેવી બનાવ્યાં. હું કહું છું કે એવી દેવીઓ આપણા દેશની પોળે પોળે ભરી પડી છે, પણ લોકોની ઉપેક્ષાબુદ્ધિ અને જાતજાતની ભ્રાંતિને લીધે તે અંધકારમાં જ રહી પરલોક–પ્રયાણ કરી જાય છે. ભણવાથી પ્રતિષ્ઠા મળે છે, એવું જ્ઞાન જ્યારે બધાંને થયું ત્યારે દરેક સ્ત્રી–પુરુષને ભણ-વાની આતુરતા જાગી અને આજે વધારે પ્રમાણમાં જાગી છે. એવી રીતે ચારિત્રની પૂજા થાય છે એવું જ્ઞાન જો તેમને થાય તો અવશ્ય જ આજની કઢંગી સ્થિતિ બદલાઇ જાય અને દરેક ભાઈ બ્હેન ઉચ્ચ ચારિત્ર્ય કેળવવા આતુર બને. આખો દેશ અદ્ભુત સભ્યતા અને પૂજાપાત્રતાથી દીપી ઉઠે.

## વીસમો પરિચ્છેદ

### પૂજાવિધિ

પ્રાતઃકાળ અને તેટલું વહેલું જાગો ને શાંતચિત્તથી નીચેના આ ૬ શ્લોકો બોલવા—

प्रातःस्मरणषट्कम्

यत्कीर्तनादमितमानसदोषकोष-
शोषो भवत्यनुदिनं त्वयि संगतानाम् ।।
कारुण्यभूषणविभूषितमानसे ऽम्ब,
प्रातर्भजामि तव नाम तदेव हृद्यम् ।।१।।

'જેના કીર્તન કરવાથી તમારા ભક્તોના અનંત માનસિક દોષોનો ક્ષય થાય છે, હે પરમકૃપાળુ બા, તમારાં તે પ્રિય નામનું હું પ્રાતઃસ્મરણ કરું છું.' ।।૧।।

फुल्लारविन्दसुकुमारमनोज्ञपाद-
द्वन्द्वं नखच्छविविवृद्धमहाप्रभाकम् ।
देवाधिदेवपरिलालितमिष्टदोहं,
प्रातर्नमामि तव मातरनाथनाथम् ।।२।।

'હે બા, હું પ્રાતઃકાળે તમારા તે ચરણોને નમસ્કાર કરું છું કે જે ખિલેલા કમળ જેવા સુકુમાર અને સુંદર છે, નખોની શોભાને લીધે જેની શોભા વધી ગઈ છે, દેવોનો દેવ પણ જેની સેવા કરે છે, જે સર્વ કામનાને પૂર્ણ કરનાર છે, તેમ જ જે અનાથોનો એકમાત્ર નાથ છે.' ।।૨।।

यां पादरेणुकणिकां परिरभ्य विष्णुः,
श्रीशङ्करोपि चतुरानन ईश्वरोपि ।
कार्तार्थ्यमात्मजनुषो हृदयेन मेने,
तां प्रातरम्ब तव मच्छिरसा वहामि ।।३।।



'બા, આપના ચરણકમળના રેણુના જે કણને ધારણ કરીને બ્રહ્મા, વિષ્ણુ અને શંકર જેવા ઈશ્વર પણ પોતાના જન્મને કૃતાર્થ માને છે, તે જ રજઃકણને હું પ્રાતઃ મારા મસ્તકપર ધારણ કરું છું.' ।।૩।।

यत्ते ऽकलङ्कि वदनं कलयन् कलङ्की,
लज्जाभरं शशधरो वहमान एव ।
रात्रिंचरो भवति तत्कृतकीर्ति मातः,
प्रातः स्मरामि सुभगं स्वहितार्जनाय ।।४।।

'બા, ચંદ્રમાને લોકો ખૂબ સુંદર ગણે છે. અને તેથી સુંદર મુખ માટે તેની જ ઉપમા અપાય છે. પણ જ્યારે તેણે તમારા કલંક વગરનું મુખ જોયું, ત્યારે તે કલંકી ચંદ્ર લજ્જિત થઈ ગયો. તેને લીધે જ તે દિવસે કોઈને પોતાનું મુખ દેખાડતો નથી અને રાત્રે નીકળે છે. એવા તમારા યશસ્વી અને સુંદર મુખનું હું મારા કલ્યાણ માટે પ્રાતઃસ્મરણ કરું છું.' ।।૪।।

दृष्ट्वैव यत्कमलमेति नताननत्वं,
चन्द्रः क्षयार्तिपरिपीडितकान्तिकत्वम् ।
दन्तच्छटाच्छुरितमम्ब तदेव कम्रं,
प्रातः स्मरामि मुखमात्महिताय देवि ।।५।।

'બા, કમળ બહુ સુંદર હોય છે પણ તે પણ તમારું મુખ જોઇ લજ્જા પામે છે. ચંદ્રમાને તો તે મુખ જોઈ ક્ષયરોગ થઈ જાય છે અને તેથી તેની કાંતિ લેવાઈ જાય છે. દંતોની શોભાથી શોભતાં એવાં તમારાં સુંદર મુખનું હું મારા કલ્યાણ માટે પ્રાતઃકાળે સ્મરણ કરું છું.' ।।૫।।

संसारभीषणमहोरगभीषितानां,
त्राणाय ते जलजपादसमाश्रितानाम् ।

नॄणां प्रकम्पहृदयाशमनन्तशोभं,

प्रातः स्मरामि तव तत्स्मितमम्ब शुभ्रम् ॥६॥

'જે લોકો સંસારરૂપ મહાભયંકર સર્પથી ભય પામીને રક્ષા માટે તમારાં ચરણકમળોનો આશ્રય લે છે, તેના ઋણ માટે, તેમના ધ્રુજતાં હૃદય જેની આશામાં છે એવું અનંત શોભવાળું જે તમારું નિર્મળ સ્મિત-મંદહાસ્ય છે, તેને હું પ્રાતઃકાળે સ્મરું છું: ॥૬॥

इति श्रीपरमहंसपरिव्राजक-स्वामिश्रीभगवदाचार्यमहाराजकृतं

प्रातःस्मरणषट्कं समाप्तम्

ત્યાર પછી શૌચ, દંતધાવન, સ્નાનાદિ નિત્યક્રિયા કરી પોતાના ઇષ્ટદેવની જ્યાં સ્થાપના કરી હોય ત્યાં જવું. તે સ્થાન કે ઓરડીનું નામ મંદિર પાડવું. ત્યાં શાન્તિથી બેસી જવું. ધૂપદીપ કરી લેવા. પછી બાને જગાડવા માટે મન્દસ્વરથી આ શ્લોક બોલવો—

मातर्गतास्ति रजनी, नयनावलम्बां,

निद्रां जहीहि भवतात्तव सुप्रभातम् ।

सद्रक्षि अक्षियुगलं करुणानिधे त्वं,

प्रोद्घाट्य वीक्षणपरा भवतात् त्रिलोक्याः ॥१॥(मम)

'મા, રાત્રિ વીતી ગઈ છે. આંખમાં રહેલી ઉંઘને હવે છોડો. આ પ્રભાત મંગળકારી નિવડો. હે દયાળુ બા, સજ્જનોની રક્ષા કરનારી આ આંખોને ઉઘાડી ત્રણે લોકની દેખભાલ કરો.'

પ્રાતઃકાલિક કૃત્યમાં દેવનું-ઇષ્ટદેવનું ધ્યાન ધરવું, એ જ મુખ્ય અને મહત્ત્વની વસ્તુ છે. પણ ધ્યાન ધરતાં પહેલાં, દેવને જગાડ્યા પછી, બીજી પૂજાની વિધિઓ શ્રદ્ધા સાથે શાંતચિત્તે કરી લેવી જોઇએ. પ્રથમ આહ્વાન કરવું જોઈએ. આહ્વાન પણ પૂજાનું એક અંગ છે. જે દેવી કે દેવને ઉપાસક ઉપાસતો હોય તેનું સાંનિધ્ય ત્યાં હોવું જ જોઇએ.



દેવો અથવા મૃત આત્માઓ આહ્વાન કરવાથી ત્યાં આવી જાય છે. પણ ઉપાસકની શ્રદ્ધા, શક્તિ, માનસિક પવિત્રતા કેટલી છે, તેના ઉપર દેવો અને મૃતાત્માઓનાં આગમન અને અનાગમન અવલંબે છે. પણ આવે છે અવશ્ય. એ અનુભૂત વિષય છે.

કોઈ દેવીનું આહ્વાન કરવું હોય તો આ રીતે બોલવું—

१-भगवति दुर्गे तव पूजनमहं करिष्ये, कृपया अत्र आगच्छ आगच्छ आगच्छ ।

२-भगवति लक्ष्मि तव पूजनमहं० ।

३-भगवति सुरुचे तव पूजनमहं० ।

કોઈ દેવનું આહ્વાન કરવું હોય તો આ પ્રમાણે બોલવું—

१-भगवन् राम तव पूजनमहं करिष्ये, कृपया अत्र आगच्छ आगच्छ आगच्छ ।

२-भगवन् हरे तव पूजनमहं० ।

३-भगवन् भानो तव पूजनमहं० ।

४-भगवन् धातः तव पूजनमहं० ।

આ રીતે નામો ગોઠવવાં જોઈએ. એની પદ્ધતિ કઠણ નથી, બહુ સરળ છે. ધ્યાન આપશો તો તરત આવડી જશે. આપણા દેવો કે દેવીઓનાં નામો લગભગ એવાં હોય છે કે જેના અંતે અ, ઇ, ઉ; આ, ઇ, ઈ, ઉ, ઊ હોય છે.

જો અંતમાં અ હોય તો તે નામને એમને એમ બોલવું. કશો ફેરફાર કરવો નહિ. જેમકે राम, कृष्ण, शिव, शङ्कर, गणेश, सूर्य.

જો અંતે ઇ હોય તો તેને **એ** કરીને બોલવું. જેમકે हरिने બદલે हरे मुनिने બદલે मुने. यतिने બદલે यते. पतिने બદલે पते

જો અંતે ઉ હોય તો તેને **ઓ** કરીને બોલવું. જેમકે-भानुने

બદલે भानो. शम्भुને બદલે शम्भो. गुरुને બદલે गुरो.

જો અંતે ઋ હોય તો અર્ કરીને બોલવું. જેમકે–धातृને બદલે धातर्; भ्रातृને બદલે भ्रातर्.

આ ચારે ઉદાહરણો નરજાતિ માટે છે. એના પૂર્વે भगवन् શબ્દ જોડી દેવો.

હવે નારીજાતિના શબ્દો માટે ધ્યાન આપો—

જો અંતે **આ** હોય તો તેને એ કરો. જેમકે–रमाને બદલે रमे. सीताને બદલે सीते. दुर्गाને બદલે दुर्गे. शीतलाને બદલે शीतले. ताराને બદલે तारे. तरलाને બદલે तरले.

જો અંતે હ્રસ્વ ઇ હોય તો તેને નરજાતિની પેઠે જ **એ** કરી દેવો. જેમકે– सुरुचिને બદલે सुरुचे. सुबुद्धिને બદલે सुबुद्धे. रतिને બદલે रते.

જો અંતે દીર્ઘ ઈ હોય તો તેને હ્રસ્વ ઇ કરો. જેમકે—लक्ष्मीને બદલે लक्ष्मि. कालीને બદલે कालि. देवीને બદલે देवि.

જો અંતે હ્રસ્વ ઉ હોય તો નરજાતિની પેઠે જ તેને **ઓ** કરો. જેમકે—तिग्मभानु ને બદલે तिग्मभानो.

જો અંતે દીર્ઘ ઊ હોય તો તેને હ્રસ્વ ઉ કરો. જેમકે— सुभ्रूને બદલે सुभ्रु.

હ્રસ્વ ઉ અંતવાળાં અને દીર્ઘ ઊ અંતવાળાં નામો ઓછાં મળશે. પણ પદ્ધતિ એ જ છે.

નારીજાતિનાં નામને પૂર્વે भगवति શબ્દ જોડી દેવો. આહ્‌વાન કરતાં પહેલાં તમારી પૂજાની જગ્યાને પવિત્ર કરી રાખો. દેવને માટે આસન પાથરી રાખો. જળ, પુષ્પ, હાર, તુલસી, અગરબત્તી, દીપ આદિ પૂજાનાં સાધનો તૈયાર રાખો. રામ હોય કે શંકર હોય કે કોઈ દેવી હોય, બધાંની પૂજામાં બને તેટલાં સારાં અને સુગંધિત પુષ્પોનો ઉપયોગ કરવો. લોકોની માન્યતા છે કે શંકર વિષપાન કરી ગયા હતા અને સ્વભાવે તે



ક્રૂર છે માટે તેમની પૂજામાં ધતૂરા અને આકડા આદિ પુષ્પોનો ઉપયોગ કરાય છે. એ અનુચિત છે. જે દેવને પૂજો તેમાં દુર્ગુણની તો ભાવના જ ન હોવી જોઈએ. મારો દેવ સર્વસદ્‌ગુણસંપન્ન છે, સાત્ત્વિક છે, દયાળુ છે, ઉદાર છે એવા એવા ગુણોની જ કલ્પના કરવી જોઈએ. માટે દરેક દેવની પૂજામાં સુગંધિત પુષ્પોનો જ ઉપયોગ કરવો. શંકરની લિંગપૂજા કરતાં વિગ્રહપૂજા વધારે ઇષ્ટ છે. અને તે વિગ્રહપૂજા અન્ય દેવોની પૂજા જેવી જ હોવી જોઈએ. દરેક દેવની પૂજામાં તુલસીપત્રનો ઉપયોગ કરવો જોઈએ. હારીતે લખ્યું છે કે—

तुलसीमञ्जरीभिर्यः कुर्याद्धरिहरार्चनम् ।
न स गर्भगृहं याति मुक्तिभागी भवेन्नरः ॥

'જે તુલસીની મંજરીથી હરિ અને હરની પૂજા કરે છે, તે ફરી ગર્ભમાં આવતો નથી અને મુક્તિ મેળવે છે.' તેથી પૂજામાં તુલસીમંજરીનો પણ ઉપયોગ કરી લેવો. તે સુગંધિત પણ છે અને ઔષધિરૂપ પણ છે.

દેવની પૂજામાં વાસી ફૂલ અને જળનો ઉપયોગ કરવો નહિ. બને ત્યાં સુધી તાજાં પુષ્પ ભેગાં કરો અને તાજું પાણી વાપરો. પણ જ્યાં એવી સગવડ ન હોય ત્યાં અનુકૂળતા પ્રમાણે વર્તવું. પૂજાનું મુખ્ય સાધન પવિત્ર મન અને શ્રદ્ધા છે. એ બે વસ્તુઓ જો ઉપાસકની પાસે હશે તો અન્ય સાધનો વિના પણ પૂજા પૂર્ણ થઈ ગણાશે.

પૂજા સમયે પ્રાતઃ પૂર્વે અથવા ઉત્તર દિશામાં અને સાયંકાળે પશ્ચિમ અથવા દક્ષિણ દિશામાં મુખ કરીને બેસવું જોઈએ.

પૂજા પ્રારંભ કરો તે પહેલાં જ સ્નાનાદિ કરીને એક માળા ગાયત્રી અથવા રામમંત્ર અથવા શિવમંત્રનો જપ કરી લેવો જોઇએ. તે પછી ધૂપ સળગાવીને દેવનું આવાહન કરવું જોઈએ.

આખો પૂજા ક્રમ આ પ્રમાણે રાખવો—

૧-સ્નાન, ૨-જપ, ૩-ધૂપ, ૪-આવાહન, ૫-પૂજન.

પૂજન માટે મન્ત્રનો ઉપયોગ કરવો હોય તો આ પુરુષસૂક્તનો ઉપયોગ કરવો—

આહ્વાનમન્ત્ર—ॐ सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात्। स भूमि ँ सर्वतस्पृत्वात्यतिष्ठद्दशाङ्गुलम् ॥ આ મંત્ર બોલીને પહેલાં જે પ્રમાણે સમજાવ્યું છે તે પ્રમાણે 'भगवति दुर्गे तव पूजनमहं करिष्ये, कृपया आगच्छ आगच्छ आगच्छ' ઇત્યાદિ બોલી જવું. ત્યાર પછી સમજી જવું કે દેવ આવી ગયા છે. તે સમયે ખૂબ શાંતિ જાળવવી. કોઇને ત્યાં આવવા દેવું નહિ. પછી દેવને આસન આપો છો એવી ધારણા રાખીને નીચેનો મન્ત્ર બોલવો–

આસનમન્ત્ર—ॐ पुरुष एवेद ँ सर्वं यद् भूतं यच्च भाव्यम्। उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति ॥ આ મંત્ર બોલીને આસન આપવાની ભાવના કરવી. પછી પાદ્ય એટલે પગ ધોવાનું જળ આપવાની ભાવના કરવી અને નીચેનો મંત્ર બોલવો—

પાદ્યમંત્ર—ॐ एतावानस्य महिमातो ज्यायांश्च पूरुषः। पादोस्य विश्वा भूतानि त्रिपादस्यामृतं दिवि ॥ આ મંત્ર બોલીને આચમનથી જળ તરભાણામાં નાખવું. અને ભાવના કરવી કે દેવના ચરણપ્રક્ષાલન કરો છો. ત્યાર પછી અર્ઘ્ય એટલે હાથ ધોવાનું પાણી આપો છો એવી ભાવના કરો અને નીચેનો મંત્ર બોલો—

અર્ઘ્યમન્ત્ર—ॐ त्रिपादूर्ध्व उदैत्पुरुषः पादोस्येहाभवत्पुनः। ततो विष्वङ् व्यक्रामत् साशनानशने अभि ॥ આ મંત્રથી દેવના હાથ ધોવરાવી નીચેના મંત્રથી આચમન કરાવવું.

આચમનમન્ત્ર—ॐ ततो विराडजायत विरागो अधिपूरुषः। स जाता अत्यरिच्यत पश्चाद् भूमिमथो पुरः ॥ આ મંત્ર ત્રણ વાર બોલો અને ત્રણ વાર દેવને આચમન કરાવો. ઉપયુક્ત બધું પાણી તરભાણામાં જ છોડતા જાવ. પછી દેવને સ્નાન કરાવવાની ભાવનાથી નીચેનો મંત્ર બોલો–



સ્નાનમન્ત્ર—ॐ तस्माद्यज्ञात् सर्वहुतः संभृतं पृषदाज्यम्। पशूंस्तांश्चक्रे वायव्यानारण्या ग्राम्याश्च ये ॥ આ મંત્ર બોલતાં ભાવના કરવી કે સુગંધિત દ્રવ્યોથી દેવને સ્નાન કરાવો છો. પછી વસ્ત્ર પહેરાવવા માટે નીચેનો મંત્ર બોલો–

વસ્ત્રમન્ત્ર—तस्माद्यज्ञात् सर्वहुत ऋचः सामानि जज्ञिरे। छन्दांसि जज्ञिरे तस्माद्यजुस तस्मादजायत ॥ આ મંત્રથી વસ્ત્ર પહેરાવવાની ભાવના કરી અલંકાર પહેરાવવા માટે નીચેનો મંત્ર બોલો–

અલંકાર મન્ત્ર—ॐ तस्मादश्वा अजायन्त ये के चोभयादतः। गावो ह जज्ञिरे तस्मात् तस्माज् जाता अजावयः ॥ આ મંત્રથી અલંકાર ધારણ કરાવો છો એવી ભાવના કરીને નીચેના મંત્રથી દેવની આગળ સુગંધિત દ્રવ્ય મૂકો છો એવી ભાવના કરો–

ગંધમંત્ર–ॐ तं यज्ञं बर्हिषि प्रौक्षन् पुरुषं जातमग्रतः। तेन देवा अयजन्त साध्या ऋषयश्च ये ॥ ગંધ અર્પણ કરીને નીચેના મંત્રથી પુષ્પ અર્પણ કરો—

પુષ્પમંત્ર—ॐ यत् पुरुषं व्यदधुः कतिधा व्यकल्पयन्। मुखं किमस्यासीत् किं बाहू किमूरू पादा उच्येते ॥ આ મંત્રથી પુષ્પ દેવના ચરણે અર્પણ કરીને નીચેના મંત્રથી ધૂપ દેવો.

ધૂપમંત્ર—ॐ ब्राह्मणोस्य मुखमासीद् बाहू राजन्यः कृतः। ऊरू तदस्य यद् वैश्यः पद्भ्यां शूद्रो अजायत ॥ આ મંત્રથી ધૂપ સળગાવી દેવનાં સમીપે એવી રીતે મૂકવો કે દેવને અકળામણ ન જણાય. પછી નીચેનો મંત્ર બોલીને ઘૃતનો અથવા તેલનો દીપ સળગાવો—

દીપમંત્ર—ॐ चन्द्रमा मनसो जातश् चक्षोः सूर्यो अजायत। श्रोत्राद् वायुश्च प्राणश्च मुखा-दग्नि-रजायत ॥ એનાથી દીપ સળગાવીને દેવની જમણી બાજુએ મૂકો. પછી નીચેનો મંત્ર બોલી દેવને નૈવેદ્ય ધરાવો. નૈવેદ્યમાં ફળ, સૂકા મેવા, સાકર, દૂધ આદિનો ઉપયોગ કરો.

નૈવેદ્યમંત્ર—ॐ नाभ्या आसी–दन्तरिक्षं शीर्ष्णो द्यौः समवर्तत। पद्भ्यां भूमिर् दिशः श्रोतात् तथा लोकां २॥ अकल्पयन्॥ નૈવેદ્ય અર્પણ કરીને ફરીથી ઉપર જણાવેલ અર્ઘ્યમંત્ર બોલીને હાથ ધોવરાવવાની અને આચમનમંત્ર બોલીને આચમન કરાવવાની ભાવના કરો. ત્યાર પછી નીચેનો મંત્ર બોલી પાન, એલચી, લવિંગ, તજ આદિ મુખશુદ્ધિ માટે દેવને અર્પણ કરો—

તાંબૂલમંત્ર—यत् पुरुषेण हविषा देवा यज्ञमतन्वत। वसन्तो-स्यासीदाज्यं ग्रीष्म इध्मः शरद् धविः॥ આ મંત્રથી તાંબૂલ (પાન) આદિ અર્પણ કરીને નીચેના મંત્ર બોલીને દેવની પ્રદક્ષિણા કરો—

પ્રદક્ષિણામંત્ર—ॐ सप्तास्यासन् परिधयस् त्रिः सप्त समिधः कृताः। देवा यद् यज्ञं तन्वाना अबध्नन् पुरुषं पशुम्॥ આ મંત્રથી પ્રદક્ષિણા કરી, નીચેનો મંત્ર બોલી દેવને નમસ્કાર કરવો—

નમસ્કારમંત્ર—ॐ यज्ञेन यज्ञमयजन्त देवास् तानि धर्माणि प्रथमान्यासन्। ते ह नाकं महिमानः सचन्त यत्र पूर्वे साध्याः सन्ति देवाः॥ આ મંત્રથી નમસ્કાર કરવો. નમસ્કાર માટે શાસ્ત્રમાં આજ્ઞા છે કે બન્ને પગ, બન્ને હાથ, છાતી અને માથું એ છ અવયવોને જમીન સાથે અડાડો. હાથ ને પગને લાંબા કરો. મનમાં શ્રદ્ધા રાખો અને વચનથી કંઈક સ્તુતિ આદિ બોલો. એ અષ્ટાંગ નમસ્કાર કહેવાય છે. પણ બહેનો માટે અષ્ટાંગ નહિ, પંચાંગ નમસ્કારની આજ્ઞા છે. તે એ પ્રમાણે કે ઘુટણીએ બેસીને બન્ને હાથ જોડી માથું જમીનમાં અડાડો. મન અને વાણીનો પૂર્વવત્ ઉપયોગ કરવો.

પૂજાના સંબંધમાં એક સૂચના. જો કોઈને આ ષોડશોપચાર પૂજન ગમતું ન હોય કે અનુકૂળતા ન હોય તેઓ પત્ર, પુષ્પ, ફળ તોય એટલે જળથી પણ કામ ચલાવી શકે છે. દેવ એનાથી પણ સંતુષ્ટ થઈ જાય છે. દરેક વસ્ત્ર ઉપાસકની શ્રદ્ધા અને યોગ્યતા ઉપર જ



આધાર રાખે છે. પૂજાની વિધિમાં ઘટ-વધ ઉપાસક અવશ્ય કરી શકે છે. વધારવાની મુખ્ય વસ્તુ તો શ્રદ્ધા અને પ્રેમ છે. ભગવાનને–દેવને એ બે વસ્તુ સિવાય બીજી કોઈ વસ્તુ ખપતી નથી. પૂજનપદ્ધતિ તો વાતાવરણને શાંત અને પવિત્ર બનાવવા માટે જ છે.

## આરતી સ્તુતિ પ્રાર્થના

મેં જે રીતે ભક્તિ કરી છે અને તેનાથી જે રીતે નાની મોટી કેટલીક સિદ્ધિઓ મેળવી છે તે બધી રીતે તો અહિં લખી શકાય તેમ નથી જ. નિસ્સ્વાર્થ અનન્ય ભકતો સિવાય કોઈને બતાવી શકાય તેમ પણ નથી. પણ **મા**ની આરતી માટે, સ્તુતિ માટે મેં જે પદો રચ્યાં છે, તે જોકે મારી ભક્તિ, મારી ભાવના અને મારી શ્રદ્ધાને જ અનુસરે છે; છતાં બીજાં ભક્ત ભાઈ–બહેનોને પણ પરમ લાભકારક થશે એમ માનીને હું તે બધી વસ્તુઓનો અહિં ઉલ્લેખ કરું છું. તે સંસ્કૃત અને હિન્દી ભાષામાં છે તેથી ગૂજરાતી અનુવાદ પણ સાથે આપું છું. હું અનંતશક્તિસંપન્ન પરમકરુણાર્ણવ મારાં બાને પ્રાર્થું છું કે આ પદોનો ઉપયોગ કરનારાઓનાં કલ્યાણ અને પરમ કલ્યાણ સાધવા કૃપા કરજો બા!

### आरती

जय जय बा सुखदे,<br>
जय जय मा शिवदे॥

સુખ આપનારાં અને મોક્ષ આપનારાં હે બા, તમારો જય થાવ.

तुम बा चिद्घनरूपा, तुम आनन्दस्वरूपा।<br>
ज्ञानज्योति जगावो, तुम हो ज्योतीरूपा॥१॥ जय०॥

મા, તમે ચિદ્ઘનરૂપ છો એટલે ચિત્સ્વરૂપ છો, તમે આનન્દસ્વરૂપ છો અને તમે જ્યોતિઃસ્વરૂપ છો–પ્રકાશસ્વરૂપ છો, તેથી મારા માટે જ્ઞાનની જ્યોતિ પ્રગટાવવા કૃપા કરો. સત, ચિત, આનન્દ એ ત્રણે ઉપનિષત પ્રતિપાદિત બ્રહ્મસ્વરૂપ છે. જેમકે–

"सत्यं ज्ञानम् अनन्तं ब्रह्म, तद्विज्ञानेन परिपश्यन्ति धीरा आनन्दरूपममृतं यद्विभाति" "आनन्दं ब्रह्मणो विद्वान्, चिद्धीदं सर्वं, सद्धीदं सर्वम्"

જો કે આ બધાં વિશેષણો બ્રહ્મ શબ્દનાં છે. બ્રહ્મ શબ્દ નાન્યતર જાતિનો છે. અહીં બા કે મા શબ્દ નારી જાતિનો છે, તેથી નાન્યતર જાતિનાં વિશેષણો નારી જાતિને લાગી શકે નહિ; તથાપિ પરમાત્માને માટે બ્રહ્મ અને બા, કે મા આ બધા શબ્દો કલ્પિત જ છે. બ્રહ્મ કે પરમાત્મા કોઈ શબ્દથી કહી શકાય નહિ, સમજાવી પણ શકાય નહિ કેમકે न तत्र वाग् गच्छति, न मनो गच्छति, આ ઉપનિષદના વચન પ્રમાણે કોઈ શબ્દ બ્રહ્મને કહેવા માટે સમર્થ નથી, છતાં વ્યવહાર માટે થોડા શબ્દો યોજવામાં આવ્યા છે. તેમાં પરમાત્મા, પરમેશ્વર આદિ શબ્દો નર જાતિના છે, બ્રહ્મ શબ્દ નાન્યતર જાતિનો છે. બા, મા, જનની, અંબા જગદંબા આદિ શબ્દો નારી જાતિના છે. એક જ તત્ત્વને કહેવા માટે ત્રણે લિંગના શબ્દો વપરાય છે. માટે બધાં વિશેષણો બધાંને માટે ન્યાયસંગત છે. તે પરતત્ત્વ દેહધારી નથી, મનુષ્ય નથી, પશુ પક્ષી નથી, તેથી તેની કોઈ વિશિષ્ટ જાતિ નથી. તેથી શ્વેતાશ્વતર ઉપનિષદ્માં કહ્યું છે કે-

नैव स्त्री न पुमानेष न चैवायं नपुंसकः ।
यद्यच्छरीरमादत्ते तेन तेन स युज्यते ॥

એટલે તે પરમાત્મા નથી સ્ત્રી, નથી પુરુષ અને નથી નપુંસક. જે જે શરીર સાથે તેનો સંબંધ થાય છે એટલે કાર્યવશાત્ તે જે જે શરીરનો સંચાલક બને છે તે શરીર પ્રમાણે જ તેની જાતિ ઓળખાય છે. તેથી જ તે જ ઉપનિષદ્માં એમ પણ કહ્યું છે કે 'તું સ્ત્રી પણ છે, અને પુરુષ પણ છે, તું કુમાર પણ છે અને કુમારી પણ છે, તું યુવા



પણ છે.' માટે ઉપનિષદ્માં કે વેદોમાં જે જે વિશેષણો અને વર્ણનો બ્રહ્મને માટે છે તે બધાં બાને માટે પણ સમજવાં. ॥૧॥

रोम रोम के मेरे, तुम एक स्वामिनी बा हो ।
हृदय गगनमें मोद-मेघकी, दिव्य-दामिनी बा हो ॥२॥जय०॥

બા, તમે મારા એકેક રોમનાં એકમાત્ર સ્વામિની છો. આ શરીર આપને જ અર્પિત છે. અર્પિત વસ્તુમાંથી અર્પણ કરનારનું સ્વામિત્વ જતું રહે છે. તેથી આ શરીરનાં તમે જ અધિષ્ઠાત્રી છો. મારા હૃદયરૂપ આકાશમાં આનન્દરૂપ મેઘની તમે દિવ્ય દામિની છો—પ્રકાશમયી વીજળી છો. જેમ વીજળી વગર મેઘની શોભા નહીં તેમ જો આ હૃદયમાં આનન્દનો પ્રવાહ તમારામાંથી જ ઝરતો ન હોય તો તેની કોઈ શોભા નહિ. લૌકિકાનન્દ ક્ષણિક છે. મારે તો સ્થાયી આનન્દ જોઈએ. તે તો કેવળ તમારા ચરણારવિન્દમાંથી જ પ્રવાહિત થઈ શકે છે. ॥૨॥

हृत्तन्त्रीके तार तार तुम, नेत्रोंके हो तारा ।
हृदयपटलके महादेव तुम, मुक्तिश्रीके द्वारा ॥३॥जय०॥

મારા હૃદયરૂપ વીણાના એકેક તાર તમે જ છો. મારી આંખનો પ્રકાશ પણ તમે જ છો. હૃદયમાં વિરાજમાન મારો મહાન દેવ પણ તમે જ છો, અને બા, મુક્તિનું સાધન પણ તમે જ છો. ગમે તેટલી વાર કહીએ કે 'વીણા મધુર મધુર કુછ બોલ' પણ જેમ તાર વગર વીણા બોલતી નથી તેમ જ આ હૃદય, બા, તમારા વિના નિશ્ચેતન જ રહેવાનું. એમાં તમે વિરાજતાં હો તો જ એ પ્રફુલ્લિત રહી શકે છે. 'तस्य भासा सर्वमिदं विभाति' ઉપનિષદ કહે છે કે તમારા પ્રકાશથી જ બધું પ્રકાશિત છે અને તમારા ચૈતન્યથી જ જ્યાં ત્યાં ચેતનતા પ્રતીત થાય છે. "ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः" બા, તમારાં દર્શનથી જ જીવો અનંતકાળથી યોજાયેલા બંધનમાંથી છૂટી શકે છે. ॥ ૩ ॥

तुम सर्वग सवज्ञा, तुम मायासे पर हो ।
मैं तुममें हूं, तुम मुझमें हो, तो भी बा तुम पर हो ।।४।।जय०।।

મુંડક ઉપનિષદમાં કહ્યું છે કે 'ते सर्वगं सर्वतः प्राप्य धीरा युक्तात्मानः सर्वमेवाविशन्ति' જ્ઞાનતૃપ્ત વીતરાગ ઋષિઓ તે સર્વગ-સર્વવ્યાપક પરમાત્માનાં બધી દિશાઓમાં અને બધી વસ્તુઓમાં દર્શન પ્રાપ્ત કરે છે. પછી પોતે પણ બધાંમાં પ્રવિષ્ટ થઈ જાય છે. 'ब्रह्मविद् ब्रह्मैव भवति' બ્રહ્મને જાણનાર બ્રહ્મરૂપ જ થઈ જાય છે. જેમ બ્રહ્મ સર્વવ્યાપક છે તેમ તે બ્રહ્મજ્ઞાની પણ સર્વવ્યાપક બની જાય છે. તે સર્વ થઈ જાય છે. શ્વેતાશ્વતરમાં કહ્યું છે કે 'वेदाहमेतमजरं पुराणं सर्वात्मान सर्वगतं विभुत्वात्' તે આત્મા અજર છે, પુરાણ છે-એટલે અનાદિ છે, સર્વના આત્મરૂપ છે અને સર્વગત-વ્યાપક છે. આ શ્રુતિપ્રમાણે જ કહેવાયું છે કે 'હે બા, તમે સર્વગ-સર્વ-વ્યાપક છો.' મુંડક ઉપનિષદમાં બ્રહ્મને માટે કહ્યું છે કે 'यः सर्वज्ञः सर्वविद्' બ્રહ્મ સર્વજ્ઞાતા છે. તેને અનુસરીને બાને પણ અહીં કહેવામાં આવ્યું છે કે તમે સર્વજ્ઞ છો-કોઈ વસ્તુ કોઈ બનાવ તમારા જ્ઞાનથી બહાર નથી. કેમકે તમે માયાથી પર છો. સર્વજ્ઞતાનો માયા જ પ્રતિબંધિકા છે. તમે માયાથી પર છો તેથી તમે સર્વજ્ઞાનસંપન્ન છો, તમે માયાતીત છો અને માયાના સ્વામિની છો. 'मायां तु प्रकृतिं विद्यात् मायिनं तु महेश्वरम्' આ શ્રુતિવચનપ્રમાણે તમે માયાને વશમાં રાખનારાં મહેશ્વરી છો. હું તમારો આશ્રિત છું એટલે તમારામાં રહું છું. તમે મારા ઉપાસ્ય દેવ છો માટે મારા હૃદયમાં તમે રહો છો. વ્યાપક થઈને પણ તમે એક અલ્પ-પરિમાણવાળી વસ્તુમાં રહો છો ત્યારે તમે પોતે પણ અલ્પપરિમાણવાળાં જ હશો, એવી શંકાનું નિવારણ કરવા સારું કહે છે કે, ના, બા, તોપણ—તમે મારા અલ્પપરિમાણવાળાં હૃદયમાં વિરાજો છો તો પણ, તમે પર છે.—પરાત પર છો-વ્યાપક છો. ॥ ૪ ॥



तुम करुणानिधि सुषमानिधि हो, तुम बा कृपास्वरूपा ।
भक्तवत्सला तुम अतिशय हो, परमक्षमास्वरूपा ।।५।।जय०।।

બા, તમે કરુણાસાગર છો, તમારી શોભા અપાર છે. તમે કરુણાનો અવતાર છો, ભકતો ઉપર અપાર પ્રેમની ધારા વહેવડાવનારાં છો અને તમારી ક્ષમાશકિતનો તો પાર જ નથી. બાળકો ગમે તેવા અને તેટલા અપરાધ કરે છતાં તમે તેની ઉપેક્ષા જ કરતાં રહો છો. ॥૫॥

तुम उदार हो, परमधर्ममय, जीवन जननि तुमारा।
धर्मभाव मुझमें भी स्थापो, कृपया देहु सहारा ।।६।।जय०।।

બા, તમે ઉદાર છો. તમારા બાળકોને જે જોઈએ, આપ્યાં જ કરો છે. તમારું જીવન ધર્મમય છે. કૃપા કરો અને મારામાં પણ ધર્મની ભાવના પ્રગટાવો. કૃપયા સહાયતા કરો. ॥ ૬ ॥

तजि सब जगत तुमारे ही बा, चरणशरण अब आया।
अन्धकारमें कुछ नहिं सूझे, दूर करो बा माया ।।७।।जय०।।

બા, નિખિલ જગત અને જગતની અખિલ વસ્તુઓ ત્યજીને હવે તો તમારા ચરણોની શરણે આવ્યો છું, માયાના-અજ્ઞાનના અંધકારમાં-એટલે અજ્ઞાનરૂપ-અંધકારમાં કશું સૂઝતું નથી-એટલે આત્મસ્વરૂપ ઓળખાતું નથી. માટે મારી માયાને, મારી અવિદ્યાને દૂર કરો. ॥૭॥

ज्ञान विवेक हृदयमें उपजें, मन तुमको ही ध्यावे।
ऐसी कृपा करो माताजी, जन्म-मरण मिट जावे ।।८।।जय०।।

મા, મને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાવ અને સત-અસતનો વિવેક કરતાં મને આવડે, જેના પરિણામે મારું મન તમારાં જ ધ્યાનમાં ડૂબેલું રહે. બા, એવી કૃપા કરો જેથી મારાં જન્મ અને મરણ બન્ને મટી જાય. એટલે અવિદ્યાનો નાશ થાય અને સ્વ-રૂપની પ્રાપ્તિ થાય. ॥૮॥

तुम वैश्वानर तुम तैजस हो, प्राज्ञ हमारे तुम हो ।
तुम तुरीय हो, उससे पर हो, सब ही कुछ बा तुमहो॥९॥जय०॥

જીવ દશામાં શરીરની ત્રણ અવસ્થા સ્વીકારવામાં આવી છેઃ જાગ્રત, સ્વપ્ન, અને સુષુપ્તિ. ત્રણે અવસ્થાના અભિમાની આત્માનાં જુદાં જુદાં નામો પાડવામાં આવ્યાં છે. જાગ્રત અવસ્થામાં સૂક્ષ્મશરીર, સ્થૂળ શરીર અને કારણ શરીરનો અભિમાની જીવ વૈશ્વાનર અથવા વિશ્વ કહેવાય છે. સ્વપ્ન અવસ્થામાં સ્થૂળ અને કારણ શરીરનો અભિમાની જીવ તૈજસ કહેવાય છે. સુષુપ્તિ અવસ્થામાં કારણ શરીરનો અભિમાની જીવ પ્રાજ્ઞ કહેવાય છે. માંડૂક્ય ઉપનિષદમાં વિશ્વના બદલે વૈશ્વાનર શબ્દ વપરાયો છે. ત્યાં વિશ્વના પાંચ વિશેષણો કહ્યાં છેઃ જાગરિતસ્થાન, બહિઃપ્રજ્ઞ, સપ્તાંગ, એકોનવિંશતિમુખ, અને સ્થૂલભુક્.

૧ જાગરિત અવસ્થા વિશ્વનું સ્થાન છે.
૨ સ્વાત્મા સિવાય બીજા પદાર્થોનો એટલે બાહ્યપદાર્થોનો જેને ભાસ થયા કરે છે.
૩ દ્યુલોક, શિર, સૂર્ય ચક્ષુ, વાયુ પ્રાણ, આકાશ મધ્યભાગ, (કટિ), ઉદક (જળ) બસ્તિ (મૂત્રસ્થાન), પૃથ્વી ચરણ, આહવનીય અગ્નિ મુખ, એ સાત જેનાં અંગો છે.
૪ ૫ જ્ઞાનેન્દ્રિય, ૫ કર્મેન્દ્રિય, ૫ પ્રાણ, ૪ અંતઃકરણ એ મળીને ૧૯ જેનાં મુખ છે એટલે જ્ઞાનસાધન છે,
૫ સ્થૂળ વિષયોનો જે ઉપભોગ કરે છે.

ૐકારની અ, ઉ, મ્, એ ત્રણ માત્રા છે. તેમનામાંથી અ માત્રાનો આ પંચવિશેષણવિશિષ્ટ વૈશ્વાનરજીવ અર્થ છે.

તે જ ઉપનિષદમાં તૈજસ જીવ માટે પણ પાંચ વિશેષણો આપ્યાં છેઃ સ્વપ્નસ્થાન, અંતઃપ્રજ્ઞ, સપ્તાંગ, એકોનવિંશતિ મુખ, પ્રવિવિક્તભુક્,



૧ તૈજસ જીવનું સ્થાન સ્વપ્ન છે,
૨ તેને બાહ્યપદાર્થનું નહિ, પણ જાગ્રત્ અવસ્થાદ્વારા મનઃપટ પર સંસ્કૃત આંતરપદાર્થનું જ્ઞાન થાય છે.
૩ વૈશ્વાનર પ્રમાણે તેને પણ ૭ અંગો છે. જાગ્રતની પેઠે આ અંગોનો ઉપયોગ તૈજસ જીવ કરતો નથી પણ સ્વાપ્ન–પદાર્થ–રૂપે ઉપયોગ કરે છે અને સ્વાપ્ન પદાર્થોનાં જ્ઞાનાદિમાં એનો સહકાર હોય છે જ.
૪ પૂર્વોક્ત ૧૯ મુખ છે–સાધનો છે. અહીં પણ જાણવાનું કે આ સાધનો જાગ્રતની પેઠે વપરાતાં નથી પણ સ્વપ્નઅવસ્થામાં એક એક સાધનોનો ઉપભોગ થાય છે.
૫ પ્રવિવિક્ત–બાહ્ય પદાર્થોથી ભિન્ન–કેવળ માનસિક ભોગોને જ તે ભોગવે છે–અનુભવે છે.

ૐની દ્વિતીયમાત્રા "ઉ" ના આ બધા અર્થ છે.

સુષુપ્તિ અવસ્થાના અભિમાની જીવ પ્રાજ્ઞ માટે તે જ ઉપનિષદમાં ૬ વિશેષણો આપ્યાં છે.

સુષુપ્ત સ્થાન, એકીભૂત, પ્રજ્ઞાનઘન, આનન્દમય, આનન્દભુક્, ચેતોમુખ.

૧ પ્રાજ્ઞજીવનું સ્થાન સુષુપ્તિ અવસ્થા છે,
૨ તે અવસ્થામાં કોઈ પણ પદાર્થની ઉપસ્થિતિ ન હોવાથી તે બધાં પ્રપંચ સાથે એક થઈ ગયેલાની પેઠે જણાય છે,
૩ જાગ્રત્ અવસ્થાનાં અને સ્વપ્નાવસ્થાનાં બધાં જ્ઞાનો જે અવસ્થામાં ઘન થઈ ગયાં હોય–ભેગાં થઈ ગયાં હોય,
૪ તે અવસ્થામાં પ્રાજ્ઞ આનન્દમય હોય છે. આનન્દમય એટલે આનન્દપ્રાય. તે સમયે કોઈ પણ વિષય અથવા વિષયીના આકારનો અભાવ હોવાથી કોઈ પ્રકારનાં દુઃખની પ્રતીતિ થતી નથી. એટલા પૂરતો જ તે **આનન્દમય** છે.

૫ વગર પરિશ્રમે તેને આ આનન્દની સ્થિતિ પ્રાપ્ત થાય છે અને તેને તે અનુભવે છે તેથી તે **આનન્દભુક્** છે.

૬ સ્વપ્ન અવસ્થા કે જાગરિત અવસ્થાના જ્ઞાન માટે ચિત્ત જેનું દ્વાર છે.

ૐકારની ત્રીજી માત્રા મના આ બધા અર્થ છે.

વિશ્વ, તૈજસ પ્રાજ્ઞ, એ ત્રણ જાગરિત, સ્વપ્ન, સુષુપ્તિ, એ ત્રણ અવસ્થાના અભિમાનીઓ છે. એ ત્રણની અપેક્ષાએ શુદ્ધચેતન તુરીય (ચતુર્થ) કહેવાય છે. અને એ ત્રણની અપેક્ષા છોડી દેવાય તો **તુરીયાતીત** કહેવાય છે. આ બધી વ્યવસ્થાઓ ધ્યાનમાં રાખીને કહેવાયું છે કે–"બા, તમે જ મારો વૈશ્વાનર છો, તમે જ તૈજસ છો, તમે જ પ્રાજ્ઞ છો, તમે જ તુરીય છો અને તેનાથી પર એટલે તુરીયાતીત પણ તમે જ છો."

**तुम वसुन्धरा तुम भूधर हो, तुम रवि-शशिकी ज्योती ।**
**ध्यान तुमारा धरते ही बा, दिव्यदृष्टि हिय होती ॥१०॥जय०॥**

શ્રુતિ કહે છે કે सर्वं खल्विदं ब्रह्म" "ब्रह्मैवेदममृतं पुरस्ताद् ब्रह्म पश्चाद् ब्रह्म दक्षिणतश्चोत्तरेण । अधश्चोर्ध्वं च प्रसृतं ब्रह्मैवेदं विश्वमिदं वरिष्ठम् ॥" "पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भाव्यम् " "આ સમસ્ત વિશ્વ બ્રહ્મ જ છે" "બ્રહ્મ જ આગળ છે, તે જ પાછળ પણ છે. દક્ષિણે, ઉત્તરે, ઉપર, નીચે બધે ય તે પથરાએલો છે. આ સુંદર જગત્ પણ બ્રહ્મ જ છે." "આ બધું જે પ્રકટ થઈ ચૂકયું છે અને જે હવે ભવિષ્યમાં પ્રકટ થશે, બધું બ્રહ્મ જ છે." એને અનુસરીને અહીં કહેવામાં આવ્યું કે, બા, તમે જ વસુંધરા–આ વિશાળ પૃથ્વી છો, તમે જ હિમાલય આદિ પર્વતો છે, સૂર્ય અને ચંદ્રને પ્રકાશનાર તમે જ છો. મા, તમારાં ધ્યાન ધરતાંવેંત હૃદયમાં દિવ્યદૃષ્ટિ પ્રાદુર્ભૂત થાય છે. ॥૧૦॥

**तुम अकाम हो, तुम सकाम हो, दया-क्रूरतामय हो ।**
**तुम निश्छल हो, निष्प्रपञ्च हो, तो भी बा छलमय हो ॥११॥जय०॥**



શ્રુતિઓમાં પરમાત્માને આપ્તકામ કહેવામાં આવ્યો છે. તેને કોઈપણ વસ્તુની ઇચ્છા નથી માટે તે પૂર્ણકામ છે. છતાં ઈશ્વર જીવોનાં કલ્યાણની ઇચ્છા રાખે છે, તેથી તે સકામ પણ છે. ઈશ્વર સ્વભક્તો ઉપર દયા કરે છે, તેથી તે દયામય છે. અને ભકતોને–સજ્જનોને પીડા આપનાર દુષ્ટોને દંડ પણ આપે છે તેથી ક્રૂર પણ કહેવાય છે. પરમાત્મા નિશ્છળ–છળ વગરનો છે. તેમ જ તે નિષ્પ્રપંચ છે, એટલે કોઈને કદી છેતરતો નથી. એમ છે છતાં "छलं छलयतामस्मि" આ ગીતા-વચન પ્રમાણે તે છલી–કપટી પણ છે. એ બધું ધ્યાનમાં રાખીને અહીં કહેવામાં આવ્યું છે કે–"મા તમે પૂર્ણકામ છો. તમે દયામયી તેમ જ ક્રૂરતામયી પણ છો, તમે છળ અને પ્રપંચ વગરના છો પણ તે બન્નેમાં મહાપંડિત પણ છો. વળી, આખું આ પ્રપંચ-વિશ્વ તમારામાં જ છે. ॥૧૨॥

**तुम तरला हो तुम अचला हो, तुम कठोर कोमल हो ।**
**सर्वविरोधिगुणाश्रय तुम हो, तौ भी बा निर्मल हो ॥१२॥जय०॥**

બા, તમે તરલા છો–ચંચળ પ્રકૃતિનાં છો એટલે તમારા બાળકોનાં દુઃખો જોઈ કરુણાવશાત્ ચંચળ થઈ જાવ છો. છતાં તમે અચળા પણ છો. તમારા ભકતો માટે, બાળકો માટે જે પ્રતિજ્ઞા લો છો, તેને ગમે તે ભોગે સદા નભાવો છો. તમે કઠોરપણ છો અને કોમળ પણ છો. મહાપુરુષોના સ્વભાવમાં આ બન્ને વસ્તુઓ હોય છે જ. वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि । लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति ॥" મહાપુરુષોનાં હૃદયને કોઈ ઓળખી શકતું નથી, જાણી શકતું નથી. કેમકે તે વજ્ર કરતાં પણ વધારે કઠોર હોય છે અને કુસુમ કરતાં વધારે કોમળ હોય છે. એ રીતે બા, તમે બધા વિરોધી ગુણોનો આશ્રય છો. તેથી મલિન પણ હશો, એવી શંકાને દૂર કરવા કહેવાયું છે કે "तो भी बा निर्मल हो" દુર્ગુણોના પણ આશ્રય હોવા છતાં, તમે તો નિર્મળ જ છો–સદા નિર્મળસ્વરૂપ જ છો. ॥૧૨॥

ग्राम, नगर हो, गिरि गह्वर हो, सरितातट, जङ्गल हो।
ध्यान तुमारा बा मनमें हो, मेरा नित मङ्गल हो ॥१३॥जय०॥

ગામડું હોય કે શહેર હોય, પર્વતોની ગુફા હોય, નદીનો તટ હોય, જંગલ હોય, સર્વત્ર, બા તમારું ધ્યાન ધરતાં જ હમેશાં મંગળ થાય, એવી પ્રાર્થના. ॥૧૩॥

**પ્રાર્થના**

(સ્વામી શ્રી ભગવદાચાર્યજી મહારાજ વિરચિત)

*दयामय हो सदा तुम बा, दया हमपर सदा करना।
दयाकी दृष्टि माताजी, कभी हमपर गिरा देना ॥१॥
तुमारे पादपद्मोंमें, झुकाते हैं सदा मस्तक।
कभी करकञ्जको सिरपर, कृपा करके फिरा देना ॥२॥
सदा ही धूर चरणोंकी, तुमारे बा स्वमस्तकपर।
चढ़ाते हैं कृपा करके, कि, भवसागर तरा देना ॥३॥
भले हैं या बुरे हैं हम, तुमारे हैं सदा हम बा।
हमारे दुःखकी नदियां, कृपाकरके सुखा देना ॥४॥
भले अपराध हों हमसे, बड़ेसे भी बड़े प्रतिदिन।
हमारी पूज्य माताजी, हमें तुम मत भुला देना ॥५॥

* બા તમે દયાળુ છો. મારી ઉપર સદા દયા રાખજો. મા કોઈ પણ કાળે તો કૃપાદૃષ્ટિ મારી ઉપર નાખજો! ॥૧॥ તમારા ચરણકમળોમાં હું સદા માથુ નમાવું છું. કદી કૃપા કરીને તમારા હસ્તકમળને મારા માથા ઉપર ફેરવજો મા! ॥૨॥ બા, હું હમેશાં તમારા ચરણોની ધૂળ મારા માથા પર ચડાવું છું. તે એને માટે કે તમે મને આ ભવસાગરથી પાર લઇ જજો. ॥૩॥ હું ભલો છું કે બુરો છું પણ બા સદા તમારો જ છું. કૃપા કરીને મારી દુઃખોની નદીઓને સુકાવી દેજો. ॥૪॥ મારાથી ભલે, રોજ રોજ મોટામાં મોટા અપરાધો થાય, પણ બા, મને ભૂલી જશો નહિ. ॥ ૫॥



दुखी हैं रो रहे निशिदिन, तड़पते हैं सदा व्याकुल।
तुमारी गोदमें हमको, कभी भी आसरा देना ॥६॥
तुम्हीं माता तुम्हीं गुरु हो, तुम्हीं आपत्तिमें साथी।
भटकतेका महावनमें, कृपाकर हाथ गहि लेना ॥७॥
सहस्रों जन्मसे माया, पकड़कर मा हमें बैठी।
महाज्योतिःस्वरूपा तुम, इसे अब तो हटा देना ॥८॥
पडी मझधारमें नैया, नहीं कोई खेवैया है।
दयावति बा तुम्हीं इसको, किनारेपर लगा देना ॥९॥
समय जब मृत्युका आवे, हमारे पास तुम रहना।
तुमारे देवि चरणोंको, हमें धोकर पिला देना ॥१०॥
सदा आशा तुमारी है, तुम्हीं अवलम्ब हो मेरा।
हमारी अन्तकी घड़ियां, कुशलसे बा निभा देना ॥११॥
कहां जाऊं, कहूं किससे, हृदयकी बा व्यथा भारी।
तुम्हीं हृदयेश्वरी बा हो, हृदयको शान्त कर देना ॥१२॥

હું રાત દિવસ દુઃખી છું, રડું છું, તડપું છું, વ્યાકુળ છું. બા, કદી તો તમારા ખોળામાં મને આશ્રય આપજો! ॥૬॥ તમેજ માતા છો, તમે જ ગુરુ છો, તમે જ દુઃખના દિવસોમાં સાથી છો. આ મહાવનમાં હું ભટકી રહ્યો છું, કૃપા કરીને હાથ પકડી લેજો. ॥૭॥ હજારો જન્મથી માયા મને પકડીને બેઠી છે. બા, તમે જ્યોતિઃસ્વરૂપ છો, આ માયાને હવે તો હઠાવો. ॥૮॥ મારી હોડી મઝધારમાં પડેલી છે. કોઇ હંકારનારો નથી. હે દયાવાળાં બા, તમે એને પેલે કાંઠે પાર લઈ જજો. ॥૯॥ જ્યારે મારા મૃત્યુનો સમય નિકટ આવે, ત્યારે તમે મારી પાસે જ રહેજો. અને તમારા ચરણો ધોઇને મને ચરણામૃત પાજો. ॥૧૦॥ બા, હમેશાં મને તમારી આશા છે. તમે જ મારા અવલંબ છો. અમારી છેલ્લી પળોને શાંતિથી બા નભાવી લેજો.॥૧૧॥ ક્યાં જાઉં? અને હૃદયની ભારે વ્યથા કોને સંભળાવું? હે બા, તમે જ મારા હૃદયની દેવી છો, હૃદયને શાંતિ આપજો. ॥ ૧૨॥

हमारे भाग्य निर्बल हैं, लिखा नहिं भाग्यमें सुख बा ।
सभी दुर्दैवके बन्धन, कृपाकर भस्म कर देना ॥१३॥

## આત્મ નિવેદન

( स्वामिश्रीभगवदाचार्यमहाराजविरचितमात्मनिवेदनम् )

मदीयान्तर्ज्योतिः परमललिताम्भोरुहपदे,
कृपावारांधारे सदयहृदये रक्षितनये
पतन्दुःखाम्भोधौ तव जननि सद्यः पदयुगं,
शरण्ये संप्राप्तः शरणमखिलार्तिं क्षपयितुम् ॥१॥

હે મારા અંતરની જ્યોતિ, હે સુંદર–કમળ–સમાન ચરણવાળાં હે કૃપારૂપ જળનો પ્રવાહ, હે દયાળુહૃદયવાળાં અને નીતિનું રક્ષણ કરનારાં બા, દુઃખસાગરમાં પડેલો હું, સર્વ દુઃખોના નાશને માટે તમારા ચરણોની શરણે આવ્યો છું.

तरत्येवाजस्रं भवजलनिधिं जीवनिवहः,
समाश्रित्यात्र त्वां भवति न हि संशीतिरनघे ।
अतो जापं जापं जननि तव नामानिशमहं,
नये कालं काऽलं भवति मम शोकाय पदवी ॥२॥

હે નિર્દોષ બા, આમાં સંદેહ નથી કે આપનો આશ્રય લઈને જીવ આ ઘોર ભવસાગરને તરી જાય છે. તેથી હે બા, રાતદિન તમારાં નામનો જપ કરી કરીને સમય વ્યતીત કરું છું. હવે મને શોક આપનાર કોઇ માર્ગ રહ્યો નથી.

---

મારું ભાગ્ય ખૂબ જ નબળું છે. મારા ભાગ્યમાં સુખ નથી લખાયેલું. બા, મારા દુર્દૈવનાં બધાં બંધનોને તમે ભસ્મ કરી નાંખજો. ॥૧૩॥



त्वमेवासि प्रष्ठा विपदि परमाश्रेयपदवीं,
गता मातर्बन्धुस्त्वमसि जननी च प्रियसखः ।
मदीया त्वं विद्या त्वमसि कविता भावललिता,
जगत्यां यत्किञ्चित्सकलमपि तत्त्वं भवसि मे ॥३॥

'આપત્તિના સમયે આશ્રય લેવા માટે તમે જ મારે માટે મુખ્ય સ્થાન છો. તમે જ ભાઈ છો, તમે જ પ્રિય મિત્ર છો અને તમે જ માતા છો. ભાવસુંદર મારી કવિતા પણ તમે પોતે છો. જગતમાં જે કંઇ છે તે બધું તમે જ મારા માટે છો.'

मया प्राप्तं मातस्तव नवलपादाब्जयुगलं,
महाभाग्यादन्यत्तदिह मम लभ्यं न भवति ।
तदीयात्संस्पर्शाद्विगलितसमस्ताघपटलः,
सुखी शान्तो भूत्वा जननि विहरामीह जगति ॥४॥

'બા, મહાભાગ્યથી મને આપના કમળચરણની પ્રાપ્તિ થઈ છે. તેથી હવે મારે બીજી કોઈ વસ્તુ જોઇતી નથી. તે ચરણોના સ્પર્શથી મારા બધાં પાપો ધોવાઇ ગયાં છે અને હું સુખી તથા શાન્ત થઈને આ જગતમાં વિહાર કરું છું.'

न जानेहं धर्मं न च जननि कर्मापि विविधं,
न दानं ध्यानं वा विदितमिह न ज्ञानमपि मे ।
अतोस्मिन्संसारे परमहितयोः कञ्जपदयो-
स्तवैवैषापाराऽतरलकरुणा मेस्ति शरणम् ॥५॥

'હું ધર્મને ઓળખતો નથી, વિવિધ કર્મોને પણ જાણતો નથી. દાન, ધ્યાન, અથવા જ્ઞાન પણ હું સમજતો નથી. માટે આ સંસારમાં તો પરમહિતૈષી તમારા ચરણોની આ સ્થિર અપાર કરુણા જ મારે માટે અવલંબ છે.'

भवत्येवैतत्ते जननि शुचि पादाब्जसलिलं,
विधातुं त्रींल्लोकानतिशयविशुद्धान् क्षममतः ।
निरर्था मे गङ्गा शमनभगिनी चापरसरि-
त्समाजोपि व्यर्थो जयतु जलजाङ्घ्रिस्तव सदा ॥६॥

'બા, તમારા ચરણામૃત ત્રણે લોકોને અતિશય પવિત્ર કરવા માટે અવશ્ય સમર્થ છે. તેથી મારે માટે તો ગંગા, યમુના, અને સરસ્વતી આદિ બીજી નદીઓ વ્યર્થ જ છે. તમારા ચરણોનો સદા જય હો.'

यदा स्पर्शो मातर्भवति तव भव्यश्चरणयो-
र्मनःसिन्धौ सद्यः प्रकटति परानन्दलहरी ।
दुरन्तः सन्तापो हृदयपरितापश्च झटिति,
प्रयाति क्वेत्यद्धा भवति न मम ज्ञानविषयः ॥७॥

'બા, જ્યારે આપના ચરણોનો મને ભવ્ય સ્પર્શ થાય છે ત્યારે મારા મનોરૂપ નદીમાં પરમ આનન્દની લહેરીઓ ઉછળે છે, અને તરત જ અત્યંત દુઃખદ સંતાપ અને હૃદયનો દાહ ક્યાં ચાલ્યાં જાય છે, તે મને સમજાતું નથી.'

रतिर्मच्चित्ते या लसति पदयोस्ते भगवतो-
रनन्या धन्या च व्रजतु न हि रूपान्तरमिति ।
भवेद्वृद्धिस्तस्याः प्रतिपलमहोरात्रमिति च,
प्रयाचे त्वां मातः सविनयनतेनैव शिरसा ॥८॥

'બા, તમારા ચરણ ભગવાનમાં જે મારો અનન્ય અને ધન્ય પ્રેમ છે તે કદી પણ બદલાય નહિ અને દરેક પળે તથા અહર્નિશ તેની વૃદ્ધિ થાવ, એ જ હું માથું નમાવીને તમારી પાસે યાચું છું.'

न विद्या मे वन्द्या मयि भवति नैकोपि सुगुणो,
भवेयुर्मे दोषा अगणिततमा निबलधियः ।



निराशः संप्राप्तो भगवति ततः श्रीचरणयोः,
कृतार्थं मां तन्या जननि तनयं त्वं करुणया ॥९॥

'મારી પાસે વન્દનીય વિદ્યા નથી, મારામાં એક પણ કોઈ સારો ગુણ નથી. હું છું નિર્બલ બુદ્ધિનો માણસ; તેથી મારામાં અગણિત દોષો સંભવી શકે છે. તેથી નિરાશ થઈને બા, તમારા શ્રી ચરણોનાં સાંનિધ્યમાં આવ્યો છું. કૃપા કરીને મને કૃતાર્થ કરો.'

वयः सर्वं यातं भववनभुवि व्यर्थमटतो,
ममेति स्मृत्वैव प्रभवति मनःक्षोभपटली ।
परं त्वद्य प्राप्यामलकमलशोभौ तव पदौ,
परित्यक्ता चिन्ता त्वयि जननि लीनं मम मनः ॥१०॥

'આ સંસારરૂપ જંગલમાં ભટકતા વ્યર્થમાં જ મારું આયુષ્ય ચાલ્યું ગયું, એનું સ્મરણ કરતાં જ મારા મનમાં ભારે ક્ષોભ પેદા થાય છે. પણ આજે—હવે આપના નિર્મળ કમળસમાન ચરણોને પામીને મેં બધી ચિંતા મૂકી દીધી છે ને બા, મારું મન તમારામાં લીન થઈ ગયું છે.'

करच्छायामाया परमशिवदा या च तव बा,
समाच्छाद्याभेद्या विलसतितमां मां प्रतिपलम् ।
सती सासावित्थं जननि सुचिरं स्यात्स्थितिमती-
त्यहं याचे नित्यं प्रणतशिरसा त्वां भगवतीम् ॥११॥

'બા, પરમ કલ્યાણ આપનારી નિર્દોષ અને અભેદ્ય જે આપની હસ્તછાયા મને ઢાંકીને સ્થિત છે તે આ સુંદર છાયા સદા આવી રીતે સ્થિર રહે, એ જ હું તમારી પાસેથી માથું નમાવીને માગું છું.'

महादेवेनापि त्रिदशपतिना विश्वपतिना,
न लभ्या या दैवैः कृतसुकृतसेवैरपि शिवा ।

त्वदीया सा दृष्टिः परमरमणीयामृतमयी,
पतन्ती श्रीमातर्मयि सततमृद्धं विजयते ॥१२॥

'દેવપતિ, વિશ્વપતિ મહાદેવ અને ભારે પુણ્ય કરનારા દેવો પણ તમારી જે દષ્ટિને પામી શકતા નથી તે અત્યંત સુંદર અમી દષ્ટિ, હે બા, મારા ઉપર પડી રહી છે. તેનો સદા વિજય હો.'

सदेच्छन्तोप्यापन्न हि हरिहराम्भोजजनयः,
कदाचिद्यां विद्याम्बुधय इह नापंस्त्रिदिवगाः।
मया भाग्यात्प्राप्ता पदजलजसेवाम्ब तव सा,
महामूल्यं रत्नं शठविधिविधित्सा च विहता ॥१३॥

'બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ ત્રણે દેવો, વિદ્વાનો અને બીજા દેવો સદા ઇચ્છતા છતાં આપની જે ચરણસેવાને મેળવી શકતા નથી તે સેવા, હે બા, મેં ભાગ્યથી પ્રાપ્ત કરી છે. એ મારા માટે અમૂલ્ય રત્ન છે. દુષ્ટ વિધિનું જે મારા માટે પ્રતિકૂળ વિધાન હતું તે નાશ પામ્યું.'

तव ध्याने मग्नो विरतिमधिसेवेय जगत–
स्तव ज्ञाने लग्नो ननु परिहरेयं भवतृषः।
तवायं पुण्यश्रीचरणजलजस्थो हि रजसां,
कणो दिव्यो दिव्ये जननि हरतान्मे जनिमृती ॥१४॥

'બા, તમારા ધ્યાનમાં ડૂબેલો રહીને હું જગતથી વિરક્તિ કેળવું અને તમારા જ જ્ઞાનસંપાદનમાં લાગેલો હું સાંસારિક તૃષ્ણાઓનો ત્યાગ કરું, અને મા, તમારા પવિત્ર ચરણકમળોની ધૂળનો એક કણ મારા જન્મ–મરણને દૂર કરો.'

दृशोः शोभा मातस्तव कमलषण्डं त्रपयते,
मृगीणामप्युत्थं दमयति सदा गर्वमखिलम्।



हरत्येवं सर्वं विरुदमपि तत्खञ्जनदृशो–
र्मदीयान्तःपापं सकलपरितापं शमयति ॥१५॥

'મા, તમારી આંખોની શોભા ચાર કામ કરે છે, એક તો એ કે કમળોને અભિમાન હતું કે તેઓ બહુ સુંદર છે, તેમને લજ્જા પમાડે છે. બીજું એ કે હરિણીઓને પોતાની આંખોનો ગર્વ હતો, તે સમસ્ત ગર્વને તે દમન કરે છે. ત્રીજું એ કે, ખંજન પક્ષીની આંખોને પ્રશંસા મળી હતી તેને તે હરી લે છે. અને ચોથું એ કે મારા અંતઃકરણની મલિનતાને તથા સમસ્ત સંતાપને તે શાંત કરે છે.'

मम प्राणास्त्वं च त्वमसि मम चित्तं मम मन–
स्त्वमेवास्मिन्देहे भवसि मम चैतन्यमपि वा।
महद्रत्नं त्वं मे द्रविणमपि भूयस्त्वमसि मे,
न सन्देहो देवि त्वमसि मम सर्वस्वमधुना ॥१६॥

'તમે જ મારા પ્રાણ છો. તમે જ મારાં ચિત્ત અને મન છો. મારાં આ શરીરની ચેતનતા પણ તમે જ છો. મારા માટે તમે મોટું રત્ન છો તેમજ ધનનો ભંડાર પણ તમે જ છો. હે દેવિ, આમાં સંદેહ નથી કે આજે અને હવે તમે જ મારું બધું છો.'

महत्पुण्यं मे त्वं व्रतफलमनूनं त्वमसि मे,
जपादीनां शुद्धं फलमपि मम त्वं हि जननि।
गुरोः शुश्रूषायाः परममसि तेजः फलमपि,
त्वमेवानिन्द्येम्ब त्वमसि मम केतुश्च तपसाम् ॥१७॥

'બા, તમે મારું પુણ્ય છો, મારા વ્રતોનું મહાફળ છો. મેં જે જપ આદિ કર્યાં છે તેનું પણ પવિત્ર ફળ તમે જ છો. મેં ગુરુની જે સેવા કરી છે તેનું પરમ તેજોરૂપ ફળ પણ તમે જ છો, અને હે પવિત્ર મા, મારી તપસ્યાઓના તમે ધ્વજ છો.'

महायुक्तैर्भक्तैः श्रुतिशिखरतत्त्वार्थनिपुणै-
रनन्तैः सश्रद्धं सुपरिचरिता ये प्रयतनैः ।
नखास्ते फुल्लाम्भोरुहचरणयोस्ते दश दिशो,
नयन्तु प्राकाश्यं जननि विसृताविद्यकतमः ॥१८॥

'વેદાન્તતત્ત્વજ્ઞાનમાં નિપુણ એવા અનંત મહાસંયમી ભક્તજનોએ શ્રદ્ધા સાથે મહાન પ્રયત્નોથી તમારા કમળચરણોના જે નખોની સેવા કરી છે તે નખો અવિદ્યારૂપ અંધકારથી ઢંકાયેલી દશે દિશાઓ પ્રકાશિત કરો.'

पवित्राया मातर्मनसि वचसि श्रेयसि कृते
सतां त्वद्भक्तानामुपकृतिपरायाः करुणया ।
पदाम्भोजाम्भस्ते धयति यदि कोपि प्रतिदिनं,
विशुद्धः सन्नन्ते व्रजति परमब्रह्मपदवीम् ॥१९॥

'બા તમે મન, વચન અને કર્મમાં પવિત્ર છો, તમારા સદ્‌ભક્તોના ઉપકાર કરવા માટે, કૃપાપરવશ થઈને તમે સદા તત્પર રહો છો. એવા તમારા ચરણકમળોનું જળ (ચરણામૃત) જે કોઈ પ્રતિદિન પાન કરે છે તે પવિત્ર થઈને અંતે પરબ્રહ્મપદને પામે છે.'

पवित्राम्भोजाङ्घ्रयोस्तव सकृदपि स्पर्शनविधे-
रथो भाग्याद्देवि क्वचिदपि च तद्दर्शनविधेः ।
तव स्मृत्या नाम्नः स्थितिमिह न धत्ते कलिकुलं,
जनन्यास्ते शक्तेः कथमपि न पार तव शिवे ॥२०॥

'તમારા ચરણકમળનો એક વાર પણ સ્પર્શ કરવાથી, અથવા ભાગ્યથી કદી જો તમારું એક વાર પણ દર્શન થઈ જાય તો તેથી, અથવા તમારા નામનું સ્મરણ કરવાથી પણ પાપોનો પહાડ તૂટીને નીચે પડે છે. હે કલ્યાણકારિણિ બા, તમારી શક્તિના કોઈ રીતે પાર આવે તેમ નથી.'



मुखे ते पीयूषं जननि रमणीये विमलभे,
प्रकामं तन्नीरं पिबति सुभगोपेतमनुजे ।
न धत्ते तत्किञ्चिन्मरणकलितं साध्वसमिह,
स्थितिं तस्माज्जीयाज्जगति सततं ते मुखजलम् ॥२१॥

'બા, તમારા નિર્મળ કાન્તિવાળા મનોહર મુખમાં અમૃતનો નિવાસ છે. તેથી જો તેનું જળ એટલે મુખામૃતને જે કોઈ ભાગ્યશાળી પાન કરે તેનામાં મૃત્યુનો ભય કદી ટકી શકે નહિ. તેથી તમારું મુખામૃત સદા વિજય પામો.'

कदाचित्क्रुद्धाया जननि तरलायाः प्रकृतितो,
महानुक्रोशायाः किमपि किमपि श्रोपुषि मुखे ।
वदन्त्यास्ते सुभ्रु भ्रुकुटिरिह रक्तोत्पलदृशो,
विशालाक्षि प्रत्यादिशतु मम दोषानगणितान् ॥२२॥

'મા, તમે મહાદયાળુ હોવા છતાં, સ્વભાવથી જ ચંચળ હોવાને લીધે કદી જો ક્રોધ કરો છો, અને તે સમયે પરમરમણીય મુખથી જે કંઈ બોલ્યા કરો છો, હે સુંદર ભ્રમરવાળાં બા, તે સમયે તમારી આંખો રાતી બની જાય છે અને માથા ઉપર વળ પડી જાય છે. હે મોટી મોટી આંખોવાળા બા, તમારી તે ભ્રુકુટિ (ક્રોધને લીધે લલાટ ઉપર આવેલ વળ) મારા અનન્ત દોષોને દૂર કરો. તત્પર્ય એ છે કે મા જ્યારે ગુસ્સે થાય છે ત્યારે કપાળમાં ભ્રુકુટિ ચડે છે. કોઈને બલથી ના પાડવી હોય તો ક્રોધને લીધે વળ પડી જ જાય છે. તેને જોઈને છોકરાં બી જાય છે અને માને ન ગમતાં કામથી અલગ થાય છે. તે રીતે અહીં દોષાપનયનની પ્રાર્થના છે.'

सति त्वं सतीमण्डलाकाशशोभा-
समृद्ध्यै कृपापारवश्यादवश्यम् ।
इहास्यागता मानवं देहमेत्य
नमस्तेस्तु पादारविन्दाय मातः ॥२३॥

'હે સતિ, બા, તમે કેવળ કૃપાને અધીન થઈને સમસ્ત સતી-સમાજની શોભા વધારવા માટે જ માનવદેહ ધારણ કરી અહીં આવ્યાં છો. તમારા ચરણકમળોને મારા નિત્ય નમસ્કાર.' ॥૨૩॥

महादिव्यदेहे जितानादिमोहे
सदा सत्यनिष्ठे तपस्यागरिष्ठे ।
विशुद्धे विबुद्धे महापुण्यरूपे
नमस्तेस्तु पादारविन्दाय मातः ॥२४॥

'હે અત્યંત દિવ્ય દેહવાળી, અનાદિ અજ્ઞાનને જીતનારી, સદા સત્યમાં જ નિષ્ઠાવાળી, મહાતપસ્વિની, શુદ્ધસ્વરૂપ, બોધસ્વરૂપ, મહા-પુણ્યરૂપ બા, તમારા ચરણોમાં મારા નિત્ય નમસ્કાર.' ॥૨૪॥

गता मोहरात्रिः प्रतापात्त्वदीयात् ,
प्रकाशं गतो ज्ञानविज्ञानसूर्यः ।
ऋते त्वां न रागो न मोहः क्वचिन्मे,
शरण्ये वरण्ये त्वमेवावलम्बः ॥२५॥

'બા, તમારા પ્રતાપથી અજ્ઞાનરાત્રિ ચાલી ગઈ. જ્ઞાન-વિજ્ઞાનરૂપ ભગવાન્ ભાસ્કરનો ઉદય થયો છે. તમારા સિવાય બીજા કોઈમાં પણ મને રાગ નથી, મોહ નથી. હે શરણ આપનાર અને સેવા કરવા યોગ્ય બા, તમે જ મારો અવલંબ છો.' ॥૨૫॥

अविद्यानदीपारकर्त्री त्वमम्ब,
सुखाम्भोनिधिप्राप्तिकर्त्री त्वमम्ब ।
मनःशान्तिविश्रान्तिधात्री त्वमम्ब,
मदीयं समस्तं त्वमेवासि चाम्ब ॥२६॥

'બા, અવિદ્યાનદીથી પાર કરનારાં તમે જ છો, સુખસાગરને પ્રાપ્ત કરાવનારાં પણ તમે જ છો. મનને શાંતિ અને વિશ્રામ આપનારાં



પણ તમે જ છો. અને બા મારુ તો તમે જ બધું છો.' ॥૨૬॥

धनं मेधनस्यासि मातस्त्वमेव
बलं मेबलस्यासि मातस्त्वमेव ।
जनो मेजनस्यासि मातस्त्वमेव,
त्वमेवासि मे साधनं दैन्यसाध्यम् ॥२७॥

'બા, મુજ નિર્ધનનું તમે જ ધન છો, મુજ નિર્બળનું તમે જ બળ છો, મુજ નિર્જનનાં તમે જ જન છો, અને દીનતાથી જે પ્રાપ્ત કરી શકાય તે મારું સાધન પણ તમે જ છો.' ॥૨૭॥

सदाहं तवैवास्मि नान्यः सहायः,
क्वचित्कोपि मे विद्यते दीनसूनोः ।
त्वयोपेक्षितस्यागतेरार्तबन्धो,
दशा याद्य तां देवि किं विस्मरेस्त्वम् ॥२८॥

'બા, હું સદા તમારો જ છું. ક્યાંય કોઈ પણ બીજો મારો સહાયક નથી. આજે તમે મારી ઉપેક્ષા કરી છે તેથી હે દીનબંધુ બા, મારી આજે કઇ દશા છે, તેને તમે કેમ ભૂલો છો? જુઓ તો ખરાં.' ॥૨૮॥

सदैवास्ति दीनेषु ते दृष्टिपातः,
सदैवास्ति हीनेषु तेनुग्रहोम्ब ।
अहं दीनदीनस्तव द्वारि तिष्ठन् ,
न जाने त्वयोपेक्षितोस्मीह कस्मात् ॥२९॥

'બા, તમે તો સદા દીનો ઉપર દૃષ્ટિ રાખો છો. સર્વસાધન-હીન ઉપર તમે સદા અનુગ્રહ રાખો છો. હું અત્યંત દીન તમારા દ્વારે ઊભો છું. ન જાણે કેમ તમે મારી ખબર લેતાં નથી.' ॥૨૯॥

इतिश्रीस्वामिभगवदाचार्यमहाराजविरचितमात्मनिवेदनं समाप्तम्

# એકવીસમો પરિચ્છેદ

## ઉપસંહાર

ભક્તિશાસ્ત્રને હું અહીં પૂરું કરું છું. એમાં મેં ભૂતકાળના ભક્તોની સત્ય કે અસત્ય પ્રચલિત થયેલી કથાઓ લખી નથી, કેમકે આ પુરાણ નથી. ભક્તિનું શાસ્ત્ર છે–દર્શન છે. તેથી કોઈ પ્રકારની અતિશયોક્તિ પણ એમાં કરી નથી. પૂર્ણ વિચાર કર્યા પછી જ મેં લોકોને ભક્તિ તરફ જવાનો આગ્રહ કર્યો છે. મારા પ્રયાસનું લક્ષ્યબિંદુ માનવજાતિમાં કેવળ પવિત્ર ભાવના જગાડવાનું છે. માનવ પશુવૃત્તિથી વિરામ પામે એ જ મારી ઇચ્છા.

આજ સુધી બધા ય વિદ્વાનોએ ભક્તિને ઈશ્વરની સાથે જ જોડવાનો પ્રયાસ કર્યો છે. ભક્તિ ઈશ્વરથી વિખૂટી પડી શકે જ નહીં એવી ભાવના દૃઢ થઈ છે. આ ભાવનાની સાથે પાખંડની વૃદ્ધિ થઈ છે. સવારે સ્નાન કરી એક કોથળીમાં ઘઉ કે ચોખા ભરી, મંદિરે જવું, ત્યાં દેવ આગળ એક ચપટી તેમાંથી કશું નાખી દેવું, પુષ્પ ચડાવવું કે પૈસા પાઈ ચડાવવાં, એ બધું ભક્તિમાં કઈ રીતે ગણાય તે જ હું સમજી શકતો નથી. એ તો એક રૂઢિ છે. એને એક ધાર્મિક વ્યસન કહી શકાય. ભક્તિ સાથે, પૈસા, પાઈ અનાજનો સંબંધ જ નથી. ભગવાન ભૂખ્યો છે, માટે થોડા ચોખા આપો, એ ભાવના અતિ નિકૃષ્ટ છે. એટલું જ કરીને ભક્તિની સમાપ્તિ સમજાય છે, એ ખોટું છે. એ ભક્તિ જ નથી. ભક્તિના વ્યાપારીઓને આ મારી વાત વિષવત્ પ્રતીત થશે. પણ સ્મરણ રાખજો, એ જ કલ્યાણની વાણી છે. જો મારે જનસમાજનું કલ્યાણ સાધવું કે સધાવવું હોય તો એ સ્પષ્ટ વાણી ઉચ્ચાર્યા સિવાય બીજો ઉપાય નથી. તમારી જિંદગી એટલું જ કરતાં પૂરી થાય એ તો મહાકરુણ ઘટના કહેવાય. તમારે આગળ વધવું જ જોઈએ. ચપટી અન્ન આપવામાં કદાચ દાન–પુણ્યની ભાવના હોય, પણ કયા પ્રકારનું દાન,



ધર્મદ હોય છે, એ પણ તમારે જાણવું જ જોઈએ. ગમે તેને, ગમે ત્યાં, ગમે ત્યારે આપવું એ દાન ન કહેવાય, ત્યાગ ન કહેવાય. તમારા અન્નનો શો ઉપયોગ થાય છે, તે તમારે નરી આંખે જોવું જ જોઈએ. તમારા અન્ન ને પૈસા જો આળસ્ય અને પ્રમાદની વૃદ્ધિ કરતાં હોય તો તેનાથી પાપ જ થવાનું. તમારા પૈસા જો બીડી, સિગ્રેટ, તમાકૂ, ગાંજો, ભાંગ, ચાહ, પાન, સોપારીમાં કે બીજી રીતે દુરાચારમાં વપરાતા હોય તો તમારા દાનનું કશું ય સારૂં ફળ નથી. તેનાથી પાપ જ થવાનું અને છેવટે દાતાને નરક જ મળવાનું. માટે ખૂબ વિચાર કરીને દાન કરશો તો તમને તે દાનના બદલામાં દયાળુ હૃદય અવશ્ય મળવાનું. દયાળુતા એક મોટો સદ્ગુણ છે, ત્યારે તમે એક સદ્ગુણનો સ્વામી કે સ્વામિની બનો છો, પણ તે દાન ભક્તિ તો ન જ કહેવાય.

ભક્તિ માટે તમારી તૈયારી હોવી જોઈએ. સત્ય, સદાચાર, અલોભ, અક્રોધ, અનભિમાન, શકય તેટલું બ્રહ્મચર્ય, સંયમ, કૃતજ્ઞતા, પ્રેમ, શ્રદ્ધા આદિ સદ્ગુણો ઉપજાવવા અને કેળવવા જોઈએ. જ્યાં સુધી તમારામાં આ ગુણો પ્રકાશે નહિ ત્યાં સુધી ભક્તિને માટે તમે પાત્ર નથી, એ નક્કી જ જાણજો.

ભક્તિનો ઈશ્વર સાથે જ સંબંધ છે, એવું કશું નથી. માનવ સાથે પણ તેનો તેટલો જ સંબંધ છે. તમે જેમ કોઈ પત્થરને દેવ માની લો છો, પિપળાને દેવ માની લો છો એવી રીતે તમે તમારાં માતા, પિતા, વડીલ, અને જગતના બીજા મહાપુરુષ કે મહામહિલાને પણ દેવ માનતાં શીખો. જેને તમે પૂજશો તેમાં પોતાની મેળે દેવત્વ આવવાનું. પૂજ્ય બુદ્ધિ એટલે દેવત્વ. જેની પૂજા કરશો તેનામાં પૂજ્ય બુદ્ધિ તો રહેવાની જ. તે જ દેવત્વ. હૃદયની પવિત્રતા, આત્મિક બલ, ભેદ નિવારણ એ બધાં દેવપૂજા કે દેવભક્તિનાં ફળો છે, તે તમને માનવોને પૂજતાં પણ અવશ્ય મળશે. તેથી ય વધારે મળશે. મંત્રો બોલીને પ્રાણપ્રતિષ્ઠા

કરવાથી પત્થર કે લાકડી કે કોઈ ધાતુની પ્રતિમામાં દેવત્વ આવે છે તે તો કેવળ શ્રદ્ધાનો જ વિષય છે. તેની સાથે બુદ્ધિનો જરા પણ સંબંધ નથી. કાશીમાં વિશ્વનાથનું મંદિર તૂટ્યું અને ત્યાં મસ્જિદ બની. અયોધ્યામાં રામનું ઘર ભાંગ્યું અને તે ઘરને જ મસ્જિદનું રૂપ આપી દેવામાં આવ્યું, વૃન્દાવનમાં કૃષ્ણભવન તૂટ્યું અને તેની જગ્યાએ મસ્જિદ આવી, સોમનાથનું વિશાળ, વૈભવસંપન્ન અને ભવ્ય મંદિર તૂટ્યું અને તેની સંપત્તિ ગઝની પહોંચી. તે દેવો ક્યાં ગયા? પત્તો જ નથી. આ છે દેવનું સામર્થ્ય. મૂર્તિ જ ભગવાન છે એ ભાવના ત્યજી દો. તેને ઉપાસનાનું એક સાધન માનો. તે ચરમ અને અદ્વિતીય સાધન તો નહીં જ. યમ–નિયમાદિના પાલનથી માનસિક પવિત્રતા આદિ ગુણોનું આધાન જો ઉપાસક તેના હૃદયમાં ન કરી શકે તો મૂર્તિપૂજા નિરર્થક. માટે, ભ્રમણામાં પડશો નહિ. હું મૂર્તિપૂજાનો નિષેધ નથી કરતો. તમે મૂર્તિ પૂજો પણ તે તમારી પોતાની વસ્તુ હોવી જોઈએ. તમારા ઘરમાં જ તે મૂર્તિ હોવી જોઈએ. તમારો સ્વામી, તમારો નાથ, તમારો પ્રાણાધાર તમારી પાસે જ જોઈએ. તમને રામ, કૃષ્ણ, શંકર, દેવી સીતા, ઝાંસીની રાણી, કમળા નેહરુ, સરોજિની, ગાંધીજી, જવાહરલાલ, વલ્લભ જે ગમતાં હોય, ભલે તેની મૂર્તિ બનાવો અને ઘરમાં રાખીને પૂજો. મંત્રદ્વારા પ્રતિષ્ઠા કરવાથી તેમાં દેવત્વ આવે છે, એને મિથ્યા માનો. તમારી પૂર્ણ શ્રદ્ધાથી જ, પૂર્ણ વિશ્વાસથી જ અને પૂર્ણ પ્રેમથી જ તેમાં તમારા ઉપાસ્યદેવ પ્રકટ થશે–બીજી રીતે નહિ જ. બીજા મંદિરોમાં બીજાએ જેની પૂજા કરી છે તે દેવના દર્શનથી તમને કશો લાભ થવાનો નથી. તમને ભૂખ લાગી હોય, તમારા ઘરમાં ખાવાનું ન હોય, ત્યારે મંદિરના દેવ આગળ રખાયેલ જાતજાતના અન્નથી ભરાયેલ થાળનાં દર્શન કરવાથી તમારી ભૂખ શાંત થઈ શકે નહિ. તેમ જ બીજા વડે પૂજાયેલા દેવના દર્શનથી તમારી તૃપ્તિ હોઈ શકે નહિ, ફળ મળી શકે નહિ, પવિત્રતા



આવી શકે નહિ. તેથી જો તમે મીરાંની પેઠે દર્શનનાં તરસ્યાં હો તો આજે જ તમારા ભગવાનને ઘરમાં પધરાવો. અને લૌકિક દર્શનની તૃષા ન હોય પારલૌકિક પરમાર્થ દર્શન ઇચ્છતા હો તો કામ, ક્રોધ આદિ વિકારોનો માર્ગ રોકી દો. કોઈ ખૂણામાં એકાંત સ્થળમાં તમારા પ્રભુના ચિંતનમાં બેસી જાવ, તમને અવશ્ય દર્શન થશે.

તમે પહેલાં શીખી આવ્યા છો કે ઈશ્વર એટલે પ્રિયતમ અને પવિત્રતમ વસ્તુ. તમે જેને પ્રિયતમ અને પવિત્રતમ માનશો તે જ ઈશ્વર થઈ જશે. ઈશ્વર કોઈ નિયત વસ્તુ નથી. તે તો આરાધ્ય દેવને માટે વપરાતો માનવાચક શબ્દ. જેને માનો તે જ ઈશ્વર. જેને ઈશ્વર માનીને પૂજશો તે જ અવશ્ય તમારો મોક્ષદાતા થશે. એમાં સંદેહ કરશો જ નહીં. પણ જેને તમે ઈશ્વરરૂપે સ્વીકારો તેની સો વાર પરીક્ષા કરશો, સો વાર નિરીક્ષણ કરશો, સો વાર તેના માટે લોકોનો અભિપ્રાય સાંભળશો અને પછી સો વાર વિચાર કરશો. પછી જ કોઈ ભવ્ય સ્ત્રી કે ભવ્ય પુરુષને પોતાની ઉપાસનાની સામગ્રી માનશો કે બનાવશો. પૂજાનો અર્થ તેના પ્રત્યે પૂર્ણ સદ્ભાવ. ઉપાસનાનો અર્થ, તેના સદ્ગુણોનું પોતામાં આધાન—ઉપાસ્ય સાથે તન્મયતા. એ જ ભકિતનું તાત્પર્ય છે.

તમે તમારા ઉપાસ્ય નર કે નારીની ભવ્ય આકૃતિનું ધ્યાન કરો. તેનાં પવિત્ર રૂપસૌન્દર્ય, ગુણસૌન્દર્ય, તેના પવિત્ર આચાર, વિચાર એ જ તમારી ઉપાસનાનું મુખ્ય કેન્દ્ર હોવું જોઇએ. ઉપાસ્ય નર કે નારી પ્રત્યે તમારી ભાવના એટલી તો દૃઢ અને પવિત્ર હોવી જોઈએ કે તમારી આંખ આગળ ધ્યાનકાળમાં કોઈ પણ બીજી વસ્તુ આવી શકે નહિ. નારીને ઉપાસ્ય બનાવો તો તેને **બા** કે **મા** એ પવિત્ર સંજ્ઞા આપો. નરની ઉપાસના કરવી હોય તો તેને **ભગવાન** કે **પ્રભુ** આવી સંજ્ઞા આપો. તમારો તમારા ઉપાસ્યમાં એટલો અનુરાગ હોવો જોઈએ કે તમે તેમાં જ સમાઈ જાવ. તમારી પૃથક સત્તા જ હોવી જોઈએ

નહીં. તમારા મનમાં સતત એ જ ભાવ રહેવો જોઈએ કે મારા ઉપાસ્ય પરમ પવિત્ર, પરમ દયાળુ અને પરમ શક્તિશાળી છે. તેનામાં અપવિત્રતાની, નિર્દયતાની, અસમર્થતાની જરા પણ કલ્પના કરશો નહિ. એવી કલ્પનાથી તમે નીચે પડશો, નિષ્ફળ થશો, નિરાશ થશો અને જીવનમાં શૂન્યતા અનુભવશો. એ અનિષ્ટ સ્થિતિ આવવી જોઇએ નહિ.

જે સ્ત્રી કે પુરુષને તમે તમારી ઉપાસનાનો આશ્રય બનાવો તે તમારી પાસે જ ન હોય તો સારું. દૂરના લોકોમાંથી જ પસંદગી કરજો. તેના આચાર, વિચાર, વ્યવહારની નિંદા જ્યાં થતી હોય ત્યાં ક્ષણભર માટે પણ ઉભા રહેશો નહીં. જીવનની પદ્ધતિ દરેક માણસની ભિન્ન હોય છે. એકની પદ્ધતિ બીજાને ન પણ રુચે. ત્યારે તેની ટીકા કરવાનો માનવસ્વભાવ છે. તે ટીકા સાચી મનાય નહીં. કેમકે તે ઘૃણા ઉપર રચાયેલી હોય છે. દ્વેષ તેનો પાયો હોય છે. તેના મૂલમાં અવિવેક જ હોય છે. સંપૂર્ણ ગુણવાળી મનુષ્યવ્યક્તિ આજે અને હજારો વર્ષ પછી પણ દુર્લભ જ છે અને રહેશે. લોકો જે રામ, કૃષ્ણને મનુષ્ય નહીં પણ દેવ, મહાદેવ, ઇશ્વર આદિ નામો આપી માનવજાતિથી અલગ પાડી બહુ આગળ અને ઉપર લઇ ગયા છે તે પણ અપૂર્ણ જ છે. શ્રદ્ધાના અતિરેકને લીધે તેની અપૂર્ણતા તમને જણાતી નથી. અથવા તો તે અપૂર્ણતાનું જ્ઞાન મેળવવું તમને અનાવશ્યક લાગે છે તેથી તે મેળવતા જ નથી. ત્યાં પણ રાગ છે, દ્વેષ છે, કામ છે, ક્રોધ છે, માન છે, અપમાન છે, ભોગ છે, વિલાસ છે, બધું છે. એ જ વિકારો મનુષ્યોમાં પણ છે. તેઓ પણ મનુષ્ય જ હતા. કહેવાય છે કે તેઓ ઇશ્વરના અવતાર હતા. તમે તમારા ઉપાસ્યને પણ ઇશ્વરનો અવતાર કહી અને માની શકો છો. પણ હું તો કહું છું કે ઇશ્વરના અવતાર કરતાં ઇશ્વર વધારે શ્રેષ્ઠ અને નિર્વિકાર છે. ઇશ્વર એટલે પવિત્રતાની મૂર્તિ, દયાની મૂર્તિ, વાત્સલ્યની મૂર્તિ, અને સદાચારની મૂર્તિ. તમને એ નિશ્ચય થવો જ ન જોઈએ કે તમારા ઉપાસ્યમાં લોકો



કહે છે તેમ દોષો કે દોષ છે. તમારે તેના દુર્ગુણો સંઘરવા નથી. તે તો તમારામાં પહેલાંથી જ છે—અને વધારે પ્રમાણમાં છે. સદ્ગુણો જ તમારે જોઇએ. તેનું જ તમે ધ્યાન કરો, તેનું જ ચિંતન કરો, તમારું કલ્યાણ થશે. નક્કી જ છે કે તમે તમને આ રીતે આગળ વધારી શકશો.

એનું નામ ઉપાસના. ઉપાસનાની સિદ્ધિ પછી તમે તમારા ઉપાસ્ય દેવતામાં લીન થઈ જશો. કલાકો સુધી તમે તમારા પૃથક્ અસ્તિત્વને ભૂલીને તેના ધ્યાનમાં મગ્ન રહી શકશો. તમે ત્યારે એક અપૂર્વ આનન્દ અનુભવશો. પછી જગતને ભૂલવાની ટેવ સુદૃઢ થશે ત્યારે આત્મનિવેદનરૂપા ભક્તિનું પ્રાકટ્ય થશે જ.

જે લોકો આ પવિત્ર માર્ગમાં પગ મૂકવા ઇચ્છતા હોય તેમણે આટલું તો જરૂર કરવું જોઇએ—

૧ વધારેમાં વધારે સત્ય બોલવા, સત્ય વિચારવા અને સત્ય સાંભળવાની ટેવ પાડવી.

૨ હસી કે મજાકમાં પણ અસત્ય અને અપશબ્દ બોલવા કે સાંભળવા નહિ.

૩ બીડી, સિગ્રેટ, તમાકુ, ગાંજો, ભાંગ, દારૂ આદિ માદક વ્યસનોથી દૂર રહેવું.

૪ દરેક જાતના જુગાર, સટ્ટા આદિથી તદ્દન દૂર રહેવું. શ્રમ કરીને શ્રમ પ્રમાણે જ, કોઈનું લોહી પીધા વગર જ, પૈસા પેદા કરો અને સુખી જીવન જીવો. જુગાર કે અન્યાયના અપવિત્ર ધન તમારા પવિત્ર બાળબચ્ચા માટે વાપરો નહિ, એ જ ઇષ્ટ છે.

૫ દ્વેષ અને અસૂયાથી બચો.

૬ મૂર્ખ અને નીચ પ્રકૃતિવાળા માણસનો સંગ ન કરવો.

૭ અભિમાનનો એટલે વર્ણનું અભિમાન, કુળનું અભિમાન, વિદ્યાનું અભિમાન અને રૂપ તેમજ યૌવનના અભિમાનનો ત્યાગ કરો.

૮ વ્યર્થ ગપ્પાં મારવાં નહિ. તેથી અસત્યનો વેગ વધે છે. ચિત્તની ચંચળતા વધારે વેગવતી બને છે અને પરિણામે દુઃખ થાય છે.

૯ થોડી વાર માટે પણ વ્યર્થ સમય ગુમાવવો નહિ. આ શ્લોક યાદ રાખજો—

> काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम् ।
> व्यसनेन च मूर्खाणां निद्रया कलहेन वा ॥

એનો અર્થ. સમજદાર માણસ પોતાના સમયને સારાસારા ગ્રંથોના વાંચનથી વ્યતીત કરે છે અને તેનાથી જ વિનોદ મેળવે છે. જ્ઞાન-સંપત્તિ વધારે છે. પણ મૂર્ખાઓ વ્યસનથી, ઊંઘથી અને કજિયાથી સમયની હત્યા કરે છે. વ્યસન એટલે ચાહ કે બીડી પીવી, એટલું જ નહિ, પણ વ્યર્થ વાતો કર્યા વગર, કોઈની નિંદા કર્યા કે સાંભળ્યા વગર અન્ન ન પચે તે પણ વ્યસન જ છે. જે વાતોથી કોઈ પણ લાભ નહીં, તે વાતો કરવી ને સાંભળવી એ પણ વ્યસન જ છે.

૧૦ વહેલાં ઊંઘવું અને વહેલાં જાગવું. જાગીને ધાર્મિક ચિંતન અને પવિત્ર વિચાર સેવવા.

૧૧ કોઈની લાગણી દુભાવવી નહિ.

૧૨ આહાર, વિહારમાં સંયમ.

૧૩ નિયમિત સારા સારા ગ્રન્થોનું વાંચન.

૧૪ એકાંતમાં ધ્યાન, સ્તુતિ, પ્રાર્થના કરવાં. પોતાના ઉપાસ્યદેવને ગુપ્ત રાખવા.

૧૫ દરેકની સાથે નમ્રતાથી વર્તવું. દયા, ક્ષમા, ઉદારતા, સહનશીલતા અને વાત્સલ્યની વૃદ્ધિ કરવી.

૧૬ નિયત કાર્યક્રમ પાર ન પડે તો તેને માટે પશ્ચાત્તાપ કરવો.

૧૭ બને તેટલો પરોપકાર કરવો.

૧૮ પ્રતિજ્ઞાપાલનમાં દૃઢ નિશ્ચય રાખવો.



૧૯ વંચના ન કરવી.

૨૦ જ્ઞાનસમૃદ્ધિના ઉપાયો યોજવા.

૨૧ જન્મ-મરણ માટે ગ્લાનિ પેદા કરવી.

આવી તૈયારી જો ચાલતી રહેશે તો ભક્તિને માટે શીઘ્ર અવસર મળી શકશે. ઉપાસક મુખ્ય ભક્તિને ન પહોંચી શકે તો પણ આવા ગુણો મેળવ્યા પછી તે પોતાની શુદ્ધિ કરવા અને પારકાની પણ શુદ્ધિ કરવા અવશ્ય સમર્થ બને છે. પવિત્રાત્મા પોતાના પવિત્ર વિચારો આત્મિક બલથી ગમે તેનાં હૃદયમાં ઉતારી શકે છે. કોઈના ગમે તેવા દોષોને તે પોતાની આધ્યાત્મિક શક્તિથી દૂર કરી શકે છે.

અહીં સુધીનો માર્ગ ગૃહસ્થ અને સંન્યાસી બન્ને માટે જ છે. આગળનો માર્ગ કેવળ જગતના ત્યાગી માટે જ છે. સર્વથા વીતરાગ થઈ ઉપાસ્ય-ઉપાસક ભેદને ઓગાળી નાખવા માટે સાચા સંન્યાસી થવાની ઘણી જ આવશ્યકતા છે. પણ એક પ્રશ્ન અહીં ઉપસ્થિત કરી શકાય છે, તે એ કે સંન્યાસીને ભક્તિની અપેક્ષા રહેશે કે કેમ? આ શંકાનું મૂલ શું છે, પહેલાં તે વિચારીએ. સામાન્યરીતે એ મનાય છે કે સંન્યાસીએ अहं ब्रह्मास्मि આ શ્રુતિના આધારે બ્રહ્મોપાસના કરવી જોઇએ. એ ઉપાસનામાં કોઈ વ્યક્તિની એટલે રામ, કૃષ્ણ અને શિવની કે કોઈ બીજાં નર-નારીની ઉપાસનાનો સમાવેશ થતો નથી. પોતાની જ ભક્તિ કરવી છે, એમ કહીએ તો ખોટું નથી. પોતાનો ઉત્કર્ષ સાધવો એ માનવમાત્રનો પ્રધાન ઉદ્દેશ્ય છે. તે જે રીતે સિદ્ધ થાય તે રીત સ્વીકારવામાં કોઈ આપત્તિ હોઈ શકે નહિ. જો કોઈ એવો ભાગ્યશાળી હોય કે જેણે પૂર્વ આશ્રમમાં જ સગુણ ભક્તિ સિદ્ધ કરી લાધી હોય અને ચતુર્થ આશ્રમમાં તેને તેની આવશ્યકતા ન જણાય તો તે સગુણ-ભક્તિને ત્યજી દે, એમાં વાંધો નથી. પણ જો કોઈ સંન્યાસી પૂર્વ આશ્રમમાં ભક્તિ કે શ્રદ્ધા જેવી વસ્તુને ઓળખી શક્યો ન હોય, ભગવાં

કપડાં મળ્યાં એટલે 'હું બ્રહ્મ છું' ની ધુનમાં પડે તો તેનું પતન તેના દંભને લીધે અનિવાર્ય છે. તેથી કોઈ સંન્યાસીને, ત્યાગીને કે યતિને માટે ભક્તિ ઓછી અગત્યતા ધરાવતી નથી.

વળી, સંન્યાસીનો માર્ગ જ્ઞાન છે, ભક્તિ નહીં, એ પણ એક પ્રસિદ્ધિ છે. આ પ્રસિદ્ધિએ જ્ઞાન અને ભક્તિને બે સ્વરૂપ આપીને બેની વચમાં એક લાંબો નિરર્થક અંતરાય ઉભો કર્યો છે. ભક્તિનો અર્થ મૂર્તિપૂજા અને સગુણ ઉપાસના તો નથી જ. ભક્તિ એટલે સર્વાત્મના પોતાના ઉપાસ્ય તત્ત્વમાં વિલય. પછી તે ઉપાસ્ય સગુણ હોય કે નિર્ગુણ એ તો ઉપાસકની ઇચ્છા ઉપર નિર્ભર છે. જે સગુણોપાસક છે તે પોતાના સગુણ ઇષ્ટમાં વિલીન થશે અને જે નિર્ગુણોપાસક હશે તે નિર્ગુણ અને નિર્ધર્મક બ્રહ્મમાં વિલય પામશે. મુક્તિ બન્નેની અનિવાર્ય છે; કેમકે બન્નેનું અંતઃકરણ નિર્મળ બન્યું છે અને બન્ને અભેદ અનુભવે છે. સગુણબ્રહ્મના ઉપાસકની દૃષ્ટિએ નિર્ગુણબ્રહ્મનું અસ્તિત્વ જ હોતું નથી. તેથી તેમાં જ જે વિલય, તે જ મુક્તિ. વળી,

यस्तु द्वादशसाहस्रं प्रणवं जपतेन्वहम् !
तस्य द्वादशभिर्मासैः परं ब्रह्म प्रकाशते ।।

સંન્યાસીઓને જ ઉદ્દેશીને આ પ્રતિદિન પ્રણવના બાર હજાર જપનો આદેશ થયો છે. જપ પણ ભક્તિનું જ સાધન છે. જપ કરનારો સંન્યાસી જપરૂપ ભક્તિસાધન દ્વારા બ્રહ્મપ્રકાશની ઇચ્છા રાખે છે. માટે ભક્તિ અને જ્ઞાન એ વસ્તુતઃ બે વસ્તુ નથી. નિર્ગુણોપાસક અને સગુણોપાસક બન્ને ઉપાસકોનું પર્યવસાન સ્વત્વવિલયમાં જ થાય છે. બંનેની પાસે ઉપાસ્ય છે. એકનો ઉપાસ્ય બ્રહ્મ છે બીજાનો ઉપાસ્ય દેવ, બા છે. બંને ઉપાસકોની દૃષ્ટિમાં બંને ઉપાસ્ય નિખિલ-હેય-પ્રત્યનીક (સર્વ દોષ રહિત) અને નિખિલ-ઉપાદેય ગુણાકર (સવ સદ્દગુણોનો ભંડાર)છે. બંને બ્રહ્મ



છે. બંને શુદ્ધ છે. તમે તેને બ્રહ્મ કહો છો, બીજો તેને બા કહે છે. એટલું જ અંતર. કોઈ બીજાં નર કે નારી બીજાના ઉપાસ્ય દેવતામાં કોઇ દોષ જોશે તો તેનો ઉત્તરદાતા તે જ થશે, ઉપાસક નહીં. ઉપાસકની દૃષ્ટિમાં તો તેની ઉપાસ્ય દેવતા સર્વદોષથી પર, સર્વ પ્રપંચથી પર અને સર્વ બંધનથી વિનિર્મુક્ત હોય છે. જે રજ્જુને બદલે સાપ જોશે તેને ભય થશે, રજ્જુદર્શીને તો કોઈ કાળે ભયનો સ્પર્શ હોતો જ નથી. માટે સંત તુકારામનો આ અભંગ બંને ઉપાસકો માટે સંજીવની બૂટી છેઃ

सांठविला हरी ।। जेणें हृदयमन्दिरीं ।।
त्याची सरली येरझार ।। झाला सफल व्यापार ।।

એટલે જેણે પોતાનાં હૃદયમંદિરમાં હરિની સ્થાપના કરી છે તેના જન્મ-મરણની સમાપ્તિ જ થઇ ગઈ છે, એમ જાણવું. તેના બધા વ્યાપાર, બધો શ્રમ સફળ થયા છે. હરિશબ્દથી ગભરાવાની જરૂર ન જ હોય. હરિ તો એક શબ્દ છે. ઉપાસ્યને માટે વપરાયો છે. એનો અર્થ, રામ, કૃષ્ણ, શિવ, કોઈ બીજા નારી કે નર, મારા બા, દુર્ગા, કાળી ગમે તે થાય છે.

વળી, સંન્યાસી એટલે ત્યાગી. ત્યાગી થવા માટે એ આવશ્યક ન હોઈ શકે કે તે અમુક પ્રકારની જ ઉપાસના કરી શકે. કામ, ક્રોધ આદિ વિકારો અને વિવિધ એષણાઓનો ત્યાગ જ સંન્યાસનું મુખ્ય સ્વરૂપ છે. સગુણોપાસના કે નિર્ગુણોપાસનામાંથી, જેનાથી તે ત્યાગની પુષ્ટિ થાય, તે સ્વીકારવી. આપણા હિન્દુ સમાજમાં બાળબચ્ચાવાળા ઘરબારી ઈશ્વર પણ પૂજાય છે અને નિહંગ જેવો બ્રહ્મ પણ પૂજાય છે. જેને જયાં શાંતિ મળશે તે ત્યાં પહોંચશે. નિર્ગુણ સગુણ શબ્દોથી માર્ગ-ભ્રષ્ટ થવાની જરા ય જરૂર નથી.

હવે હું આ ઉપસંહારને પણ પુરો કરીશ. સંક્ષેપમાં એટલું જ

કહીશ કે જેને બાળબચ્ચાં સાચવવાં છે, દામ્પત્યવ્યવહાર ચલાવવો છે, સત્યઅસત્યના વિવેકમાં માથું મારવું નથી, ગપ્પા મારી મારીને કોઈ રીતે જીવનના દિવસો પૂરા કરવા છે તે ભકિતથી અલગ જ રહે તો સારું. ભકિતના આડંબરથી ભકિતને અપવિત્ર કરવાથી કોઈ લાભ મળવાનો નથી. રાગ-રંગ, ભોગ-વિલાસ, છળ-કપટ, દંભ-પ્રપંચ સાથે ભકિત કોઈ દિવસે ભળશે નહિ. ભક્તિ તે લોકોને જ તારણહારી થાય છે જેઓ જન્મ-મરણથી કંટાળી ગયા હોય, જીવનના દુઃખો દુઃખરૂપે ભાસ્યા કરતાં હોય, જેમને જીવનની છેલ્લી પળે શાંતિની આવશ્યકતા જણાતી હોય. જેમને પછીથી આવનાર શરીરની સુંદરતા, વિચારની સુંદરતા, વાતાવરણની સુંદરતા, જ્ઞાનની સુંદરતા, સંગની સુંદરતા પ્રત્યે પ્રેમ હોય તેઓ જ ભકિતના માર્ગે પગ મૂકવા અધિકારી ગણાય. જેઓ સાંસારિક સુખને અનિત્ય, અસ્થિર અને દુઃખદ માની શકે છે તેને માટે જ ભકિત છે. મૃત્યુકાળમાં અનિચ્છાએ પણ જીવ ચૂપચાપ ચાલ્યો જાય છે અને પોતાના પ્રિય જનોને અહીં રખડવા માટે છોડતો જાય છે. બંને દુઃખી થાય છે—મરનાર પણ અને જીવનાર પણ. એનાં કરતાં એ જ સારું કે જીવનની સંધ્યા આવે અને રાત્રિનો અંધકારપટ ગુંગળાવી નાખે તે પહેલાં જ પ્રકાશનો પ્રબંધ કરી લેવાય. જન્મમાં તો સંદેહ હોઈ શકે છે પણ મૃત્યુ તો નિર્વિવાદ તત્ત્વ છે. તેમાં કોઈને પણ સંદેહ નથી. ત્યારે શાંત અને સુખી મૃત્યુની તૈયારી શા માટે વિવેકી જીવે સમય રહેતાં જ ન કરી લેવી જોઈએ? તે તૈયારી જ ભકિત છે. ભકિત પવિત્ર બા છે. તમે તેની તરફ જરા પણ જવાની ઇચ્છા કરો એટલે તે તમને છાતીએ લગાડશે. ભકિત તરફ જવાની ઇચ્છાવાળાએ પવિત્ર હૃદયને, પ્રેમાળ હૃદયને ભેટરૂપે બાના ચરણે મૂકવું જ પડશે. અહીં એક વસ્તુની સૂચના અત્યાવશ્યક છે. **'વેદાંતનો અભ્યાસ'** નામના ગ્રન્થમાં મેં જે ભકિત વિષે લખ્યું છે તે વેદાંતની દૃષ્ટિએ જ. સંભવ છે કે ક્યાંક



આ ગ્રન્થના વિચાર સાથે ત્યાંનો વિચાર અથડાતો જણાય. વિવેકી વાચકવર્ગ સાચવી લેશે, એવી પૂર્ણ આશા છે.

तथ्यप्रियोस्ति यदि कोपि वसुन्धरायां,
श्रीरस्तु तस्य रहिताज्ञपरम्परस्य ।
यो वा लिनाति गुणितामपि शत्रुसंस्थां,
तस्यापि कापि भवतात्सततं शिवाय ॥१॥

लोकोपकारतननाय तव प्रसाद-
सम्पादनाय रचितं हि समाधिशब्दैः ।
बा त्वत्पदाब्जयुगले मम भक्तिशास्त्र-
मेतत्परेण विनयेन समर्प्यतेद्य ॥२॥

प्रत्यक्ष्यते जननि मे हृदयं त्वयैव,
तत्र प्रतिक्षणमुपाहितया मयैव ।
तत्रेक्ष्यते यदि विशुद्धिरिमां कृतिं मे,
स्वीकृत्य मां नय कृतार्थपदं तदाम्ब ॥३॥

त्वत्पादपङ्कजपरागलवानुराग-
माहात्म्यतो जननि पूर्णमजायताद्य ।
श्रद्धाभृतो मम भृतस्य सदा त्वयैत-
च्छ्रीभक्तिशास्त्रमतुलार्थगभीरताभृत् ॥४॥

पारं व्रजानि महतो भवसागरस्य,
तस्मात्पदाम्बुजरजस्तव देवि लेह्मि ।
पादौ तवैव तरणिः सुदृढेति मत्वा,
कारुण्यरत्नरमणीयतमौ भजे तौ ॥५॥

निर्विद्यकोऽद्रविणकोऽगुणकोस्मि मात-
स्त्वत्तः परं न शरणं किमपीह जाने।
त्वत्पादरेणुकण एव ममावलम्ब-
स्त्रायस्व मां यदि न तेऽनुचितं विभाति ॥६॥

ઇતિશ્રીપરમહંસ-પરિવ્રાજક-સ્વામિશ્રીભગવદાચાર્યજીમહારાજકૃત
ભક્તિશાસ્ત્ર સંપૂર્ણ

जयतु बा



This book may be kept a fortnight.

B
132
·B4B4

સ્વામીશ્રી ભગવદાચાર્યજી મહારાજ
ભક્તિ ટીકા

| Signature | Issue Date |
| --- | --- |
| | |

B
132
·B4B4

B
132
·B4B4

BK-3064

श्री स्वामी भगवदाचार्यजी महाराजना

# अन्य ग्रन्थो

**१ भारतपारिजातम्**
(संस्कृत काव्य)
(महात्मा गांधीजीनुं जीवनचरित्र)
(जन्मथी सन् १९३८ सुधी)

**२ पारिजातापहारः**
(संस्कृत काव्य)
(महात्मा गांधीजीनुं जीवनचरित्र)
(सन् १९४२ना युद्ध सुधी)

**३ दिव्यस्तोत्रकलापः**
(सीता-राम-हनुमान आदिनी स्तुति)

**४ सामवेदनुं सामसंस्कार भाष्य**
(पूर्वार्ध)
(संस्कृत अने हिन्दी)

**५ वेदान्तदर्शननुं वैदिक भाष्य**
(संस्कृत अने हिन्दी, प्रथम अध्याय)

**६ वेदांतनो अभ्यास**
(अद्वैतवेदांतनो प्रक्रियाग्रंथ)

**७ त्रिरत्नी**
(हिन्दी)
(विशिष्टाद्वैतवेदांतनो प्रक्रियाग्रंथ)

**८ ईश-केन-कठ उपनिषद्**
(संस्कृत-हिन्दी भाष्य)

प्राप्तिस्थान

**आदर्श पुस्तक भंडार · भद्र · अमदावाद**

KUMAR PRINTERY, AHMEDABAD